સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી

લેખસંગ્રહ

ભાગ આઠમો

પ્રકાશક :

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ

भंडार: पु० नं० प्रत

સન્મિત્ર સદ્દગુણાનુરાગી

મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી

લેખ સંગ્રહ

ભાગ ૮ મો

પ્રકાશક:—

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ

મુંબઈ

વીર સંવત ૨૪૭૪ * વિક્રમ સંવત ૨૦૦૪

કિંમત ૧-૧-૦

પ્રકાશકઃ—

શ્રી નરોત્તમદાસ ભગવાનદાસ શાહ

મંત્રી-શ્રી કપૂરવિજયજી સ્મારક

સમિતિ, ગોપાળ ભુવન,

પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઇ

પ્રત ૧૦૦૦

મુદ્રકઃ—

શાહ ગુલાબચંદ લલ્લુભાઇ

મહોદય પ્રિન્ટિંગ પ્રેસ

દાણાપીઠ—ભાવનગર.

મુનિ મહારાજ શ્રી ... વિજયજી ...

સ્વર્ગસ્થ શાંતમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ

જન્મ વિ. સં. ૧૯૨૫ વળા   દીક્ષા સં. ૧૯૪૭ વૈ. શુ. ૬ ભાવનગર

સ્વર્ગવાસ સં. ૧૯૯૩ આસો વદ ૮ પાલીતાણા

શ્રી મહોદય પ્રેસ—ભાવનગર.

પ્રસ્તાવના.

મુનિ શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ આજે સન્મિત્રના લેખોના સંગ્રહનો આઠમો ભાગ જનતાના કરકમલમાં મૂકવા શકિતમાન થાય છે એ ન કેવળ જૈન સમાજનું; પરંતુ જન-સમાજનું પણ સદ્ભાગ્ય લેખાય.

લગભગ અર્ધી સદી પૂર્વે સિદ્ધક્ષેત્રની શીતળ છાયામાં સન્મિત્રનું પ્રથમ દર્શન કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું.

સન્મિત્રની મુનિચર્યા સર્વોત્તમ પ્રકારની હતી. **साध्नोति स्वपरहितमिति साधुः** યા તો **मौनं धारयतीति मुनिः** કિંવા **मन्यते तत्त्वमिति मुनिः** એ સાધુ યા મુનિ શબ્દની વ્યાખ્યાને યથાર્થ રીતે જીવનમાં ઉતારી શકયા હતા.

સન્મિત્રનો સદુપદેશ જીવનની આંટીઘૂંટીનો ઉકેલ લાવવામાં ખરેખર સન્મિત્રની ગરજ સારે છે.

સન્મિત્રનો સદુપદેશ અનેક ઝંઝાવાતોમાં અથડાતી કૂટાતી જીવનનૌકાને સલામત માર્ગે વાળે છે. **किं बहुना ?** સન્મિત્રનો સદુપદેશ જીવનમાં જો ખરા અર્થમાં પરિણમાવ્યો હોય તો જીવ-નને વાસ્તવિક સુખમય બનાવી દે તેવો છે.

સન્મિત્ર હિત, મિત, પ્રસંગ પૂરતું અને તે પણ જરૂર જેટલું હોય તેટલું જ બોલતા. **सत्यपूतां वदेद् वाचम्** એ આદર્શ વાણીના વચનને તેમણે ચરિતાર્થ કરી બતાવ્યું હતું. એ તેમના વાણીવ્યવહારની વિશેષતા ગણાય.

સન્મિત્રનાં લખાણમાં કોઇ સ્થળે વધુઘટુ મૂકાયલા શબ્દો દૃષ્ટિગોચર થશે નહિ, તેમજ અતિશયોકિત જેવો દોષ પણ નજરે પડશે નહિ.

સન્મિત્ર આટલું વિપુલ અને આવું સુંદર સાહિત્ય નિર્માણ કરી શકયા છે તેનું મુખ્ય કારણ તો ઉપર બતાવેલા વાણી–વ્યવહારની વિશદતા ગણી શકાય.

જો મુમુક્ષુઓ સન્મિત્રે આપેલા માર્ગે આત્મશ્રદ્ધાપૂર્વક કૂચ કરે તો તેઓ નિઃસંદેહ જીવનની વાસ્તવિક સફલતા સાધી શકે છે. અને કર્પૂરવિજય સ્મારક સમિતિએ માસિકોમાંથી સન્મિત્રના લેખોને પુસ્તકોનું રૂપ આપ્યું તેને અલ્પજીવી ન રહેવા દેતાં દીર્ઘજીવી બનાવવા દૂરંદેશી વાપરી એથી જનતા પર ખરેખર સમિતિએ ઉપકાર કર્યો છે. સમિતિને અન્તિમ સૂચના એ છે કે–આઠ ભાગો જેમ ઉપદેશોથી અલંકૃત કર્યા તેમ નવથી બાર સુધીના ભાગો માટે પૂજ્ય આચાર્યો, ઉપાધ્યાયો, ગણિવરો, મુનિરાજો અને શ્રાવક–શ્રાવિકાઓ પોતપોતાનાં સંસ્મરણો સમિતિ પર મોકલી આપે તો બાર અંગોની સુંદર શ્રેણિ તૈયાર થઈ જાય. પર્યાલોચન માટે (Reference) ઉપયોગી પૂરવાર થાય.

સં. ૨૦૦૪ }
ચૈત્રી પૂર્ણિમા }

માવજી દામજી શાહ
ઘાટકોપર.

સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ
ભાગ ૪.

આ ભાગમાં "શ્રી આત્માનંદ પ્રકાશ"માં આવેલા ૧૦૦ લેખો આપવામાં આવ્યા છે. પૃષ્ઠ ૩૨૦, કિંમત પ્રથમ પ્રમાણે, કાચા પુંઠાના પાંચ આના, પાકા પુંઠાના છ આના. ખાસ વાંચવા લાયક લેખો છે. શ્રી કર્પૂરવિજય સ્મારક સમિતિનો આ પ્રયાસ સ્તુતિપાત્ર ને ઉત્તેજન આપવા લાયક છે.

[શ્રી જૈન ધર્મ પ્રકાશ, પુ. ૫૬, અંક ૧૧]

પંન્યાસજી પ્રીતિવિજયજીના ઉપદેશથી

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિના ફંડમાં સહાય આપનારના મુબારક નામો

વર્ગ પહેલો-પેટ્રન.

૧ શેઠ જેશંગભાઇ સાંકળચંદ-અમદાવાદવાળા	રૂા. ૮૦૦)
૨ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી.	૫૦૧)
૩ રાવસાહેબ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી.	૫૦૧)
૪ સંઘવી જીવરાજ કમળશીનીવતી ભાઇ કસળચંદ કમળશી	૫૦૧)
૫ શેઠ વાડીલાલ ચતુર્ભુજ ગાંધી	૫૦૧)
૬ ,, મોહનદાસ વસનજી હ. હરકીસનદાસ	૫૦૧)
૭ ,, ચતુર્ભુજ મોતીલાલ ગાંધી ભાવનગરવાળા	૫૦૧)

વર્ગ બીજો.

૧ શેઠ મૂલચંદ બુલાખીદાસ ખંભાતવાળા	૨૫૧)
૨ બેન સુધા પ્રાણજીવનદાસ ગાંધી ભાવનગરવાળા	૧૫૦)

વર્ગ ત્રીજો.

૧ શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી	૧૦૧)
૨ ,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ	૧૦૧)
૩ ,, શાંતિલાલ દીયાળજી	૧૦૧)
૪ ,, માણેકચંદ જેચંદ જાપાન	૧૦૧)
૫ ,, સકરચંદ મોતીલાલ મૂળજી	૧૦૧)
૬ ,, વાડીલાલ પુનમચંદ	૧૦૧)
૭ ,, સેન્ડહર્સ્ટ રોડના ઉપાશ્રય તરફથી હા. શેઠ મંગળદાસ	૧૦૧)
૮ ,, કરમચંદ ચુનીલાલ	૧૦૧)
૯ ,, ગિરધરલાલ ત્રિકમલાલ	૧૦૧)

૧૦ ,, શાંતિલાલ મગનલાલ ૧૦૧)
૧૧ ,, કકલભાઇ ભૂદરદાસ વકીલ ૧૦૧)
૧૨ ,, નરોત્તમદાસ કેશવલાલ જે. પી. ભાવનગરવળા ૧૦૧)
૧૩ ,, દામોદર ત્રિભોવનદાસ કાપડીઆ ૧૦૧)
૧૪ સર કીકાભાઇ પ્રેમચંદ ૧૦૦)
૧૫ શા, વનમાળીદાસ હરજીવનદાસ ૧૦૧)
૧૬ વડા ચૌટાના જૈન સંઘ તથા ઉપાશ્રય તરફથી–સુરત ૧૦૦)
૧૭ શા. છોટાલાલ દેવશીભાઇ ૧૦૧)
૧૮ શેઠ નટવરલાલ મોહનલાલ ખંભાતવાળા ૧૦૧)

વર્ગ ચોથો.

૧ શેઠ નાનાલાલ હરિચંદ ૫૧)
૨ ,, દુર્લભદાસ મૂળચંદ ૫૧)
૩ ,, ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસવાળા ભાવનગર ૫૧)
૪ ,, વિઠ્ઠલદાસ કાળિદાસ ૫૧)
૫ ,, ચંદુલાલ ટી. શાહ મુંબઇ ૫૧)

વર્ગ પાંચમો.

૧ શેઠ જીવરાજ ભીખાભાઇ ૨૫)
૨ ,, માણેકચંદ કુંવરજી કુંડલાવાળા ૨૫)
૩ ,, ગોવિંદજી વિઠ્ઠલદાસ વાળુકડવાળા ૨૫)
૪ ,, છોટાલાલ મગનલાલ ભાવનગરવાળા ૨૫)
૫ ડૉ. ગિધરલાલ ટી. મોદી ૨૫)
૬ શેઠ રણછોડભાઇ રાયચંદ ૨૫)
૭ મણિલાલ વાડીલાલ નાણાવટી ૨૫)
૮ શાહ નરોત્તમદાસ ભગવાનદાસ ૨૧)
૯ શેઠ અમરચંદ ઘેલાભાઇ ગાંધી ૨૧)
૧૦ ,, જાદવજીભાઇ ઝવેરભાઇ ભાઇચંદ ૧૫)
૧૧ ,, મોહનલાલ મગનલાલ ૧૫)

૧૨	શેઠ હરખચંદ કપુરચંદ	૧૫)
૧૩	,, ફતેચંદ ઝવેરભાઈ ભાઇચંદ	૧૫)
૧૪	,, વાડીલાલ સાકળચંદ વોરા	૧૧)
૧૫	,, હરખચંદ રતનચંદ–ચાંદવડ	૧૧)
૧૬	,, ખુમચંદ ગુલાબચંદ–શીશોદરા	૧૧)
૧૭	,, દલીચંદ ગુલાબચંદ	૧૧)
૧૮	,, ભોગીલાલ પુરુષોત્તમદાસ–અમદાવાદ	૧૧)
૧૯	,, હીરાભાઇ રામચંદ મલબારી	૧૧)
૨૦	,, શાંતિલાલ ઓધવજી	૧૧)
૨૧	,, બાલુભાઈ ખીમચંદ ઝવેરી	૧૧)
૨૨	,, કાળીદાસ નેમચંદ–મોરવાડા	૫)
૨૩	,, મોહનલાલ દીપચંદ ચોકસી	૫)
૨૪	,, મણિલાલ કુંવરજી–રાધનપુર	૫)
૨૫	,, ગુલાબચંદ ડાહ્યાભાઇ	૫)
૨૬	,, નટવરલાલ હરકીસનદાસ	૫)
૨૭	,, છોટુભાઈ ભીખાભાઇ	૫)
૨૮	,, વનમાળીદાસ જવેરચંદ	૫)
૨૯	પરી મણિલાલ ખુશાલચંદ–પાલણપુર	૫)
૩૦	શેઠ ઇશ્વરલાલ હીરાચંદ, સુરત	૫)
૩૧	,, છોટાલાલ માણેકચંદ ,,	૫)
૩૨	બેન શાંતી તે શેઠ બાપુલાલ ગોવિંદજીની ધર્મપત્ની	૫)
૩૩	બેન ચંચળ તે શેઠ બાપુલાલ છગનલાલની ધર્મપત્ની સુરત	૫)
૩૪	શેઠ લાલચંદ કેશવજી હા. સોભાગચંદ	૩)
૩૫	,, રતિલાલ ફૂલચંદ	૨)
૩૬	,, વાડીલાલ જેઠાલાલ શાહ	૨)
૩૭	રા. રાજપાળ મગનલાલ વ્હોરા	૧।

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ

સન્મિત્ર, સદ્દગુણાનુરાગી પૂજ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી જેઓ સં. ૧૯૯૩ ના આસો વદિ ૮ મે દેહમુકત થયા તેમની પહેલા વર્ષની પુણ્યતિથિ ઉજવવાને મુંબઇમાં શ્રી જૈન બાળ મિત્રમંડળ તથા ખંભાત વીસા પોરવાડ જૈન યુવક મંડળના આશ્રય નીચે ગોડીજીના ઉપાશ્રયમાં અનુયોગાચાર્ય પંન્યાસજી શ્રી પ્રીતિવિજયજી ગણિવરના પ્રમુખપણા નીચે એક સભા સં. ૧૯૯૪ ના આસો વદિ ૮ ના રોજ મળી હતી. તે વખતે શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી તરફથી એમનું નામ કાયમ રાખવાની સૂચના થતાં એમ નિશ્ચય થયો કે 'એ પુણ્યપુરુષનું નામ કોઈ સંગીન યોજના કરીને ચિરસ્થાયી કરવું.' પછી શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરીએ તેને માટે જો ફંડ થાય તો રૂા. ૧૦૧) ભરવા ઇચ્છા દર્શાવી. તે વાતને પુણ્યાત્મા પૂજ્ય કર્પૂરવિજયજીના ગુણોથી અતિશય આકર્ષાયેલ ચિત્તવાળા પંન્યાસજી **પ્રીતિવિજયજી**એ ટેકો આપ્યો અને પોતાનાથી બની શકતી દરેક જાતની સહાય આપવા તત્પરતા બતાવી. તે મીટિંગમાં શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, મોહનલાલ દીપચંદ ચોકસી, રાજપાળ મગનલાલ વ્હોરા, નરોત્તમદાસ ભગવાનદાસ શાહ તથા વાડીલાલ જેઠાલાલ શાહે સમયોચિત ભાષણો કર્યા; તેથી પંન્યાસજી બહુ પ્રસન્ન થયા અને પોતાથી બની શકે તે રીતે શ્રાવકો પર આગ્રહપૂર્વક લગભગ ચલાવી, અને પરિણામે સારી રકમો ભરાણી.

સમિતિનું કામ નાણાં ભરનારા સભ્યોની મીટિંગમાં નીમાયેલી વ્યવસ્થાપક સમિતિ કરે છે. તેમાં નીચેના ગૃહસ્થો છે.

૧ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
૨ વાડીલાલ ચતુર્ભુજ ગાંધી.
૩ મોહનલાલ દીપચંદ ચોકસી.
૪ વાડીલાલ જેઠાલાલ શાહ.
૫ હીરાભાઇ રામચંદ મલબારી
૬ નરોત્તમદાસ ભગવાનદાસ શાહ

વ્યવસ્થાપક સમિતિએ **નરોત્તમદાસ ભગવાનદાસ** શાહની માનદ મંત્રી તરીકે નિમણુક કરી છે અને બેંક ઓફ ઇંડિયામાં પૈસા રાખવાની ગોઠવણુ કરી છે.

સમિતિએ ઠરાવ કર્યો છે કે મુનિ કર્પૂરવિજયજી મહારાજના જે લેખો ' શ્રી જૈન ધર્મપ્રકાશ ' માં, ' શ્રી આત્માનંદ પ્રકાશ 'માં ' જૈન ' પત્રમાં અથવા બીજા પંત્રોમાં આવ્યા તે સર્વનો સંગ્રહ કરીને એક લેખ સંગ્રહ બહાર પાડવો. તે પ્રમાણે ૧૯૯૫ના ભાદરવા શુદિ દશમે પહેલો ભાગ બહાર પડ્યો, તે પછી બીજો ભાગ સંવત ૧૯૯૬ ના પોષ શુદિ ચોથે બહાર પડ્યો, ત્રીજો ભાગ સંવત ૧૯૯૬ ના અશાડ શુદિ નોમે બહાર પડ્યો, ચોથો ભાગ સંવત ૧૯૯૬ ના ભાદરવા વદિ ૦)) પ્રગટ થયો, પાંચમો ભાગ સંવત ૧૯૯૭ ના મહા શુદિ ૧૫ મે પ્રકાશિત થયો, છઠ્ઠો ભાગ સંવત ૧૯૯૮ જેઠ વદ એકમે બહાર પડ્યો, સાતમો ભાગ સં. ૨૦૦૦ ના વિજયા દશમીએ બહાર પડ્યો અને આઠમો ભાગ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આજે સમાજ સમક્ષ રજૂ કરવા ભાગ્યશાળી બન્યો છું.

સમિતિએ ઠરાવ્યું છે કે રૂા. ૫૦૧) ભરનારને પાંચ નકલ મફત આપવી, રૂા. ૨૫૧) ભરનારને ત્રણ નકલ મફત આપવી, રૂા. ૧૦૧) ભરનારને એક નકલ મફત આપવી અને તેથી ઓછું ભરનારને અર્ધી કિંમતે એટલે પડતર કરતાં પા કિંમતે આપવી. સામાન્ય ભાઇ, જેણે કંઇ ભર્યું ન હોય તેને અર્ધી કિંમતે આપવી. આ ઉપરથી જોઇ શકાશે કે આ સમિતિનો ઉદ્દેશ પૂજ્ય મુનિરાજના પુણ્યરૂપ જ્ઞાનકાર્યમાં બની શકતી રીતે વધારો કરવાનો છે.

આ લેખ સંગ્રહના ભાગો **મેઘજી હીરજી બુકસેલર, પાયધુની, મુંબઇને** ત્યાંથી તથા **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર** પાસેથી મળી શકશે.

જે મુનિરાજો, સાધ્વીજીઓ તથા જૈન સંસ્થાઓને આ ભાગ મેળવવા ઇચ્છા હોય તેઓને પોસ્ટેજના ત્રણ આના મોકલવાથી વિના મૂલ્યે મળી શકશે.

પૂજ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીના પ્રશંસકો, ગુણાનુરાગીઓ અને સર્વ જૈન બંધુઓને આ સમિતિ સંબંધી જે જાણવા ઇચ્છા હોય તેમણે—

શાહ નરોત્તમદાસ ભગવાનદાસ—ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઈ નં. ૨

એ શીરનામે પત્ર લખવો જેથી બધી માહિતી મળી શકશે.

કિંમત માટે અમારે સ્પષ્ટ કરવું જોઇએ કે પડતર કિંમત કરતાં અર્ધા ભાવે જ વેચવાના સમિતિના નિર્ણય પ્રમાણે આ ભાગની કિંમત રાખવામાં આવી છે. લડાઈના સંજોગોને લીધે કાગળના, બાઇંડીંગના અને બીજી દરેક ચીજના ભાવ વધી જવાથી આટલી કિંમત રાખવાને સંકોચ થવા છતાં નિરુપાયે રાખવી પડી છે.

સાતમો ભાગ સંવત ૨૦૦૦ ના આસો વદ ૧૩ બહાર પડ્યો હતો. સાતમો ભાગ છપાયો ત્યારે સીલીક નામથી જ હતી, પરંતુ ભાઈશ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ લાગવગ ચલાવીને અમદાવાદવાળા શેઠ જેશંગલાલ સાંકળચંદ પાસેથી રૂા. ૮૦૦) ની રકમ સમિતિના ફંડમાં ભરાવી આપી તથા તે પછી બીજા ૩–૪ ગૃહસ્થો પાસેથી રૂા. ૪૦૦) ની રકમ મળી શકી તથા આગલા ભાગોનું વેચાણ થતાં ઉપજેલી રકમ કામમાં લઇ આ આઠમો ભાગ છપાવવાની ગોઠવણ કરી છે–પૈસા ભેગા કરવા અને પુસ્તક છપાયા પછી તે નકલો વેચવા માટે ગોઠવણ કરવી એ બેવડું કામ કેટલું મુશ્કેલ છે તે અનુભવથી જ જણાય છે.

પૂજ્ય પંન્યાસજી શ્રી પ્રીતિવિજયજી ગણિવર જેઓ બે વરસથી આચાર્યપદથી વિભૂષિત થયા છે તેમનો પણ આભાર માનું છું.

બીજા વિશ્વ યુદ્ધે એવી કપરી સ્થિતિ ઊભી કરી છે કે જો કે હાલ હિંદુસ્તાન ઈંગ્રેજ સરકારના અમલમાંથી છૂટીને સ્વતંત્ર થયું છે તો પણ જિંદગીના નિભાવની કિંમત ત્રણગણા કરતાં વધી ગઇ છે અને રૂા. ૮૦૦) ભાઇશ્રી મોતીચંદ મારફત આવ્યા તે જ્યાં-સુધી નહોતા આવ્યા ત્યાંસુધી આ ભાગ છપાવવાની ભાવના જ થઈ શકતી નહોતી, કારણ કે પૈસા એ વ્યવહારનું જીવન છે.

છેલ્લા ૧૦ વર્ષથી સદ્‌ગતની જયંતિ મુંબઇમાં ઉજવાય છે તે પ્રમાણે સંવત ૨૦૦૨ ના આસો વદ ૮ સુરત તથા ખંભાતમાં અને મુંબઇમાં પણ ઉજવાઈ હતી. સુરતમાં આચાર્યશ્રી વિજય-પ્રીતિચંદ્રસૂરિના પ્રમુખપણે ઉજવાઇ હતી.

આ આઠમો ભાગ બહાર પડ્યો તે શાસનદેવની કૃપાથી જ બહાર પાડ્યો છે, નહિં તો બહાર પડી શકે નહિ એવી જ સમિતિની સ્થિતિ હતી.

મહોદય પ્રેસ તરફથી જે સગવડ આપવામાં આવી તે માટે તેના માલીક ભાઇ **ગુલાબચંદ લલ્લુભાઈ**નો, સમિતિના સર્વ સભાસદો અને સહાયકોનો તેમજ પૂ. **પં. શ્રી પ્રીતિવિજયજી ગણિવર્ય**નો આભાર માનું છું.

મારાથી બની શકતી દરેક રીતે કામ જેમ બને તેમ જલદી કરવાને હું ઉદ્યુક્ત રહ્યો છું, છતાં પાછળના છ મહિના છાપ-ખાનાને લીધે લંબાયા છે, તે માટે હું ક્ષમા માગું છું.

શાસનદેવ અમારા આ કામમાં સહાય કરો એ જ પ્રાર્થના છે.

ફંડમાં બની શકતી સહાય કરવા દરેક વાંચક બંધુને નમ્ર વિનંતિ છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવાનો આવો ઉત્તમ ઉપાય જવલ્લે જ જડી આવશે.

વિ. સં. ૨૦૦૪
ચૈત્રી પૂર્ણિમા,
મુંબઇ

નરોત્તમદાસ ભગવાનદાસ શાહ
માનદ મંત્રી.

વિષયાનુક્રમ.

સ્વર્ગવાસ પછી

[પ્રકટ થયેલા લેખો.]

નંબર	વિષય	પૃષ્ઠ
૧	સ્વજીવનની સફળતા કેમ થાય ?	૩
૨	સંવર ભાવના	૫
૩	એક અવિચળ લક્ષ્ય	૭
૪	જીવાજીવાદિ નવ તત્ત્વોનું સંક્ષિપ્ત વર્ણન	૯
૫	સ્વાશ્રય	૧૦
૬	અમૂલ્ય વાક્યામૃતો	૧૨
૭	પ્રાસ્તાવિક ધર્મબોધ...	૧૮
૮	ઉત્તરાધ્યયનસૂત્રનું દ્રુમપત્રક નામનું દશમું અધ્યયન ...	૨૨
૯	અગિયારમું બહુશ્રુત અધ્યયન...	૨૩
૧૦	સુભાષિત	૨૫
૧૧	કપિલ મુનિના આઠમા અધ્યયનમાંથી નીતરતો ઉત્તમ બોધ ...	૩૦
૧૨	ચેતનને સમજવા યોગ્ય બાબતો	૩૨
૧૩	સુભાષિત	૩૩
૧૪	શ્રાવક–શ્રાવિકાને ઉપયોગી સૂચના	૩૮
૧૫	જીવન ઉજ્જવળ બનાવો !	૪૦
૧૬	મદ્ય–માંસ નિષેધ	૪૬
૧૭	પશુઓનો ત્રાસ અટકાવવા બાબત	૪૭
૧૮	માંસસેવન ને શિકાર	૪૮
૧૯	દર્શન–વંદનાદિ પ્રસંગનું સૂચન	૫૦

નંબર	વિષય	પૃષ્ઠ
૨૦	પુણ્ય-પાપકર્મની સમજ	... ૫૩
૨૧	ઉત્તમ આર્જવ ધર્મ	... ૫૬
૨૨	ઉત્તમ સત્ય ધર્મ	... ૫૭
૨૩	શ્રેષ્ઠ તપ ને ત્યાગ(દાન)ધર્મ	... ૫૯
૨૪	ઉત્તમ અકિંચન ધર્મ ને બ્રહ્મચર્ય	... ૬૧
૨૫	મનનીય વિચારો	... ૬૪
૨૬	ઉત્તમ શૌચધર્મ	... ૬૭
૨૭	ઉત્તમ સંયમ ધર્મ	... ૬૮
	ધાર્મિક લેખો.	
૨૮	જિનમંદિરમાં દર્શનાર્થીને સૂચના	... ૭૧
૨૯	દંડક, જીવવિચાર તથા નવતત્ત્વ સંબંધી ...	... ૭૨
૩૦	નવપદસાર	... ૭૫
૩૧	ધર્મરહસ્ય	... ૭૬
૩૨	સમકિત, સમ્યક્ત્વ અથવા સમ્યગ્દર્શન ...	... ૭૮
૩૩	સુક્ત વચનામૃત	... ૭૮
૩૪	યાત્રા પ્રસંગે વિવેક...	... ૮૮
૩૫	ગુરુકુળવાસ પ્રસંગનું શિષ્ય સ્વરૂપ	... ૮૯
૩૬	જિનભવનાદિક નિર્માણ કરવા સંબંધની શાસ્ત્રનીતિ	... ૯૧
૩૭	તાલધ્વજગિરિ	... ૯૩
૩૮	આપણો એક તરણોપાય	... ૯૪
૩૯	ઉપદેશમાળાના અમૃતવચનો	... ૯૬
૪૦	એક તત્ત્વવેત્તાનાં બોધવચનો	...૧૦૧
૪૧	હૈયે ધરવા યોગ્ય વચનામૃતો	...૧૦૪
૪૨	ખરું ધ્યાન ને ભજન	...૧૦૬
૪૩	વિચારબિંદુમાંથી કાંઇક	...૧૦૭
૪૪	ચોથી મધ્યસ્થ ભાવના	...૧૦૮

નંબર	વિષય	પૃષ્ઠ
૪૫	ખરું સુખ	...૧૧૧
૪૬	આચારાંગ ભાષાંતરકારના હૃદયના ઉદ્ગારો ...	...૧૧૨
૪૭	સમક્તિ-રત્નની પ્રાપ્તિ દુર્લભ છે.	...૧૧૩
૪૮	કલેશ ત્યાગ કેટલો બધો હિતકારી છે ?	...૧૧૪
૪૯	તત્ત્વામૃતમાંથી	...૧૧૫
૫૦	વિષયસુખ	...૧૧૮
૫૧	શુદ્ધ ઉપદેશ	...૧૧૯
૫૨	મુંગો સમર્પણધર્મ	...૧૨૧
૫૩	સંયમયતના અધિકાર	...૧૨૨
૫૪	સુશિષ્યની પવિત્ર ફરજ	...૧૨૪
૫૫	કર્મની અકળ ગતિ	...૧૨૫
૫૬	દ્વાદશભાવનાનું સ્વરૂપ	...૧૨૭
૫૭	દશવિધ યતિ-ધર્મ	...૧૨૯
૫૮	સદ્વિવેક	...૧૩૨
૫૯	ધર્મધ્યાનનું સ્વરૂપ	...૧૩૯
૬૦	બારવ્રતની સમજ	...૧૪૧
૬૧	શુદ્ધપ્રેમ ને સંકલ્પશક્તિ	...૧૪૫
૬૨	સોનેરી વચનો	...૧૫૦
૬૩	દ્રવ્ય અને સદ્ગુણ	...૧૫૪
૬૪	ચારિત્ર	...૧૫૬
૬૫	પ્રેમ	...૧૫૭
૬૬	બોધદાયક વાકયો	...૧૫૯
૬૭	અધ્યાત્મ ભાવના	...૧૬૭
૬૮	શુભ પ્રેરણા	...૧૭૩
૬૯	ચાર ગતિના ખામણાં	...૧૭૪
૭૦	દેવ-ગુરુની ભક્તિ કેવી રીતે કરવી ?	...૧૭૯

નંબર	વિષય	પૃષ્ઠ
૭૧	સારાં ગ્રંથોની કીમત	...૧૮૧
૭૨	સુખી થવાના સૂચનો	...૧૮૧
૭૩	પ્રતીત્ય વચન કોને કહેવાય?...	...૧૮૪
૭૪	એક નયાશ્રિત સૂત્રમાં આવતાં દોષો	...૧૮૬
૭૫	એકલા જ્ઞાન અને એકલી ક્રિયાનું અનુપયોગીપણું...	...૧૮૯
૭૬	આત્મા સંબંધી વિચાર અને ભિક્ષુ આચાર ...	...૧૯૧
૭૭	જીવનસુધારણા માટે ઉત્તમ વાનગી	...૧૯૫
૭૮	રહસ્યમય સૂક્તો	...૧૯૮

નૈતિક વિભાગ.

નંબર	વિષય	પૃષ્ઠ
૭૯	આધુનિક સ્થિતિ સુધારવા શું કરવું?... ...	...૨૦૩
૮૦	સ્વઆચારવિચારની શુદ્ધિ	...૨૧૦
૮૧	કેશર આપણે શા માટે તજવું?	...૨૧૩
૮૨	દુઃખમાંથી સુખસ્વરૂપ ઇશ્વરમાં	...૨૧૬
૮૩	કડવા બોલી જીભને શિખામણ	...૨૧૭
૮૪	ખરું સુખી જીવન જીવનનો ખરો માર્ગ ...	...૨૧૮
૮૫	આપણી સમાજઉન્નતિ માટે...	...૨૨૨
૮૬	સ્ત્રી તથા કન્યા કેળવણી માટે ખટક... ...	...૨૨૪
૮૭	આંધળી નકલ કરવાથી થતી અનેક ઉપાધિ ...	...૨૨૬
૮૮	શરીર-આરોગ્ય માટે બ્રહ્મચર્યની અગત્ય ...	...૨૩૧
૮૯	જૈન તરીકે ઓળખાવનારે કેવું જીવન ઘડવું જોઈએ?	...૨૩૩
૯૦	શ્રાવકોએ વ્યવહારશુદ્ધિ માટે દેવું જોઇતું લક્ષ્ય.	...૨૩૫
૯૧	મહાવીર પ્રભુના અનુયાયીની ફરજ	...૨૩૭
૯૨	વાતો કરતાં વર્તનની જરૂર છે.	...૨૩૮
૯૩	યાદ કરો ને ભૂલી જાઓ	...૨૩૯
૯૪	એકતાની શકયતા માટે હિતવચનો	...૨૪૧

નંબર	વિષય	પૃષ્ઠ
૯૫	પ્રાપ્ત સંતોષી કેમ થવાય ?	...૨૪૨
૯૬	બચપણથી જ બાળકોને સંસ્કારિત બનાવવા જોઇએ.	...૨૪૪
૯૭	સત્યનિષ્ઠ બનો	...૨૪૫
૯૮	આપણું લેણું-દેણું આબરૂ જાળવીને પતાવવું ...	...૨૪૮
૯૯	ગૃહસ્થ જીવનની નવ પ્રકારની નિરાંત	...૨૪૯
૧૦૦	સાત જાતની સુખ-સગવડ	...૨૫૦
૧૦૧	બાળઉછેરની કલા માતાએ શીખી લેવી ...	...૨૫૧
૧૦૨	કરિયાવરરૂપ દશ હિતશિક્ષાઓ	...૨૫૨
૧૦૩	સ્વસંતતિના હિત માટે માત-પિતાનું કર્તવ્ય ...	...૨૫૩
૧૦૪	કૌટુંબિક જીવન માટે સંયમ જીવનની જરૂર ...	...૨૫૬
૧૦૫	શરીર-આરોગ્ય માટે બે બોલ	...૨૫૮

સામાજિક લેખો.

૧૦૬	જૈન સમાજના અભ્યુદય અર્થે	...૨૬૧
૧૦૭	પુત્રવધુપરીક્ષા	...૨૬૩
૧૦૮	સમાજોન્નતિ માટે કેળવણી પ્રચાર	...૨૬૪
૧૦૯	આપણી સામાજિક શોચમય સ્થિતિ	...૨૬૭

ઉપયોગી સંગ્રહ.

૧૧૦	શ્રી આનંદઘનજીકૃત દયા છત્રીશી	...૨૭૦
૧૧૧	શ્રી ચિદાનંદજીપ્રણીત પ્રશ્નોત્તરમાળા	...૨૮૦
૧૧૨	સમયસાર પ્રકરણ અનુવાદ...	...૨૯૦
૧૧૩	લેખ સંગ્રહને અંગે અભિપ્રાયો	...૩૧૭

સદ્ગુણાનુરાગી સન્મિત્ર મુનિ મહારાજ
શ્રી કર્પૂરવિજયજી

લેખ સંગ્રહ

ભાગ ૮ મો

સ્વર્ગવાસ પછી

[પ્રકટ થયેલા લેખો]

સ્વજીવનની સફળતા કેમ થાય?

" જાણો તેટલું વિવેકથી આચરો અને બોલો તેટલું પાળો."

૧. આપણે જાણીએ તેટલું વિવેકથી આદરવા અને બોલીયે તેટલું પાળવા સાવધાન રહીએ તો સ્વપરહિતમાં કેટલો બધો વધારો થાય?

૨. ડહાપણભરી દયાથી સહુ કોઈને આપણા આત્મા તુલ્ય લેખી સર્વ સાથે પરમ મૈત્રીભાવ રાખવો. દુઃખી જનો પ્રત્યે અનુકંપા બુદ્ધિ રાખવી, સદ્‌ગુણી જનો પ્રત્યે પ્રમોદ-પ્રસન્ન ભાવ રાખવો અને દુષ્ટ, દુર્બુદ્ધિ, પાપી, નિંદક જનો પ્રત્યે પણ રાગ–દ્વેષ નહીં કરતાં ઉદાસીનતા રાખી અંદરથી સહુ કોઈનું એકાન્ત હિત ઇચ્છવું અને બને તેટલું સ્વપરહિત કરવું, એવો શુદ્ધ અહિંસક ભાવ હૃદયમાં જાગૃત રાખવાથી સર્વત્ર કેટલી બધી શાન્તિ વધે અને અશાન્તિ–વૈરવિરોધાદિક દૂર ટળે? આવા સદ્‌બુદ્ધિભર્યા વ્યાપારથી સ્વપરને કેટલો બધો ફાયદો થવા પામે?

૩. ગમે તેવો આકરો શસ્ત્રાદિકનો ઘા યોગ્ય ઉપાયવડે રૂઝાય છે પરંતુ કઠોર વચનરૂપી ઘા તો કેમે કરી રૂઝાતો નથી અને મરણ પર્યન્ત સાલ્યા કરે છે, એમ નિશ્ચયપૂર્વક સમજી રાખી, સામાને પ્રિય લાગે અને હિતરૂપ થવાય એવું જ સમયોચિત સત્ય વચન બોલવાની ટેવ પાડવાથી કેટલો બધો લાભ થવા પામે, અનર્થ થતો અટકે અને સુખ–શાન્તિ સચવાય?

૪. ચોરીનો માલ સીંકે ચડે નહિ, ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રોવે અને પાપીનું ધન પલ્લે (નાશ) થાય વગેરે હિતવચનો અંતરથી સાચા સમજાયા જ હોય તો અનીતિ-અન્યાય-કેમ આદરાય ? અને એવા ઉમદા વ્યવહારથી સહુ કોઇ કેટલાં બધાં સુખી થઇ શકે ?

૫. આપણી માતા-બહેન-દીકરી સાથે ખોટો વ્યવહાર રાખનાર જન પ્રત્યે આપણને કેટલો બધો તિરસ્કાર છૂટે છે ? તેવી જ રીતે પરાઇ માતા, બહેન કે સ્ત્રી સંગાતે ખોટું કામ કરનાર હીનાચારી જીવ પ્રત્યે પરને પણ તેવો જ તિરસ્કાર છૂટે એમાં આશ્ચર્ય શું ? ત્યારે પવિત્ર મન-વચન-કાયાથી સુશીલ રહેતાં સ્વપરને કેટલો બધો ફાયદો થાય ? એવા વિચાર-શીલ ભાઇ બહેનોએ સ્વજીવન પવિત્ર બનાવી લેવા કેટલું બધું લક્ષ રાખવું જોઇએ ? શીલને જ સાચો શણગાર લેખવો જોઇએ.

૬. લોભ સમાન દુઃખ નથી અને સંતોષ સમું સુખ નથી એ સાચે સાચું સમજાયું હોય તો ખોટો બેહદ લોભ તજી સાચો સંતોષ સેવવો અને ખોટી લાલચો છોડવી, જેથી ખરું વાસ્તવિક સુખ સહેજે પ્રાપ્ત થઇ શકે.

૭. નકામી વાતો કરવાથી કશું વળવાનું નથી, રૂડી રહેણી-કરણીથી જ કલ્યાણ થશે.

૮. પ્રમાદી જીવનવાળાને નરી વાતો જ કરી કાળક્ષેપ કરવો ગમે છે, પારકી વાતો કરવી મીઠી લાગે છે, રહેણીકરણી કડવી ઝેર જેવી લાગે છે.

૯. જયારે ભાગ્યોદયે રૂડી રહેણીકરણી કરવી સાકર સમી

મીઠી લાગશે અને નકામી વાતો કડવી ઝેર જેવી લાગશે ત્યારે જ જીવનનું કલ્યાણ થશે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૪૨૮]

સંવર ભાવના.

આશ્રવથી ઊલટો શબ્દ સંવર છે.

આશ્રવનો નિરોધ કરવાથી સંવરનો લાભ મળે છે, એટલે પાપરૂપ આશ્રવને આવવાનાં ગરનાળાં સમાન જે ૫૭ આશ્રવ-દ્વાર તેને સર્વથા રોકવાં એટલે નવાં આવતાં કર્મના સમૂહને અટકાવવા તે સંવર જાણવો. સમુદ્રમાં રહેલી નાવને છિદ્ર પડ્યું હોય તો પાણી અંદર ભરાય ને નાવ બૂડી જાય, પણ છિદ્રને બંધ કરી દીધું હોય તો તેમાં પાણી આવતું નથી અને નાવ બુડતી પણ નથી તેમ પાપ આશ્રવને આવવાનાં પ્રનાળને રોકવાથી નવાં કર્મ આવતાં બંધ થાય છે. તે આવી રીતે–સમ્યગ્દર્શન(સમકિત)થી મિથ્યાત્વ આશ્રવ બંધ થાય છે, પાંચ ઇન્દ્રિયો અને મનને રોકવાથી ઇન્દ્રિયો અને મન-દ્વારા થતા આશ્રવ બંધ થાય છે, છકાય જીવના ઘાત કરવા-વાળા આરંભના ત્યાગથી તથા અવિરતિરૂપ કર્મ આવવાના દ્વાર રોકવાથી વિરતિરૂપ સંવર થાય છે. આત્માને ખાસ અહિતકર તે તે પાપ–આશ્રવને બરાબર સમજીને તજવાથી અને આગળ બતાવાશે તેવા દોષોનો ત્યાગ કરી સદ્દગુણોનું સેવન કરતાં રહેવાથી સહેજે સંવરનો લાભ મળે છે. સોળ કષાય અને તેના સહચારી નવ નોકષાય પોતે જીતી દશ લક્ષણયુક્ત યતિધર્મને ધારણ કરવાથી સર્વવિરતિરૂપ સંવર થાય છે.

મન, વચન અને કાયાના યોગ–વ્યાપારથી કર્મનું આવવું થાય છે, પણ તેને ધ્યાન, સ્વાધ્યાય અને તપાદિકવડે રોકવાથી યોગ સંવર થાય છે. વળી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પાળવાથી, દશ પ્રકારનો યતિધર્મ ધારણ કરવાથી, બાર ભાવના ભાવવાથી, સત્તર પ્રકારે સંયમ પાળવાથી તથા બાવીશ પરીષહો સહન કરવાથી નવા કર્મ આવતાં બંધ થાય છે એટલે સંવર થાય છે. પાંચ પ્રકારના પ્રમાદને તજી યતનાથી વર્તવું તે સમિતિ કહેવાય છે. તેમાં અહિંસા એટલે દયા મુખ્ય છે. મન, વચન, કાયાના યોગને રોકવા તે ગુપ્તિ છે.

સ્વતત્ત્વ એટલે આત્મતત્ત્વનું ચિન્તવન કરવું તે ભાવના છે. પૂર્વ કર્મના ઉદયથી પ્રાપ્ત થતાં ક્ષુધા આદિ પરિસહને કાયરતા રહિત સમભાવથી સહેવા તે પરિસહનો જય છે. રાગાદિક દોષ રહિત પોતાના આત્મસ્વભાવમાં પ્રવૃત્તિ કરવી તે ચારિત્ર છે. એવી રીતે જે વિષય–કષાયાદિકથી વિમુખ થઇને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં પ્રતિબંધ રહિતપણે પ્રવર્તે છે તેને સમિતિ અને ગુપ્તિ આદિ ઉપર જણાવેલ ધર્મોવડે નવીન કર્મનો આશ્રવ નહિં થતાં સંવર થાય છે. જુઓ ! પુંડરીક અને કંડરીક એ બે ભાઇઓમાં કંડરીકે પ્રથમ ચારિત્ર ગ્રહણ કર્યું હતું પણ પાછળથી તેનું મન વિષયવિવશ ડોલાયમાન થવાથી તેણે ચારિત્ર તજીને રાજ્ય લીધું તેથી મરીને સાતમી નરકે ગયો. તેના ભાઇ પુંડરીકે કંડરીકને રાજ્ય સોંપી, તેનાં ચારિત્રનાં ઉપકરણો લઇ નિશ્ચય કર્યો કે ‘ કોઇ મહર્ષિ ગુરુ પાસે જઇ મારે દીક્ષા અંગીકાર કરવી. ત્યારપછી મારે આહારપાણી ગ્રહણ કરવાં. ’ આવો અભિગ્રહ ધારી ઘેરથી અલવાણે પગે તે ચાલી નીકળ્યા. રસ્તે ચાલતાં પગમાં કાટાં વાગ્યા તેથી

લોહીની ધારાઓ ચાલી, તો પણ ઉત્તમ ધ્યાને સમતાભાવે રહ્યા. ઉત્તમ ગુરુયોગે ચારિત્ર અંગીકાર કરી પારણે અરસ-નીરસ આહાર લેવાવડે અજીર્ણ થવાથી કાળ કરી સર્વાર્થ-સિદ્ધ વિમાને દેવપણે ઉપજ્યા. આશ્રવથી કંડરીકની કેવી દુર્દશા થઈ અને સંવરથી પુંડરીકની કેવી શુભ દશા થઈ તે સમજી જાગૃત રહેવું જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૬]

એક અવિચળ લક્ષ્ય.

૧. એકજ મુખ્ય લક્ષ રાખવું અને તેને જ પ્રાપ્ત કરવાની તાલાવેલી તથા પ્રયત્ન સેવવા. એ આપણા જીવનની મહત્વની બાબત છે.

૨. માત્ર આત્મ સમર્પણથી જ વિજય પ્રાપ્ત થાય છે.

૩. ઊંડા અભ્યાસનું નામ જ કુશાગ્રબુદ્ધિ છે, કાર્યમાં કારણનો ઉપચાર છે.

૪. પ્રત્યેક માણસે પોતાના લક્ષ્યને બંધબેસતો થાય તેવો માર્ગ યા તેવી પ્રવૃત્તિ નિશ્ચિત કરવી જોઇએ અને જો તેમાં સફળ જ થવાની ઇચ્છા હોય તો તેને જ વળગી રહેવું જોઇએ.

૫. એક તરુણ મનુષ્યના જીવનમાં અસ્થિરતા એ અકિ-ચતા જેટલી જ ભયંકર નીવડે છે.

૬. સાવધતાપૂર્વક અવલોકન કરનાર અને દૃઢતાપૂર્વક નિશ્ચય કરનાર પ્રત્યેક માણસ અજાણતાં બુદ્ધિમાન બની જાય છે.

૭. જે માણસો આ જગતમાં એક જ કામને સર્વભાવે હાથમાં ધરી રાખે છે તેઓ જ તેને બહુ સારી રીતે પાર પાડી શકે છે, અને તેઓ જ આ જગતમાં મોખરે આવે છે, માટે એક જ વિષયને વળગી રહો.

૮. એકજ સારું નિશ્ચિત લક્ષ્ય ઉદ્દેશ રહિત જીવનની હજારો ખરાબીઓ અટકાવે છે.

૯. માત્ર શક્તિ હોવી જોઇએ એટલું જ પૂરતું નથી, પરંતુ તેને કોઇ દઢ-સ્થિર લક્ષ્ય પર એકાગ્ર કરવી જોઇએ.

૧૦. એક જ નિશ્ચિત ઉદ્દેશ જેવી ઉત્તમ વસ્તુ દુનિયામાં બીજી કોઇ છે જ નહિ.

૧૧. આ ટૂંકા માનવજીવનમાં જેને કાંઇપણ મહત્વવાળું કાર્ય કરવું હોય તેણે પોતાની સર્વ શક્તિઓવડે એવું તો એકાગ્રતાપૂર્વક કામ કરવું જોઇએ કે આ દુનિયામાંના મોજ-શોખ કરવા જન્મેલા આળસુ માણસોને તો તે ગાંડા જેવો જ લાગે.

૧૨. એક અડગ લક્ષ ધરાવનાર તરુણ પુરુષ કરતાં વિશેષ ભવ્ય દૃશ્ય આ જગતમાં કોઇ જ નથી.

૧૩. સીધા પોતાના લક્ષ્ય તરફ ધસી જતા, વિઘ્નોમાંથી પોતાનો માર્ગ કાપી કાઢતા અને બીજા માણસોને હંફાવી-હતાશ બનાવી દે એવાં વિઘ્નોને જીતી લેતાં એકાદ તરુણ પુરુષને જોવાથી આપણને કેવો આનંદ પ્રાપ્ત થાય છે?

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૭૩]

જીવાજીવાદિ નવ તત્ત્વોનું સંક્ષિપ્ત વર્ણન.

૧. જીવ-શુભ અશુભ કર્મનો કર્તા, શુભાશુભ કર્મનો હર્તા તથા શુભાશુભ કર્મનો ભોક્તા, ચેતના લક્ષણ યુક્ત અને દશ પ્રાણ ધારે તે જીવ કહેવાય, તેના ચોદ ભેદ છે.

૨. અજીવ-એનાથી વિપરીત જડ લક્ષણવાળો, ચેતના રહિત હોય તે અજીવ કહેવાય, તેના પણ ચોદ ભેદ છે.

૩. શુભ કર્મના પુદ્દગલ વેદાય તે પુણ્ય, તેના ૪૨ ભેદ છે.

૪. અશુભ કર્મના પુદ્દગલ વેદાય તે પાપ, તેના ૮૨ ભેદ છે.

૫. નવાં નવાં કર્મ આત્મામાં આવવાના દ્વાર તે આશ્રવ, તે શુભ-અશુભ આશ્રવના ૪૨ ભેદ છે.

૬. આવતા કર્મ જેનાથી રોકાય તે સંવર, તેના ૫૭ ભેદ છે.

૭. પૂર્વે બાંધેલ કર્મનો અંશેઅંશે ક્ષય થાય તે નિર્જરા, તેના બાહ્ય-અભ્યંતર તપના સેવનરૂપ ૧૨ ભેદ છે.

૮. જીવને કર્મની સાથે બંધાવું તે બંધ, તેના ચાર ભેદ છે.

૯. જીવ સાથેનો કર્મનો સર્વથા વિયોગ થાય તે મોક્ષ.

આ પ્રમાણે તે જાણવાના નવ પ્રકાર છે.

આત્માર્થી-કલ્યાણાર્થી-તત્ત્વજિજ્ઞાસુ જનોએ ઉક્ત નવે તત્ત્વોનું સવિસ્તર સ્વરૂપ સમજવાની જરૂર છે. તેમાંનાં જીવ અને અજીવ એ બે તત્ત્વ જ્ઞેય એટલે ખાસ જાણવા યોગ્ય છે. પુન્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર તત્ત્વો ઉપાદેય એટલે આદરવા યોગ્ય છે. તથા પાપ, આશ્રવ અને બંધ

એ ત્રણે તત્વો હેય એટલે તજવા યોગ્ય છે. ગુરુગમ્ય બોધ મેળવી નવ તત્ત્વ વિસ્તારથી જાણનારની તત્ત્વશ્રદ્ધા દૃઢ ને નિર્મળ થવા પામે છે. તેથી જ તેને માટે પ્રેરણા કરવામાં આવે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૮]

" સ્વાશ્રય "

૧. શકિતની પ્રતીતિમાં જ સર્વ વસ્તુસ્થિતિનો સમાવેશ થઇ જાય છે. જે માણસ સૌથી વિશેષ સ્વાશ્રયી હોય તે જ સૌથી વિશેષ બળવાન છે.

૨. તારી શક્તિની આત્મપ્રતીતિમાં જ તારા વિકાશ માટેનું ઉત્તમોત્તમ સાધન કુદરતે મૂકેલું છે.

૩. મોટો હોદ્દો કે ભારે પગાર મળવાથી જ કંઇ મહાપુરુષ બની જવાતું નથી. પોતાનામાં જે કાંઇ સત્વ હશે તો તે કામથી જ પ્રગટ થશે.

૪. જે માણસોએ પોતાની જાત ઉપર સૌથી વિશેષ આધાર રાખ્યો છે તેમણે જ સૌથી વિશેષ ઉન્નતિ પ્રાપ્ત કરી છે.

૫. માત્ર એક જ બાબત પાછળ મંડી પડવાથી સાધારણ બુદ્ધિ ધરાવનાર ઘણા માણસો મહાબુદ્ધિમાન તરીકે કીર્તિ પામ્યા છે.

૬. માણસે પોતાની જાતને જેટલી કિંમત આંકી હોય છે તેટલી કિંમત બીજા તેની ગણે છે.

૭. ઇચ્છા (પ્રબળ) હોય તો માર્ગ અવશ્ય જડી આવે છે.

૮. ગોખણપટ્ટીદ્વારા મેળવેલું અપકવ જ્ઞાન પાછળથી આપોઆપ જ ભુલાઇ જવાનું અને તે પોતાની શ્રદ્ધા અને આત્મભાન બંને ગુમાવી દેવાના. હદપારની ગોખણપટ્ટીથી સ્મરણ શક્તિ બગડે છે.

૯. બીજા માણસો કેવા થયા છે અને એમણે શું કર્યું છે, તે વિષે વાંચવું તથા વિચાર કરવો એટલું જ બસ નથી પરંતુ તેવા થવું અને તેવા કામ કરવા જરૂરી છે. તરુણ પુરુષો જીવનનો મહાન ઉદ્દેશ વિસરી જાય એવો ઘણો સંભવ છે.

૧૦. રૂસોએ કહ્યું હતું કે–ફરીથી કહું છું કે 'તેને જ્ઞાન આપવું એ મારો ઉદ્દેશ નથી, પરંતુ તેને જરૂર પડે ત્યારે તે કેવી રીતે પ્રાપ્ત કરવું એ રીત શીખવવાનો મારો ઉદ્દેશ છે.'

૧૧. સર્વ જ્ઞાન આત્મશિક્ષણથી પ્રાપ્ત થાય છે, વિદ્યાર્થીની માનસિક ક્રિયા પર જ તેના જ્ઞાનની પ્રગતિનો આધાર રહે છે. શિષ્યને પોતાની જાતને ઓળખતાં શીખવવું એ જ ગુરુનું મહાન કાર્ય છે.

૧૨. માનસિક વિકાસ આપણને મનુષ્યત્વ અર્પણ કરે છે. એટલા માટે તમારું માનસિક બળ વધારો.

૧૩. જે થોડા માણસો ચિન્તનશાલી હોય છે તેમાંથી પણ કેટલાં થોડા માણસો યોગ્ય રીતે ચિન્તન કરે છે.

૧૪. સઘળાં કાર્યોમાં તેનો આરંભ કર્યા પૂર્વે ઉત્તમ તૈયારી કરી રાખવી જોઇએ. અધીરાઇ એ અત્યંત ખરાબ પ્રકારની ઝડપ છે.

૧૫. ઉતાવળ ગોથાં ખવરાવે છે અને બંધન તથા અંતરાય ઉત્પન્ન કરે છે.

૧૬. આ સમયમાં એવા માણસોની જરૂર છે કે જેઓ જગતની નિંદા કે સ્તુતિની કંઈપણ દરકાર રાખ્યા વગર કામ કરવાની અને ધૈર્ય રાખવાની હિંમત અને શકિત ધરાવતા હોય.

૧૭. પ્રત્યેક સફળ જીવનનો મોટો ભાગ પાયો નાખવામાં જ વ્યતીત થાય છે. અર્થાત્ સફળતા એ પરિશ્રમ અને ખંતનું જ ફળ છે.

૧૮. જે સ્વામી બનવાને વધારે ઉતાવળ કરે છે તે ગુલામ બની જાય એવો વધારે સંભવ છે. પોતાને બુદ્ધિમાન ધારી આળસુ બનો તેના કરતાં તમારી જાતને સુખી ધારી કામ કરો તે વધારે સારું છે.

૧૯. અતિ સાધારણ એવા ઘણા છોકરાઓ કુશળ શિક્ષકની બીક ને રસભરી દેખરેખથી અસાધારણ પુરુષ બન્યા છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૯]

અમૂલ્ય વાકયામૃતો.

તમે જો તમારી આત્મોન્નતિને ઇચ્છતા હો તો તમારે તમારા આત્મવિકાસને આચ્છાદિત કરનારા અનેક સંકટોનો સામનો કરવો પડશે, અને તે સંકટો કે આપત્તિઓમાં મુંઝાયા સિવાય બહાદૂરીથી ક્ષમા તથા સંતોષ રાખી તેને જીતશો તો જ તમે તમારું ધ્યેય(સાધ્ય)બિંદુ સાધી શકશો.

તમારે પરમાત્મા બનવું હોય તો અપકારીના ઉપર પણ

ઉપકાર કરતાં શીખો, તમારું અનિષ્ટ કરનાર યા તમને દુઃખમાં નાખનાર કોઇપણ વ્યક્તિ ઉપર રોષ ન કરતાં મીઠી નજર રાખો, આખરે તે જરૂર થાકશે. ખરી રીતે તો તમારો અપકાર કરનારા તમારા સાધ્યબિંદુના ખરા મદદગાર છે.

જાગો! તમે કેમ સમજતા નથી ? પાછળથી બોધિબીજની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે, કારણ કે જેમ વીતી ગયેલી રાતો પાછી આવતી નથી તેમ આ મનુષ્યભવ ફરીથી સહેલાઇથી સાંપડી શકતો નથી, માટે પ્રમાદ-સ્વચ્છંદવશ બધું ખોઇ ન નાંખો. સાવધાન બની આવેલી અમૂલ્ય તકને લેખે કરો.

અંતઃકરણપૂર્વક સત્યની અન્વેષણા (શોધ) કરો અને સર્વ જીવો પર મૈત્રીભાવ ધારણ કરો, એમ કરવાથી ખરી યોગ્યતા પામી શકાશે.

સત્યની આજ્ઞાથી ઊભો થયેલો એવો પુરુષ સંસારને તરી જાય છે અને અખંડ સુખ-શાંતિ મેળવી શકે છે.

હે ગૌતમ! એક સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહીં; કારણ કે પ્રમાદીને દરેક પ્રકારે ભય હોય છે, જ્યારે પ્રમાદ રહિતને કોઇપણ પ્રકારે ભય હોતો નથી.

સત્યને વિષે મનની સ્થિરતા કરો, કારણ સત્યમાં મગ્ન થયેલો બુદ્ધિમાન પુરુષ તમામ પાપકર્મને નષ્ટ કરે છે- કરી શકે છે.

કામો પૂર્ણ થવા અશક્ય છે અને જીવિત વધારી શકાતું નથી, અર્થ ને વિષયનો કામી-લોલુપી મનુષ્ય શોક કર્યા જ કરે છે તથા ઝુર્યા કરે છે. (શ્રીઆચારાંગ સૂત્ર)

તારા સગાં-સંબંધી, વિષયભોગો, દ્રવ્યસંપત્તિ તારું રક્ષણ કરી શકતાં નથી, તેમજ તું પણ તેમનું રક્ષણ કરી શકતો નથી કે તેમને બચાવી શકતો નથી. દરેકને પોતાના સુખ-દુઃખ જાતે જ ભોગવવાં પડે છે, માટે જ્યાં સુધી પોતાની ઉંમર મૃત્યુથી ઘેરાઇ નથી, તથા શ્રોત્રાદિ ઇંદ્રિયોનું બળ તેમજ પ્રજ્ઞા-સ્મૃતિ-મેધા વિગેરે કાયમ છે ત્યાં સુધીમાં અવસર ઓળખી શાણા પુરુષે પોતાનું કલ્યાણ સાધી લેવું જોઇએ. (શ્રીઆચારાંગ સૂત્ર)

જે સરળ હોય, મુમુક્ષુ હોય અને અદંભી હોય તે જ સાચો અનગાર છે, જે શ્રદ્ધાથી માણુસ ગૃહત્યાગ કરે તે જ શ્રદ્ધાને (શંકાઓ-આસક્તિ છોડી) હંમેશા ટકાવી રાખવી જોઇએ. વીર પુરુષો એ માર્ગે જ ચાલેલા છે. (શ્રીઆચારાંગ સૂત્ર)

જેને તું હણવાનો વિચાર કરે છે તે તું પોતે જ છે, જેને તું આજ્ઞા આપવા માંગે છે તે તું પોતે જ છે, જેને તું સંતાપ આપવા ચાહે છે તે તું પોતે જ છે, જેને તું દબાવવા ઇચ્છે છે તે તું પોતે જ છે, અને જેને તું ઉપદ્રવ કરવા માંગે છે તે પણ તું પોતે જ છે, એમ સર્વત્ર પોતાપણું માનતો સજ્જન માણુસ એ પ્રમાણે સમજીને પોતાનું જીવન વીતાવતો છતો કોઇ પણ જીવને મારતો નથી, મરાવતો નથી અને પોતાને-આત્માને પાછળથી ભોગવવું પડશે એમ સમજી તેને અનુમોદતો કે ચાહતો પણ નથી. (શ્રીસૂયગડાંગ સૂત્ર)

હે ભાઇ ! તારી જાત સાથે જ યુદ્ધ કર, બહાર યુદ્ધ કરવાથી શું ? એના જેવી યુદ્ધને યોગ્ય બીજી વસ્તુ મળવી દુર્લભ છે. હે ભાઇ ! તું જ તારો મિત્ર છે. બહાર ક્યાં મિત્ર

શોધે છે ? તારી પોતાની જાતને જ નિગ્રહમાં રાખ, તો બધાં દુ:ખોથી મુક્ત થઇશ. (શ્રીઆચારાંગ સૂત્ર)

ક્રોધથી બોલવું, માનથી બોલવું, માયાથી બોલવું, લોભથી બોલવું, જાણતાં અજાણતાં કઠોર બોલવું. વિગેરે બહુ દોષ યુક્ત વાક્પ્રયોગનો વિવેકી પુરુષે ત્યાગ કરવો જોઇએ. (શ્રીઆચારાંગ સૂત્ર)

જગતના લોકોની કામનાનો પાર નથી. તેઓ ચારણીમાં પાણી ભરવાનો મિથ્યા પ્રયત્ન કરે છે. હે ધીર ! તું આશા અને સ્વચ્છંદને છોડી દે, તે બે શલ્ય સ્વીકારીને જ તું રખડ્યા કરે છે. સુખનું સાધન માનેલી વસ્તુઓ જ તારા દુ:ખનું કારણ થઇ પડે છે.

જેઓ કામ ગુણોને ઓળંગી જાય છે તેઓ ખરેખર મુક્ત થાય છે. અકામથી કામને દૂર કરતાં તેઓ પ્રાપ્ત થયેલાં કામગુણોમાં પણ ખુંચતા નથી.

કામભોગોમાં સતત મૂઢ રહેતો માણસ ધર્મને ઓળખી શકતો નથી. વીર ભગવાને કહ્યું છે કે તે મહામોહમાં બિલકુલ પ્રમાદ (વિશ્વાસ) ન કરવો. શાંતિના સ્વરૂપનો અને મરણનો વિચાર કરીને તથા શરીરને નાશવંત જાણીને કુશળ પુરુષ કેમ પ્રમાદ કરે ?

પ્રમાદ અને તેને પરિણામે કામગુણોમાં આસક્તિ એ જ ખરી હિંસા છે, માટે બુદ્ધિમાને 'પ્રમાદથી જે મેં પહેલું કર્યું તે હવે નહિં કરું' એવો નિશ્ચય કરવો જોઇએ.

જે માણસ વિવિધ પ્રાણીઓની હિંસામાં પોતાનું જ અનિષ્ટ જોઇ શકે છે તે તેનો ત્યાગ કરવા સમર્થ થઇ શકે છે. જે

માણસ પોતાનું દુઃખ જાણે છે તે બહારનાનું દુઃખ જાણે છે, પોતાનું પણ જાણે છે. શાંતિને પામેલા સંયમીઓ બીજાની હિંસા કરીને જીવવા ઇચ્છતા નથી.

ધર્મને જ્ઞાની પુરુષો પાસેથી સમજીને કે સ્વીકારીને સંઘરી ન રાખતો (પ્રમાદ ન કરતો), પરંતુ પ્રાપ્ત થયેલા ભોગ પદાર્થોમાં વૈરાગ્ય પામી લોકપ્રવાહને અનુસરવાનું છોડી દેજે.

સુખદુઃખમાં સમભાવ રાખી, જ્ઞાની પુરુષોના સંગમાં રહેવું અને અનેક પ્રકારનાં દુઃખથી દુઃખી એવા સ્થાવર જંગમ પ્રાણીઓને પોતાની કોઈપણ ક્રિયાથી પરિતાપ ન આપવો. આમ કરનારો તથા પૃથ્વીની પેઠે બધું સહી લેનારો મહામુનિ ઉત્તમ શ્રમણ કહેવાય છે.

ઉત્તમ ધર્મપદને અનુસરનારા, તૃષ્ણા રહિત, ધ્યાન અને સમાધિયુક્ત તથા અગ્નિની શીખા જેવા તેજસ્વી તે વિદ્વાન ભિક્ષુના તપ તથા પ્રજ્ઞા અને યશ વૃદ્ધિ પામે છે.

એક બીજાની શરમથી કે ભયથી પાપકર્મ ન કરનાર શું મુનિ કહેવાય ? ખરો મુનિ તો સમતાને બરાબર સમજીને પોતાના આત્માને નિર્મળ કરનાર હોય છે.

જગતમાં જ્યાં ત્યાં સર્વત્ર આરામ છે, એમ સમજીને ત્યાંથી ઇંદ્રિયોને હઠાવીને, સંયમી પુરુષે જિતેંદ્રિય થઈને વિચરવું. જે પોતાના કાર્યો સાધવા ઇચ્છે છે તેવા વીર પુરુષે જ્ઞાનીના કહ્યા પ્રમાણે પરાક્રમ કરવું.

મનુષ્યે અન્ય જીવની બાબતમાં બેદરકાર ન રહેવું. જે અન્ય જીવની બાબતમાં પણ બેદરકાર (Indifferent) રહે છે,

તથા જે પોતાની બાબતમાં બેદરકાર રહે છે તે અન્ય જીવની બાબતમાં પણ બેદરકાર રહે છે.

જે અહિંસામાં કુશળ છે અને જે કર્મબંધથી મુક્તિ મેળવવાની જ તજવીજમાં રહે છે તે સાચો બુદ્ધિમાન છે.

વિષયના સ્વરૂપો જે બરાબર જાણે છે તે સંસારને જાણે છે અને જે વિષયનું સ્વરૂપ નથી જાણતો તે સંસારનું સ્વરૂપ પણ જાણતો નથી.

મનુષ્યની પાસે જેમ વિશેષ કામ હોય છે તેમ તે વિશેષ કાર્યસિદ્ધિ કરી શકે છે, કારણ કે તેથી તે સમયની કરકસર કરતાં શીખે છે.

સફળ અને નિષ્ફળ માણસો વચ્ચેનો મુખ્ય ભેદ માત્ર એક ધૈર્યના તત્ત્વમાં જ રહેલો છે. જેઓ ધૈર્ય અને ખંતપૂર્વક ઉદ્યોગ કરે છે તેમને જ ચિરસ્થાયી સફળતા મળે છે.

ઉત્તમ મોતી કે ઝવેરાતની શોધમાં નીકળેલા માણસને જ કુદરતરૂપી ઝવેરી તરફથી ભારે કિંમતના મોતી બતાવવામાં આવે છે.

બીજા શબ્દોમાં કહીએ તો માનસિક અને શારીરિક પરિશ્રમમાં સફળતા પ્રાપ્ત કરાવી આપનાર ત્રણ મુખ્ય તત્ત્વો કાર્ય, ધૈર્ય અને ખંત છે. તેમાં સૌથી મોટું તત્ત્વ ખંત છે.

ચાલો ત્યારે આપણે જાગૃત થઈને પરિણામ જાણવાની કંઈપણ ઉતાવળ રાખ્યા વિના કામ કરીએ; કામ કરીએ; આગ્રહપૂર્વક કામ કરીએ અને પરિશ્રમ કરતાં તથા ધૈર્ય ધરતાં શીખીએ.

પુખ્ત ઉંમરે પહોંચેલા તરુણમાં પણ શિક્ષણથી સારો ફેરફાર થઇ જાય છે તો બાળકને નાનપણમાંથી નિયમપૂર્વક શારીરિક, માનસિક અને નૈતિક ઉમદા શિક્ષણ આપવામાં આવે તો તે કેવાં ચમત્કારિક કાર્યો કરી શકે ?

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૪૧]

પ્રાસ્તાવિક ધર્મબોધ.

દાન પ્રશંસા—દાન ધર્મના પ્રભાવે પ્રાણીઓને વૈરી વશ થઈ જાય છે, વૈર–વિરોધ પણ શમી જાય છે અને શત્રુ પણ મિત્ર–બંધુરૂપ બની જાય છે તેથી દુનિયામાં દાન જ શ્રેષ્ઠ પ્રધાન દેખાય છે.

ધર્મસેવાની મહત્તા—ડાહ્યો માણસ પોતાને અજરામર જેવો લેખી વિદ્યા અને લક્ષ્મીને ઉપાર્જવા પ્રયત્ન સેવે અને મૃત્યુએ જાણે બરાબર પકડી લીધો હોય તેમાંથી છૂટી જવા શુદ્ધ અહિંસા, સંયમ અને તપલક્ષણ ધર્મનું ખૂબ સાવધાનપણે સેવન–આરાધન કરે; કેમકે ધર્મ જ એનો અકસીર ઉપાય છે.

વિદ્યાપ્રશંસા—શાણા માણસોએ મોટી–વૃદ્ધ અવસ્થામાં પણ બહુ કાળજીથી હિતકારી વિદ્યા ગ્રહણ કરવી. કદાચ આ ભવમાં સુલભ ન થાય તો પણ તે અન્ય જન્મમાં સારા સંસ્કાર સહેજે પ્રાપ્ત થવા પામે.

ધર્મહીન પશુતુલ્ય—આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર સંજ્ઞા તો મનુષ્યોને તથા પશુઓને તુલ્ય હોય છે.

એક ધર્મ જ મનુષ્યને અધિક હોઈ શકે તેથી ધર્મ વિનાના મનુષ્યોને પશુ સમાન સમજવા.

કામભોગની શાન્તિ—કામભોગની શાન્તિ વિષયોના ઉપભોગથી કદાપિ થવા પામતી નથી. ઘીથી અગ્નિની જેમ ઊલટી આસક્તિ વૃદ્ધિ પામે છે. સંતોષ વૃત્તિ સેવવાથી જ ખરી શાન્તિ થવા પામે છે.

વીર કોણ?—સંપત્તિ સમયે જેને હર્ષ થતો નથી અને વિપત્તિ સમયે જેને ખેદ થતો નથી એવા ત્રણ ભુવનમાં તિલક સમાન કોઈ વિરલ પુત્રને માતા જન્મ આપે છે. એવા વીર પુરુષો કોઇ વિરલા જન્મે છે.

કર્તવ્યનિષ્ઠા—કંઠગત પ્રાણ આવે તો પણ કર્તવ્ય-કર્મ જ કરવું યોગ્ય છે. પ્રાણાન્તે પણ નહીં કરવા યોગ્ય અકૃત્ય કરવું નહીં.

ખરો બ્રહ્મચારી—મન, વચન, કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળનારા નૈષ્ઠિક બ્રહ્મચારીની હોડ જગતમાં કોણ કરી શકે? તેની ઉત્તમ ગતિ જ થાય છે.

નાસ્તિ ભાવ—ઉદ્યમે દારિદ્ર નાસે છે. જાપ કરવાથી પાતક નાસે છે. મૌન ધારવાવડે કલંક નાસે છે અને અપ્રમાદીને ભય નાસે છે–નાશ પામે છે.

જાતિ માત્ર ગુણનું કારણ નથી—શીલસંપન્ન ગુણ-વાન શૂદ્ર પણ બ્રાહ્મણ દેખાય અને શીલગુણહીન બ્રાહ્મણ પણ શૂદ્રના સંતાન સમો લેખાય.

સર્વથા મલિનની શુદ્ધિ ક્યાંથી? જેનું ચિત્ત રાગ, દ્વેષ ને મોહવડે કિલષ્ટ(મલિન) રહે છે, અસત્ય વચનો વદવાવડે

જેનું મુખ મલિન રહે છે અને જીવઘાતવડે જેની કાયા મલિન વર્તે છે તેને ગંગા પણ પવિત્ર કરી શકતી નથી. એવા મલિન જીવો ધર્મને લાયક નથી અને ધર્મ સેવ્યા વગર કદાપિ શુદ્ધિ નથી.

ક્રોધ-કષાયથી થતી હાનિ—તાવ એક દિવસમાં છ માસના તન-તેજને હરી લે છે તેમ ક્રોધ કષાય એક ક્ષણમાં ક્રોડપૂર્વથી સંચિત કરેલ સુકૃતનો ક્ષય કરે છે.

મુક્ત શાથી ?—દેહરૂપ જેલમાં દુષ્ટ ચોકીદાર જેવા ચાર કષાયો જ્યાંસુધી જાગતા રહે છે ત્યાંસુધી જનોને મોક્ષ શી રીતે મળે ? કષાયના ક્ષયથી જ મુક્તિ મળે છે.

ભાવમાં ભગવાન—ભાવમાં ભગવાન વસે છે. પાષાણમાં, માટીમાં, રત્નમાં કે સુવર્ણમાં દેવ વસતા નથી; તેથી ભાવ જ પ્રધાન કારણ છે.

જન્મની નિષ્ફળતા—દીન(દુઃખી) જનોને યથોચિત સહાય આપી ઉદ્ધર્યા નહીં, સમાન ધર્મસેવી સાધર્મી જનોની સેવા-ભકિત બજાવી નહીં અને હૃદયમાં વીતરાગદેવને ધાર્યા નહિં તો અમૂલ્ય માનવભવ હારી ગયા. પછી આવી ધર્મ-સામગ્રી સાંપડવી મુશ્કેલ સમજવી.

પાત્રનું માપ—ઉત્તમ પાત્રરૂપ સંત-સાધુજનોને, મધ્યમ પાત્રરૂપ સુશ્રાવકજનોને અને જઘન્ય પાત્રરૂપ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જનોને જાણવા અને તેમની યથાયોગ્ય સેવાભકિતનો સપ્રેમ લાભ લેવો.

પ્રભુપૂજાથી પુન્યફળ—દેવનિર્માલ્ય(પુષ્પાદિક) જયણા-

યુક્ત ઉતારવામાં સોગણું પુન્ય, ચંદનાદિક શીતળ દ્રવ્યોથી વિલેપન કરવામાં હજારગણું, વિધિયુકત જયણાથી ગૂંથેલી પુષ્પ-માળા કંઠે આરોપવામાં લક્ષગણું અને ગીત વાજિંત્રયુક્ત સંગીત પૂજા એકતાનથી કરતાં અનંતગણું પુન્યફળ ઉપાર્જન થાય છે.

વીતરાગનું ધ્યાનસ્મરણ—રાગ-દ્વેષ-મોહથી સર્વથા મુકત થયેલા શ્રી વીતરાગનું ધ્યાન-સ્મરણ કરનાર વીતરાગ-દશાને પામી શકે છે. જેમ ભમરીના ડંસથી તેનું જ ધ્યાન કરનારી ઇયળ ભમરી બની જાય છે.

પ્રભુપૂજાનો પ્રભાવ—પોતાની યોગ્યતા અનુસાર પ્રભુની દ્રવ્ય-ભાવપૂજા કરનાર ભાવિકજનો સ્વર્ગાદિ સંપદા ને મોક્ષ-લક્ષ્મી પામી શકે છે. ગૃહસ્થો દ્રવ્યપૂજાના અને સંયમી સાધુઓ ભાવપૂજાના અધિકારી કહ્યા છે. દ્રવ્યપૂજાથી પાપ-મળ ટળી અનુક્રમે ભાવપૂજાને લાયક બને છે, એમ સમજીને તેનો યથા-યોગ્ય લાભ લેવો; ઉપેક્ષા કરવી નહીં. દ્રવ્યપૂજામાં અંગ, મન-શુદ્ધિ પ્રમુખ સાતે શુદ્ધિનો બરાબર ખપ કરવો અને ભક્તિ-ભર ઉલ્લસિત ભાવે બને તેટલી નિષ્કામસેવા કરવી.

કરણી એવી પાર ઉતરણી—વિવિધ તપ-નિયમયોગે મોક્ષપ્રાપ્તિ, અભય-અનુકંપાદિ દાનવડે સ્વર્ગાદિકના ઉત્તમ સુખ-ભોગની પ્રાપ્તિ, દેવાર્ચનવડે રાજ્યાદિકની પ્રાપ્તિ અને અન-શન આરાધનવડે ઇન્દ્રપણાની પ્રાપ્તિ થાય છે. ધર્મ-શાસનની નિષ્કામસેવાભક્તિયોગે જીવ જલ્દી કર્મથી મુક્ત થવા પામે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૭૮]

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું દ્રુમપત્રક નામનું દશમું અધ્યયન.

શ્રીગૌતમ ગણધરને સંબોધી ભગવાને આપેલો અમૂલ્ય અમૃત ઉપદેશ, તે ઉપરથી સહુ ભવ્યાત્માઓએ ગ્રહણ કરી લેવા યોગ્ય સાર–બોધ.

વૃક્ષનું પાંદડું ખરી જાય છે તેમ શરીર માત્ર જીર્ણ–ક્ષીણ થઇ અંતે ખરી પડી જાય છે. મનુષ્ય દેહનું પણ એમજ સમજવું. અનંત સંસારચક્ર–ભ્રમણમાં ક્રમપૂર્વક–ઉન્નતિક્રમે માનવ દેહ મળે છે. તે માનવ દેહ મળ્યા પછી પણ સુંદર સાધનો–આર્યભૂમિ અને સાચો ધર્મમાર્ગ પણ બહુ બહુ કષ્ટે પ્રાપ્ત થઇ શકે છે. પંચવિધ વિષયભોગ ભોગવવાની લાલસા તો પ્રાયે દરેક જન્મમાં પૂર્વના તેવા સંસ્કારવશ રહ્યા કરે છે, તેમાંથી મુક્ત થઇ, પ્રમાદ તજી, પુરુષાર્થ કરવાની સૌને ભારે જરૂર રહે છે. તેથી અલ્પ પ્રાપ્ત કાળમાં ખૂબ સાવધાન-પણે યોગ્ય ધર્મસાધના કરી, સદ્ધર્મની સેવના–આરાધના કરી લેવા ભવ્યાત્માઓ કેમ ચૂકે ? પ્રમાદ એ કારમા (આકરા) રોગ કે શત્રુરૂપ છે તે અવશ્ય ટાળવા યોગ્ય છે. તેનો પ્રતિ-કાર કરવા આ માનવ દેહમાં સારી અનુકૂળતા મળી છે તેથી વિષય–કષાય–વિકથાદિક પ્રમાદ તજી સાચી દિશામાં બની શકે તેટલો પુરુષાર્થ કરવો એ જ જન્મ–મરણજન્ય અનંતા દુઃખોને ટાળવા અપૂર્વ અમૃતતુલ્ય છે. એથી જ જીવને સાચું સુખ સાંપડે છે. ભગવાન મહાવીરે ઉપદેશેલ સંપૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય–શકિત, અહિંસા–સંયમ–તપલક્ષણ ધર્મનું યથાર્થ આરાધન કરીને પ્રગટ કરી શકે છે. દરેક આત્મામાં

સત્તારૂપે રહેલી એવી અનંતગુણ-સંપદાને નિજનિજ યોગ્યતાનુ-સાર પુરુષાતન ફોરવી પ્રગટાવવા માટે શ્રી ગૌતમ ગણધરને સંબોધી આપેલો સદ્‌બોધ ખરેખર દરેક આત્માર્થી સજ્જનોએ બરાબર હૃદયમાં ધારી લઈ, અનાદિ પ્રમાદ દોષને તેમજ સ્વચ્છંદ આચરણને દૂર કરી, ખરા સુખદાયક ધર્મમાર્ગના આરાધન માટે દૃઢ નિશ્ચયપૂર્વક ખૂબ પ્રયત્ન કરવો જોઈએ. પ્રભુએ કહેલો એકાન્ત હિતકારી ઉપદેશ ગૌતમ ગણધરાદિકને બહુ રુચ્યો તેથી પ્રમાદ માત્રને દૂર કરી, સાવધાનપણે શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરી તેઓ મોક્ષગામી બન્યા. આપણે પણ અનેકવિધ પ્રમાદાચરણતજી, સાવધાનપણે નિજ યોગ્યતાનુ-સારે સદ્‌ગુરુનું સાચું શરણું લહી ઉકત ધર્મ-માર્ગનું આરાધન કરી લેવા કચાશ રાખવી ન જોઈએ. આવી આત્મપ્રેરણાથી અહિંસારૂપ અમૃતનું સેવન કરી ખરા સુખી થઇ શકાશે.

અગિયારમું બહુશ્રુત અધ્યયન

સત્ય-સમ્યગ્‌જ્ઞાન એટલે આત્મપ્રકાશ. આ પ્રકાશ તો દરેક આત્મામાં ભર્યો પડયો છે. ફક્ત તેની ઉપર પ્રમાદ કહો કે સ્વચ્છંદવશ આવી પડેલાં આવરણો કહો તે દૂર કરવા આપણે સહુએ ખરા જ્ઞાની ગુરુનું શરણ મેળવી, તેમની સાચી ભક્તિ કરી, ધન્વંતરી વૈદ્ય સમાન તેમના એકાંત હિતકારી ઉપદેશને અનુસરી સત્ય ધર્મમાર્ગે સંચરવું જોઈએ. તેમ કરવા જતાં અનેક વખત જીવને આળસ, પ્રમાદાદિક તેર કાઠીયા નડે છે. તેનું સવિસ્તર વર્ણન સાચા ઉપદેશદ્વારા જાણી, તેમજ સદ્‌ગ્રંથોદ્વારા બરાબર સમજી, મોહ અજ્ઞાન-વશ રહેલી આપણી ભ્રમણા દૂર કરીને ચાલવા ખરો દૃઢ

પ્રયત્ન કરશું તો જન્મ-મરણજનિત અનંત દુ:ખોથી મુક્ત થઈ, આપણે પણ પૂર્વ મહાપુરુષોની પેઠે અજરામર ને અવ્યાબાધ એવું શાશ્વત મોક્ષસુખ પ્રાપ્ત કરી શકશું. અહંકારાદિક કાઠિયાને વશ પડનારા પામર જીવો સાચા જ્ઞાની ઉપદેશક સદ્ગુરુનું શરણ લઇ શકતો નથી. તેમને તે ભારે અંતરાયરૂપ બને છે, તેથી તે અહંકારાદિ કાઠીયાને જેમ બને તેમ ત્યાગી જ્ઞાની ગુરુથી સદ્બોધ મેળવી જલ્દી દૂર કરવા ઘટે. અહંકારાદિક દોષ-દુર્ગુણ ટળ્યા એટલે આત્માનો ખરો ખજાનો ખુલ્યો સમજવો. ખરા જ્ઞાનીની પરીક્ષા શીલ-સદાચારથી થાય છે, કેવળ શાસ્ત્ર અભ્યાસ માત્રથી થતી નથી.

નીચે કહેલાં પંદર સ્થાનોવડે સાધુ સુવિનીત કહેવાય છે.

(૧) અહંકાર વર્જી, નમ્ર વૃત્તિ ધારનાર, (૨) અચપળ-સ્થિર સ્વભાવી, (૩) અમાયી-સરલ સ્વભાવથી (૪) અકુતૂહલી (ક્રીડા-કૌતુક રહિત) (૫) પોતાની નાની ભૂલને પણ સમજીને દૂર કરનાર (૬) ક્રોધ કષાયની વૃદ્ધિ થાય તેવો દુષ્ટ પ્રબંધ નહીં કરનાર (૭) સર્વ સાથે મૈત્રી ભાવને ભજનાર (૮) શાસ્ત્ર ભણીને તેને જીરવી જાણનાર (૯) પાપ કર્મનો પ્રતીકાર કરનાર (૧૦) મિત્રો ઉપર કોપ નહીં કરનાર (૧૧) અપ્રિય એવા શત્રુનું પણ બૂરૂં નહીં બોલનાર, હિત કરનાર (૧૨) કલેશ-કંકાસથી દૂર રહેનાર (૧૩) જ્ઞાન યુક્ત (૧૪) ખાનદાન-ઉદાર (૧૫) તથા સંયમ-મર્યાદા યથાસ્થિત પાળનાર સુવિનીત કહેવાય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૮૦]

સુભાષિત

૧ ગુણસાગર એવા (માર્ગદર્શક) ગુરુ વગર વિચક્ષણ માણસ પણ યથાર્થ ધર્મ રહસ્યને જાણી–પામી શકતો નથી–જેમ મોટી આંખવાળો મનુષ્ય પણ દીવા વગર અંધકારમાં દેખી શકતો નથી તેમ.

૨ મંત્ર, દેવ, ગુરુ, તીર્થ, નિમિત્તજ્ઞ, સ્વપ્ન અને ઔષધ–ભેષજમાં જેને જેવી ભાવના તેવી તેને સિદ્ધિ સાંપડે છે.

૩ દ્રવ્યથી દાન, વાણીથી સત્ય, જિંદગીથી ધર્મ–કીર્તિ તેમજ કાયાથી પરોપકાર એમ અસારમાંથી સાર કાઢી લેવો જોઇએ.

૪ જળકલ્લોલ જેવી લક્ષ્મી ચપળ છે, ઇષ્ટ સંયોગો સ્વપ્ન જેવા ક્ષણભંગુર છે, અને પવનના ઝપાટાથી ઉડેલા રૂ જેવું કારમું યૌવન છે એમ સમજી તેમાંથી બની શકે તેટલી સુકૃત–કમાણી કરી લેવી.

૫ કૃપણનું ધન માત્ર નિષ્ફળ જાય છે. તેનો લાભ તે લઇ શકતો જ નથી.

૬ વાણી સાચી વદવી, જળ છણેલું–ગળેલું પીવું, પગ જોઇને મૂકવો અને કામ વિચારીને કરવું.

૭ મૃત પશુ–પંખીઓનાં ચર્માદિક કામમાં આવે છે, પરંતુ મનુષ્યના મૃત શરીરમાંનું કશું કામમાં આવતું નથી; તેથી શાણા મનુષ્યોએ જીવતાં જીવતાં બને તેટલો સ્વપરનો ઉપકાર કરી લેવો.

૮ મોહાતુર જનોને ઇન્દ્રિય–દમન દુષ્કર જણાય છે, પરંતુ મોહ–મમતા તજનાર મન–ઇન્દ્રિયોને તથા વિષયકષાયને સુખે દમી શકે છે.

૯ હાથી જેવા મોટા પ્રાણીનું માંસ ખાનારો બળવાન સિંહ પણ આખા વર્ષમાં ફક્ત એક જ વાર રતિક્રીડા કરે છે તો બુદ્ધિવાન માનવીએ ડહાપણથી મન-ઇન્દ્રિયો પર કેટલો બધો કાબૂ આત્મ કલ્યાણાર્થે રાખવો જોઇએ ?

૧૦ વિષયકષાયને જીતનાર દુઃખ માત્રને જીતી સુખી થાય છે.

૧૧ મોહાદિકને વશ પડેલા જીવો બેહાલ થાય તેમાં આશ્ચર્ય નથી.

૧૨ ધર્મપ્રેમી સજ્જનોના મનોરથો કલ્પવૃક્ષની પેઠે ફળે છે.

૧૩ પવિત્ર ધર્મસામગ્રી માનવભવમાં જ સાંપડી શકે છે, તેવો દુર્લભ માનવજન્મ પામી તેને વૃથા ગુમાવી દેવો નહી.

૧૪ પ્રમાદ સમો કોઇ દુશ્મન નથી, તેમ સદુદ્યમ સમો કોઇ સુબંધુ નથી.

૧૫ વિષયકષાય, વિકથાદિક સ્વચ્છંદને તજ્યા વગર મુક્તિ નથી, એમ સમજી આત્માર્થી ચકોર સજ્જનો ઉત્તમ પુરુષાર્થયોગે પ્રમાદને જીતી લઇ જન્મમરણના અનંતા દુઃખ-ત્રાસથી સર્વથા છૂટી જાય છે.

૧૬ બાળક પાસેથી પણ હિતવચન ગ્રહણ કરી લેવું, તેમજ નીચ પાસેથી ઉત્તમ વિદ્યા ગ્રહણ કરી લેવી.

૧૭ દયા, દાન અને વૈરાગ્ય, વિધિયુક્ત જિનપૂજન અને વિશુદ્ધ ન્યાયવૃત્તિ એ સર્વ પુન્યાનુબંધી પુન્ય કમાવા માટે થાય છે.

૧૮ પ્રયત્ન અનુસાર વિદ્યાની પ્રાપ્તિ-પુન્યાનુસારે લક્ષ્મીની

પ્રાપ્તિ, દાન અનુસારે યશ કીર્તિ, પૂર્વકર્માનુસારે સારી નરસી બુદ્ધિ થવા પામે છે.

૧૯ પુષ્પની પાંખડી તથા કાચી કળીને છેદવી–તોડવી નહીં.

૨૦ નાસ્તિક પ્રાય: આચરણથી નરકગતિમાં જવા તૈયાર થયેલા પરદેશી રાજાએ આચાર્ય શ્રી કેશીગણધરના પ્રભાવથી તેમના હિતકારી ઉપદેશને અનુસરવાથી દેવભવવાળી સદ્દગતિ મેળવી.

૨૧ સુવર્ણ, ગૌ તથા પૃથ્વી પ્રમુખનું દાન દેનારા જગતમાં કઇક મળે છે, પરંતુ પ્રાણીઓને અભય આપનારા–રક્ષા કરનાર પૃથ્વી ઉપર કોઇ વિરલા મળી આવે છે. અભયદાન સર્વદાનમાં શ્રેષ્ઠ છે.

૨૨ પશુઘાતકી આગામી ભવે બહુ લાંબો વખત દુ:ખી હાલતમાં રીબાયા કરે છે.

૨૩ દાનવૃત્તિ યોગે દારિદ્ર નાસે છે, શીલયોગે દુર્ગતિ નાસે છે અને સદ્દભાવનાયોગે ભવભ્રમણનો જલ્દી અંત આવે છે.

૨૪ સુબુદ્ધિ જનો સદાય રાત્રિભોજનનો ત્યાગ કરે છે. તેમને માસે માસે પક્ષ ઉપવાસ જેટલું તપફળ મળે છે.

૨૫ ઉત્તમ સતા સતીઓનાં શીલપાલનમાં ઉદાહરણરૂપ અતિ અદ્દભુત ચરિત્રો વાંચી–સાંભળી આત્માર્થી ભાઇબહેનોએ શીલવ્રતનું સેવન–પાલન કરવા બહુ આદર કરવો ઘટે છે.

૨૬ દેવપૂજા, ગુરુસેવા, સ્વાધ્યાય(પઠનપાઠન), સંયમ, તપ અને દાન એ છ નિત્ય કૃત્યો ગૃહસ્થ ભાઇબહેનોને કરવા યોગ્ય છે.

૨૭ શ્રી તીર્થંકર પ્રભુની પૂજા–ભક્તિનું ફળ વર્ણવી

ન શકાય તેટલું અમાપ જાણી, ભવ્યજનોએ તેમાં અત્યંત આદર કરવો ઘટે છે.

૨૮ બ્રહ્મચર્ય પાલન વગર જેમ સાધુના બીજા બધા ગુણો નિષ્ફળ કહ્યા છે, તેમ ઉચિત ઉદારતા વગર ગૃહસ્થની બીજી બધી કળાઓ નિષ્ફળ કહી છે.

૨૯ સ્ત્રી અને લક્ષ્મીને જ જેઓ વશ(પરાધીન) બન્યા છે તે મનુષ્યોને અધમ અને સ્ત્રી તથા લક્ષ્મી જેમને વશ વર્તે છે તેઓને ઉત્તમ કોટિના લેખ્યા છે.

૩૦ **વિનય**–જિનશાસનમાં વિનયને સર્વ ગુણના મૂળ–આધારરૂપ કહેલ છે. સંયત–સાધુ સુવિનીત હોય. વિનય–રહિત અવિનીત–વિનય ગુણનો અનાદર કરનારને ધર્મ કેવો ને તપ કેવો ? અવિનીત જીવ ધર્મ ને તપ કરવા માટે લાયક ન લેખાય.

૩૧ પાંચ પ્રકારના શૌચ છે.–સત્યશૌચ, તપશૌચ, ઇન્દ્રિય-નિગ્રહરૂપ શૌચ, સર્વ પ્રાણીદયારૂપ શૌચ અને પાંચમો જળશૌચ કહ્યો છે.

૩૨ પાત્રપરીક્ષા–કેવળ વિદ્યાવડે અને તપવડે પાત્રતા લેખાય નહીં. જેનામાં વિદ્યા સાથે સદ્દવર્તન હોય તેને જ પાત્ર તરીકે વખાણ્યો છે.

૩૩ ઉદાર ભાવના–આ પોતાનો અને આ પારકો એવી ગણના ક્ષુદ્ર જીવોની હોય છે. ઉદાર ચારિત્રવાળાને સારી દુનિયા કુટુંબરૂપ હોય છે.

૩૪ દેવાંશી કોણ લેખાયો ?–દેવપૂજા, દયા, દાન, દાક્ષિણ્યતા, દક્ષતા(ડહાપણ) અને દમ(ઇન્દ્રિયનિગ્રહ) એ છ પ્રકારો

જેને વર્યા હોય તેવા નરને દેવાંશી કહ્યાં છે. એ છ દેવાંશીનાં લક્ષણ છે.

૩૫ ચાર પ્રકારનો ધર્મ–૧ સુપાત્રમાં દાન (નિષ્કામ સેવા-ભક્તિ) ૨ નિર્મળ નૈતિક શીલનું પાલન, ૩ વિવિધ તપવડે આત્મનિગ્રહ અને ૪ મૈત્રી-કરુણાદિક શુભ ભાવના. એ ચાર પ્રકારના ધર્મને મુનિઓ સંસારસાગરને પાર પામવા ઉત્તમ પ્રવહણ તુલ્ય કહે છે.

૩૬ અભયદાનની પ્રશંસા–કોઇ એક સુવર્ણ મેરુનું દાન દે અથવા સારી પૃથ્વીનું દાન દે, પરંતુ એક જીવને જીવિત-દાન દેનારને તોલ ન આવે.

૩૭ દયાનું વિશાળ ક્ષેત્ર–દાન દેનારા ઉદારદિલને પાત્રા-પાત્રની ચિન્તા શી હોય ? જુઓ મહાવીર પ્રભુએ યાચના કરવા આવેલા દીન-યાચક બ્રાહ્મણને અર્ધું દેવદૂષ્ય વસ્ત્ર અનુકંપાવડે આપી દીધું. અપરાધી જીવો ઉપર પણ જ્ઞાની-વિવેકીજનો વિશેષે દયા વર્ષાવે છે. જુઓ ! ડંખ દેતા એવા ચંડકૌશિક સર્પને મહાવીર પ્રભુએ બુઝવ્યો.

૩૮ પવિત્ર વસ્તુની પિછાણ–ભૂમિગત જળ પવિત્ર, પતિ-વ્રતા નારી પવિત્ર, ધર્મી રાજા પવિત્ર અને બ્રહ્મચારી જનો સદા પવિત્ર કહ્યા છે.

૩૯ જ્ઞાની ગુરુની સાક્ષીએ આદરેલું વ્રત પ્રાણાંતે પણ ભાંગવું તોડવું નહીં, કારણ કે વ્રતભંગ કરવાથી નરકાદિનાં અતિ તીવ્ર દુઃખો સહન કરવાં પડે છે અને પ્રાણો તો ભવો-ભવમાં મળ્યા કરે છે. મતલબ કે સ્વીકારેલા વ્રતને પ્રાણથી પણ અધિક પ્રેમથી સદોદિત પ્રયત્નવડે સાચવી રાખી તેની જ પુષ્ટિ કરવી. [જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૧૧૨]

કપીલ મુનિના આઠમા અધ્યયનમાંથી નીતરતો ઉત્તમ બોધ.

મન એ જ બંધ અને મોક્ષનું કારણ છે. મનનો દુષ્ટ વેગ બંધન કરે છે અને મનની નિર્મળતા મુમુક્ષતા જગાડે છે. ચિત્તનું વિવશપણું જીવને કયાં સુધી અવળો ઘસડી જાય છે અને અંતરાત્માનો એક જ અવાજ લક્ષ આપવાથી કેવી રીતે જીવને અધઃપતનથી બચાવી લે છે, તેનો બોધપાઠ કપીલ મુનીશ્વર કે જે આખરે અનંત સુખ પામી મુક્ત થયા છે તેના પૂર્વ જીવનમાંથી મળી શકે છે.

કપિલ કૌસાંબી નગરીમાં એક ઉત્તમ બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. યુવાનવયમાં માતાની આજ્ઞાથી શ્રાવસ્તી નગરીમાં આવીને એક પ્રખ્યાત પંડિતને ત્યાં વિદ્યાધ્યયન માટે સ્થિત થયા. યૌવન વય એક પ્રકાર નશો છે. તે નશાને વશ થઈ કેક યુવાનો માર્ગને ભૂલે છે. કપિલ પોતાનો માર્ગ ભૂલ્યો. વિષયભોગની પ્રબલ વાંછા જાગી. વિષયની આસક્તિથી પરિચર્યા કરતી એક દાસીના સ્નેહપાશમાં પડયા. દાસીએ પ્રસૂતિપ્રસંગ માટે પૈસાની માંગણી કર્યાથી પોતે મુંઝાયા, પણ તેની જ પ્રેરણાથી તે ધન પ્રાપ્ત કરવા રાત્રિમાં વહેલા ઉઠીને રાજા પાસે જવા ચાલ્યા, પણ ચોરની શંકાથી સપડાયા. રાજાએ ખરી હકીકત પૂછી. તેને વિનંતી કરવાથી છૂટયા અને ઇચ્છિત દાન માગવા રાજાએ તેને છૂટ આપી ત્યારે વિચારમાં પડયો કે, આ માગું કે તે માગું ? તેની લાલસાઓ કોઈ રીતે તૃપ્ત થઇ નહી. આખરે આખું રાજ્ય માગવા મન લલચાયું. જેવું તે વચન બહાર કાઢવા જાય છે તે જ ક્ષણે

અચાનક અંતઃકરણનો અવાજ આવે છે કે રાજ્ય મળ્યા પછી પણ તૃપ્તિ ક્યાં છે? બે માસા સુવર્ણ માગવા આવેલો હું લોભતૃષ્ણાવડે કેટલો તણાયો? કપિલનું હૃદય નિર્મળ હતું તેથી એકાએક તેનો વિચારવેગ બદલાયો અને તેના પૂર્વ સંસ્કાર જાગૃત થયા. તેને સાચા સુખનો માર્ગ સમજાયો અને તે જ વખતે તેણે બધો મોહ તજી દીધો–નિઃસ્પૃહ બન્યો અને રાજા પ્રમુખ સૌને વિસ્મિત કરી દીધા. પોતાના અંતઃકરણને જાગૃત કરી દીધું. સંતોષ સમાન સુખ નથી. તૃષ્ણા એ જ દુઃખને પેદા કરનારી દુઃખની ખાણ છે. તે તૃષ્ણા સમાવી દીધાથી કપિલનાં અનેક કર્મ આવરણો ક્ષય પામ્યા. તેનું અંતઃકરણ પ્રફુલ્લિત બન્યું. સંવેગરંગથી રંગાઈ ગયું અને ઉત્તરોત્તર ઉત્તમ ચિન્તનનાં પરિણામે આત્મ-ધ્યાન કરતાં કરતાં કપિલ મુનિ કેવળજ્ઞાન પામ્યાં. એમાંથી ગ્રહણ કરવા યોગ્ય રહસ્ય આ પ્રમાણે—

૧ જેમ લાભ થતો જાય તેમ લોભ વધતો જાય છે. બે માસા માટે કરેલું કાર્ય કરોડોથી પણ પૂરું ન થયું, એમ સમજી સંતોષ વૃત્તિનું સેવન કરી સુખી થવું ઘટે.

૨ ઘરને તજી સંયમી થયેલો સાધુ સ્ત્રી પર આસક્ત ન થાય, સ્ત્રીસંગ તજીને તેનાથી દૂર જ રહે અને ચારિત્ર ધર્મને સુંદર જાણીને તેમાં જ પોતાના ચિત્તને સ્થિર–એકાગ્ર કરે.

૩ આ ચારિત્રધર્મ વિશુદ્ધ મતિવાળા કપિલમુનિએ વર્ણવ્યો છે. તેને જે આચરશે તે જરૂર તરી જશે.

[જૈ. ધ. પ્ર. પૃ. ૫૪, પૃ. ૧૪૩]

" ચેતનને સમજવા ચોગ્ય બાબતો "

ક્રોધ—ક્રોધ કષાય દરેક અનર્થોનું મૂળ કારણ છે, સંસાર-ભ્રમણને વધારનાર છે અને ધર્મ-પુન્યનો ક્ષય કરનાર છે, એમ જાણીને તેને તજવો તે જ ચોગ્ય છે.

સુમતિ—પરસ્ત્રીમાં અને પરદ્રવ્યમાં માઠી મતિ થવી ન જોઇએ તેમ પરના અપવાદ બોલવામાં, નિન્દા કરવામાં પણ મતિ ન જ થવી જોઇએ.

વિરલા—પરાયા ગુણને જાણનાર વિરલા, દુ:ખી-નિર્ધન સાથે સ્નેહ નિભાવનાર વિરલા, પરોપકારરસિયા વિરલા તેમ પારકા દુ:ખે દુ:ખિયા થઈ તેમનાં દુ:ખ ફેડવા તત્પર રહેનારા વિરલા હોય છે.

સજ્જન—પરોપકાર કરવામાં તત્પર રહેનાર સજ્જન કદાપિ ક્રોધ કષાયાદિ વિકારને પામતાં નથી. ચંદન વૃક્ષ છેદાતાં પણ કુહાડાના પાનાને સુગંધિત કરે છે. સુવર્ણને તપાવ્યા છતા ફીકકું નહી પડતાં તેનો વાન વધતો જાય છે.

વિચક્ષણ—ગઇ વાતનો હર્ષ શોક ન કરે, ભવિષ્ય કાળની ચિન્તા ન કરે પણ વર્તમાન કાળને વિચારીને વર્તે તેને વિચક્ષણ જાણવો. કર્મ ફલ રાગાદિકને વશ થઇ જીવ જેવા કર્મ કરે છે તેવાં ફળ તે પામે છે. અધ્યવસાય-પરિણામ સુધરતાં ફળમાં પણ પરિવર્તન થઇ જાય છે.

ભાગ્ય કેમ ફલે—પૂર્વ તપના સંસ્કારવડે સંચિત ભાગ્ય પણ ખરેખર વૃક્ષોની પેઠે જીવોને અહીં યથાસમયે ફલે છે.

લોભાન્ધ—અતિ લોભવશ જીવ મમ્મણ શેઠની પેઠે

અહીં પણ માઠાં સાહસ ખેડતો મરણાંત કષ્ટ પામી અંતે દુર્ગતિગામી થાય છે.

વિધિના લેખ—કર્મના કાયદા મુજબ સહુને સુખ-દુઃખાદિ સાંપડે છે એમ જાણી ધીર, વીર સંકટસમયે પણ કાયર થતા નથી, પુરુષાર્થ સેવે છે.

નિંદક—અજ્ઞાની જનો જ્ઞાનીને નિંદે છે, ચોરો ચંદ્રમાને નિંદે છે, નીચ જનો ધર્મને નિંદે છે અને મૂર્ખ જનો સુવિવેકી પંડિતોને નિંદે છે.

ધર્મબુદ્ધિ—વીતરાગ દેવ પ્રત્યે પ્રેમ-ભક્તિ, સહુ જીવો પ્રત્યે મૈત્રીભાવ, સુગુરુના હિતવચનોમાં સંતોષ, શીલગુણવાળા સજ્જનો વિષે ખરી પ્રીતિ તેમ શુદ્ધ ધર્મશ્રવણમાં અંતર-રુચિ બની રહેવી જોઈએ.

મુગ્ધ જીવોના મનમાં એકાએક ધર્મબોધ અસર કરતો નથી તેથી પ્રથમ કામ ને અર્થના કથનથી તેમનાં મન ધીમે ધીમે ધર્મ પ્રત્યે આકર્ષવા. એમ કરવાથી બોધશ્રમ સફલ થાય છે એટલે સમયોચિત કથનવડે પ્રથમ તેમનામાં તત્ત્વજિજ્ઞાસા જાગે છે. પછી તેઓ ધર્મોપદેશને લાયક બની અંતે મુક્તિના સાચા માર્ગોનો આદર કરી શકે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ ૧૪૪]

સુભાષિત.

૧. **ભાવ વગરનું બધું ફીક્કું**—જેમ ગુરુ વગર યથાર્થ જ્ઞાન ન થાય, ઝાડ વગર ફળ ન થાય, નાવ વગર સમુદ્ર પાર ન પમાય તેમ ભાવ વગર ધર્મ ન જ થાય.

૨. **ધર્મસેવન શ્રેષ્ઠ છે**—વ્યાધિ-વેદનાથી-ભરપૂર આ અસાર સંસારમાં સાચું સુખ નથી એમ જાણવા છતાં, મોહ-વિકળ મુગ્ધજનો જિનોક્ત શુદ્ધ ધર્મનું સેવન કરતા નથી, તેમને પાછળથી ઘણું પસ્તાવું પડે છે.

૩. **સંસારભ્રમણ**—એવી કોઇ જાતિ કે યોનિ નથી તેમજ એવું કોઇ સ્થાન કે કુળ નથી કે જ્યાં સર્વે જીવો અનંતીવાર જન્મ્યા ને મરણ પામ્યા ન હોય.

૪. **શરણ**—રાગાદિક સર્વ દોષ રહિત વીતરાગને ઓળખી તેનું જ શરણ લેવું યોગ્ય છે.

૫. **વચનમાં દરિદ્રતા ન જોઇએ**—પ્રિય વાકયોના પ્રભાવે સર્વે જીવો સંતોષાય છે તેથી પ્રિય અને હિત, મિત ને મિષ્ટ વચન જ વદવું. તેમાં ઉપેક્ષા ન કરવી.

૬. **રક્ષક જ ભક્ષક બને તો**—જો માતા થઇ પુત્રને ઝેર દે, પિતા થઇ તેને વેચે, રાજા થઇ તેનું સર્વસ્વ હરી લે તો પછી કયાં જઇને પોકાર કરવો ?

૭. રોગી ને મનના નબળા લોકો જલ્દી ઉશ્કેરાઈ સ્વપરનું બગાડી દે છે.

૮. ઉદારદિલના સજ્જનો તો સારા વિશ્વને કુટુંબવત્ લેખે છે. તેઓ બને ત્યાંસુધી કોઇને દુઃખ કે પ્રતિકૂળતા ઉપ-જાવતા નથી પરંતુ સહુને સુખની સાનુકૂળતા થાય તેવો પરોપકાર કરે છે.

૯. **કૃતકર્મનું જબરું કારણપણું**—જ્યારે તનમનમાં વિકૃતિ પેદા થાય ત્યારે વૈદ્યો વાત, પિત્ત કે કફનો વિકાર

થયેલો જણાવે છે. જ્યોતિષીઓ ગ્રહ-ગણાદિ નિમિત્તનો દોષ જણાવે છે અને મંત્રવાદીઓ ભૂત-પિશાચકૃત ઉપદ્રવ જણાવે છે પરંતુ શુદ્ધમતિવાળા સાધુજનો તો તેને કર્મોદયરૂપ નિમિત્ત જ કહે છે.

૧૦. જે રસિકજનો શાસ્ત્રોક્ત સુભાષિત અમૃત રસોવડે કાનને સદા પવિત્ર કરતા રહે છે, તેમના જન્મ ને જીવિત સફળ છે, તેમનાવડે જ આ ભૂમિ ભૂષિત છે; બાકી પશુ પેઠે વિવેકવિકળ અને પૃથ્વીને ભારભૂત એવા મુગ્ધ અવિવેકી જનોવડે શું ?

૧૧. નિઃસ્પૃહીને કોઇની આશા નહીં હોવાથી તે સારા જગતથી ઉદાસીન બને છે.

૧૨. જીવવા છતાં પાંચ પ્રકારના માણસોને વ્યાસજીએ મૃતપ્રાય કહ્યા છે. (૧) દરિદ્રી-નિર્ધન (૨) રોગી-વ્યાધિગ્રસ્ત (૩) મૂઢ-વિવેકહીન (૪) સદા પ્રવાસી અને (૫) નિત્ય પરાઈ નોકરી કરી જીવિત ગાળનાર.

૧૩. અતિ લોભીને માથે કાળચક્ર ભમે છે તે વાત મોહ-માયાવશ જીવો ભૂલી જાય છે.

૧૪. માયા-કપટ, નિર્દયતા, ચંચળતા ને કુશીલતા એવા દોષો જેનામાં સ્વાભાવિક જ હોય છે તેવી સ્ત્રીઓમાં રમણ-કામચેષ્ટાદિક કોણ સુજ્ઞ કરે ?

૧૫. મર્મમાં વાગે એવું વચન, નોકર ઉપર વિશ્વાસ, સ્વજનો સાથે કલેશ, મૂર્ખની સાથે સંગત અને બળિયા સાથે બાથ એ પાંચ અનર્થકારી છે.

૧૬. **હિંસા**–પાંચે ઇન્દ્રિયો, મન, વચન, કાયબળ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણ ભગવંતે ભાખ્યા છે. ઉક્ત પ્રાણોનો વિનાશ (જીવથી જુદા પાડવારૂપ) કરવો, કરાવવો કે અનુમોદવો તે હિંસા કહેવાય છે.

૧૭. **જિનની વ્યાખ્યા**–રાગ, દ્વેષ અને મોહ જેમણે સર્વથા જીતી લીધા હોવાથી સ્ત્રી–શસ્ત્ર–જપમાળા રહિત, શાન્ત ને નિર્દોષ મુદ્રાવડે સ્પષ્ટ જિન–અર્હન ઓળખાય છે.

૧૮. **ભિન્ન ભિન્ન રસ**–કાવ્યરસજ્ઞોને સુમધુર–અલંકારિક કાવ્ય અમૃત સમું મિષ્ટ લાગે છે, કામી–ભોગીજનોને કામિની સ્ત્રીઓ અમૃતસમી મીઠી લાગે છે. લોભી જનોને ધન મીઠું લાગે છે અને ત્યાગી–સંયમી સાધુ જનોને તો આધ્યાત્મિક શાન્તિ જ પ્રિય લાગે છે.

૧૯. **સ્વશ્લાઘા સાથે**–પરનિંદાનો સ્વભાવ એ નિર્ગુણી જીવોનું લક્ષણ છે અને પરગુણપ્રશંસા સાથે સ્વદોષનિંદા એ સદ્ગુણીનું લક્ષણ છે.

૨૦ **ઉત્તમતા**–સદ્ગુણોવડે ઉત્તમતા આવે છે. જાતિના પ્રભાવથી ઉત્તમતા આવતી નથી. ક્ષીરસમુદ્રથી મળેલું કાળ-કૂટ–વિષ શું ઉત્તમ છે ?

૨૧ **સમાન** ગુણ ને દોષવાળાઓની મિત્રતા હોઇ શકે છે.

૨૨. **કાગડો પણ** અન્ય કાગડાઓને અન્નાદિક આપી પોતાનું પોષણ કરે છે. જે વ્યક્તિ છતે યોગે દાન દેતી નથી તે કાગડાથી પણ હીન લેખાય છે.

૨૩. **પ્રભુને નમસ્કાર**–હે જગન્નાથ! સમસ્ત જગતનો ઉપકાર કરનાર, જન્મ પર્યન્ત આત્મનિષ્ઠ, દયાવીર અને રક્ષક એવા આપને નમસ્કાર.

૨૪. **એ સાતે ઘાતક છે**–જીવોને મારી માંસ તૈયાર કરનાર, વેચનાર, રાંધનાર, ભક્ષણ કરનાર, વેચાતું લેનાર, અનુમતિ આપનાર અને વ્હેંચનાર, એ સાતે જનોને શાસ્ત્રકારો ઘાતક (હિંસક) લેખે છે.

૨૫. **મહાત્માઓને દુભવવાનું ફળ**–મહાત્મા ગુરુદેવોને દુભવીને જો ભૂમિ પર અશ્રુપાત કરાવવામાં આવે તો તેથી દેશનો નાશ, મહાદુઃખ, આપત્તિ અને મરણ–ફળ નિશ્ચે થવા પામે એ વાત ભૂલવી નહીં.

૨૬ **વિષયોનું દુસ્તરપણું** સમજી આત્માર્થી મુમુક્ષુ જનોએ તેનાથી દૂર રહેવું.

૨૭ **ગુણપક્ષપાત**–મહાવીર વિષે મારે અનુરાગ (પક્ષપાત) નથી તેમજ કપિલાદિક અન્ય દર્શનીઓ પ્રત્યે દ્વેષ નથી. સુવર્ણની પેઠે ખરી પરીક્ષા કરતાં જેનું વચન યુક્તિયુક્ત લાગે તેનો સર્વાંશે સ્વીકાર કરવો જોઇએ, તે હું કરું છું.

૨૮ **નાસ્તિ**–ચિન્તાતુરોને સુખ કે નિદ્રા હોતી નથી, કામાતુરને ભય કે લજ્જા હોતા નથી, અતિ લોભી–લાલચીઓને સ્વજન કે બંધુ સંભવતા નથી તેમજ ક્ષુધાતુરોને બળ કે તેજ સાંપડતાં નથી. તે તે દુષ્ટ દોષવિકારોને ટાળવાથી જ જીવોને ખરી સુખ–શાંતિ મળે છે અને સદ્ગુણો વધે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૧૪૫]

શ્રાવક શ્રાવિકાઓને ઉપયોગી સૂચના.

૧. જે કંઇ કરણી શ્રી દેવગુરુને અવલંબી કરવામાં આવે તે કેવળ દેખાદેખી કરવા કરતાં તેનો હેતુ સમજવાનો જરૂર ખપ કરવો, જેથી આપણી ભૂલ સુધરવા પામે અને અન્યને પણ ખરો માર્ગ જડે.

૨. એક બીજાને ધર્મકરણી કરવામાં ખલેલ પડે એમ વર્તવું નહીં.

૩. ઘંટ વગાડતાં બીજાને કંટાળો ન ઉપજે એમ ધીમે રહી એકાદ વાર વગાડવો. વારંવાર ઘંટ વગાડી બીજાને પૂજન-કાર્યમાં ખલેલ ઉપજાવવી નહિં.

૪. દેરાસરમાં પૈસા મૂકવા હોય તો તે ચોરાઇ જાય નહિ તેમ ભંડારમાં જ જાતે નાંખવા, જેથી બીજા પણ તેમ કરવાનું શીખે. એ રીતે બીજી પણ અર્પણ કરાતી ચીજો માટે સમજવું.

૫. પ્રભુભક્તિ પ્રસંગે મુખ્યપણે સરસ ચંદનનો ઉપયોગ કરવો. શુદ્ધ કેસર વિગેરે સુગંધી દ્રવ્યનો જોગ મળે તો તેનો જોઇતા પ્રમાણમાં ઉપયોગ કરવો. ગમે તેવી સોંઘી કે મોંઘી અશુદ્ધ વસ્તુનો તેવે પ્રસંગે ઉપયોગ કરવો નહિ.

૬. દેરાસર કે ઉપાશ્રય વિગેરે ધર્મસ્થાનકની ભીંતોને કંઇક સમજ વગરના સજ્જનો કોલસા કે પેન્સીલથી ચીતરી કાઢી ખરાબ કરે છે તેમ સમજુએ ન કરવું અને તેમ કર-નારને હિતબુદ્ધિથી મીઠા વચને સમજાવવું.

૭. પ્રભુભક્તિ અર્થે જો જયણાથી વિવેકપૂર્વક સ્નાન

કરાય તો તેવું સ્નાન કરનારને ફાયદાકારક થઈ શકે છે. જયણા વિના પુષ્કળ પાણી ઢોળવું તે અયોગ્ય છે.

૮. જ્યાં લીલ-ફુલ જામે એવે સ્થળે સ્નાન કરવું નહીં.

૯. શરીરશુદ્ધિ સાથે વસ્ત્રાદિકની શુદ્ધિ પણ સાચવવી.

૧૦. પ્રભુપૂજા-ભક્તિનો લાભ ઇન્દ્રાદિકની પેઠે જાતે લેવો, નોકરો ઉપર તેવું કિંમતી કામ મૂકી-ભળાવી બેફીકર રહેવું યોગ્ય નથી.

૧૧. પૂજાપ્રસંગમાં ધૂપ, દીપ કરવાને પ્રસંગે પણ બનતી જયણા રાખવા ભૂલવું નહીં. ઘરમાં પણ દીવો ઉઘાડો મૂકવો ન જોઈએ તો પ્રભુના દ્વારે પ્રભુ સન્મુખ તો હરેક પ્રસંગે જયણાનો મંગળ ઉપદેશ યાદ રાખી વિવેક સાચવવા ભૂલવું નહીં.

૧૨. થોડાં કે ઘણાં ફૂલ શુદ્ધ મળી શકે તેને કિલામણા ન ઉપજે એમ ઉપયોગપૂર્વક તેનો ભક્તિપ્રસંગે ઉપયોગ કરવો. ફૂલોને સોયથી વીંધી બનાવેલી માળાદિક ચઢાવવાથી ફૂલની વિરાધનાને ઉત્તેજન મળે છે તે વ્યાજબી નથી. એમાં થતો અવિવેક દૂર કરવો.

૧૩. ધર્મસ્થાનકમાં લાભ લેવા આવનારને દર્શન પૂજાદિક કરતાં ગ્લાનિ ન ઉપજે પણ હર્ષ-પ્રમોદ વધે તેમ તેની દેખરેખ રાખનારે જોઈતી સઘળી વ્યવસ્થા જાળવવી.

૧૪. ભાવિક જનોએ સમજ મેળવી, કાયમ ચાલતો અવિધિ દોષ ટાળી, સારા વિધિરસિકનો સમાગમ કરી પોતે વિધિનો ખપ કરવો. અને અન્ય ખપી જનોએ પણ તેવો વિધિનો ખપ કરવા યોગ્ય પ્રેરણા કરવી.

૧૫. જેમ આપણામાં શાન્તિ આવે-વધે તેમ કરવું-વર્તવું.

૧૬. સ્તવનાદિ પ્રસંગે નકામો ઘોંઘાટ થવા ન પામે તેમ પ્રેરણા કરવી.

૧૭. સ્તુતિ શ્લોકાદિક બોલવા તે અર્થની સમજ સાથે ઉપયોગ રાખીને બોલવા, જેથી લાભ થવા પામે.

૧૮. જેને ચૈત્યવંદનાદિક ન આવડે તે નવકારવાળીવડે ૧૦૮ નવકાર મંત્રનો શાંતિથી જાપ કરીને પણ તેવો લાભ મેળવી શકે.

૧૯. દરેક બાઈબ્હેને હંમેશા સામાયિક કરવા કે શાસ્ત્ર-અભ્યાસરૂપ સ્વાધ્યાય કરવા જરૂર લક્ષ રાખવું. છેવટે દેવગુરુ સમીપે જઈ સ્થિરતાથી દર્શનવંદનાદિક કરી આત્માને વધારે પવિત્ર બનાવવા પ્રયાસ સેવવો.

૨૦. વધારે નહિ તો થોડો વખત પણ સત્સમાગમ સેવી આપણા જીવનમાં સારા સદ્દગુણો પ્રગટે-ખીલે તેવો સફળ પ્રયાસ સેવવા ભૂલવું નહીં.

૨૧. મનુષ્ય જન્મની દુર્લભતા સાથે ક્ષણ લાખેણો જાય વિગેરે એકાન્ત હિતવચનોને સફળ કરવા દરેક ભાઇ બ્હેને કાળજી રાખવી.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૧૮૧]

જીવન ઉજ્જવળ બનાવો !

૧. આટલી વસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાય:—(૧) આરોગ્યતા (૨) મહત્તા (૩) પવિત્રતા (૪) ફરજ.

૨. કરજ એ નીચ રજ (કા-રજ) છે. એ અતિ ભયંકર છે, એ (માથે) હોય તો આજે ઉતારજે અને નવું કરતાં અટકજે.

૩. દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહિ પણ એથી અનંતગણી ચિન્તા આત્માની (આત્મકલ્યાણ સાધવાની) રાખ. કારણ અનંત ભવની પીડા એક ભવમાં ટળવી શકય છે.

૪. તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું અને પોતે પોતાને (નિજ આત્મ–કલ્યાણને) ભૂલી–વિસરી જવું.

૫. તારી અંતરની લાગણી કલ્યાણ સાધવાની થઇ નથી, તેથી જુદે જુદે સ્થળે સુખની કલ્પના રાખી શકે.

૬. હે મૂઢ ! એમ ન કર. એ મેં તને હિત અર્થે કહ્યું છે. સુખ અંતરમાં છે; તે બહાર શોધવાથી નહીં મળે.

૭. હે જીવ ! હવે ભોગથી શાન્ત થા; શાન્ત થા. વિચાર તો ખરો કે કયું સુખ છે ! સત્શીલ અને સદ્જ્ઞાનને સાથે જોડજે.

૮. એકથી મૈત્રી કરીશ નહિ. કર તો આખા જગતથી કરજે.

૯. પરહિત એ જ નિજ હિત સમજવું અને પરદુ:ખ એ પોતાનું દુ:ખ સમજવું. સુખદુ:ખ એ બંને મનની કલ્પના છે.

૧૦. ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે. સઘળા સાથે નમ્રભાવે વર્તવું એ જ ખરું ભૂષણ છે. શાન્ત સ્વભાવ એ સજ્જનતાનું ખરું મૂળ છે. ખરા સ્નેહી(પ્રેમી)ની ચાહના એ સજ્જનતાનું ખાસ લક્ષણ છે. દ્વેષભાવ એ વસ્તુ ઝેરરૂપ માનવી. વિવેકબુદ્ધિથી સઘળું આચરણ કરવું. નીતિના બંધન ઉપર પગ ન મૂકવો. જીતેન્દ્રિય થવું. ગંભીરતા રાખવી.

પરનિંદા એ જ સબળ પાપ માનવું. દુર્જનતા કરી ફાવવું એ જ હારવું એમ માનવું. આત્મજ્ઞાન અને સજ્જનસંગતિ રાખવી-સેવવી. યોગાનુયોગે બનેલું કૃત્ય બહુ સિદ્ધિને આપે છે.

૧૧. હજારો ઉપદેશ વચનો સાંભળવા કરવાં તેમાંનાં થોડા વચનો વિચારવાં એ વિશેષ કલ્યાણકારી છે.

૧૨. કુપાત્ર પણ સત્પુરુષનાં મૂકેલાં વરદ હસ્તથી પાત્ર થાય છે; જેમ છાશથી શુદ્ધ થયેલો સોમલ શરીરને નિરોગી કરે છે.

૧૩. યથાર્થ વચન ગ્રહણ કરવામાં દંભ રાખશો નહિ. હિતશિક્ષા આપનારનો ઉપકાર ઓળવશો નહિ. ખરો માર્ગ ચૂકશો નહિ.

૧૪. મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખશો. સત્પુરુષનાં સમાગમમાં રહો. આહારવિહારમાં અલુબ્ધ અને નિયમિત રહો. સત્શાસ્ત્રનું મનન કરો. ઉચ્ચ શ્રેણીમાં લક્ષ રાખો. એ ન હોય તો તેને સમજીને આનંદ(પ્રસન્નતા) રાખતાં શીખો.

૧૫. વર્તનમાં બાળક બનો, સત્યમાં યુવાન થાઓ, જ્ઞાનમાં વૃદ્ધ બનો.

૧૬. રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પર કરવો; દ્વેષ કરવો નહિ, કરવો તો કુશીલ(દુરાચાર) પર કરવો.

૧૭. અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યથી અભિન્ન (એકરૂપ) એવા આત્માનો એક પળ (થોડો વખત) પણ વિચાર કરો.

૧૮. મનને વશ કરવું દોહિલું છે. મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.

૧૯. આત્માનું સત્ય સ્વરૂપ એક શુદ્ધ સચ્ચિદાનંદમય છે, છતાં ભ્રાન્તિથી ભિન્ન ભાસે છે. ત્રાંસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય છે.

૨૦. એકાન્તિક કથન કરનાર જ્ઞાની ન કહી શકાય.

૨૧. એકનિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.

૨૨. જગત જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી જુઓ.

૨૩. ક્રિયા એક ધર્મ છે, ઉપયોગે ધર્મ, પરિણામે બંધ અને ભ્રમ મિથ્યાત્વ છે.

૨૪. સમ્યગ્ નેત્રને પામી ગમે તે ધર્મશાસ્ત્ર વિચારતાં આત્મહિત પ્રાપ્ત થશે.

૨૫. કૃતઘ્નતા જેવો એકે મહાદોષ મને લાગતો નથી, તેથી વસ્તુને યથાર્થ જુઓ.

૨૬. ધર્મનું મૂળ વિનય-વિવેક છે, વીરના આ એક વચનને પણ સમજો.

૨૭. અહંપદ, કૃતઘ્નતા, ઉત્સૂત્રપ્રરૂપણા અને અવિવેકાચરણ એ માઠી ગતિનાં લક્ષણ છે, એમ સમજી તેનો સદંતર ત્યાગ કરવો જરૂરનો છે.

૨૮. જ્ઞાનીઓ સ્વાદના ત્યાગને આહારનો ખરો ત્યાગ કહે છે.

૨૯. અભિનિવેશ (કદાગ્રહ) જેવું એકે પાખંડ નથી.

૩૦. પૂર્વનાં અશુભ કર્મ ઉદય આવ્યે વેદનાનો શોચ

(ખેદ) કરો છો તો હવે એ પણ ધ્યાનમાં રાખો કે નવાં કર્મ તેવાં તો બંધાતાં નથીને ?

૩૧. જેમાં સાહસ થયું હોય તેમાંથી હવે તેવું ન થાય તેવો બોધ લ્યો.

૩૨. શ્રેષ્ઠ વસ્તુની જિજ્ઞાસા કરવી એ જ આત્માની શ્રેષ્ઠતા છે.

૩૩. નવાં કર્મ બાંધવા નહિ અને જૂનાં ભોગવી લેવાં એવી જિજ્ઞાસા કર્તવ્ય છે.

૩૪. જે કૃત્યનું પરિણામ સારું નથી તે કૃત્ય કરવાની ઇચ્છા જ તજવી જોઇએ.

૩૫. એક વાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળનાં અસમાધિમરણ ટળી જશે.

૩૬. અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, નિયમિત વાચા, નિયમિત કામ અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધન છે.

૩૭. પ્રમાદને લીધે આત્મા પ્રાપ્ત થયેલું સ્વરૂપ ભૂલી જાય છે.

૩૮. ઘણું જ સૂક્ષ્મ અવલોકન કરો. સત્યને તો સત્ય જ રહેવા દ્યો.

૩૯. કરી શકો તેટલું કહો, અશકયતા ન છુપાવો, એક-નિષ્ઠિત રહો.

૪૦. સર્વોત્તમપદ સર્વ ત્યાગીનું છે. ત્યાગનું મહત્વ પિછાનો.

૪૧. આત્મ-લક્ષ (ઉપયોગ) તજી, પંચવિધ યા અષ્ટવિધ

પ્રમાદે કહો કે સ્વચ્છંદે ચાલવું; મન આવે તેમ મોકળા મ્હાલવું એવા સ્વેચ્છાચારથી જીવને રાગ-દ્વેષ ને મોહ-મમતાવશ ઘણાં ચીકણાં કર્મ બંધાતા રહે છે, તેથી જન્મ-મરણના ફેરા અગણિત કરવા પડે છે. મહાવીર પ્રભુ ઉત્તરાધ્યયનનાં દશમા અધ્યયનમાં શ્રીગૌતમ ગણધરને સંબોધી એક ક્ષણ પણ પ્રમાદ નહિ કરવા ઉપદેશે છે, તે સહુ કોઇ આત્માર્થી જનોને જરૂર આદરવા યોગ્ય છે. તે પ્રમાણે વર્તાય તો થોડા વખતમાં બેડો પાર થાય.

૪૨. આ માનવદેહાદિક દુર્લભ ધર્મસામગ્રી મહાભાગ્યયોગે સાંપડી છે, તેનો યથેચ્છ લાભ લઇ જાણનારની બલિહારી છે.

૪૩. ભોગો ભોગવવાની અતૃપ્તવૃત્તિ તો દરેક જન્મના તે તે જન્મયોગ્ય શરીરદ્વારા આપણને રહ્યા જ કરે છે, માટે અલ્પકાળમાં અલ્પ પ્રયાસે સદ્ધર્મ આરાધી લેવાય તો કેવું સારું ?

૪૪. પ્રમાદ એ ભારે રોગ છે. પ્રમાદ એ જ દુઃખ છે-દૌર્ભાગ્ય છે. પ્રમાદને પરિહરી સદ્ધર્મ સાધી લેવા પુરુષાર્થ કરી લેવો તે જ સાચું અમૃત છે, તે જ સાચા સુખરૂપ છે તેમ સમજી અનાદિ અવળી ચાલ(અસદ્વર્તન) તજી દઇ, આત્મસાધના કરી લેવામાં જ ખરૂં ડહાપણ-ચતુરાઈ યા કૌશલ્ય જાણવું ઘટે છે.

૪૫. જ્ઞાન એટલે આત્મ-પ્રકાશ. આ પ્રકાશ દરેક આત્મામાં ભર્યો છે. માત્ર તેને આચ્છાદન કરનારા આવરણો નીકળી જવાં જોઇએ અને ઘટનાં દ્વાર ઉઘડી જવા જોઇએ. શાસ્ત્રોનો અભ્યાસ આત્મશોધન માટે જ કરવાનો છે એમ સમજી, શાસ્ત્રોને ભણી,

તેનો સાર ગ્રહણ કરી લેવા પ્રમાદ તજી, પુરુષાર્થ ખરી દિશામાં કરવો ઉચિત છે. એથી જ એની સાર્થકતા-સફળતા છે.

૪૬. તત્ત્વજ્ઞાનના પ્રકાશથી અહંકાર દોષ ગળી-ટળી જવો જોઇએ.

૪૭. અહંકાર એ જ્ઞાનનું અજીર્ણ લેખાય, તેને અવશ્ય ટાળવું જોઇએ.

૪૮. અહંકાર એ આત્મસાધનમાં ભારે અંતરાયરૂપ છે. અહંકાર ગયો-ટળ્યો એટલે અંતર ખજાનો ખુલ્લો થયો સમજવો. ખરા જ્ઞાનીની પરીક્ષા શીલસદાચારથી થાય છે. કેવળ શાસ્ત્રઅભ્યાસથી નહીં. કલ્યાણનાં અર્થીને માટે એટલો ઇશારો બસ થાય-લેખાય.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૧૭]

' મદ્યમાંસનિષેધ. '

મદ્યપાનનિષેધ—મદ્યપાનથી મદોન્મત્ત બની શેરીમાં (ખાડમાં) બેભાન થઇ પડેલાં મદ્યપાન કરનારાના મુખમાં કુતરા મુતરી જાય છે, ચોરો વસ્ત્ર ચોરી જાય છે, છતાં એવા નીચ વ્યસનવશ બની કઇક જીવો બેહાલ થાય છે તેમની દયા ચિંતવી, જ્યારે તેનો નશો ઉતરી જાય ત્યારે તેમની ખરાબ સ્થિતિ થયેલી ને હજી વધારે થવાની તે જો અંતરના પ્રેમથી તેને સમજાવવામાં આવે તો તેવા જીવનું આખું જીવન સુધરી જવા પામે છે, એવો સ્તુત્ય પ્રયાસ કેવળ કરુણા દૃષ્ટિથી ઉપકારાર્થે કરવો યોગ્ય છે. કુમારપાળ મહારાજાએ પોતાના

વિશાળ રાજ્યમાંથી મદ્યાદિક સાતે વ્યસનો દૂર કરી પોતાનાં બીજાં મિત્રરાજ્યો સાથે તેવો ગાઢો સંબંધ જોડી તેનાં રાજ્યમાંથી પણ એવાં પાપ-કર્મો પ્રેમથી દૂર કરાવ્યાં હતાં. તેમ થોડા વર્ષ પહેલાં પીકેટીંગ પ્રસંગે કઈક દિલસોજ સ્વદેશ-પ્રેમી, સજ્જન ભાઈબ્હેનોએ પોતે પુષ્કળ કષ્ટ સહન કરીને આવા કઈક વ્યસની જીવોને પ્રેમથી સમજાવી યોગ્ય રસ્તે લાવવા ભારે જહેમત ઉઠાવી હતી, તો પછી આવા કંઈક વધારે શાન્તિના સમયે જો એવા વ્યસનમાં ગ્રસ્ત જીવોને પ્રેમથી વ્યક્તિગત કે સમુદાયે મીઠાશવડે તેમની થતી દુર્દશાનું ભાન કરાવી તેમની શુદ્ધબુદ્ધ ઠેકાણે લાવવા પ્રયત્ન સેવાય તો તેથી સારો આર્થિક લાભ દેશને તથા સમાજને થવા ઉપરાંત કઈક જીવો સારી નીતિ-રીતિ આદરી, પોતાનું જીવન સુધારી પોતાની પાછળની પ્રજાને પણ દાખલારૂપ બને.

કલ્પિત યજ્ઞમાં કે દેવીની પાસે અંધશ્રદ્ધાળુ ભક્તો તરફથી અપાતો પામર પશુઓનો ત્રાસદાયક ભોગ થતો અટકાવવા અનુકંપાશીલ જનોની ભારે ફરજઃ

આ ફરજ જેમને ઠીક ઠીક સમજાઈ છે તેઓ તેવી જીવ-દયાની સંસ્થાઓ તેમજ મંડળીઓદ્વારા યોગ્ય પ્રયાસ કરી દેશની તેમજ સમાજની ઉપયોગી સેવા બજાવી તેમાં પ્રયાસા-દિકનાં પ્રમાણમાં સફળતા મેળવતાં જણાય છે. ધર્મના નામે એવી અઘોર પ્રાણીહિંસા કરનારા કરાવનારા તેમજ તેમાં

સહાય કરી ઉત્તેજન આપનારા પાપીજનો તેનાં મહાપાપરૂપ કહો કે જેના પરિણામે નરકાદિકની ભારે યાતનાઓ લાંબો વખત ભોગવી અનંત સંસારભ્રમણ કરતા રહે છે, તેમને શાંતિથી વિવેકસર સમજાવવાથી કઇક જીવો એવા અઘોર પાપથી પાછા ઓસરતા સંભળાય છે. તેથી સ્વપરને ભારે ફાયદો ઘણા લાંબા વખત માટે થવા પામે છે. આવી ફાયદાકારી હિત પ્રવૃત્તિ બને તેટલી શક્તિ ફેરવીને પણ કરવી ઉચિત જ છે. કસાઇઓ પાસે જઇ તેમને મોં માગ્યા પૈસા આપી, થોડા ઘણાં જાનવરોને કઇક ભોળાજનો ધર્મબુદ્ધિથી છોડાવવાનું કરતા રહે છે તેથી તે કસાઇઓ તેવા વધારે પડતા પૈસા કમાવાથી ઊલટા પોતાનો નીચ વ્યાપાર ઘટાડવાને બદલે વધારતા સંભળાય છે. તે કરતાં ભાવી પરિણામનો ખ્યાલ લાવી તેવી ઘોર હિંસા જ અટકે એમ ડહાપણથી જ વ્યવહાર કરવામાં અધિક લાભ છે.

' માંસસેવન ને શિકાર '

માંસભોજન તથા શિકારનાં ભૂંડા નાદ-શોખવાળા કુવ્યસનથી કેટલા અનર્થો ને કિંમતી પ્રાણોની હાનિ થાય છે તે વિચારવા યોગ્ય છે તેને બદલે સાદો સાત્વિક વનસ્પતિવાળો ખોરાક વધારે ઉત્તમ ફાયદાકારક અને સ્વપરનાં કિંમતી પ્રાણોને પોષનારો છે તેનો જેમને સારો અનુભવ મળતાં તેની ખાત્રી યા પ્રતીતિ થયેલી છે તેમણે કેવળ નિઃસ્વાર્થપણે પોતાને જાતઅનુભવ થયેલ પુસ્તકો કે વર્તમાન પત્રો કે લેખો યા ઉપદેશદ્વારા કઇક વખત જાહેર કરેલો જણાય છે,

તે ઉપરથી કઇક જીવોને પોતાની ગંભીર ભૂલો આ કુવ્યસનથી થતી જણાતાં તેને સુધારીને પોતે સુખી થવા પામે છે અને અન્ય જનોને પણ વ્યાજબી પ્રયત્નો સેવી સાચા હિતકારી માર્ગે દોરી શકે છે. ઘણાં વખત પહેલાં શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર તરફથી એવો એક ઇનામી નિબંધ પ્રસિદ્ધ થયેલો મારા હાથમાં આવેલો. તેમાં ઉપરની બાબતનો સ્પષ્ટ ખુલાસો મળી શકે છે. તે ઉપરાંત જુદી જુદી જીવદયાની સંસ્થાઓ મારફત પણ જીવદયાની દૃષ્ટિથી નાનાં મોટાં પુસ્તકો અને હેન્ડબીલો બહાર પડતાં રહે છે તે વાંચી–વિચારી દયાળુ દિલો ઉપર સારી અસર થવા પામે છે અને તેમાંનાં કઇક ઉદાર સજ્જનો તેવી જીવદયાની મંડળીઓને બનતી મદદ કરી–કરાવી, તેના કાર્યમાં ઉત્તેજન આપી જનસેવા બજાવતાં રહે છે. જેમના હૃદયમાં સાચી દયા વસી હોય તેમને બહુ લાંબી રીતે કહેવાની કે સમજાવવાની ભાગ્યે જ જરૂર રહે છે. તેઓ પોતાના અંતરની પ્રેરણાથી જ તેવા પ્રમાણિક જીવદયાના કામમાં ડહાપણ વાપરી બને તેટલી સહાય કરતા–કરાવતા રહે છે.

આવા જરૂરી ને ઉપયોગી કાર્યમાં સર્વથા અહિંસા વ્રતને પાળવા પ્રતિજ્ઞા લીધેલા અને તેને સંપૂર્ણ વફાદાર રહેનારા ત્યાગી સંત–સાધુજનો જહેમત ઉઠાવી પુરુષાતનને ફોરવી, સમયોચિત્ત સદુપદેશોદ્વારા પણ ભારે લાભ આપી અનેક જીવો જે તેવા કુછંદમાં ફસાયેલા હોવાથી અધોગતિમાં પટકાવા તૈયાર થયેલા હોય છે તેમને બચાવી ઠેકાણે લાવી શકે છે અને એ રીતે અનેકાનેક પ્રાણીઓની ખરી દુવા મેળવી

પોતાનાં જીવનને સફળ કરે છે. સહુ કોઇ ખરા દયાળુ ભાઇ-બ્હેનો તેવા પવિત્ર માર્ગમાં બનતો ફાળો આપી પોતપોતાની ફરજ બજાવે તો ઘણો લાભ થાય એ નિઃસંશય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૮૭]

શ્રી દેવ-ગુરુના દર્શન-વંદન-પૂજનાદિ પ્રસંગે ભાવિક ભાઇ બ્હેનોને લક્ષમાં રાખવા યોગ્ય અગત્યની સૂચનાઓ.

૧. સાંસારિક વાતો નહિ કરવાની નિશ્ચયવાળી નિસ્સિહી મુખથી ઉચ્ચારીને પછી જેમાં પ્રવેશ કરીએ એવા જિનમંદિર અને ઉપાશ્રય જેવા ધર્મસ્થાનમાં સંસારી વાતો ન જ કરવી.

૨. જિનભુવને ૮૪ અને ગુરુ પ્રત્યે ૩૩ આશાતના સમજીને ત્યજવી.

૩. સળગતી અગરબત્તી જ્યાં ત્યાં નહિ મૂકતાં ધૂપદાનમાં જ મૂકવી.

૪. પ્રભુને પ્રક્ષાલન કરવાનું ચોકખું ભરેલું શુદ્ધ વાસણ કાગડા વિગેરે પંખીઓ ઓટી જાય એમ ઉઘાડુ ન મૂકવું.

૫. અભિષેક(સ્નાન) કરવાના કલશમાં ચિકાશ ન રહે તેમજ તેમાં લીલફૂલ ન બાઝે તેવી ચોકખાઈ રાખતા રહેવું.

૬. પ્રભુના શરીરે અંગલુંછણા માટે શુદ્ધ-પવિત્ર વસ્ત્ર વાપરવું.

૭. પ્રભુની પૂજા-ભકિત કરનાર ભાઈ-બ્હેનોએ પોતાના પહેરવાના-ઓઢવાના વસ્ત્ર પણ શુદ્ધ ને સફેદ જ વાપરવાં.

૮. સ્નાન કરતાં વિશેષ જળ ઢોળવાથી નાહક ત્રસાદિક જીવોની વિરાધના થવા ન પામે એવી રીતે જયણાનું લક્ષ રાખવું.

૯ પોતે સ્નાન કરી જેવા તેવા અશુદ્ધ વસ્ત્રથી શરીર લુવું નહીં.

૧૦. દેવગુરુને વંદન-પૂજન કરવાનાં વસ્ત્ર સાધારણ (પંચાઉ) નહિં વાપરતાં પોતાનાં અલાયદાં રાખીને વાપરવાં.

૧૧. વંદન-પૂજન-ચૈત્યવંદનાદિક પ્રસંગે નિસ્સિહી પ્રમુખ દશ ત્રિક જાળવી અને સારું ઉત્તરાસન રાખી, મનની એકાગ્રતા સાચવી, દેવગુરુની સેવા-ભકિત કરવી.

૧૨. પુરુષોએ પ્રભુની જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ રહી દર્શન, વંદન, પૂજન, ચૈત્યવંદનાદિ વિધિ સાચવવો.

૧૩. પ્રથમ શરીરશુદ્ધિ કરી, શુદ્ધ વસ્ત્ર પહેરી, મન સ્થિર કરી, ભૂમિપ્રમાર્જનવડે શુદ્ધ કરી, શ્રેષ્ઠ પૂજાનાં ઉપકરણોની સામગ્રીથી, ન્યાય દ્રવ્ય ખરચી દેવગુરુની ભકિતનો યથાયોગ્ય લાભ લેવો.

૧૪. પંચપ્રકારી કે અષ્ટપ્રકારી પૂજા તેના હેતુ સમજીને કરવી.

૧૫. દ્રવ્ય પૂજાપૂર્વક ભાવપૂજા-સ્તુતિ સ્તવનાદિકનો લાભ લેવા ચૂકવું નહીં. ગંભીર અને મધુર સ્વરથી ચૈત્યવંદનાદિક કરવું.

૧૬. જ્ઞાની ગુરુ વગેરે વડીલ જો ચૈત્યવંદન વખતે વિદ્યમાન હોય તો વિનય-બહુમાનપૂર્વક તેમની સાથે ચૈત્યવંદન કરવું.

૧૭. પંચાશકાદિકમાં કહેલો વિધિ યથાયોગ્ય આદરવા ખપ કરવો.

૧૮. અર્થ ને રહસ્યની સમજ મેળવી સ્થિર ઉપયોગથી ધર્મકરણી કરવી.

૧૯. ચૈત્યવંદન વિધિ પૂર્ણ થાય ત્યાં સુધીના દરેક સૂત્ર-પાઠ વિગેરે શુદ્ધ બોલવાં, જેથી અર્થનો ફેરફાર થવા ન પામે.

૨૦. બીજા ભાવિક ભાઇ બ્હેનો પ્રભુભક્તિનો અપૂર્વ લાભ લેતા હોય તેમાં તેને સ્ખલના ન થાય એવો વિવેક રાખવાનું ભૂલવું નહીં.

૨૧. બીજા ભાવિક ભાઈ બ્હેનો તેવે પ્રસંગે કંઈ ભૂલ કરતા હોય, અવિધિ દોષ સેવતાં હોય તો પ્રસંગ પામીને તેમને નમ્રભાવે તેનું નિવેદન કરી સુધારી લેવાનું કહેવું.

૨૨. મુખ્યપણે ચંદનાદિક શીતળ દ્રવ્યોવડે પ્રભુની વિલે-પન પૂજા આપણો અનાદિ કષાયતાપ શમાવવા માટે પ્રથમ કર્યા પછી બીજી પુષ્પાદિક પૂજા યથાયોગ્ય કરવાનો વિવેક રાખવો.

૨૩. પૂજાપ્રસંગે જીવજયણાનું લક્ષ ભૂલી જવું નહીં.

૨૪. વીતરાગ પ્રભુના દર્શનાદિક આપણામાં એવી વીત-રાગતા પ્રગટાવવા માટે જ કરવાનાં છે તે લક્ષમાં રાખી વિષય-કષાય, વિકથાદિક પ્રમાદને સાવધાનતાથી દૂર કરવા.

૨૫. જે દ્રવ્ય ભાવપૂજાદિક કરણી કરવી તે સફળ થાય તેવા ઉપયોગ–ભાવોલ્લાસ સહિત પ્રેમપૂર્વક કરવી.

૨૬. આપણા કામમાં ખલેલ પડે એવું કંઇ વિપરીત આચરણ થતું જણાય તો તે શાન્તિથી સહન કરવું અને સામાને નમ્રભાવે હિતોપદેશ આપી અનુકૂળ રહેવા સમજાવવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૫, પૃ. ૨૬]

પુણ્ય અને પાપ કર્મની સમજ

મન વચન કાયાએ કરી, જે જે જીવથી થાય;
કર્મ કહે છે તેહને, જેથી જીવ બંધાય. ૧
શુભ કર્મ સારાં હોયે, અશુભ નઠારાં હોય;
તે માટે શુભ કર્મમાં, યત્ન કરો સૌ કોઇ. ૨

પુણ્ય કર્મ—પુણ્ય બાંધવાના મૂળ નવ કારણો છે. કર્મનાં ઘણાં પ્રકાર છે. જીવની સાથે શુભ કર્મ તે પૂણ્ય કર્મ કહેવાય છે. તે મુખ્યત્વે કરીને નીચે દર્શાવેલા કામો કરવાથી બંધાય છે.

૧. ભૂખ્યા પ્રાણીને પ્રેમવડે અન્ન આપવાથી.

૨. તરસ્યા પ્રાણીને પાણી પીવા આપવાથી.

૩. રહેવા માટે આશ્રય વગરનાને સ્થાન આપવાથી.

૪. સૂવાને બિછાના વગરનાને બીછાનું આપવાથી.

૫. દરદીને ઓસડ–ભેષજ આપી વ્યાધિ ટાળવાથી.

૬. દુઃખી પ્રાણીઓનાં દુઃખ મટાડવા માટે સારા વિચાર કરવાથી.

૭. દુઃખી પ્રાણીનાં દુઃખ દૂર થાય તેવાં પ્રિય અને મધુર વચનો બોલવાથી.

૮. પ્રાણીનાં દુઃખને મટાડવા શરીરની મદદ આપવાથી.

૯. વસ્ત્ર વિનાનાં પ્રાણીને પહેરવા વસ્ત્ર આપવાથી.

એવી રીતે બીજાં પણ વિશેષ કારણોથી પુણ્ય કર્મ બંધાય છે. સાધુ સંતોને તથા સુશ્રાવક બંધુઓને એ બધું પૂજ્યભાવ

સહિત બહુમાનપૂર્વક આપવું, તેથી સવિશેષ પુણ્ય બંધાય છે. પુણ્ય કર્મથી જીવને સુખ-શાતાની પ્રાપ્તિ થાય છે.

પુણ્ય કર્મ વિષે ચોપાઇ.

સારા વિચારો મનમાં થાય, સત્યપણે નિત્ય વાણી વદાય;
ભૂખ્યાને ભોજન અપાય, તરસ્યા જનને પાણી પાય. ૧
નિરાશ્રયને આપે સ્થાન, વસ્ત્ર રહિતને વસ્ત્રનું દાન;
ભૂમિ પડેલું દેખી અંગ, આપે બિછાનું રાખી ઉમંગ. ૨
દરદીનાં દુઃખ દેખ્યાં ન જાય, ઔષધ આપી દૂર કરાય;
પરદુઃખ દેખી આપ દુભાય, તે દૂર કરવા સત્વર ધાય. ૩
જીવ દયાનો દિલમાં વાસ, સમતાકેરો નિત્ય પ્રકાશ;
ધર્મ વિષે જે પૂરણ પ્રીત, પુણ્ય કર્મતણી એ રીત. ૪

પાપ કર્મ સંબંધી ટૂંક સમજ—

જેમ સારા કર્મ તે પુણ્ય કર્મ કહેવાય છે તેમ નબળાં-નઠારાં-હીણાં કર્મ તે પાપ કર્મ કહેવાય છે. તે વડે જીવો દુઃખી થાય છે. નીચે દર્શાવેલાં કામો કરવાથી પાપકર્મ બંધાય છે.

૧. કોઇ પણ જીવને પ્રમાદવશ મારી નાખવાથી કે દુઃખ આપવાથી.

૨. કોઇ પણ પ્રકારે (ક્રોધ-લોભ-ભય-હાસ્યવડે) જૂઠું બોલવાથી.

૩. પારકી કોઇ પણ વસ્તુ ખરાબ દાનતથી છૂપી રીતે લઇ લેવાથી.

૪. પુરુષે પરસ્ત્રી સાથે કે સ્ત્રીએ પરપુરુષ સાથે મૈથુન સેવવાથી.

૫. અનીતિ યા અન્યાયથી પૈસા વગેરેનો સંગ્રહ કરવાથી.

૬. ક્રોધાદિક ચાર કષાય કરવાથી.

૭. કોઇનાં પર જૂઠા આળ મૂકવાથી.

૮. પારકી નિંદા કરવાથી.

૯. ચાડી ખાવાથી.

૧૦. જુગાર રમવાથી.

૧૧. ક્લેશ–કંકાસ કરવાથી.

૧૨. માયા–કપટ યુક્ત કરણી કરવાથી.

એ પ્રમાણે પાપ કર્મ બંધાય તેવા ઘણાં કારણો છે. તે બધાનો અઢાર પાપસ્થાનકમાં સમાવેશ થવા પામે છે અને તે વર્જ્ય છે. પાપ કર્મથી પ્રાણી દુઃખી થાય છે અને નરક તિર્યંચાદિક દુર્ગતિ પામે છે; તેથી પાપ કર્મ ન બંધાય અને સુખી થવાય તેવાં પુણ્ય કર્મ કરવાં.

પાપ કર્મ વિષે

નઠારા વિચારો સદા ચિત્ત ધારે, મૃષાવાદ બોલે ગમે તે પ્રકારે;
બૂરી દાનતે પારકી ચીજ લેવા, ધરાવે હરામીપણે નીચ હેવા.
અનીતિ કરી સંગ્રહે દ્રવ્ય પોતે, જુવે છિદ્ર છાનાં જૂઠાં આળ ગોતે;
કરી ક્લેશ–કંકાસ નિંદા દુઃખાવે, બની ચાડીયા ફંદમાંહે ફસાવે.
જુગારે રમી ભોગવે અન્ય નારી, રિબાવી કરે જીવહિંસા જ ભારી;
અધર્મી બની ધર્મનો દંભ રાખે, પ્રભુ સર્વ તે પાપના કર્મ ભાખે.

પુણ્ય કર્મથી સુખ અને પાપ કર્મથી દુઃખ મળે છે તે વચનો પરમાત્માનાં છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૫, પૃ. ૨૭]

ઉત્તમ આર્જવ ધર્મ.

આર્જવ એટલે કપટ રહિત સરળપણું, આર્જવ ધર્મનું અંગ છે. તેનું બીજું નામ સરળતા છે. મન, વચન, કાયાની કુટિલતાને છોડી દેવી તે આર્જવ ધર્મ છે. તે પાપનો નાશ કરી સુખને આપે છે, માટે કુટિલતા છોડી કર્મબંધનથી મુક્ત કરવા સમર્થ એવો આર્જવ ધર્મ આદરવો. કુટિલતા પાપ-બંધનું કારણ છે તથા લોકમાં પણ તેથી નિંદા થાય છે, તેથી આત્મહિતચિન્તક જનોએ સરળ થવું ઘટે છે. જેવું મનમાં (હૃદયમાં) હોય તેવું મુખથી બોલવું અને તેવું જ ચાલવું તે જ આર્જવ ધર્મ છે. માયા-કપટરૂપ શલ્યને દૂર કરી આર્જવ ગુણવડે હૃદયને બરાબર શુદ્ધ કરવું જોઇએ. તે વગર માયાવીનાં વ્રત, તપ, સંયમાદિક સર્વે નિષ્ફળ કહ્યાં છે. સરળતા મોક્ષમાર્ગમાં સહાયક છે. સરળ ચિત્તવાળામાં જ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રાદિક ગુણો અખંડપણે વાસ કરે છે. સરળતા અતીંદ્રિય સુખનો ભંડાર છે. આર્જવ ધર્મવડે અતીંદ્રિય સુખ પ્રાપ્ત થઈ શકે છે. તે સંસારસમુદ્રને તરવાને જહાજ સમાન છે. કપટીનો ભ્રમ ઉઘાડો પડતાં કોઈ તેનો વિશ્વાસ કરતું નથી. કપટી માણસ મિત્રદ્રોહી, સ્વામીદ્રોહી, ધર્મદ્રોહી, કૃતઘ્ની હોય છે. જિનેન્દ્રનો ધર્મ છળકપટ રહિત મનુષ્યમાં જ વસે છે. જેમ વક્ર મ્યાનમાં સીધી તલવાર પેસી શકતી નથી તેમ કપટથી જેનું મન વક્ર છે તેનામાં વીતરાગ માર્ગ પ્રવેશી શકતો નથી. કપટીના બંને ભવ બગડે છે. જો આત્મહિત કરવા ઇચ્છતા જ હો તો માયાચારનો ત્યાગ કરો. કપટ રહિત સરળ ચિત્તવંતની વૈરી પણ પ્રશંસા કરે છે. આર્જવ ધર્મ-વાન આત્મસ્વરૂપનો અનુભવ કરી શકે છે તેથી ખરું આત્મ-

હિત ઇચ્છનારે કયારેય પણ કપટ નહીં કરવાનો નિશ્ચય કરવો. વિવેકી મનુષ્ય બીજાને ઠગવાનો નિષ્ફળ પ્રયત્ન શા માટે કરે ? તેનો વિશેષ અધિકાર **અધ્યાત્મસાર** ગ્રંથથી સમજી લેવો. **શ્રી ઉદયરત્નજી** પણ કહે છે:–**સાચામાં સમકિત વસે જી, માયામાં મિથ્યાત્વ**–આ વાકય હ્રદયમાં ધારણ કરી જેમ બને તેમ સરળતા ધારણ કરવી. સરળ મનુષ્ય નિરંતર નિશ્ચિંત રહી શકે છે. સાચાને કશો ભય હોતો નથી. આ ગુણ ભૂમિનો છે, તેથી ભૂમિ શુદ્ધ કરવાના ઈચ્છકે જરૂર આ ધારણ કરવા તત્પર રહેવું અને સમકિત પ્રાપ્ત કરવું કે જેથી આત્માની મોક્ષપ્રાપ્તિનો નિરધાર થઇ જાય.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૫, પૃ. ૪૪]

ઉત્તમ સત્યધર્મ

સત્ય વચન આદરથી બોલવું તે ધર્મ છે. સત્ય વચન દયાધર્મનું મૂળ છે, કેમકે દયાળુ જનો જ સત્ય બોલી શકે છે. સત્ય વચન બોલનારમાં બીજા દોષો હોય તો પણ તે ઘટતા જાય છે. સત્ય આ લોક તથા પરલોક બન્ને ભવમાં કલ્યાણ કરે છે. સાચા ઉપર સૌને વિશ્વાસ બેસે છે. સર્વ ધર્મમાં સત્ય પ્રધાન ધર્મ છે. સંસારસાગરથી પાર પામવાને સત્ય જહાજ સમાન છે. સત્ય સર્વ સદાચરણોમાં ઉત્તમોત્તમ છે. સત્ય સર્વ સુખનું કારણ છે. સત્યથી મનુષ્યધર્મ શોભે છે. સત્યવાનનું સર્વ પુણ્યદાન ઉજ્જવળ કીર્તિ આપે છે. અસત્યવાદીનું કોઇ પણ ધર્મકાર્ય યશને પાત્ર થતું નથી. સર્વ ગુણોમાં સત્ય પ્રથમ પદ ધરાવે છે. સત્યવાનની દેવો પણ રક્ષા કરે છે. સત્ય બોલનાર જ અણુવ્રતી કે મહાવ્રતી ગણાય છે. સત્ય

વિના વ્રત સંયમ સર્વ નિષ્ફળ છે. ગ્રહણ કરેલાં વ્રત સંયમ સત્ય વગર નાશ પામે છે. સત્યથી સર્વ આપદા ટળી જાય છે. તે માટે એવું વચન બોલો કે જેથી સ્વપરનું હિત થાય, જે વચન પ્રમાણિક હોય તે જ બોલો. કોઇને દુઃખ લાગે, અપ્રિય લાગે, પરપ્રાણીને પીડા ઉપજાવે એવું વચન કદી પણ ન બોલો; કેમકે બીજાને પીડા ઉપજાવે એવું સત્ય વચન પણ અસત્ય ગણાય છે. પરમાત્માનું અસ્તિત્વ જણાવે એવાં વચન બોલો. પુણ્ય-પાપ નથી, સ્વર્ગ-નર્ક નથી એવાં નાસ્તિક વચન બોલો નહીં. જેમણે મનુષ્યજન્મ પામીને વચન બગાડયું તેણે સમસ્ત જન્મ બગાડયો. મનુષ્યજન્મમાં લેવું, દેવું, કહેવું, સાંભળવું, ધીરજ, પ્રતીતિ, ધર્મકર્મ, પ્રીતિ, વૈર પ્રમુખ જે જે પ્રવૃત્તિ તથા નિવૃત્તિરૂપ કાર્ય છે તે સર્વ વચનને આધીન છે, કેમકે તે વચનથી બને છે. જેણે વચન બગાડયું તેણે સર્વ મનુષ્યવ્યવહાર બગાડયો, માટે પ્રાણ જતાં પણ પોતાનું વચન બગાડો નહીં. અસત્યનો અવશ્ય ત્યાગ કરો. તપસંયમાદિક સર્વ ધર્મકરણી સત્યમાં જ શોભા પામે છે.

સત્ય બોલનાર જ એક અપેક્ષાએ સર્વ પ્રકારના ધર્મ પાળી શકે છે. અદત્ત લેનાર સત્ય બોલતો નથી. પરદારા સેવનાર સત્ય બોલી શકતો નથી, પરિગ્રહમાં આસક્ત મનુષ્ય અસત્ય બોલે છે, સત્ય બોલવા જતાં તેને હાનિ લાગે છે. જો કે આ માન્યતા તદ્દન ખોટી છે, કારણ કે ખરો લાભ સત્ય બોલનાર જ મેળવી શકે છે. આ સંબંધમાં જેટલું લખીએ તેટલું થોડું છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૫, પૃ. ૩૨૯]

શ્રેષ્ઠ તપ ને ત્યાગ (દાન) ધર્મ

ઇચ્છાને રોકવી તેનું નામ તપ છે. ધર્મની આરાધનામાં તપ પ્રધાન છે. જેમ સુવર્ણ અગ્નિમાં તપાવ્યાથી મેલ છોડી શુદ્ધ થાય છે તેમ દ્વાદશવિધ તપના પ્રભાવથી આત્મા કર્મમળ રહિત થાય છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ દેહને પંચાગ્નિવડે તપાવે છે તેમ જ અનેક પ્રકારે કાયકલેશ કરે છે; તેમ છતાં તેથી અલ્પ નિર્જરા કરે છે, ત્યારે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જીવ અહિંસા અને સંયમ સહિત જે તપ કરે છે તેથી તેને ઘણી નિર્જરા થાય છે. તપના આચરણથી આત્મા કર્મમળ રહિત-નિર્મળ થાય તે તપ પ્રશંસવા યોગ્ય છે. તેવું જ તપાચરણ કરવું કે જેમાં દુર્ધ્યાન થવા ન પામે, સંયમયોગમાં ખામી ન આવે, તેમ જ ઇન્દ્રિયો ક્ષીણ-શકિતહીન ન થાય, પંચવિધ સ્વાધ્યાય બન્યો બન્યો રહે, પરમાત્માના ગુણનું ચિન્તવન બન્યું રહે, ક્રોધાદિક કષાયો મંદ પડે અને ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષાદિકવડે આત્માર્થીપણે વિનય-વૈયાવચ્ચ જ્ઞાન-ધ્યાનાદિ યોગે જેમ પ્રભુઆજ્ઞાનું પાલન-આરાધન રૂડી રીતે થવા પામે. આવા તપસ્વીની ઇન્દ્રાદિક પણ સ્તુતિ કરે છે. ભક્તિ સાથે યથોક્ત તપનો સંયોગ થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તપનો અચિન્ત્ય પ્રભાવ છે. મનુષ્યજન્માદિક દુર્લભ સામગ્રી પામીને જેને રાગાદિકની મંદતા થઇ છે તથા વિષય-ની આસક્તિ દૂર થઇ છે તેને તપધર્મ સફળ થાય છે. તપ બાર પ્રકારે છે, તેમાં યથાશકિત પ્રયત્ન કરવો જોઇએ. જ્યાં સુધી પિત્ત, કફાદિકનો પ્રકોપ થયો ન હોય તથા રોગાદિક વૃદ્ધિ પામ્યા ન હોય ત્યાં સુધી રત્નત્રયીની સાધનામાં બાધા ન આવે તેમ સંઘયણ બળ-વીર્ય વિચારી શક્તિ પ્રમાણે તપ

કરવો. જેમ પરિણામની ઉજ્જવળતા વધતી જાય તથા તપાચરણમાં ઉત્સાહ વધતો જાય તેમ કરવું. વિષયની ઈચ્છાનો રોધ કરીને વિષયો પ્રત્યેનો રાગ ઘટાડવો તે તપ છે. તપવડે આત્મકલ્યાણ થાય છે. તપવડે પ્રમાદનો નાશ થઈ શકે છે. તે માટે પ્રમાદ તજી યથોક્ત તપ–આચરણમાં યથાશકિત પ્રયત્ન કરવો.

* * * *

ધનસંપદાદિકની પ્રાપ્તિ પુણ્યાધીન છે. તે પામીને તેનો સત્પાત્રમાં યા સતક્ષેત્રમાં વિવેકથી લોકેષણા તજીને વ્યય થઈ શકે તો તેની સફળતા છે, નહીં તો તે અનર્થકારી–અનર્થ પરંપરાને વધારનાર થાય છે. ઉત્તમ જ્ઞાનવાન જીવ તો તેને અનીતિના માર્ગે પેદા કરવાનું બિલકુલ પસંદ કરતા નથી. માર્ગાનુસારીના ૩૫ ગુણમાં **ન્યાયસંપન્નવિભવ** ગુણ પહેલો વખાણ્યો છે. ભવભીરુ જનો તેને વ્યાજબી ગણી લક્ષમાં રાખે છે. અનીતિના માર્ગે ઉપાર્જન થતું દ્રવ્ય લાંબો વખત ટકતું પણ નથી, ત્યારે નીતિના માર્ગે પેદા થયેલું ધન લાંબો વખત ટકી રહે છે અને ઉદાર ભાવના બની રહે છે, તેની ધર્મબુદ્ધિ જાગૃત રહે છે. ધન કૃપણની પેઠે સંચય કરી રાખવા માટે નથી, પણ નિઃસ્વાર્થપણે ઉદાર દિલથી તેનો સદ્વ્યય કરવા માટે છે. એવી ઉદાર ત્યાગવૃત્તિથી ઉત્તરોત્તર પુણ્યાનુબંધી પુન્ય બંધાય છે અને નિષ્કામપણે તેનો વ્યય કરતાં રહેવાથી આત્મા મમતાબંધનથી મુક્ત થઈ હળવો થાય છે. જે સંતોષભાવ ધારીને પ્રાપ્તધનથી સુકૃત્યો સેવે છે તેને પાછળથી શોચવા વખત આવતો નથી, પણ જે મમ્મણ શેઠની પેઠે કૃપણતા યોગે આર્ત્તરોદ્રધ્યાનવશ આયુષ્ય સમાપ્ત કરે છે તેને આ લોકમાં અપવાદ–અપયશ અને પરભવમાં આરંભ-

સમારંભજનિત દોષપરંપરાથી અધોગતિ થવા પામે છે. દાતાર દાનગુણવડે જ્યાં ત્યાં પ્રશંસાય છે અને સુકૃત્ય ઉપાર્જન કરીને સદ્‌ગતિ પામી શકે છે. જો તેને સોનાના કોદાળે વાવવા ઇચ્છા જ હોય તો જેમ જનતામાંથી જડતા—અજ્ઞાનતા નાશ પામે અને જ્ઞાનનો પ્રકાશ થાય તેવા કાર્યમાં વિવેકદૃષ્ટિથી પ્રાપ્ત દ્રવ્યનો સદુપયોગ કરવો ઘટે. લક્ષ્મીની ચપળતા જગજાહેર છે જે તેના ઉપરથી મોહ—મમતા ઉતારી કુશળતાથી તેનો લાભ લઇ શકે છે તે કમાય છે. બાકી બીજાને વારસો આપવાની બુદ્ધિથી તેનો સંચય કર્યા કરે છે તે ઠગાય છે. તે હાથ ઘસતો જાય છે. આપણા સમાજમાં ઉછરતા બાળકોને મૂળથી સારા સંસ્કારો મળે અને તે એવા દૃઢમૂળ બને કે ભવિષ્યમાં જે સ્વપરનો ભારે ઉપકારક બને એવી એક પણ આદર્શ જૈન શાળા સ્થાપવા અને તેને કુશળતાથી ચલાવવા સહૃદય સજ્જનોનું લક્ષ ખેંચાય એ ખાસ ઇચ્છવા યોગ્ય છે.

[જૈ. ધ. પુ. ૫૬, પૃ. ૨૭૩]

ઉત્તમ અકિંચન ધર્મ ને બ્રહ્મચર્ય.

જ્ઞાનદર્શનમય સ્વરૂપ વિના કંઇ પણ મારું નથી, મારો કોઇ અન્ય પદાર્થ નથી, એવો અનુભવ થવો તેને અકિંચન ધર્મ કહે છે. હે આત્મન્ ! તારું સ્વરૂપ દેહાદિકથી ભિન્ન, જ્ઞાનમય, અનુપમ, નિરંજન (વર્ણ—ગંધ—રસ—સ્પર્શ રહિત), સ્વરૂપ સુખમય, પૂર્ણ પરમ અતીન્દ્રિય સુખમય છે તેનો અનુભવ કર. મારું સ્વરૂપ ઇન્દ્રિયગોચર—અતીન્દ્રિય છે. ઇન્દ્રિયો તો પુદ્‌ગલમય કર્મના ઉદયથી નીપજી છે, હું સમસ્ત ભય રહિત, અવિનાશી, અખંડ, આદિ અંતરહિત શુદ્ધ, જ્ઞાનસ્વ·

ભાવમય છું–જેમ ખાણમાં અનાદિકાળથી સુવર્ણ અને પાષાણ મળીને રહ્યા હોય તેની જેમ. તેમ જ ક્ષીરનીરની જેમ કર્મ સાથે આત્મા અનાદિકાળથી મળીને રહ્યો છે, મિથ્યાત્વમોહનીય કર્મના પ્રબળ ઉદયથી સ્વસ્વરૂપનું ભાન ભૂલી દેહાદિક પર-દ્રવ્યમાં નિજપણું માની બેઠો છે, તેથી અનંતો કાળ ભવભ્રમણ કર્યું. હવે ઉક્ત આવરણાદિક કિંચિત્ દૂર થતાં સદ્ગુરુની કરુણાજોગે યા તત્ત્વજ્ઞાની મહાપુરુષોનાં હાર્દિક વચનો શાસ્ત્રો કે લેખોદ્વારા વાંચતાં, સાંભળતાં, સ્વપરના સ્વરૂપનું ભાન થયું. પરમગુરુના શરણથી અકિંચનભાવ નિર્વિઘ્નપણે ચાહું છું. ત્રૈલોક્યમાં હવે કોઈ પણ વસ્તુની ઇચ્છા નથી. આ ભાવના સંસારસમુદ્રથી તારવા જહાજ સમાન છે. પરિગ્રહ–મમત્વને મહાબંધનરૂપ જાણી છાંડવો તે અકિંચન ધર્મ છે. ઉક્ત ધર્મ જેને પ્રગટ થયો છે તેને પરિગ્રહ પ્રત્યે આસક્તિ રહેતી નથી, તથા આત્મધ્યાનમાં લીનતા થાય છે. તે દેહાદિક પરભવમાં મમત્વ રાખતા નથી અને નિજસ્વરૂપમય રત્નત્રયીમાં પ્રવૃત્તિ કરે છે. ઇન્દ્રિયના વિષયોમાં દોડતું મન અટકી જાય છે અને દેહ પ્રત્યેનો સ્નેહ–રાગ–મોહ છૂટી જાય છે. ગમે એવાં સાંસારિક સુખોને ક્ષણિક અને પરિણામે દુઃખરૂપ સમજે છે, તેથી તેની વાંછા કેમ જ કરે ? ખરો સંવેગ–વૈરાગ્ય જાગતાં ગમે તેવી અને ગમે તેટલી પ્રાપ્ત થયેલી બાહ્ય ઋદ્ધિને તૃણની પેઠે તજે છે. અનાદિ કાળથી જે કોઈ સિદ્ધિપદને પામ્યા છે તે અકિંચન ધર્મની ભાવનાથી પામ્યા છે. તીર્થંકરાદિક સિદ્ધ થયા તે અકિંચન ધર્મનો મહિમા છે. અકિંચન ધર્મ સર્વોત્કૃષ્ટપણે સાધુપુરુષોને હોય છે અને અંશથી ગૃહસ્થને પણ હોય છે. સંતોષ યોગે આત્મા ઉન્નતિ સાધે છે.

બ્રહ્મચર્ય ધર્મ

સર્વ ઇન્દ્રિય–વિષયોથી અનુરાગ છોડી બ્રહ્મ કહેતાં જ્ઞાયક સ્વભાવી આત્માએ એમાં ચર્યા કહેતાં રમણુતા કરવી તેને બ્રહ્મચર્ય કહે છે. આત્મભાવમાં રમણુતા કરવી તે નિશ્ચયથી બ્રહ્મચર્ય છે. નિજવીર્યરક્ષારૂપ બાહ્ય બ્રહ્મચર્યથી તેની રક્ષા થઇ શકે છે. જે મનુષ્યોમાં દેવ સમાન ઉત્તમ છે તે બ્રહ્મચર્ય પાળવા સમર્થ છે. બીજા વિષયની લાલસાવાળા પામર મનુષ્યો બ્રહ્મચર્ય પાળવા સમર્થ નથી. તેઓ બાપડા વિષયવિકારને વશ બની આમતેમ ભ્રમણુ કરી રહ્યા છે. અતઃ બ્રહ્મચર્યવ્રતનું પાલન મહાદુર્ઘટ છે. જે બ્રહ્મચર્યવાન છે તેને ઇન્દ્રિયો તથા કષાયને જીતવા સુલભ છે. મનરૂપી મદોન્મત્ત હસ્તીને વૈરાગ્યભાવરૂપ અંકુશવડે વશ કરીને વિષયસુખથી નિઃસ્પૃહ બની બ્રહ્મચર્ય વ્રતનું સેવન કરો. કામ ચિત્તરૂપી ભૂમિકામાં જન્મ પામે છે. તેને વશ થઇને જીવ અનેક અયોગ્ય પાપ–કર્મમાં પ્રવેશ કરે છે. પરિણામે પોતે જ દુઃખી થાય છે અને જન્માન્તરમાં પણ અધોગતિ પામે છે. ભવભીરુ પરિણામદર્શી હોઇ એવાં અયોગ્ય પાપકર્મથી બચી શકે છે. બ્રહ્મચર્યથી સંસારનો પાર પમાય છે. બ્રહ્મચર્ય વિના વ્રત, તપ, જપ, સર્વ ક્રિયા અસાર છે અને સફળ કાયકલેશ નિષ્ફળ છે. વિષય–સુખ વિરક્ત થશો તો આત્મજ્ઞાન પામી આત્મરમણુતા કરી શકશો. બ્રહ્મચર્યથી બંને જન્મ પવિત્ર થાય છે તેમ સમજી નવકોટિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવા પ્રયાસ કરો. નબળા-હલકા-નિઃસત્ત્વ જનોની સોબત ન કરો. કોઇ પણ માદક ખાન–પાનથી સાવધાનપણે પરહેજ રહો–દૂર રહો. રાત્રિભોજનનો ત્યાગ કરો. રાત્રિભોજન કામને ઉત્તેજિત કરનાર છે. વિકાર ઉત્પન્ન કરે

તેવાં વસ્ત્ર, અલંકાર તજો. એકાંતમાં કોઈ સ્ત્રીની સાથે વાતચિત-સંસર્ગ ન કરો. રસલુબ્ધતાથી અનેક દોષ પેદા થાય છે. સંતોષ ગુણ નષ્ટ થાય છે. સમભાવરૂપ મહાન આત્મલાભ તેને સ્વપ્નમાં પણ સાંપડતો નથી, માટે આત્મહિત ખરેખર ઇચ્છતા જ હો તો બ્રહ્મચર્યવ્રતની ખાસ રક્ષા કરો.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૬, પૃ. ૩૧૪]

મનનીય વિચારો.

૧. જ્યાં સુધી તમે નિયમોને દઢ વળગી રહેતા નહીં શિખ્યા હો ત્યાં સુધી લખાણમાં કે વિચારમાં તમે બીજાઓને માટે એવા નિયમો નક્કી કરી શકશો નહીં. આ હકીકત જીવન-ચારિત્ર્યને અંગે વધુ લાગુ પડે છે.

૨. કોઇ અવર વસ્તુને કિંમતી કે લાભદાયી ન ગણો કે જેથી તમને તમારું વચનભંગ કરવાની ફરજ પડે, કોઇ માણસને તિરસ્કારવો પડે, શંકાશીલ બનવું પડે, શ્રાપ આપવો પડે અને ઘમંડી વર્તન રાખવું પડે એવી ચીજની તૃષ્ણા ન રાખવી કે જેને બીજાથી છુપાવવી પડે.

૩. એક ચીજ ઘણી જ કિંમતી છે. તે એ કે તમારા જીવનને અસત્યવાદી કે અન્યાયી માણસ સાથે પણ ઉપકારમય વૃત્તિથી સત્ય અને ન્યાયપૂર્વક ગુજારવું.

૪. તમે છેલ્લો અભિપ્રાય-ચૂકાદો આપવામાં ઉતાવળા ન બનો. દરેક હકીકત સાંભળો, દરેક દષ્ટિબિંદુને ધ્યાનમાં લ્યો અને કોઈ પણ જાતનો ઇન્સાફ જાહેર કરતાં પહેલાં પ્રશ્નને દરેક બાજુથી અવલોકો.

૫. કોઈ પણ વાતમાં દાખલ થતા પહેલાં તેના લાભ–ગેરલાભ વિચારો–ધ્યાનમાં લ્યો. "બોલવું સહેલું છે પણ વસ્તુને અમલમાં મૂકવી મુશ્કેલ છે." આથી જો તમે કાર્યની મુશ્કેલી જાણ્યા પછી તે હાથમાં લ્યો તો તેને પાર ઊતારવું તમારે માટે વધારે સહેલું થશે.

૬. સાચી અને સ્વતંત્ર રીતે વિચારતાં શીખો. બીજાઓના નિર્ણયથી તણાઈ ન જાઓ. દરેક મનુષ્ય યા વસ્તુ તરફ નિષ્પક્ષપાતપણે જુઓ અને પછી તમારે માટે સ્વતંત્ર રીતે નિર્ણય કરો.

૭. અભિપ્રાયભેદને ખાતર કોઈને ધિક્કારો નહી. એકસરખાપણા કરતાં વિચારની વિવિધતા વધુ સારી છે. જો તે ખોટો જ હોય તો તેને વિનયથી સાચા માર્ગે લાવો–લાવવા પ્રયત્ન કરો.

૮. જ્યાં ઇચ્છા હોય છે ત્યાં માર્ગ મળી રહે છે. તમારા હાથને જે કંઈ કરવાનું મળે તે તમારી સઘળી શક્તિપૂર્વક કરો. જો તમે કોઈ વાતમાં ઇંતેજાર હો તો તે ઉત્સાહ અને શક્તિપૂર્વક કરો એટલે તેને તમે સારી રીતે કરી શકશો.

૯. મકાન, અન્ન, વસ્ત્ર, શરીર અને મનની સ્વસ્થતા, તંદુરસ્તી, જ્ઞાન, ચાતુરી અને જીવનની બધી જરૂરીઆતો ને સગવડો મેળવવા તમારે પરિશ્રમ કરવો જ જોઇએ.

૧૦. તમારા પોતાના પુરુષાર્થ ઉપર જ આધાર રાખો. પુરુષાર્થ એક જ ઇચ્છિત પ્રાપ્તિનો માનનીય માર્ગ છે. જો તમે મહેનત કરી શકો તો કોઈની સહાય કે સખાવતો ઉપર આધાર રાખો નહીં.

૧૧. તમારાથી બની શકતું સૌથી સારું કાર્ય કરો, પણ જો તમે એક સાધારણ કાર્યને પણ સારી રીતે અને હૃદયપૂર્વક કરો તો તેને વખાણુશો નહિ. દરેક જરુરી કાર્ય પ્રમાણિકપણે જાતે બુદ્ધિપૂર્વક કરો.

૧૨. આપ-લે કરવાનું સાધન પૈસો હોવાથી આ જગતમાં સંસારીને સુખરૂપ રહેવા માટે તેની પાસે થોડા પૈસા હોવા જોઇએ, પણ પૈસા પાછળ જ પડવું તેવો આપણા જીવનનો આશય-ઉદ્દેશ ન હોવો જોઇએ. ઘણી વખત ધનપ્રાપ્તિ ઘણાં અનિષ્ટ પરિણામો તરફ લઈ જાય છે.

૧૩. પૈસાનો સદ્વ્યય કરવો એ ધનપ્રાપ્તિની સફળતા લેખાય તેથી તેનો દુરુપયોગ નહીં કરતાં બને તેટલો સદુપયોગ કરવો.

૧૪. પૈસો નહિ પણ પૈસાની તૃષ્ણા જ બધા અનર્થનું મૂળ છે. જો પૈસો વધે તો તમારા હૃદયને તેના ઉપર સ્થાપિત કરો નહીં. દયા-અનુકંપાના કામમાં તમારા પૈસાનો વ્યય કરવાથી તમે જે કંઈ બીજાના ભલા માટે આપશો તેનું ફળ તમને જરૂર મળી રહેશે. ગુપ્તદાન કરો-તમારો જમણો હાથ જે આપે તે ડાબા હાથને જાણવા ઘો નહીં. નામના કે કીર્તિ માટે દાન નહિ કરો પણ તે સારું છે અને ધનનો તે સદુપયોગ છે એટલા ખાતર જ કરો.

૧૫. સાદું જીવન એ ઘણું આનંદી જીવન (પુણીઆ શ્રાવકના જેવું) છે. દેખાવ અને સુંદરતા(ફેશન-ટાપટીપ)ની પાછળ ન પડો. ઉડાઉ અને પૈસાને બરબાદ કરનાર ન બનો. બધી બાબતમાં નજીવી બચતો ઘણી વાર ઘણી ઉપયોગી થાય છે અને પરિણામે પૈસો બચાવે છે.

૧૬. જેમ બને તેમ જિંદગીની જરુરીઆતો ઓછી કરો જેથી વધારે પૈસા મેળવવા માટે રાત્રિદિવસ પ્રયાસ ન કરવો પડે.

૧૭. બોલવામાં એટલા બધા નિયમિત થઇ જાઓ કે જેથી અન્યને દુઃખ લાગે તેવું તો બોલાય જ નહીં.

૧૮. લખવામાં પણ એટલા જ સાવચેત રહો કે જેથી કોઇને દુઃખ લાગે તેવું લખવામાં તમારી કલમ જ ચાલે નહીં.

૧૯. અન્યને શ્રીમંત જોઇને રાજી થાઓ, પણ તેવા થવાની અભિલાષા ન કરો.

૨૦. જેમ બને તેમ ગુણ મેળવવાના પ્રયાસમાં જ તત્પર રહો.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૫, પૃ. ૭૬]

ઉત્તમ શૌચધર્મ.

શૌચ એટલે પવિત્રતા–ઉજ્જવળતા. જે બાહ્યદૃષ્ટિ જીવ છે તે દેહની પવિત્રતા–ઉજ્જવળતા માટે સ્નાનાદિક કરવું તેને જ શૌચ કહે છે. સપ્ત ધાતુમય, મળમૂત્રથી ભરેલી કાયા જળથી શુદ્ધ કેમ થઇ શકે? જે જાતે જ અશુદ્ધ છે તે શુદ્ધ શી રીતે થાય? ન થાય. કાળા કોયલાને ગમે તેટલા સાબૂથી ધોઇએ તો પણ શું તે ઊજળા થાય? ન થાય, તેમ આ દેહ પણ મળમૂત્રાદિકથી ભરેલ છે તે સ્વચ્છ પાણીથી ધોતાં પણ પવિત્ર થાય નહીં. તેથી સ્નાનમાત્ર કર્યાથી પવિત્ર થવાય છે એવી માન્યતા ભૂલભરેલી છે. ત્યારે પવિત્ર કેમ થવાય? તેનો ઉપાય બતાવે છે. ખરી પવિત્રતા આત્માની ઉજ્જવળતાથી થવા પામે છે. આત્મા, લોભ, હિંસાદિક પાપોવડે મલિન થઇ રહ્યો છે; તે પાપમળનો નાશ થવાથી આત્મા ઉજ્જવળ–પવિત્ર થાય

છે. જેનું મન કામ, ક્રોધ, લોભ, મત્સરથી મલિન થયેલ છે તે જળવતી બાહ્ય સ્નાન કરવા માત્રથી પવિત્ર ન થઇ શકે. ધનની ગૃદ્ધિ–અતિલોભ–તૃષ્ણા–તેનો ત્યાગ કરવાથી શૌચધર્મ આત્મામાં પ્રગટ થાય છે. પરિગ્રહની મમતા છોડી, વિષયલાલસા તજી બાહ્યાભ્યંતર તપમાર્ગમાં પ્રવર્તન કરવું તે શૌચધર્મ છે, બ્રહ્મચર્યનું પાલન કરવું તે પણ શૌચધર્મ છે, આઠ જાતના મદ દૂર કરી વિનયવાન થવું તે શૌચધર્મ છે, વીતરાગ સર્વજ્ઞપ્રણીત પરમાગમનો અનુભવ થવાથી અંતરંગ કષાય દૂર થવા પામે છે, તેથી શૌચધર્મ પ્રાપ્ત થાય છે. યથાર્થ પવિત્રતા યા આત્માની ઉજ્જવળતા કષાય દૂર થવાથી થાય છે.

પાપથી અંતઃકરણ મલિન થવા ન દેવું તે શૌચધર્મ છે. જે કોઇ સમભાવ–સંતોષ–ભાવરૂપ જળવડે તીવ્ર તૃષ્ણારૂપી મેલને ધોવે છે તથા ભોજનમાં અતિ લાલસા તજી સામ્યભાવ આદરે છે, તે ઉત્તમ શૌચધર્મવાન છે. અશુભ વાસનાઓને દૂર કરી આત્માને પવિત્ર કરો, એ મોક્ષમાર્ગ છે, એ મોક્ષદાતા છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૫, પૃ. ૪૦૬]

ઉત્તમ સંયમધર્મ.

ઇન્દ્રિયો, મન અને કષાયભાવને અંકુશમાં રાખવાં તે સંયમધર્મ છે. જીવહિંસાથી દૂર રહી અહિંસામય વર્તન રાખવું, હિત, મિત, પ્રિય વચન બોલવાં, પરધનની વાંછાનો ત્યાગ, કુશીલનો ત્યાગ અને પરિગ્રહનો ત્યાગ એ પાંચ વ્રતો દૃઢતાપૂર્વક ધારવાં તથા પાંચ સમિતિ પાળવી તે સંયમ છે. પાંચ સમિતિનું સ્વરૂપ આ પ્રમાણે સમજી રાખવાનું છે. જતાં–આવતાં જીવવિરાધના ન થાય તેમ યતનાપૂર્વક ચાલવું તે **ઇર્યાસમિતિ** છે. વચનની શુદ્ધતા રાખવી તે **ભાષાસમિતિ**

છે. નિર્દોષ શુદ્ધ આહાર ગવેષણાપૂર્વક લાવી આસક્તિ વગર ભોજન કરવું તે **એષણાસમિતિ** છે. શરીર-ઉપકરણાદિક આંખવડે દેખી શોધીને લેવાં-મૂકવાં તે **આદાનનિક્ષેપણા સમિતિ** છે. તથા મળ, મૂત્ર, કફ વિગેરે એવી નિર્દોષ-નિર્જીવ જગ્યામાં પરઠવવાં કે જેથી બીજા જીવોનો ઘાત થાય નહીં, તેમજ અન્યને દુગંચ્છા ઉપજે નહીં તે **પારિષ્ઠાપનિકા સમિતિ** છે. ક્રોધાદિક ચારે કષાયનો નિગ્રહ કરવો, મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિને રોકવી, વિષયમાં દોડતી પાંચે ઇન્દ્રિયોને વશ કરવી-કાબૂમાં રાખવી તે સંયમ છે. સંયમથી સમ્યગ્દર્શન પુષ્ટ થવા પામે છે. સંયમ કલ્યાણનો માર્ગ છે. સંયમ વગર જીવ દુર્ગતિ પામે છે. સંયમ વિનાની કેવળ બાહ્ય કષ્ટકરણી સર્વ વૃથા છે. ઇન્દ્રિયોને વશ રાખવી તે **ઇન્દ્રિયસંયમ** અને ત્રસ સ્થાવર સર્વ જીવોને સ્વ આત્મા સમાન લેખી તેમની રક્ષા કરવી તે **પ્રાણસંયમ.** આ બન્ને પ્રકારના સંયમ વગર બાહ્ય કરણી કષ્ટકર હોઇ વૃથા છે. સંસારમાં દુ:ખી થતા જીવોને સંયમ વિના બીજું કોઇ અન્ય શરણ નથી. જ્ઞાની પુરુષો તો પ્રમાદ તજી સાવધાનપણે સંયમનું સારી રીતે જાતે સેવન કરતા છતાં તેમની દુર્લભતા ને ઉપયોગિતાનો ભવ્ય જનોને ઉપદેશ દે છે કે સંયમ વગર જીવન નિષ્ફળ છે. સંયમ આ ભવમાં તથા પરભવમાં કલ્યાણકારી છે. સંયમ દુર્ગતિરૂપ સરોવરનું શોષણ કરવા સૂર્ય સમાન છે. સંયમવડે ભવભ્રમણનો નાશ થાય છે. તેના વગર ભવનો અંત આવતો નથી. ક્રોધાદિ કષાયવડે આત્માને મલિન થવા ન દે તથા બાહ્યવ્યવહારથી સમિતિ અને ગુપ્તિયુક્ત થઇ સાવધાનપણે વર્તે તેને સંયમ-ધર્મની પ્રાપ્તિ ને પુષ્ટિ થવા પામે છે. ઇતિશમ.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૫, પૃ. ૪૦]

ધાર્મિક લેખો

શ્રી જિનમંદિરમાં દેવદર્શને આવનાર બંધુઓ તથા બ્હેનોને નમ્ર સૂચના.

૧. સ્વચ્છ–ચોખા–સુઘડ વસ્ત્રાદિક પહેરીને જ પ્રભુદર્શન કરવા જવું.

૨. નિસ્સિહી પ્રમુખ દશ ત્રિકો અને પાંચ અભિગમો યથાર્થ સમજીને સાચવવા જાતે લક્ષ આપવું અને અણજાણને સમજાવી લક્ષ અપાવવું.

૩. દર્શન કરી રહ્યા બાદ ઘર ભણી જતાં પ્રભુને પુંઠ દઇ ચાલવું નહિ, પણ પાછે પગલે ચાલવું અથવા પડખાના બારણેથી નીકળવું.

૪. પુરુષોએ પ્રભુની જમણી બાજુએ અને સ્ત્રીઓએ ડાબી બાજુએ જ ઊભાં રહી દર્શન કરવાં, તેમજ ચૈત્યવંદનાદિક વખતે પણ એ વાત અવશ્ય લક્ષમાં રાખી શાસ્ત્રમર્યાદા કહી છે તેવી પાળવી.

૫. દેવદર્શન, પૂજા–ભક્તિ ખાસ જીવજયણાપૂર્વક થાય તેમ રાખવું. પ્રભુઆજ્ઞામાં ધર્મ કહેલો છે, આરતિ, પૂજાદિક સંધ્યા અવસરે જ કરી લેવાં ઘટે છે.

૬. શાન્ત અને મધુર સ્વરે જ પ્રભુસ્તુતિ કરવી.

૭. ગુરુ પ્રમુખનો વિનય સાચવવા ન ભૂલવું.

૮. પ્રભુ સમીપે કહેવા યોગ્ય ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ પ્રમુખ દેરાસરમાં કહેવાં અને બીજા પર્વ વિગેરેનું માહાત્મ્ય બતાવનારા ચૈત્યવંદન પ્રમુખ સામાયિક, પ્રતિક્રમણ પ્રસંગે કહેવાં.

૯. દેરાસરની નજદીકમાં કશી આશાતના થવા દેવી નહિ.

૧૦. દેરાસરમાં કે ઉપાશ્રયમાં કોઈ પ્રકારની કુથલી કરવી નહિ.

૧૧. રાગદ્વેષાદિક ઓછાં કરી અંતઃકરણ સાફ થાય તેમ ઉપયોગ રાખી આત્મસાધન કરતા રહેવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૩૩, પૃ. ૧૦૭]

દંડકાદિ દ્વાર તથા જીવવિચાર, નવતત્ત્વાદિ સંબંધી બે બોલ.

જીવવિચાર, નવતત્ત્વ, દંડકાદિ પ્રકરણ ગ્રંથો પ્રથમ ગોખી કાઢવાની રૂઢી આપણામાં પ્રચલિત છે. બાળવય કે જેમાં તેના અર્થને ગ્રહણ કરવા કે વિચારવાની શક્તિ ન હોય તેમાં તેમ કરવાની પદ્ધતિ કોઇ રીતે ઠીક લેખી શકાય; પરંતુ યોગ્ય વયે તો તેના અર્થ–રહસ્યને અવધારવાથી જ તેની સાર્થકતા થઇ શકે. અદ્યાપિ પર્યંત એ રૂઢીને અનુસરીને કે ગતાનુગતિકપણે મોટી ઉમર કે જેમાં અર્થ ગ્રહણ કરવાની અને તેનું મનન કરવાની શકિત પ્રાપ્ત હોય છે તેમાં પણ પૂર્વની રૂઢીને જ અનુસરી મોટે ભાગે પ્રકરણોને કંઠાગ્ર કરીને જ સંતોષ માનવામાં આવે તો તે વ્યાજબી ન લેખાય. અર્થગ્રહણશક્તિવાળી વયમાં પણ બાળવય જેવી ચેષ્ટા કરી વિરમાય તે વાસ્તવિક ન લાગે એવી બીના છે. તેથી તેવી વયમાં તો ખાસ કરીને ઉક્ત પ્રકરણોનું રહસ્ય સારી રીતે (સુસ્પષ્ટ) સમજીને અવધારી શકાય એમ જ થવું જોઇએ. તેમ છતાં આપણા આધુનિક

સમાજ તરફ અવલોકન કરી જોઇએ તો તેમાંનો બહોળો ભાગ પૂર્વની રૂઢીને અનુસરવામાં જ-પછી તે ગમે તે શુભ હેતુને અવલંબીને પ્રચલિત થઇ હોય તે તરફ ઓછી દરકાર રાખીને-સંતોષ પકડતો જણાય છે. હવે આ બુદ્ધિવાદ યા હેતુવાદના જમાનામાં એવી ગતાનુગતિકતા માત્રને વળગી રહેવાથી અધિક લાભ મેળવી શકાય તેમ નથી, તેથી જે કંઇ પ્રતિક્રમણ-આવશ્યકાદિ સૂત્રો તથા પ્રકરણાદિકનું પઠન-પાઠન કરાય તે રહસ્ય સમજી વિદ્યાર્થી વર્ગને સમજાવવા અને સારી રીતે તેના ગળે ઉતારવા પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે, એમ થાય તો જ તેને આવશ્યકસૂત્ર અને પ્રકરણાદિકનો બોધ સરલ થાય અને તેથી તેનો અસલ હેતુ પાર પડે, શ્રદ્ધાની શુદ્ધિ-નિર્મળતા થાય તેમજ હેય (તજવા), ઉપાદેય (આદરવા યોગ્ય)નું યથાર્થ ભાન થવાથી આત્મામાં વિવેકકળા જાગે, અને તેથી રૂડું ચારિત્રબળ પ્રાપ્ત કરવાનું સુલભ થાય, એટલે સદ્દર્તન-સદાચારનું સેવન કરવા સાવધાન થવાય.

જે પવિત્ર આશયથી સૂત્રકાર તેમજ પ્રકરણાદિક ગ્રંથકાર મહાશયોએ ઉત્તમ સૂત્ર તથા પ્રકરણાદિક રચી આપણા ઉપર અમાપ ઉપગાર કરેલો છે તે આશય આપણે સિદ્ધ કરવો જ હોય તો જેમ બને તેમ અધિકાધિક કાળજીથી તેનો સામાન્ય વિશેષ અર્થ જાણવા અને તેનું મનન કરવા અને તેમ કરી તેમાંથી સારરૂપ તત્ત્વ આદરવા આપણે અવશ્ય પ્રયત્ન કરવો જ જોઇએ, નહિ તો પોપટના મુખમાં રામની પેઠે આપણે પણ શુષ્ક જ્ઞાની બનવાના અને લગભગ વ્યર્થ કાળક્ષેપ કરવાના. એમ ન થવા પામે અને આપણે સમ્યગ્ (યથાર્થ તત્ત્વ)

જ્ઞાન પ્રાપ્ત કરી સુશ્રદ્ધાળુ તથા સદાચારસંપન્ન બનીએ એટલા માટે ઉકત સૂત્ર તથા પ્રકરણાદિકને તેના રહસ્ય સાથે ગુરૂગમ્ય સમજવા આપણે પૂર્ણ કાળજી રાખવી જોઇએ. જો વિનય બહુમાનપૂર્વક આત્માર્થીપણે તેનો અભ્યાસ કરવામાં આવશે તો એવા શુભ બોધદાયક ગ્રંથમાંથી ભવ્ય જનોને ઘણું જાણવાનું (જ્ઞાન), પ્રતીતિરૂપ કરવાનું (સમ્યકત્વ) અને વિવેકપૂર્વક પ્રવૃત્તિમાં મૂકવાનું (ચારિત્ર) એ પવિત્ર રત્નત્રયી પ્રાપ્ત કરવાનું બની શકશે, અથવા એવા પવિત્ર આશયથી જ સહુ કોઇ આત્માર્થી જનોએ એવા પ્રકરણના અભ્યાસમાં પ્રવેશ કરવો જોઇએ. તેમાં દંડકાદિક દ્વારનો અત્ર પ્રસંગોપાત જણાવવું ઉચિત છે કે છતી બુદ્ધિએ સદ્વિદ્યાથી વંચિત રહેવું એના જેવું બીજું ખેદકારક શું ? હંસની પેઠે વિવેકથી તત્ત્વાતત્વનો વિચાર કરી તેમાંથી સાર તત્ત્વ મેળવી લેવું એ જ બુદ્ધિ પામ્યાનું ફળ છે. વિષય, કષાય, નિદ્રા, વિકથાદિક પ્રમાદ આચરણ તજી, આત્માના એકાન્ત હિત માટે સર્વજ્ઞોક્ત ઉત્તમ વ્રત-નિયમો અંગીકાર કરીને તેને યથાર્થ રીતે પાળવા એ જ આ અમૂલ્ય માનવદેહ પામ્યાનું ફળ છે.

જીવની જડતા દૂર થાય અને નિર્મળ જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય, સુંદર કેળવણીખાતામાં ન્યાયોપાર્જિત દ્રવ્યનો વ્યય કરવો એ જ લક્ષ્મી પામ્યાનું સાર્થકય છે, તેમ જ પ્રાણીઓનું મન પ્રસન્ન થાય અને તેમનું હિત પણ થાય એવું સમયોચિત સત્ય વચન બોલવું એ જ વાચા પામ્યાનું ઉત્તમ ફળ છે. સ્વપરકલ્યાણ માટે સતત ઉદ્યમ કર્યા કરવો, પ્રમાદ રિપુને વશ ન થવું, વિષય આસક્તિથી દૂર રહેવું, અને સદ્ભાગ્ય-

યોગે પ્રાપ્ત થયેલી સકળ શુભ સામગ્રીને સાર્થક કરી લેવી એ જ આ દુર્લભ માનવ ભવ પામ્યાનું ઉત્તમોત્તમ ફળ સમજવાનું છે. શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી કહે છે કે–' મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્ય એ ચાર ઉત્તમ ભાવનારૂપ રસાયણનું સેવન કરવું. પ્રાણી માત્ર ઉપર સમાન ભાવ રાખી તેમનું હિતચિન્તવન કરવું તે **મૈત્રી,** તેમને સુખ સમૃદ્ધિવંત અથવા સદ્ગુણશાળી દેખી દિલમાં પ્રમુદિત થવું તે **મુદિતા** યા **પ્રમોદ,** તેમાંના કોઇને દીન–દુ:ખી દેખી તેમનું દુ:ખ દૂર કરવા તન, મન, ધનથી પ્રયત્નશીલ બનવું તે **કરુણા** અને અતિ નિર્દય–કઠોર પરિણામી પાપી પ્રાણી ઉપર પણ રાગદ્વેષ તજી, તેને કર્મવશ સમજી, સમભાવે રહેવું તે માધ્યસ્થ્યભાવ અતિ લાભદાયક સમજવો, ઉક્ત ભાવના સહિત જે શુભ કરણી કરવામાં આવે તે જ જીવને કલ્યાણકારી નીવડે છે, તે વગરની કરાતી સઘળી કરણી વ્યર્થ ક્લેશ–કષ્ટરૂપ થાય છે. એ મુદ્દાની વાતને ખૂબ લક્ષમાં રાખી સુજ્ઞ ભાઈ બ્હેનોએ એક ક્ષણ માત્ર પણ પ્રમાદ નહિ કરતાં ઉક્ત ઉત્તમ ભાવનારસાયણનું ખાસ સેવન કરવું કે જેથી સ્વપરનું અવશ્ય કલ્યાણ થવા પામે. જ્ઞાની કહે છે કે–છતે કાને જે હિતવચન શ્રવણ ન કરે તે બધિર–બ્હેરો છે, છતી જીભે હિતવચન ન વદે તે મૂક–મુંગો છે અને છતી આંખે અકાર્ય કરે તે અંધ છે. તત્ત્વબોધ પામ્યાનું એ જ ફળ છે કે દુ:ખનો માર્ગ તજી સુખનો માર્ગ સ્વીકારવો. [જૈ. ધ. પ્ર. પુ. ૩૩, પૃ. ૧૩૭]

નવપદસાર.

૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ આચાર્ય, ૪ ઉપાધ્યાય, ૫

સાધુ, ૬ દર્શન, ૭ જ્ઞાન, ૮ ચારિત્ર અને ૯ તપ. એ પવિત્ર નવપદ ભવ્યાત્માઓએ સદાય આરાધવા યોગ્ય છે. અરિહંતાદિક પાંચ ધર્મી અને દર્શનાદિક ચાર ધર્મરૂપ છે. નિશ્ચય ને વ્યવહારથી ઉક્ત નવપદનું સ્વરૂપ અવધારી તેનું તન્મયપણે ધ્યાન–ચિન્તવન કરનાર ભવ્યાત્મા પોતે જ પૂજનિક થવા પામે છે. તેનું સવિશેષ(સવિસ્તર) વર્ણન **નવપદ માહાત્મ્ય**માં સમાવેશિત **પ્રાકૃત નવપદ** પ્રકરણમાં સંક્ષિપ્ત વ્યાખ્યાન સહિત કરવામાં આવેલ છે. દરેક ખપી ભાઇબ્હેને ઉક્ત પ્રકરણને પ્રેમપૂર્વક અભ્યાસવું અને તેમાંનો સાર સમજી તેવા ઉત્તમ ગુણ પોતાના આત્મામાં પ્રગટાવવા પ્રયત્ન સેવવો ઉચિત છે. ઉક્ત પ્રકરણનો લક્ષ્યપૂર્વક અભ્યાસ કરતાં ખરેખર લાભ થવા સંભવ છે. અરિહંત પ્રભુ સન્માર્ગદેશક હોવાથી, સિદ્ધ પરમાત્મા અવિનાશીપણાથી, આચાર્ય મહારાજ શુદ્ધ આચારના પાલનવડે, ઉપાધ્યાય મહારાજ ઉત્તમ પ્રકારના વિનય ગુણવડે અને સાધુ મહારાજ સન્માર્ગમાં સહાયક ગુણવડે ખાસ પૂજવા–માનવા–સત્કારવા યોગ્ય છે. દર્શન–સમકિત, જ્ઞાન–અર્થબોધ, ચારિત્ર–નિજગુણમાં સ્થિરતા અને ઇચ્છાનિરોધરૂપ તપના યથાર્થ સેવનથી પૂર્વે અનંત આત્માઓ પૂર્વોક્ત અરિહંતાદિક પદવી પામીને અવિચળ સુખશાન્તિને પામ્યા છે, વર્તમાનમાં પામે છે અને ભવિષ્યમાં પામવાના છે, તેથી જ તે મુખ્યપણે આરાધ્ય છે. [જૈ. ધ. પ્ર. પુ. ૪૨. પૃ. ૪]

ધર્મરહસ્ય.

સહુને સ્વઆત્મા સમાન લેખી બને એટલી અનુકૂળતા સાચવવી. કોઇને સ્વાર્થવશ પ્રતિકૂળતા ઉપજાવવી નહીં.

પ્રાણાન્તે પણ અસત્ય ન જ બોલવું એવી દૃઢ ટેકવાળા પ્રાણીઓ ધર્મને લાયક છે.

પ્રિય અને પથ્ય(હિત)રૂપ થાય એવું જ તથ્ય-સત્ય બોલવું જોઇએ.

પૈસા અગિયારમો પ્રાણ લેખાય છે. આજીવિકાનું સાધન ખુંચવી લીધા પછી શાના આધારે પ્રાણ ટકી શકે ?

અનીતિ-અન્યાય અને અપ્રમાણિકતા પ્રાણાન્તે પણ આદરવા ન જ ઘટે.

દ્રઢ નીતિથી વર્તન એ જ ઉદયની નિશાની, અને અનીતિભર્યું આચરણ એ નજદીકમાં થનારી પાયમાલીનું લક્ષણ સમજી હિત લાગે તેમ વર્તવું.

પરસ્ત્રીને માતા જેવી લેખવી, વિકારભરી દૃષ્ટિથી તેના પ્રત્યે જોવું ન ઘટે.

પરસ્ત્રી અને વેશ્યાગમનથી કુશીલ બનેલ સ્વચ્છંદી જનોની જલ્દી પાયમાલી થવા પામે છે. માંસ, દારૂ, શિકાર, ચોરી અને જુગાર એ બધાં કુવ્યસનોથી ચેતી દૂર રહેનાર જ સુખી થઇ શકે છે.

કલેશ, કુસંપ, વેરવિરોધાદિકથી સઘળે આ ભવ તેમજ પરભવમાં દુઃખની પરંપરા ચાલ્યા કરે છે. સુસ્નેહ શાન્તિથી જ સુખ સંભવે છે.

લોભ-તૃષ્ણા તજ્યા વગર ખરું સુખ મળતું નથી. ખરી સંતોષવૃત્તિથી જ ખરૂં સુખ મળે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૧૧૧]

સમકિત, સમ્યક્ત્વ અથવા સમ્યગ્દર્શન.

તત્ત્વાર્થ—સર્વજ્ઞકથિત ભાવને યથાર્થ માનવા (જાણવા અને આદરવા બનતો ખપ કરવા) રૂપ **સમકિત** દરેક મોક્ષાર્થી ભવ્ય આત્માએ અમૂલ્ય ચિન્તામણિ રત્નની જેમ યત્નથી સેવન કરવા યોગ્ય છે.

સર્વથા રાગ, દ્વેષ અને મોહવર્જિત, નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્રધારી તથા અનંતી શક્તિ પ્રાપ્ત થયેલ પરમાત્મા સર્વજ્ઞ કહેવાય છે. રાય રંકને ભેદભાવ રહિત જે એકાન્ત હિતકારી ઉપદેશ આપે છે તેવા શુદ્ધ દેવ, ગુરુ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ રાખી તેમણે બોધેલા સત્ય-હિતમાર્ગને યથાશક્તિ સેવવા પ્રમાદ રહિત પ્રયત્ન કરતા રહેવાથી સમકિતની પ્રાપ્તિ, રક્ષા અને પુષ્ટિ થવા પામે છે.

સમકિત સહિત કરાતી ધર્મકરણી મોક્ષદાયક બને છે. અજ્ઞાન, સંશય ને વિપરીત શ્રદ્ધારૂપ મિથ્યાત્વ દોષ તજવાથી જ નિર્મળ સમ્યકત્વ ગુણ પ્રગટે છે. દુર્લભ ને અમૂલ્ય ચીજ પુન્યયોગે ને પ્રયત્નયોગે પામી તેને સાવધાનતાથી સાચવવામાં આવે તો જ તે ટકી રહે છે, અન્યથા તેને અળગી થઇ જતાં વાર લાગતી નથી. સમકિતને સાચવવા માટે ભારે કાળજી રાખવી ઘટે છે. સમકિતના ૬૭ બોલથી તે સિદ્ધ થઇ શકે છે. ઇતિશમ. [જૈ. ધ. પ્ર. પુ. ૩૯, પૃ. ૧૦૯]

સૂક્ત વચનામૃત-ઉત્તમ કરણી કરવાની કળા.

'જબ તું આયો જગતમેં, લોક હસે તું રોય;
એસી કરણી અબ કરો, તુમ હસે જગ રોય.' ૧

જ્યારે તું જન્મ્યો ત્યારે લોકો હસ્યા-ખુશી થયા ને તું રોયો હતો; વિચારીને એવી કરણી કર કે જેથી પછવાડે અથવા તારા મરણ બાદ લોકો રૂવે અને તું આનંદથી મૃત્યુ પામે અર્થાત્ આ જન્મમાં એવી કરણી કરી લે કે જેથી તારી સદ્ગતિ થાય ને લોક પ્રશંસા કરે.

'સાચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ;
જાકે હૃદયે સાચ હય, તાકે હૃદયે આપ.' ૨

પ્રિય, પથ્ય ને સત્ય બોલવું, બોલેલો બોલ ગમે તે ભોગે પાળવો, એ કઠણ તપ છે. એથી વિપરીત બોલવું ને ચાલવું એ મહાપાપ છે. જેના હૃદયમાં સાચ વસ્યું છે તેના હૃદયમાં પ્રભુ પોત વસ્યા જાણવા.

'કહેના મીઠી ખાંડસી, કરના બિખકી લોય;
જ્યું કહેની ત્યું રહેની રહે, તો બિખકા અમરત હોય.'

જીવને કથની કરવી ખાંડ જેવી મીઠી લાગે છે અને કરણી કરવી ઝેર જેવી કડવી લાગે છે; જો કથની પ્રમાણે કરણી કરતાં આવડે તો વિષનું અમૃત થવા પામે. '**જેવી કરણી તેવી પાર ઉતરણી**' જાણી હવે કલ્યાણનો ખરો માર્ગ સ્વીકાર.

'જો તોકો કાંટા બુવે, તોકો તું બો ફૂલ;
તોકો ફુલપે ફૂલ હય, વાકો કાંટા સૂલ.' ૪

જે તને વિઘ્ન કરે-દુઃખ દે તેને તું સુખ-સંતોષ આપજે. તેથી તને પોતાને સુખ-સંતોષ સાંપડશે અને સામાને કાંટા ભોંકાશે-દુઃખ થશે.

'આપન ભૂલે ઠગાઇએ, ઔર ન ઠગિયે કોય;
આપ ઠગાયે સુખ ઉપજે, પર ઠગિયા દુઃખ હોય.' ૫

આપણને સરલ જાણીને કદાચ કોઇ ઠગી જાય કે ઠગવાનો ઘાટ ઘડે તો ભલે, પણ તેનો બદલો વાળવા તેને ઠગવાનો કે દુઃખ દેવાનો વિચાર પણ કરવો નહિ. પોતે ઠગાઇ છૂટવું સારું પણ વંચના-ઠગાઇ-દગાબાજી કરવી બૂરી-દુઃખદાયી છે.

લિખના પઢના ચાતુરી, એ સબ બાતાં સહેલ;
કામ દહન મન વશ કરન, ગગન ચઢન મુશકેલ. ૬

લખવું, ભણવું, ચતુરાઇ કરવી એ સઘળી વાતો સહેલી છે, પણ વિષયવાસના નાબૂદ કરવી, મનને વશ કરવું ને પરમાત્મસ્વરૂપને પામવું એ બહુ મુશ્કેલ છે.

પોથી પઢ પઢ જગ મુવા, પંડિત ભયા ન કોય;
અઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય. ૭

કેવળ પુસ્તકો વાંચી વાંચી જિંદગી પૂરી કરે છતાં પંડિત થઇ ન શકાય, જ્યારે શુદ્ધ-નિઃસ્વાર્થ પ્રેમના માત્ર અઢી અક્ષર સારી રીતે આવડે ત્યારે જ ખરા પંડિત થવાય. કેવળ પોથી-પંડિત મદમત્ત હોય છે ત્યારે શુદ્ધપ્રેમી સુનમ્ર-નિરભિમાની બને છે. પેલો ઉદ્ધત બની આત્માને ભૂલે છે ત્યારે બીજો આત્માને પિછાને છે-પામે છે.

આતમ તત્ત્વ જાને નહીં, કોટી કોટી કથે જ્ઞાન;
તારે તિમિર ભાગે નહીં, જબ લગ ઉગે ન ભાન. ૮

આત્મતત્ત્વને યથાર્થ સમજ્યા વગર ને આત્મામાં લક્ષ્ય-ઉપયોગ જાગ્યા વગર, ગમે તેટલું જ્ઞાન ભણે, ગણે કે કથે પણ તેથી અંતસ્તમ-મોહાંધકાર નાસે નહીં. સૂર્યનો ઉદય ન થાય ત્યાં સુધી ગમે તેટલા તારાઓથી અંધારું નાસે નહીં.

જ્ઞાની ગાથા બહુ મિલે, કવિ પંડિત અનેક;
શમરતા ઔર ઇંદ્રિજિતા, કોટિ મધ્યે એક. ૯

મોઢેથી ખાલી જ્ઞાનની વાતો કરનારા તો ઘણા મળે છે, તેમ જોડકણા કરનારા ને પંડિતમાં ખપનારા પણ અનેક મળી આવે છે, પરંતુ શુદ્ધ સ્વરૂપમાં રંગાયેલા આત્મારામી જ્ઞાનીજનો તેમજ ગમે તેવા વિકારજનક કારણો વિદ્યમાન છતાં તેથી નહીં લેપાતા–વિકાર નહીં પામતા–નિર્લેપ રહેતા–આસક્તિથી અળગા રહેતા–સઘળી ઇંદ્રિયોને કબજે રાખનારા તો કોટિ મધ્યે કોઇક વિરલા જ હોય છે. એવા આત્મારામી ઉત્તમ મહાત્માને શરણે રહેનારનું પણ કલ્યાણ થાય છે.

કુલ મારગ છોડા નહીં, રહા માયામેં મોહ:
પારસ તો પરસા નહીં, રહા લોહકા લોહ. ૧૦

ગમે તેટલું ભણ્યો પણ પોતાના અપલક્ષણો, કુટેવ, કુવ્યસનાદિક તજે નહીં, મોહ–માયામાં જ મુંઝાઇ રહે, આત્મારામી ઉત્તમ જ્ઞાની વૈરાગી સંત મહાત્માનો સંગ ન કરે કે તેમનાથી ખરું આત્મતત્ત્વ ઓળખી ન લે, જ્યાં ત્યાં કેવળ આપબડાઈ જ કર્યા કરે તે અંત સુધી લોઢા જેવો કઠણ હૃદયનો મૂર્ખ ને મૂર્ખ જ રહે. આત્માને બરાબર ઓળખ્યા વગર ને આત્મલક્ષ્ય જાગ્યા વગર ગમે તેટલું ભણ્યુંગણ્યું નકામું, કેવળ ગર્દભ પર ચંદનના ભારની જેમ બોજારૂપ જાણવું. એક ધર્મ–કળા વગરની બીજી ગમે તેટલી કળા નકામી જેવી કહી છે; અને એક ધર્મ કળાવડે બાકીની બીજી બધી કળાની સાર્થકતા થઇ શકે છે. ધર્મકળા પ્રાણસમી અણમૂલી જાણવી

અને બાકીની બીજી બધી કળા ખોળીયાસમી જાણવી. પ્રાણ-સમી ધર્મકળાના યોગે જ બીજી બધી કળાની સાર્થકતા લેખાય.

બડા બડાઇ ના કરે, બડા ન બોલે બોલ;
હીરા મુખસેં ના કહે, લાખ હમારા મોલ. ૧૧

મોટા દિલાવર દિલના ગુણગંભીર સાધુજનો કદાપિ આપ-બડાઇ કરતા નથી, જે પોતાનામાં ન હોય તેનો ખોટો આડંબર–મિથ્યાભિમાન પણ કરતા નથી, અથવા જેનો પોતાનાથી નિર્વાહ થઇ ન શકે તેવા બોલ પણ બોલી નાંખતા નથી, પાળી ન શકાય તેવી પ્રતિજ્ઞા કરતા નથી, જેટલું પળી શકે તેટલું જ કહે છે. અથવા બોલે છે થોડું ને કરે છે ઘણું એવી ઉત્તમ સજ્જનની રીતિ–નીતિને અનુસરીને રહે છે. જેમ ગમે તેવો કિંમતી હીરો હોય પણ તે પોતાનું મૂલ્ય પોતાના મુખથી કહેતો નથી, તેના પરીક્ષક ખરા ઝવેરી લોકો જ ગુણની કદર કરી શકે છે, અને તેનો આદર કરી શકે છે, તેમ ખરા ગુણાનુરાગી સજ્જનો એવા ઉત્તમ ગુણ–ગંભીર જનોને ઓળખી શકે છે.

નિંદા હમારી જો કરે, મિત્ર હમારા સોય;
બિન સાબુ બિન પાનીસેં, મેલ હમારા ધોય. ૧૨

જે કોઇ પરિશ્રમ ઉઠાવી અમારી–અમારા અવગુણની નિંદા કરે છે તે અમારા મિત્ર છે, કેમકે તેઓ સાબુ પાણી વગેરેનું કશું મૂલ્ય લીધા વિના અમારો મેલ ધોવે છે. એવો મિત્ર કોઇ મળે કે જે પોતાના ભોગે–પોતે મલિન બની આપણા દોષ–મળ ધોઇને સાફ કરે ?

અતિ ભલા નહિ બોલના, અતિ ભલા નહિં ચૂપ;
અતિ ભલા નહિ બરસના, અતિ ભલા નહિ ધૂપ. ૧૩

જેમ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ તેમજ અતિતાપ લાભને બદલે હાનિ કરે છે, તેમ વગર જરૂરનું જેમ આવ્યું તેમ બોલ્યા કરવું તેમજ ખાસ જરૂરી વખતે મૌન રહેવું તે પણ સારું નથી.

ઝગરા નિત્ય બરાઇયે, ઝગરા બૂરી બલાય;
દુઃખ ઉપજે ચિન્તા દહે, ઝગરામેં ઘર જાય. ૧૪

કજીયાનું મોં કાળું કરજે—કજીઆથી સદા ચેતીને રહેજે, કેમકે કોઠી ધોતાં કાદવ જ નીકળે. કજીઓ—ઝગડો કરવો એ બૂરી દશા લાવનારી ભારે બલા છે. એનાથી અનેક પ્રકારનાં દુઃખ ઉપજે છે ને ચિન્તા અંતરને બાળી નાંખે છે. અરે! એથી સુખશાન્તિનો, ઋદ્ધિસિદ્ધિનો, માનમરતબાનો—ઈજ્જત-આબરૂનો ને દ્રવ્ય ભાવ પ્રાણનો પણ નાશ થાય છે.

સો કોસ સજ્જન બસે, જાનું હિરદા મજાર;
કુસ્નેહી ઘર આંગને, જાનું દરીયા પાર. ૧૫

ખરા પ્રેમી સજ્જનો ગમે એટલાં દૂર વસ્યા હોય તોપણ જાણે આપણી પાસે જ વસ્યા હોય એવી મીઠાશ—વ્હાલપ ઉપજે છે, ત્યારે માત્ર સ્વાર્થના જ સગા એવા નિઃસ્નેહી અથવા મુખે મીઠા ને દીલમાં જૂઠા એવા કુસ્નેહી જનો ઘરના આંગણા પાસે જ હોય તો પણ તે નકામા ક્લેશકારી થવા પામે છે. એવા કુસ્નેહીની સંગત કરવા દિલ ચાહતું નથી.

જલમેં બસે કુમુદિની, ચંદા બસે આકાશ;
જો જાકે હિરદે બસે, સો તાહિકે પાસ. ૧૬

ચંદ્રવિકાસી કમળ-કુમુદિની જળમાં રહે છે અને ચંદ્ર આકાશમાં રહે છે, તેમ છતાં ચંદ્રને દેખી તે વિકસે છે-પ્રફુલ્લિત થાય છે. તેમ ગમે તેટલા દૂર રહ્યા છતાં જે એક બીજાના હૃદયમાં વસે છે-એક બીજાને ચાહે છે તે તેમની પાસે રહ્યા જેવી મીઠાશ આપે છે.

સજ્જન એસા ચાહિયે, દુભ્યા દે નહિ દોષ;
ખેદ્યા ભેદ્યા દુઃખ દિયા, મધુરા બોલે બોલ. ૧૭

સજ્જન તો એવા હોય કે તેમને દુર્ભાવ ઉપજાવ્યા છતાં તેઓ આપણને દૂષણ દે નહીં, આપણો દોષ કાઢે નહીં, આપણું અહિત તાકે નહીં કે કરે નહીં; પરંતુ તેમને ગમે તેટલો ખેદ ઉપજાવ્યો હોય, તાડના કરી હોય કે દુઃખ દીધું હોય તો પણ તે આપણો વાંક નહીં કાઢતાં પોતાની જ ભૂલ શોધી કાઢી સુધારે, લગારે કડવાશ ન કરે, મોઢું ફેરવી ન બેસે; પરંતુ પોતાની ભૂલ આગળ કરી નમ્રભાવે નિવેદન કરે અને મધુરી વાણી બોલે.

પ્રેમ-પ્રીતસેં જો મિલે, તાકો મિલિએ ધાય;
કપટ રાખકે જો મિલે, તાસેં મિલે બલાય. ૧૮

જે ખરા પ્રેમથી, શુદ્ધ ભાવથી આપણને મળે-મળવા આવે તેમને તારોતાર મેળવી લગારે સંકોચ રાખ્યા વગર ભેટી પડીએ; પરંતુ જે કપટ કેળવી પોતાનો કલ્પિત સ્વાર્થ સાધવા માટે જ મળવા ચાહે એવા સ્વાર્થસાધુને તો દૂરથી જ નમસ્કાર કરવા ભલા. તેમને મળવાથી કે આશ્રય આપવાથી આત્માને સંતોષ મળવાનો સંભવ જ નથી.

દિલભર દિલસેં જો મિલે, જા દિલ દગા ન હોય;
સો દિલ કબુ ન બિસરે, કોટિક કરો જો કોય. ૧૯

જે નિઃસ્વાર્થભાવે ખરા દિલથી મળે છે તેની પ્રીતિ ગમે છે ને નભે છે–રહે છે, વિસારી પણ વિસરતી નથી. બીજી ખોટી પ્રીતિ નથી નભતી.

પ્રેમ છુપાયા ના છુપે, જા ઘટ ઉમગ્યા હોય;
જદિય મુખ બોલે નહિ, નૈન દેત હથ રોય. ૨૦

જેના અંતરમાં શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ પ્રગટ્યો–ઉલસ્યો હોય તે કદાચ મુખથી બોલી ન જણાવે, તો પણ તેના નેત્રમાંથી નિસરતાં પ્રેમાશ્રુ તેની પ્રતીતિ કરાવે છે, તેનું અંતઃકરણ અત્યંત કોમળ બન્યું રહે છે, તેની ખાત્રી તેનાં પ્રેમાશ્રુભીનાં નેત્રો આપે છે, શીતળ અશ્રુબિંદુઓ તેની સાક્ષી પૂરે છે.

ઘડી ચડે ઘડી ઉતરે, વોહ તો પ્રેમ ન હોય;
અઘટ પ્રેમ હિરદે વસે, પ્રેમ કહિયે સોય. ૨૧

જે પ્રેમ–રંગ ટકી ન રહે, ફીક્કો પડે તે ખરો પ્રેમ કહેવાય નહીં, ખરો પ્રેમ તો હૃદયમાં પ્રગટયા પછી કાયમ બન્યો બન્યો જ રહે.

જા ઘટ પ્રેમ ન સંચરે, સો ઘટ જાનું મસાન;
જૈસે ખાલ લુહારકી, સ્વાસ લેત બિનપ્રાન. ૨૨

જેના દિલમાં પ્રેમ સંચાર નથી, કોમળતા નથી, આસ્તિકતા નથી, તે દીલ સૂનું શ્મશાનતુલ્ય જાણવું. લુહારની ધમ્મણ જેમ પ્રાણવગર પણ હવાથી ઊંચી નીચી થયા કરે છે,

તેમ શુદ્ધ તત્ત્વ પ્રત્યે પ્રેમ વગર શૂન્ય હૃદયવાળો જીવ વ્યર્થ શ્વાસોશ્વાસ લીધા કરે છે.

જહાં પ્રેમ તહાં નેમ નહિ, તહાં ન બુદ્ધિ વહેવાર;
પ્રેમ મગન જબ મન ભયા, કૌન પૂછે તિથિ વાર. ૨૩

જ્યાં શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ પ્રગટ્યો ત્યાં કંઇ હદ-મર્યાદા રહેતી નથી, ત્યાં બુદ્ધિ વ્યવહાર-લેવાદેવાની સરત કરી શકાય નહિ, પાલવે નહીં. મન જ્યારે ખરા પ્રેમરસમાં મગ્ન થઇ જાય ત્યારે તિથિ વાર પૂછવાની ગરજ પણ ન રહે. અસીમ પ્રેમનો પ્રવાહ અસ્ખલિત વહેતો જ રહે, ત્યાં તિથિ વાર પૂછવાનો કે નક્કી કરવાનો અવકાશ જ ક્યાં રહે છે?

પ્રેમ બિના નવિ ભેખ કછુ, નાહક કરે સો બાદ;
પ્રેમ ભાવ જબ લગ નહિ, તબ લગ ભેખ સબ બાદ. ૨૪

શુદ્ધ પ્રેમની ભાવના વગર ભેખ ધારણ કરે તો તે ફોગટ આડંબર કરવા જેવો છે, કેમકે જ્યાં સુધી શુદ્ધ તત્ત્વ માટે પ્રેમ પ્રગટ્યો નથી ત્યાં સુધી તેવા બાહ્ય ભેખનો આડંબર માત્ર કરવાથી આત્માનું કલ્યાણ થઇ શકતું નથી.

કાજળ તજે ન શ્યામતા, મુક્તા તજે ન શ્વેત;
દુરજન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત. ૨૫

કાજળ-મશી પોતાની કાળાશ ન તજે અને મુક્તાફળ-મોતી પોતાની શ્વેતતા-સફેદતા ન તજે તેમજ દુર્જન પોતાની દુર્જનતા-દુષ્ટતા ન તજે અને સજ્જન પોતાની સજ્જનતા-ઉત્તમતા ન તજે એવો તેમનો સ્વભાવ છે.

હરદી જરદી ના તજે, ખટરસ તજે ન આમ;
ગુનીજન ગુનકો ના તજે, અવગુણ તજે ન ગુલામ. ૨૬

હળદર પોતાની પીળાશ ન તજે અને કેરી તેની કુદરતી ખટાશ ન તજે; તેમ ગુણીજન–સજ્જન પોતાની સહજ સજ્જનતા તજતા નથી, તેમજ નીચ–નાદાન–ગમાર પોતાની નીચતા–નાદાનતા તજતા નથી.

દુરજનની કરુણા બૂરી, ભલો સજ્જનકો ત્રાસ;
સૂરજ જબ ગરમી કરે, તબ બરસનકી આસ. ૨૭

દુષ્ટ–દુર્જનની ક્ષણિક કૃપા–પ્રસાદી–પ્રસન્નતા મેળવવી તે પણ બૂરી ભયંકર છે, ત્યારે સજ્જન–સાધુ–પવિત્ર આત્માનો લાંબો ત્રાસ–ગુસ્સો સહી લેવો તે સુખકારી છે; કેમકે સૂર્ય જ્યારે ખૂબ તપે છે ત્યારે જ વરસાદ આવવાની આશા રહે છે.

તરુવર કદી ન ફલ ભખે, નદી ન સંચે નીર;
પરમારથકે કારણે, સંતો ધસે શરીર. ૨૮

આંબા વિગેરે વૃક્ષો પોતે પોતાનાં ફળ ખાઇ જતા નથી અને નદીઓ પોતાનું નીર સંઘરી રાખતી નથી, પણ પથ્થર મારનારને પણ વૃક્ષો ફળ આપે છે અને અશુચિ કરનારને પણ નદીઓ જળ આપ્યા કરે છે. તેમ સંત મહાત્માઓ ગમે તેટલી મુશીબતોને સહન કરતાં છતાં બીજાઓનું જેટલું ભલું થાય તેટલું કરવા ચૂકતા નથી. તેઓ પરમાર્થ સાધવા ખાતર પોતાનાથી બને તેટલું સહન કરતા રહે છે, અને તે પણ મનમાં દુ:ખ–દીનતા લાવ્યા વગર જ કરે છે.

તરુવર સરવર સંત જન, ચોથા વરસા મેહ;
પરમારથકે કારને, ચારો ધરિયા દેહ. ૨૯

આંબા વિગેરે શ્રેષ્ઠ વૃક્ષો, સજળ સરોવર, સંત–સાધુજનો અને મેઘરાજ–વરસાદ એ સઘળા પરમાર્થની ખાતર પોતાનું જીવન ટકાવે છે, પોતાના સ્વાર્થની ખાતર નહીં. એ પ્રગટ પ્રત્યક્ષ પ્રમાણુથી નીરખીને આપણે સહુએ આપણાથી બને તેટલું તેનું અનુકરણ કરતા રહેવું જોઇએ, ભલું કરતાં શિખવું જોઇએ ને ભૂંડું કરવાથી વિરમવું જોઇએ. સારા કામમાં બનતી સહાય કરવી ને નબળા કામથી વેગળા રહેવું ખરા ગુણીજનને શોધી તેમને શરણે રહેવું, તેમનો ત્રાસ સહેવો પણ તેમને ત્રાસ ઉપજાવવો નહીં. સદ્ગુણીની પ્રશંસા કરવી, તેમની નિંદા ન જ કરવી. કૃતજ્ઞ થવું પણ કૃતઘ્ન ન થવું. તો જ શ્રેય થવાનું છે એમ સમજવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૪૭]

યાત્રા પ્રસંગે દેવગુરુને ભેટતાં રાખવો જોઇતો વિવેક.

૧ શાસ્ત્રમાં દેવ અને ગુરુને સરખા લેખવા કહ્યા છે. તત્ત્વની ઓળખ આપનાર ગુરુદેવને કોઇક રીતે વધારે ઉપગારી પણ લેખવવા યોગ્ય છે. તે અગત્યની વાત વિસારી દઇ બહુધા શુષ્ક ક્રિયાનું સેવન કરાય છે, તેને બદલે વસ્તુતત્ત્વને ઓળખી આત્મલક્ષપૂર્વક સરસ ક્રિયા–કરણી દોષવર્જિત કરાય તે ખાસ ઇચ્છવા યોગ્ય છે.

૨ યાત્રા પ્રસંગે ‘ જયણા ’ પાળવા બહુ ઓછું લક્ષ્ય રખાય છે. સર્વે જીવો જીવવા ઇચ્છે છે, મરવા નથી ઇચ્છતા તે વિસારી દેવાય છે અને યાત્રાની ગણત્રી ઉપર જ વધારે લક્ષ્ય રખાય છે. તેને બદલે જયણાપૂર્વક પ્રસન્નતાથી સારી યાત્રા કરાય તેવું લક્ષ્ય રાખવું ઘટે છે.

૩ શાસ્ત્રમાં અમુક અવગ્રહ-મર્યાદા-અંતર રાખી દેવ-ગુરુની યોગ્ય સેવા-ભક્તિ-સ્તુતિ-સ્તવનાદિક કરવા ફરમાવ્યું છે. તેમાં પણ બહુધા મંદ આદર થતો જાય છે. દેરાસરમાં ઉત્કૃષ્ટ ૬૦ હાથનો, જઘન્ય ૯ હાથનો અવગ્રહ રાખવા ફરમાન કરેલ છે, તે પ્રમાણે વર્તવાથી આજ્ઞાનું પાલન થાય છે ને આશાતનાથી પણ બચાય છે. તે રીતે જ ગુરુવંદન પ્રસંગે પણ ગુરુનો અવગ્રહ સાચવવા ફરમાન છે. તે મુજબ વર્તવાથી જ લાભ સંભવે છે. એવો ખ્યાલ વંદન કરનારને યથાર્થ આવે એવો સચોટ ઉપદેશ મળવો જોઇએ. તો જ પેસી ગયેલી મંદતા-શિથિલતા ઓછી થવા પામશે; નહિ તો ગૃહસ્થનો પરિચય વધતો જવાથી ધીમે ધીમે ગોટાળો વધી પડવાથી શાસનની હેલના થવા પામશે.

૪ સાત પ્રકારની શુદ્ધિ સાચવવા પૂરતું લક્ષ્ય રાખવું જોઇએ. ન્યાયદ્રવ્યનો પ્રભાવ લોકોના દિલ પર બરાબર ઠસી જવો જોઇએ અને યથાર્થ વિધિ પાળવા તરફ બરાબર રુચિ-પ્રીતિ જાગવી જોઇએ.

૫ શુદ્ધ દેવગુરુ જેવા પવિત્ર થવા અને રાગદ્વેષાદિક દોષો નિવારવા અર્થે જ તેમને ભેટવા જવાનું છે, એવું સદોદિત લક્ષ્ય રહેવું જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૧૧૫]

ગુરૂકુળવાસ પ્રસંગે શાસ્ત્રકારે વર્ણવેલું શિષ્યસ્વરૂપ.

૧ સુશિષ્યો ગુરુમહારાજના આશયના જાણ, ચકોર, ઉપશાન્ત અને કુળવધુની પેઠે કોઇ રીતે ગુરુમહારાજને નહિ તજનારા, વિનય કરવામાં સદાય તત્પર તથા કુલીન-જાતવંત હોય.

૨ ગુરુમહારાજના મુખનો આકાર તથા ઇંગિત જાણી લેવામાં કુશળ, કદાચ પરીક્ષા નિમિત્તે ગુરુમહારાજ કાળા કાગડાને ધોળો કહે તો પણ ગુરૂવચનને ખોટું ન પાડે, પરંતુ એકાન્ત સ્થળે અવસર પામી તેનું રહસ્ય પૂછે એવા વિનીત શિષ્યો હોય

૩ એકદા પ્રસ્તાવે રાજાવડે પુછાયેલા ગુરુએ જયારે શિષ્યને કહ્યું કે–'ગંગા કઇ દિશાએ વહે છે?' ત્યારે શિષ્યે જેમ વિનયપૂર્વક સાંભળી ગુરુમહારાજના કથન મુજબ તે વાતનો બરાબર નિશ્ચય કરીને તે વાત નમ્રપણે ગુરુમહારાજને નિવેદન કરી તેમ સુશિષ્યે વર્તવું. કેમકે **વિનયવૃત્તિમાં જ શિષ્યની ખરી શોભા છે.**

૪ 'હું ગુણવાન છું' એવા અભિમાનથી માતો ને અક્કડ છતો જે ગુરુનો વિનય ન કરે એવો તુચ્છમતિ અવર્ણવાદ–નિંદા કરનારો અને ગુરુની સામે શત્રુતા બાંધનારો તેમજ સ્વચ્છંદે ચાલનારો હોય તે શિષ્ય નહીં પણ શલ્યરૂપ જાણવો.

૫ સારણા, વારણાદિક જેને રુચતાં નથી અને તેમ કરતાં ઊલટો કોપ–ક્રોધ કરે છે, તે પાપાત્મા ઉપદેશને પણ યોગ્ય નથી, તો પછી શિષ્યપણાનું તો કહેવું જ શું? તે તો કેવળ કંટક તુલ્ય જ છે.

૬ જે આપછંદે જાય, આવે ને રહે તેવા સ્વચ્છંદચારી શિષ્યને જાણી જોઇને ગુરુમહારાજે તજી દેવો–તેને ગચ્છ બહાર કરી દેવો; નહીં તો તે સ્વચ્છંદી સાધુ બીજા સારા સાધુઓને પણ બગાડે.

૭ જે ભાગ્યશાળી શિષ્ય જીવિતપર્યન્ત ગુરુકુળવાસને

તજતા જ નથી તેમને અભિનવ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; અને સમ્યક્ત્વ તથા ચારિત્રધર્મમાં વધારે દ્રઢતા થવા પામે છે.

૮ પ્રથમ તો ગુરુવચન સળગતા અગ્નિ સમું તીખું લાગે છે; પરંતુ પરિણામે કમળદળની જેવું કોમળ–શીતળ જણાય છે.

૯ સદ્ભાગી શિષ્યો ગુરુવાસને એવી રીતે સેવે છે કે તેઓ **પંથક** મુનિની પેઠે ગુરુમહારાજને પણ પરમ કલ્યાણકારી જ થાય છે. પરમ વિનીત પંથક મુનિનું પવિત્ર ચરિત્ર **ઉપદેશમાળા**થી જાણી લેવું.

૧૦ સર્વલબ્ધિસંપન્ન શ્રી ગૌતમસ્વામી પ્રમુખ ગણધરો પણ તદ્ભવમોક્ષગામી હતા, તેમ છતાં ગુરુકુળવાસને જ સેવી રહ્યા હતા.

૧૧ ગુરુકુળવાસ તજીને એકલા સાધુ **કુલવાલકની** પેઠે શંકા રહિત અકાર્ય કરે છે અને વ્રતભ્રષ્ટ બની ચાર ગતિરૂપ સંસારમાં રઝળે છે.

૧૨ તેટલા માટે શિષ્ય સાધુજનોએ મોક્ષના આદિ કારણરૂપ ગુરુકુળવાસને જ સેવવો–આદરવો એટલે સદ્ગુરુનું જ શરણ લેવું અને તેમની પાસે જે કંઈ સ્ખલના થઇ હોય, પ્રમાદાચરણ થયેલ હોય, તે નિ:શલ્યપણે–નિષ્કપટપણે–સરલતાથી સારી રીતે આલોચવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૨૨૧]

જિનભવનાદિક નિર્માણ કરવા સંબંધી શાસ્ત્રનીતિ.

ન્યાયસંપન્ન વિભવવાન, મહર્દ્ધિક, પ્રભાવશાળી, રાજમાન્ય અને લોકપ્રિય એવા શાસનરસિક શ્રેષ્ઠી પ્રમુખને જિનભવનાદિક નિર્માણ કરવાના અધિકારી કહ્યા છે. તેવે પ્રસંગે કોઇ પણ કે

મનુષ્યને તે કાર્યમાં રોકતાં કશો ઉપતાપ ન થાય તેવા કોમળ પરિણામ સાથે દરેક કાર્યમાં જીવની યતનાપૂર્વક ઉદાર દિલથી સુનિપુણ સુશીલ કારીગરો પાસે તેમની પ્રસન્નતા જાળવીને કામ લેવું જોઈએ. શાસ્ત્રોક્ત નીતિ મુજબ શલ્યરહિત ભૂમિશુદ્ધિપૂર્વક જિનભવન તૈયાર થયાબાદ તરત થોડા દિવસમાં ઉક્ત જિનભવન મધ્યે સુંદર જિનબિંબની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવાથી તે સુશોભિત બને છે. માંસ-મદિરાથી તદ્દન દૂર રહેનારા કુશળ કારીગરો પાસે જ ઉક્ત જિનબિંબ નિર્માણ કરાવી, તેની ભવ્યમુદ્રા નિરખતાં જ સારા પારિતોષિક (ઇનામ) આપવાવડે તે કારીગરોને સંતોષ આપવો ઘટે. એ જિનભવન ને જિનબિંબ પ્રતિષ્ઠા પ્રસંગે વિધિબહુમાનપૂર્વક પૂજા-પ્રભાવનાદિક યથોચિત કરણી શુદ્ધ લક્ષ્ય સહિત કરવી, જેથી શાસનની ઉન્નતિ-પ્રશંસા થવા પામે તથા તેવી શુભ કરણીનું અનુમોદન કરવાથી અનેક ભવ્યજનો પુન્ય હાંસલ કરી શકે. આજકાલ આવા ઉત્તમ કાર્યોમાં શાસ્ત્રનીતિને અનુસરવાની ઓછી દરકાર કરવામાં આવે છે, જેવાં તેવાં માણસો પાસે જયણાને વિસારી કામ લેવામાં આવે છે. તેને બદલે સ્વપરને ભાવોલ્લાસ પ્રગટે એવી કુશળતાથી શાન્તિપૂર્વક પરંપરાએ અનેક જીવોને કલ્યાણકારક આવા કામમાં ખૂબ કાળજી રાખી જયણા સહિત શાસ્ત્રનીતિથી જ પ્રવર્તવું યોગ્ય છે. પંચાશકાદિકમાંથી તે માટે વિશેષ અધિકાર મળી શકશે. ઇતિશમ્.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૨૮૦]

તાલધ્વજગિરિ.

૧. શત્રુંજયમહાતીર્થથી બહુ દૂર નહીં એવો, શત્રુંજયના ઉત્તમ **૨૧** નામમાં ગણાતો આ **તાલધ્વજગિરિ** નાજુક છતાં કુદરતના અભ્યાસી જનોનું ખાસ ધ્યાન ખેંચે છે. તેનું કારણુ આખો પહાડ નાની મોટી અનેક પુરાણી ગુફાઓનું સ્થાન છે. જો કે તેનો ઉપયોગ સાધુ-મુનિરાજો ધારે તો જ્ઞાન-ધ્યાનની પુષ્ટિ અર્થે બહુ સારો કરી શકે, પરંતુ તે તરફ વર્ત-માન સાધુ-મુનિજનોનું લક્ષ્ય બહુ જ ઓછું રહે છે; તેથી ઉક્ત સકળ ગુફાઓ વપરાશ વગરની રહેતી હોવાથી અન્ય અજ્ઞાન જનો તેનો દુરુપયોગ પણ કરતા જણાય છે એટલે તેમાં દિશા જંગલ પણ જાય છે. એવી અશુચિ થતી અટકે એવી તજ-વીજ કરવામાં આવે તો એ દૈવી ગુફાઓ જોતાં જોનારાઓને બહુ બહુ આહ્લાદ થાય. ખૂબી જેવું છે કે ઉકત ગુફાઓ પૈકી કેટલીકના મુખભાગમાં એક સ્વચ્છ પાણીનું ટાંકું આવેલું હોય છે, તેથી તેમાં નિવાસ કરવા કે તેનો લાંબો વખત લાભ લેવા ઇચ્છનારા ગૃહસ્થજનોને પણ સગવડભર્યું લાગે છે.

૨ ચઢાવમાં આ ગિરિ શત્રુંજય, ગિરનાર પ્રમુખની અપે-ક્ષાએ બહુ ટૂંકો હોઇ, ચઢનાર ગમે તો બાળ, ગ્લાન કે વૃદ્ધ હોય છતાં તેને મુશ્કેલી ભાગ્યેજ પડે છે. તે સુખે સુખે એક કે વધારે યાત્રાઓનો લાભ ધારે તો દિન પ્રત્યે લઇ આનંદ મેળવી શકે છે.

૩ અહીં પુરાતન મંદિરમાં બિરાજમાન પ્રભુ સાચાદેવના નામથી મશહૂર (ઓળખાય) છે, મંદિરની આસપાસ વિશાળ ચોક છે અને બાજુમાં કેટલીએક દેવકુલિકાઓમાં જિનપ્રતિ-માઓ છે. તેમાંની કેટલીએક પ્રતિમાઓ પુરાતની લાગે છે.

૪ ત્યાંથી ઉપરના ભાગમાં એક ટેકરી ઊંચી છતાં, ચઢવાના પગથીયાં સારાં હોવાથી ચઢનારને બહુ ઓછું કષ્ટ જણાય છે. જે લોકો યાત્રાએ આવે છે તેઓ તો હોંશે હોંશે ચઢી ત્યાં ઉપર રહેલ ચઉમુખ બિંબને જુહારે છે. તેમજ શ્રીશત્રુંજય તીર્થરાજનું ઉચ્ચ નાદથી ચૈત્યવંદન સ્તવનાદિ કરી પોતાને ધન્ય–કૃતાર્થ માને છે.

૫ સાચાદેવના મંદિરથી નીચે તળીયામાં અદ્દભુત નવીન મંદિર ત્રણ મજલાનું બનેલું નીરખી તેમજ તેમાં પ્રતિષ્ઠિત કરેલાં પુરાણાં જિનબિંબોના દર્શન–પૂજન કરી યાત્રિકોને અવર્ણ્ય આનંદ પ્રગટે છે. તે મંદિરના ભોંયરામાં તો કોઇ અપૂર્વ શાંતિ અનુભવાય છે.

૬ આવા અપૂર્વ તીર્થસ્થળની યાત્રાનો લાભ દૂરના તેમજ નજદીકના જૈનોએ એક વાર લીધો હોય તો તેનો રસ ભૂલાતો નથી, તેથી વારંવાર તેનો લાભ લેવા મન કરે છે. હાલમાં શત્રુંજયની યાત્રા બંધ હોવાથી બને તેટલો આ તીર્થનો વારંવાર સુજ્ઞજનોએ લાભ લેવો ઘટે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૪૭]

આપણો એક તરણોપાય.

આપણી અસલ સ્થિતિ કેવી ઉમદા હતી ? તેમાંથી સરતા સરતા આપણે કેટલા નીચે ગબડી પડ્યા છીએ અને કેવા કારણથી આપણી આવી દુર્દશા થઇ રહી છે ? તેનો શાંત ચિત્તથી સહુ સહૃદય ભાઇબ્હેનોએ અવશ્ય વિચાર કરવાની અને હવે કોઇ શક્ય ઉપાયથી આપણો ઉદ્ધાર થઇ શકે એમ લાગે તો તે ઉપાય કામે લગાડવાની ભારે જરૂર છે. તીર્થંકર

દેવોના પ્રબળ પુન્યવાળા સમયમાં જૈન શાસનની સ્થિતિ સંપૂર્ણ સંતોષકારી હોય તેમાં નવાઈ નથી, પરંતુ ત્યારબાદ તેમની પટ્ટપરંપરાએ થયેલા કંઈક મહાનુભાવ આચાર્યાદિકના સત્ય સાન્નિધ્યથી શાસનની અને સમાજની સ્થિતિ એકંદર સારી સુખકારી રહેલી લેખી શકાય. એવા ઉત્તમ કલ્યાણ-મિત્રોનો સંયોગ સુખદાયક હોય તેમાં નવાઇ શી ? કાળની દુષમતાને લીધે તેમનામાં જયારથી મોહમાયાવશ સ્વાર્થીપણું દાખલ થયું અને દૃઢ સદ્‌ગુણાનુરાગને બદલે પરસ્પર ઇર્ષ્યા-અદેખાઇ પ્રમુખ દોષોએ જોર પકડયું ત્યારથી કલેશ-કંકાસની સાથે શાસન ને સમાજની સ્થિતિ દિનપ્રતિદિન બગડતી ગઇ અને અત્યારે આપણે સહુ પ્રગટ જોઈ શકીએ છીએ તેમ તેણે અતિ ભયંકર રૂપ પકડયું છે, તેમ છતાં હજુ આપણી આંખ ન ઉઘડે ને એમ ને એમ અનર્થકારી માર્ગમાં વધારે વહેતા રહીએ તો ચાલુ દુર્દશામાં કેટલો બધો ભયંકર વધારો થઈ જશે તેનો ઊંડો વિચાર કરતાં કમકમાટી છૂટે એમ છે. દુરંદેશી શાસનપ્રેમી સહૃદય જનોએ જે જે અનર્થકારી દોષોથી આપણી દુર્દશા થયેલી છે તે તે દોષોને દરેક શકય, સત્ય અને સમર્થ ઉપાયથી દમીને દૂર કરવા ભારે પ્રયત્ન-પુરૂષાર્થ કરવો ઘટે છે. જીવન-મરણ જેવા ભારે ગંભીર પ્રસંગમાં કેવળ ઉપેક્ષા કરી બેસી રહેવું ઘટતું નથી. ત્યાગી વર્ગમાં તેમજ ગૃહસ્થ વર્ગમાં જયારે સ્વેચ્છાચાર પૂરજોશમાં ચાલી રહ્યો હોય, ત્યારે તેની અટકાયત કરવા-કાબૂમાં રાખવા કોઈ સમર્થ પ્રભાવશાળી વ્યક્તિને પ્રમુખપદે (નાયકરૂપે) સ્થાપી તેની હિત સૂચનાઓને અનુસરી ચાલવું જોઇએ, જેથી પરિણામ સુધરે. [જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૩૬૨]

ઉપદેશમાળામાંના હૈયે ધરવા યોગ્ય અમૃતવચનો.

૧ ઉપગાર કરવામાં જેની મતિ છે અથવા ઉપગાર જેને વિસરતો નથી–એવા બે જનો પૃથ્વીને ધારે છે અથવા એમના આધારે પૃથ્વી ટકી રહી છે.

૨ મહાન્ પુરુષોનાં હૃદય વજ્ર કરતાં કઠણ અને કમળ કરતાં કોમળ હોય છે. સત્ય–નિપુણ પ્રતિજ્ઞા પાલનમાં બહુ મજબૂત છતાં દયાર્દ્ર બહુ હોય છે.

૩ પાછલી અવસ્થામાં પણ વૈરાગ્યરંગિત થઇ, ચારિત્ર ધર્મ આદરી તેનું અખંડ પાલન કરે છે તે મહાનુભાવો શીઘ્ર ભવસાગરને તરે છે.

૪ જેમ ચક્રવર્તી ક્ષણવાર વિશાળ રાજ્યઋદ્ધિ તજી દે છે, તેમ અત્યંત દુઃખિત છતાં મોહાન્ધ ભિખારી ભિક્ષા માગવાનું એક તુચ્છ ખપ્પર પણ તજી શકતો નથી.

૫ નિષ્પાપ મનવાળા કોઇને કશી પ્રતિકૂળતા ઉપજાવતા જ નથી.

૬ કેમકે તે પાપકર્મના કટુક વિપાકને સારી રીતે સમજી શકે છે.

૭ સ્વાધીનપણે તપસંયમવડે આત્માને દમવો સારો, કેમકે એથી વધબંધનાદિકવડે પરવશપણે દમાવું ન પડે, એટલું જ નહીં પણ આ લોકમાં અને પરલોકમાં સુખશાન્તિ પમાય.

૮ જે અમૂલ્ય મહાવ્રતોને તજી વિષયસુખને ઇચ્છે છે તે કમનશીબ સાધુ કોટિમૂલ્ય રત્ન વેચીને તુચ્છ કાકિણી ખરીદી લે છે.

૯ ગમે તેવા મનોવાંચ્છિત સુખો જીવિત પર્યન્ત ભોગવ્યા છતાં જીવને તેવડે તૃપ્તિ થતી નથી એમ સમજી તે ક્ષણિક સુખથી વિરમવું જ સારું છે.

૧૦ હીનાચારી સાધુ સાથે આલાપ-સંલાપ, એકત્ર નિવાસ, વિશ્વાસ, પરિચય તથા વસ્ત્રાદિક લેવાદેવાનો વ્યવહાર મહાપુરુષોએ નિષેધ્યો છે.

૧૧ ભોગ-ઋદ્ધિ ને સંપદા સર્વ ધર્મનું જ ફળ છે એમ જાણ્યા છતાં મૂઢમતિવાળા જીવો પાપકર્મમાં રક્ત રહે છે ને દુઃખી થાય છે.

૧૨ સૂત્ર-શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરતો જીવ અતિ ચિકણાં કર્મ બાંધે છે અને માયા-મૃષાને સેવે છે, જેથી તેના જન્મ મરણનો વધારો થયા જ કરે છે.

૧૩ ચક્રવર્તી સઘળું રાજ્યસુખ તજે, પણ શિથિલવિહારી સાધુ દુઃખી થયા છતાં શિથિલપણાને તજતો નથી. (કર્મની કેવી વિચિત્રતા!)

૧૪ જ્યાં સુધી આયુષ્ય બાકી છે અને થોડો ઘણો પણ ઉત્સાહ તન મનમાં રહ્યો છે ત્યાં સુધી તપ-જપ, સંયમ અનુષ્ઠાન સાવધાનપણે સાધી આત્મહિત કરી લેવું, જેથી આગળ ઉપર શશી રાજાની પેઠે શોચ કરવો ન પડે.

૧૫ જિનવચનને નથી જાણતો તે શોચવા યોગ્ય છે; પરંતુ તે જાણ્યા છતાં પણ જે આદરતા નથી તે અત્યંત શોચ્ય છે, કેમકે તે હાથ આવી બાજી બગાડી દે છે.

૧૬ એક પણ દુઃખાર્ત્ત જીવને સન્માર્ગ પમાડનાર મહા-ઉપકાર કરે છે.

૧૭ સમકિતદાયક ગુરુમહારાજનો બદલો વાળી શકાતો નથી.

૧૮ નિકટ ભવીનું એ લક્ષણ છે કે તે વિષયસુખમાં રક્ત ન થાય અને સર્વત્ર તપ-જપ, સંયમાદિક અનુષ્ઠાનમાં બહુ ઉદ્યમ કરતો રહે.

૧૯ અત્યારે જો યથામતિ ને યથાશક્તિ ખંત ધરી ઉદ્યમ નહિ કરીશ તો લાંબો વખત સુધી કાળ ને બળનો શોચ કરતો સતો પસ્તાઈશ.

૨૦ છતી સામગ્રીનો લાભ લેવા ચૂકીશ તો તે પાછી ક્યાંથી સાંપડશે ?

૨૧ યતનાપૂર્વક વર્તતાં નિશ્ચે ચારિત્રધર્મની રક્ષા થઈ શકે છે.

૨૨ ક્રોધાદિક ચારે કષાયોને જીતે છે તે મનુષ્યોને માન્ય ને દેવોને પૂજ્ય થાય છે.

૨૩ ઇન્દ્રિયોને વશ પડવાથી અનેક અનર્થો-કષ્ટો અનુભવવા પડે છે; તેથી તેમને અહિતમાર્ગથી નિવર્તાવી હિતમાર્ગમાં જ પ્રવર્તાવવી યોગ્ય છે.

૨૪ આ ભવ-પરભવમાં નીચ સ્થાનોને પમાડનાર સર્વે મદોને યત્નથી તજવા.

૨૫ પંચવિધ સ્વાધ્યાયવડે રૂડું ધ્યાન થાય છે, સર્વ પરમાર્થ જણાય છે અને સ્વાધ્યાયમાં વર્તતાં ક્ષણે ક્ષણે વૈરાગ્ય જાગ્રત થાય છે.

૨૬ વિનય શાસનનું મૂળ છે. વિનયવંત જ ભાવસાધુ હોઇ શકે છે તો પછી વિનયથી દૂર રહેનારને સત્ય ધર્મ ને તપનો લાભ કયાંથી મળે ?

૨૭ જેમ જેમ શરીર ખમે અને સંયમવ્યાપાર પણ ન સીદાય તેમ વિવેકસર તપ કરવાથી ઘણો કર્મક્ષય અને નિઃસ્પૃહતાથી ઇન્દ્રિયદમન થાય છે.

૨૮ રોગને સહેતાં સંયમવ્યાપાર ન સીદાય અને સહન કરવાની સારી શક્તિ હોય તો તેની ચિકિત્સા કરાવવી નહીં. કર્મનિર્જરાનો એ સાચો માર્ગ છે.

૨૯ નિત્ય શાસનશોભાકારી, ચારિત્રમાં ઉજમાળ અને શુદ્ધ આત્મલક્ષ્યથી સાધુપંથે વિચરતા સાધુઓની સર્વ શક્તિથી સેવા કરવી, તેમજ સંયમમાર્ગમાં શિથિલ છતાં શુદ્ધપ્રરૂપક સાધુની પણ યોગ્ય સેવા કરવી.

૩૦ ગચ્છસેવી, જ્ઞાનઅભ્યાસી, ગુરુસેવી, અનિયતવાસી અને સંયમકરણીમાં સાવધાન–એમાંના અધિકાધિક વિશેષણવાળા સાધુને સંયમના આરાધક કહ્યા છે.

૩૧ મમત્વ ને અહંકાર રહિત સતા જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સાવધાનતાવાળા સાધુ કારણવશાત એક ક્ષેત્રમાં સ્થિર રહ્યા છતાં પણ પૂર્વકર્મદળને ખપાવે છે.

૩૨ ક્રોધ, માન, માયા, લોભ ને પરિસહોને જીતી લેનારા ધીર સાધુઓ વૃદ્ધ અવસ્થાને લીધે એક સ્થળે રહ્યા સતા પણ ચિરસંચિત કર્મદળને ખપાવે છે.

૩૩ પાંચ સમિતિવડે સમિતા અને ત્રિગુપ્તિવડે ગુપ્તા,

સંયમ, તપ ને ચારિત્ર–ધર્મમાં સાવધાનપણે સો સુધી પણ એક સ્થાને વસતા મુનિજનોને આરાધક કહ્યા છે. તેથી એ ફલિત થાય છે કે જિનશાસનમાં એકાન્ત વિધિ નિષેધ નથી કહ્યા; સ્યાદ્વાદપણાથી એમ કહેલ જાણી લાભાકાંક્ષી વણિકની પેઠે કલ્યાણના અર્થી સાધુજનોએ લાભ–હાનિનો વિચાર કરીને લાભદાયક (સંયમરક્ષક ને પોષક) માર્ગ ગ્રહવો ને હાનિકારક માર્ગ તજવો.

૩૪ પરનિંદા, આપબડાઇ, ઇર્ષ્યા–અદેખાઇ, અસહિષ્ણુતા વિગેરે દોષોનું સેવન કરતા રહેવાથી તે વૃદ્ધિ પામી આત્માને ખૂબ નીચો પડે છે.

૩૫ આત્મલઘુતા, પ્રશંસા, દ્રઢ ગુણાનુરાગ, ગંભીરતાદિક સદ્દ્ગુણોનું સતત સેવન કરવાથી આત્મા ઉન્નતિ પામે છે.

૩૬ પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિરૂપે પ્રવચન માતાને સારી રીતે વિવેકપૂર્વક સેવનાર જ્ઞાની સંયમી અક્ષય સંપદાને પામે છે.

૩૭ અકુશળ–દુષ્ટ મનનો નિગ્રહ અને કુશળ મનને આત્મ–કલ્યાણાર્થે પ્રવર્તાવવાથી મનગુપ્તિ લેખાય છે.

૩૮ અકુશળ વચન–વાણીનો નિગ્રહ અને કુશળ વાણીનો આત્મકલ્યાણાર્થે જ પ્રયોગ કરવાથી વચનગુપ્તિ ગણાય છે.

૩૯ કાચબાની પેરે કાયાને–ઇન્દ્રિયોને સંવરી–ગોપવી રાખી તેનો કેવળ આત્મકલ્યાણાર્થે ઉપયોગ કરવાથી કાયગુપ્તિ લેખાય છે. ગુપ્તિનું પાલન એ સાધુનો મુખ્ય માર્ગ છે અને સમિતિનું પાલન કારણવશે અપવાદ માર્ગ છે.

૪૦ માર્ગે જતાં આવતાં નાહક કોઇ જીવની વિરાધના

થવા ન પામે તેવી યોગ્ય સંભાળ રાખી ચાલવાથી ઇર્યા-સમિતિ કહેવાય છે.

૪૧ પ્રિય-મધુર ને હિત, મિત, ખાસ પ્રસંગાગત, નમ્રતાથી વિચારપૂર્વક ધર્મસંયુક્ત વચન વદવાથી ભાષાસમિતિ લેખાય છે.

૪૨ સંયમ-દેહની રક્ષા અર્થે શુદ્ધ નિર્દોષ આહાર-પાણીની ગવેષણા કરવી તે એષણાસમિતિ કહેવાય છે.

૪૩ સંયમરક્ષક ઉપકરણો ઉપયોગ વગર લેતાં મૂકતાં અન્ય જીવોની વિરાધના ન થાય તેવી સંભાળ રાખવાથી ચોથી સમિતિ સચવાય છે.

૪૪ મુખ, નાક પ્રમુખનો મેલ તથા લઘુનીતિ ને વડીનીત્તિ નિર્જીવ સ્થાને વિવેકપૂર્વક પરઠવવાથી પાંચમી સમિતિ સચવાય છે.

૪૫ સામાયક, પૌષધાદિ પ્રસંગે ગૃહસ્થને પણ ઉક્ત અષ્ટ પ્રવચન માતાનું પાલન કરવાનું પ્રાપ્ત થાય છે. જે અભય આપે છે તે અભય બને છે. [જૈ. ધ. પ્ર. ૩ ૪૪, પૃ. ૨૪૪]

એક ઉદાર તત્ત્વવેત્તાનાં બોધવચનો.

૧. પરમાત્માને તેના ખરા સ્વરૂપમાં ઓળખવાથી જ તમે મૃત્યુથી તથા દુઃખથી બચશો અને મોક્ષને-સર્વોચ્ચ આનંદ-સ્વરૂપતાને પ્રાપ્ત થઈ શકશો.

૨. સત્ય સર્વત્ર એક જ છે અને ખરો ધાર્મિક અનુભવ સર્વ સ્થળે સરખો જ છે.

૩. તત્ત્વજ્ઞોએ પોતાના અનુપમ તત્ત્વજ્ઞાનને ચારિત્રમાં ઉતારી તે જ્ઞાન-ચારિત્રનો અખિલ જગતને બોધ આપીને સમસ્ત માનવજાતિના ગુરુ થવાનું છે.

૪. ખરેખરો સુધરેલો મનુષ્ય તે છે જેણે પોતાના મન ઇન્દ્રિયોને જીતેલ છે.

૫. તમે ગમે તેટલી પ્રવૃત્તિ કર્યા કરો, પણ તેમાં જ્યાં સુધી નિષ્કામતા કે નિઃસ્વાર્થતાને સ્થાન નહીં આપો ત્યાં સુધી તમારી સઘળી પ્રવૃત્તિઓ અધોગતિને જ પ્રાપ્ત કરાવનારી છે. મતલબ કે આપણે નિષ્કામી યા સ્વાર્થત્યાગી થતાં શિખવાની જરૂર છે.

૬. સર્વોપરી-સર્વોપયોગી નિષ્કલંક ધર્મ પ્રભુ અને પ્રભુતુલ્ય પ્રાણીવર્ગ પ્રત્યે પ્રેમ અને અત્યંત પવિત્રતા ઉપર રચાયેલો છે, તેનો અનુભવ કરો.

૭. તમે સત્યને માર્ગે તમારું જીવન ગાળો અને તમારા આત્મામાં પ્રકાશ ઉત્પન્ન કરી મૂકો.

૮ સત્ય તે તમારા હૃદયમાં જ છે. તમારો પંથ તમને તે બતાવશે નહીં પણ તેને શોધી કાઢીને તમારા પંથમાં દાખલ કરવું જોઇશે.

૯ ખરો શિષ્ય જ બેશક ખરો ગુરુ બની શકશે. મન જીત્યું તેણે સઘળું જીત્યું.

૧૦. રાગ દ્વેષ-અહંતા મમતાથી રહિત થયેલા મનુષ્યો જ જગતને ઉપકારક હોઇ શકે. તેમનાં જ કાર્યો ઉચ્ચ ને દિવ્ય બની શકે. બીજા જેવાતેવાનાં નહીં.

૧૧. હિન્દમાં સઘળાં કાર્યોનું કેન્દ્રસ્થાન ધર્મ જ હોવું જોઈએ. હિન્દમાં જે વીરતાના જુસ્સાની જરૂર છે તે પણ ધર્મ ભાવનાની જાગૃતિ વગર આવવો અશક્ય છે.

૧૨. તમારા હૃદયમાં સ્વધર્મને માટે સાચી લાગણી હોય તો તમે સ્વધર્મી બંધુને સ્વધર્મમાં દ્રઢ-સ્થિર કરવા પ્રયત્ન કરો; તેને પરધર્મમાં વટલવા દેશો નહીં.

૧૩. તન-મનથી નિર્બળ એવા મનુષ્યો આત્માનો સાક્ષાત્કાર કદી કરી શકવાના નથી, તેથી જ તન-મનને કસી મજબૂત બનાવવાની જરુર છે, જેથી તે પોતાના કાબૂમાં આવે.

૧૪. આત્માવડે આત્માનો ઉદ્ધાર કરો. દરેક માણસને તેની મુક્તિ માટે પ્રયાસ કરવા દો.

૧૫. તમારું બ્રહ્મચર્ય તમારી નસોમાં વ્યાપી રહેલા અગ્નિના જેવું તેજસ્વી હોવું જોઈએ.

૧૬. આત્મશ્રદ્ધાવાળા મનુષ્યને માટે કશું અશક્ય નથી. પોતાનામાં અમોઘ સામર્થ્ય છે, પણ તે છુપાયેલું છે તેને પ્રગટ કરવા પ્રયત્ન કરો.

૧૭. આત્મશ્રદ્ધા ખોનાર મનુષ્યનો ને પ્રજાનો જલ્દીથી નાશ થઈ જાય છે.

૧૮. લાગણીવાળા હૃદયની, વિવેકભરી બુદ્ધિની ને કામ કરવાને સશક્ત શરીરની આપણને જરૂર છે.

૧૯. મહાપુરુષો જ્યાં જાય છે ત્યાંનું વાતાવરણ પવિત્ર સ્વર્ગ સમાન જ કરી મૂકે છે, માટે જાગૃત બનો અને કર્ત્તવ્ય-પરાયણ થાઓ. [જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૧૭૫)

હૈયે ધરવા યોગ્ય અમૃતવચનો.

૧ આળસ ને નિરુદ્યમીપણાથી પરિણામ ભારે ભયંકર આવે છે, તેથી જ નીતિજ્ઞો કહે છે કે ‘ આળસ સમાન શત્રુ નથી અને ઉદ્યમ સમાન મિત્ર નથી. ’ એ સમજી સાવધાન થવું.

૨ ‘ પરકી આશા સદા નિરાશા ’–કોઈ બીજા ઉપર આધાર રાખી, નિરુદ્યમી બેસી રહેવાથી વધારે ખરાબી થાય છે.

૩ જેમ બને તેમ મન અને ઇન્દ્રિયનિગ્રહરૂપ સંયમ આદરીને, સાદાઇભરી રીતભાતથી સહેજે સ્વાશ્રયી બનાય છે.

૪ પોતાના પુનિત પુરુષાતનવડે ગમે તેવી ને ગમે તેટલી કુટેવોમાંથી મુક્ત થઇ સુખી જીવન ગાળી શકાય છે. કુટેવરૂપી જાળને જરૂર તોડવી જોઇએ.

૫ સ્વાશ્રયી થનાર જ મુક્તિ મેળવે છે, દીન–રાંક રહેનાર તો નહિ જ.

૬ રાગ–દ્વેષ ને મોહવશ થઇ, જીવ ભવફંદમાં પડેલ છે, તેમાંથી મુકત થવા ઇચ્છનારે રાગ–દ્વેષ ને મોહને જીતવા જોઇએ.

૭ માયા–મમતાને વધારતો જીવ ભવભ્રમણને વધારતો જાય છે અને સુવિવેકવડે તેને સંકેલતો જીવ તેથી બચી શકે છે.

૮ શાસ્ત્રકાર સમતાને અમૃત ને મમતાને વિષ કહે છે, સમતાવડે આત્મલાભ ને મમતાવડે આત્મહાનિ થાય છે.

૯ સમતારસમાં નિમગ્ન સાધુજનો પરમ સુખી હોય છે અને મોહ–મમતામાં મુંઝાયેલ મોટા દેવો, ચક્રવર્તી ને વાસુદેવ પ્રમુખને પણ અપાર દુઃખી જાણી સમતાનું બને તેટલું

સેવન કરવા સદાય લક્ષ્ય રાખવું. ટુંકાણમાં સુખનું મૂળ સમતા ને દુઃખનું મૂળ મમતા છે.

૧૦ ખરી વાસ્તવિક સમતાથી દુઃખમાત્ર શમી જાય છે.

૧૧ ખરી સમતાયોગે ગમે તે પુરુષ કે સ્ત્રી ગમે તે સ્થળે ગમે તે દર્શનમાં પરમ શાંતિ મેળવી શકે છે.

૧૨ શુદ્ધ આત્મતત્ત્વની ઉપાસનાવડે સમતા પમાય છે.

૧૩ શુદ્ધ દેવ, ગુરુ ને ધર્મ સમતાના સાગરરૂપ છે.

૧૪ સમતાના અર્થીજનોએ સમતાના સાગરરૂપ શુદ્ધ વીતરાગ દેવ, શુદ્ધ નિર્ગ્રંથ ગુરુ ને શુદ્ધ અહિંસાધર્મને શુદ્ધ નિષ્ઠાથી સેવવા જોઇએ; તથા અશુદ્ધ દેવ, ગુરુ, ધર્મથી વિરમવું જોઇએ.

૧૫ જેમ સુવૈદ્યનાં હિતવચનને બરાબર અનુસરવાથી વ્યાધિનો જલ્દી અંત આવે છે તેમ શુદ્ધ દેવગુરુનાં એકાન્ત હિતવચનોને બરાબર ટેકથી અનુસરતાં સર્વ દુઃખનો અંત થાય છે.

૧૬. પાત્રતા વગર પ્રાપ્તિ થતી નથી ને થાય તો તે ટકતી નથી.

૧૭. પાત્રતા વગરની મહેનત એકડા વગરના મીંડા જેવી છે.

૧૮. આથી જ શાસ્ત્રકારોએ પ્રથમ પાત્રતા માટે જ ખૂબ ભાર મૂક્યો છે, તેથી તેમાં દૃઢ આદર કરવો જોઇએ; તે વગર કરાતી કરણી પાયા વગરની ઇમારત જેવી લેખાય છે.

૧૯. ન્યાય-નીતિ-પ્રમાણિકતા તો ધર્મના મૂળ પાયારૂપ કહેલ છે, તેમ છતાં તેનો અનાદર થતો કેટલો બધો જણાય છે?

૨૦. દૃઢ ગુણાનુરાગથી જ આગળ વધી શકાય તેમ છે,

તેમ છતાં તેમાં કેટલી બધી ન્યૂનતા રહે છે તે અંતરદષ્ટિથી જ સમજી શકાશે.

૨૧. દયા, લજ્જા, કૃતજ્ઞતા, વિનય, દાક્ષિણ્યતા, મધ્યસ્થતા, સરલતા, સત્યનિષ્ઠતા, દીર્ઘદર્શિતા, પરોપકારશીલતા, ગંભીરતા, સુદઢતા ને ચકોરતા વિગેરે અનેક ગુણોના અભ્યાસથી જ ખરી પાત્રતા મેળવી પ્રમાદ રહિત સ્વધર્મનું સેવન કરવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૨૯૯]

ખરું ધ્યાન ને ભજન

ધ્યાન એટલે પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન-એકાગ્ર થવું અને જડ-અનાત્મ ભાવનો નાશ-કરવો. મન-વચન-કાયાની એકાગ્રતા(એકતા)થી હૃદયનો સાચો સહચાર હોય તો ધ્યાન સાચું-સફળ થાય છે. તે વગરનું ધ્યાન તો કાચું-નિષ્ફળ હોય છે. મુમુક્ષુ આત્મા એક સત્યનો જ સહચારી હોય છે; માટે ધ્યાન, શુદ્ધ આત્મા સિવાય બીજા કોઇનું કરવું નહિ. તે જ સાચું-સફળ ધ્યાન છે, કે જેથી આત્મા પરમાત્મા દશાને પામી શકે છે.

શાશ્વત વસ્તુને ખરા ભાવથી ભજવું-ચાહવું અને તેની ખાતર સર્વસ્વનો ભોગ આપવો તેનું જ નામ ખરૂં ભાવ-ભજન છે. શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમનું એ પરિણામ છે. તે વગરનું બાહ્ય દેખાવરૂપે લોકરંજનાર્થે કરાતું ભજન તો આત્મપ્રતારણા જેવું છે. જેમાં પરમાત્મા પ્રત્યે અનહદ પ્રીતિ ઉભરાય અને બાહ્ય પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે કે તજ્જનિત સુખો પ્રત્યે ઉદાસીનતા-

બેપરવાપણું પ્રગટે તે જ સાચું ભાવ—ભજન લેખાય. એવા ભાવ-ભજનયોગે આત્માની તન્મયતાથી જીવનું શીઘ્ર કલ્યાણ થાય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૩૦૮]

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વિરચિત વિચારબિન્દુમાંથી ઉધ્ધૃત.

૧. **ઉત્સૂત્રભાષીને** પરિણામ વિશેષે સંખ્યાતાદિક ત્રિવિધ (સંખ્યાત, અસંખ્યાત અને અનંત) સંસાર(ભ્રમણ) સંભવે. અનંત તો વ્યવહાર ભાષાએ કહીએ.

૨. ઉત્સૂત્રભાષણાદિવડે કરેલા પાપનાં પ્રાયશ્ચિત આશ્રી પણ પરિણામવિશેષને જ અનુસરવું. પ્રવ્રજ્યામાં બધાં પ્રાયશ્ચિત આવી જાય છે.

૩ અનાભોગ(અવ્યક્ત)મિથ્યાત્વ, તથા બીજા ચાર સાંશયાદિક વ્યક્ત મિથ્યાત્વ તે બધાં અભવ્ય અને ભવ્ય એ બન્નેને હોય.

૪. નિગોદમાં રહેનારા જીવો બે પ્રકારના છે: વ્યવહાર-રાશિના અને અવ્યવહારરાશિના. તેમાં જે વ્યવહાર રાશિના જીવો છે તે નિગોદથી નીકળીને શેષ જીવરાશિ મધ્યે ઉત્પન્ન થાય છે. તેમાંથી નીકળીને કેટલાએક ફરીને પણ નિગોદ મધ્યે આવી ઉત્પન્ન થાય છે. ત્યાં પણ ઉત્કૃષ્ટા આવળીના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ પુદ્ગલપરાવર્તો સુધી રહી, તેમાંથી નીકળી, ફરી પાછા નિગોદમાં ઉપજે છે. એમ વારંવાર વ્યવહારરાશિવાળા જીવોની ગતિ—આગતિ થયા કરે છે. એ વચન-

થી વારંવાર વ્યવહારરાશિવાળા જીવોને અનંત પુદ્ગલપરાવર્તો પણ થવા સંભવે.

૫. બાદર નિગોદ જીવોને અવ્યવહારરાશિના ન કહેવાય.

૬. અનભિગ્રહિક મિથ્યાત્વને અભિગ્રહિક મિથ્યાત્વ સરખું ભારે ન કહેવું.

૭. માર્ગાનુસારીપણું અન્ય ધર્માચરણ કરતાં ન હોય, એમ એકાન્ત ન ધારવું, એમ યોગબિન્દુ ગ્રન્થમાં કહ્યું છે.

૮. **પતંજલિ** પ્રમુખને શ્રી હરિભદ્રસૂરિએ માર્ગાનુસારી કહ્યા છે, જે મિત્રાદિક દૃષ્ટિયોગે (યોગદૃષ્ટિસમુચ્ચય મધ્યે.)

૯. અપુનર્બંધકાદિકથી માંડીને ૧૪ મા ગુણસ્થાનક સુધી જે જે ભાવો છે તે સર્વે શાસ્ત્રમાં અનુમોદન યોગ્ય કહ્યા છે. (પંચસૂત્ર તથા ચઉસરણ પયન્નાદિક મધ્યે)

૧૦. અપક્ષપાતીને પરસમય ક્રિયાએ પણ માર્ગાનુસારીપણું ન ટળે. તે મધ્યે પણ નિશ્ચય ભાવ જૈનનો છે એમ સદ્દહવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૬૪]

ચોથી મધ્યસ્થ ભાવના.

(શાન્તસુધારસ-ભાવના અંતર્ગત.)

૧ જે **મધ્યસ્થતાને** પામી શ્રમિત જનો વિશ્રામ પામે છે અને રોગી જનો પ્રીતિ પામે છે તેવું મધ્યસ્થપણું રાગ-દ્વેષ-કષાય દોષનો રોધ કરવાથી લાભી શકે છે અને તેવું મધ્યસ્થપણું કલ્યાણરુચિ એવા અમને સદા-સર્વદા પ્રિય છે.

૨ જગતમાં મર્મ ભેદનારાં-ભિન્નભિન્ન કર્મયોગે શુભાશુભ ચેષ્ટાઓવડે વર્તનારા, ભિન્નભિન્ન પ્રકૃતિના જીવો રહેલા છે. તેમાં કોની કોની સ્તુતિ કરવી અથવા કોના કોના ઉપર રોષ કરવો ? સુબુદ્ધિ જનોએ કોઈના ઉપર રોષ-તોષ કરવો ન ઘટે.

૩ વીર પરમાત્મા વિપરીત પ્રરૂપણા કરનારા સ્વશિષ્ય **જમાલિને** પણ રોકી શકયા નહિ તો પછી બીજો કોણ કોનાવડે પાપકર્મથી રોકી શકાય ? એમ સમજી મધ્યસ્થતા જ આદરવી હિતકારી છે.

૪ પ્રબળ શક્તિવાળા અરિહંત ભગવાન પણ શું બળાત્કારે ધર્મ-ઉદ્યોગ કરાવે છે ? નહીં જ. તેઓ તો શુદ્ધ-નિર્દોષ ધર્મોપદેશ આપે છે. જે ભવ્યાત્માઓ તે મુજબ વર્તે છે-પ્રભુવચનને અનુસરે છે તે સંસારસાગરનો પાર પામી જાય છે.

૫ તે માટે હે સજ્જનો ! ઉક્ત ઓદાસિન્યરૂપ અમૃત-નિચોળનું વારંવાર સેવન-આસ્વાદન કરવું. જેથી આનંદની ઊંચી લહેરોમાં મહાલતો તમારો આત્મા મુક્તિસુખ પામે.

* * * *

ઔદાસિન્ય યા મધ્યસ્થતા અષ્ટક.

૧ હે આત્મા ! તું ઓદાસિન્યરૂપ ઉદાર અચળ સુખનો અનુભવ કર, કારણ કે તે મોક્ષ સાથે મેળવી આપનાર, સિદ્ધાન્તના સારરૂપ અને વાંછિત ફળ દેવાવાળા કલ્પવૃક્ષ સમાન છે.

૨ પરચિન્તા-જાળનો તું પરિહાર કર અને નિજ અવિકારી આત્મસ્વરૂપનું ચિન્તન કર. કોઇ મુખથી મોટી વાતો કરે છે

પણ કંઇ હિતકાર્ય કરી શકતા નથી ત્યારે પુરુષાર્થી જનો સારભૂત મહત્ત્વનું કાર્ય કરી દેખાડે છે.

૩ જે કોઇ હિત–ઉપદેશને ન સહે–ન આદરે તેની ઉપર તું કોપ કરીશ નહીં. નકામી પરચિન્તા કરવાવડે પોતાના સ્વાભાવિક સુખનો લોપ કેમ કરે છે ?

૪ કેટલાક મૂઢજનો શાસ્ત્રનો અનાદર કરી શાસ્ત્રવિરુદ્ધ (ઉત્સૂત્ર) ભાષણ કરે છે તે મુગ્ધજનો નિર્મળ જળપાન તજી, લઘુનીતિ(મૂત્ર)નું જ પાન કરે છે એમાં આપણે શું કરીએ ? એમાં તેમના કર્મનો જ દોષ છે.

૫ પોતાની થવાની ગતિને અનુસારે મન–પરિણામ વર્તે છે, જેવી ગતિ તેવી મતિ થાય છે, તે તું કેમ જોતો–સમજતો નથી ? જીવનું જેવું પરિણામ આવવાનું હોય છે તે તારાથી કોઇ રીતે મિટાવી શકાય એમ નથી.

૬. આનંદદાયી સમતાને તું દિલથી રમાડ અને માયા–જાળને સંકેલ, તેનો ત્યાગ કર. તું પુદ્ગલપરાધીનતા નકામી ભોગવે છે. આયુ અલ્પ છે.

૭. અંતરમાં રહેલ મનોહર ચેતન એ જ અનુપમ તીર્થ છે એ વાતને યાદ કર. ચિરકાળ શુદ્ધ પરિણામને ધારણ કરી રાખ, જેથી તું શાશ્વત મોક્ષસુખ પામીશ.

૮. પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાના નિદાન(મૂળ કારણ)-રૂપ, પ્રગટ કેવળ વિજ્ઞાન આપવાવાળા વિનયવિજયજી ઉપાધ્યાયવડે વિવેચન કરાયેલા શાન્ત સુધારસનું પાન હે ભવ્ય-જનો ! તમે પ્રેમપૂર્વક કરો. [જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૫૬]

ખરું સુખ

૧. જે સુખ આત્માને આધીન છે તે સ્વતંત્ર સ્વાભાવિક સુખ જ સાચું છે, બાકીનું બધું પરાધીન સુખ ફક્ત કલ્પિત, તુચ્છ અને ક્ષણિક-જોતજોતામાં હતું-નહોતું થઈ જાય એવું વૃથા નામમાત્ર છે.

૨. મોટા તેજસ્વી રાજાઓને પણ અન્ય વસ્તુ(રાજયાદિક)ને આધીન જે સુખ છે તે ઉપાધિમય હોઇ કષ્ટરૂપ જ છે, એમ વિચારી આત્માને આધીન જે સ્વાભાવિક સુખ છે તેનો જ સ્વીકાર કરવો ઘટે છે.

૩ આત્માને આધીન તે જ સુખ અને પરાધીન સઘળું દુઃખ સમજનારા ક્ષણિક અને કલ્પિત એવા તુચ્છ વિષયાદિક સુખમાં કેમ જ મુંઝાય ? તેમાં તેઓ કેમ રતિ-પ્રીતિ-આસક્તિ ધારણ કરે ?

૪. નિઃસંગતા-વિરક્તતાથી મોક્ષદાયક ખરું સુખ સાંપડે છે અને પરમાં રતિ-પ્રીતિ-આસક્તિ કરવાથી સંસારની વૃદ્ધિ કરનારું જન્મમરણજનિત અનંત દુઃખ પ્રાપ્ત થાય છે.

૫. જ્ઞાની-વિવેકી જનો ગમે તેવા સુખ-દુઃખ પ્રસંગે સિંહવૃત્તિ ધારણ કરી સમતાયોગે કર્મની ભારે નિર્જરા કરે છે અને અજ્ઞાની-અવિવેકી જનો નીચ શ્વાનવૃત્તિવડે નવો કર્મબંધ કરતા રહે છે.

૬. જ્ઞાની-વિવેકી જનો પ્રાપ્ત પુન્યસામગ્રીનો સારામાં સારો ઉપયોગ કરી પોતાનું કલ્યાણ સાધે છે પણ અજ્ઞાની-અવિવેકી જનો તેને વૃથા ગુમાવે છે અથવા સ્વચ્છંદપણે તેનો ગેરઉપયોગ કરે છે.

૭. મહાવીરસ્વામી પ્રમુખ પરમ પવિત્ર પુરુષોનાં ચરિત્ર વાંચી-સાંભળી-તેનું મનન કરી જેમ બને તેમ શીઘ્ર ચેતી, સ્વચ્છંદતા તજી, પ્રમાદ રહિત સત્ય સ્વાભાવિક સુખ પ્રાપ્ત કરવા માટે સુજ્ઞ જનોએ સફળ પ્રયાસ કરવાનું લક્ષ રાખવું જોઇએ. [જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૩૨૫]

શ્રી આચારાંગ ભાષાન્તરકારના હૃદયના ઉદ્‌ગારો

૧ જગતમાં રહેલા તમામ જીવો સુખ પામો, તેમના તમામ દુઃખ-દરદો દૂર થાઓ અને તેઓમાં સત્ય જ્ઞાનનો પ્રકાશ થાઓ, એ અમારી પહેલી ભાવના છે.

૨ ધર્મશાસ્ત્ર અને સાયન્સ(સિદ્ધપદાર્થ વિજ્ઞાનશાસ્ત્ર)નો જ્યાં પરસ્પર વિરોધ પડતો હોય, તેવા સ્થળે ધર્મશાસ્ત્રમાં વપરાયેલી ગુપ્ત (સાંકેતિક) ભાષા લક્ષમાં લઇ તેના સમ્યગ્ અર્થ કરવા માટે ખરેખર બુદ્ધિમાન મહાપુરુષો આ ભૂમંડળ ઉપર અવતરો, તેઓ મુગ્ધ શ્રદ્ધાએ ન દોરાતાં ખરૂં સત્ય શોધીને સત્યને જ કાયમ રાખવા. દરેક ધર્મશાસ્ત્રની ગુપ્ત વાણીના તે તે દેશકાળને અનુસરતા ઘટિત અર્થ બતાવીને જનમંડળમાં વ્યાપી રહેલા મિથ્યાત્વ(જૂઠ અને વ્હેમ)નો ઉચ્છેદ કરો, એ અમારી બીજી ભાવના છે.

૩ ધર્મવિરોધ દૂર થાઓ. સઘળા ધર્મોમાં દયાનો મહિમા દૃઢમૂળ થાઓ. સઘળા ધર્મોમાં સત્યના મૂળ શોધાઓ અને એ રીતે સઘળા ધર્મો દયા અને સત્યના મજબૂત પાયા પર સ્થાપિત થઇ ધર્મૈકયતા કાયમ થાઓ, એ અમારી ત્રીજી ભાવના છે.

૪ જૂદા જૂદા ધર્માનુયાયીઓમાં અરસપરસ દેખાતા ધર્મદ્વેષ દૂર થાઓ, ભ્રાતૃભાવ સ્થાપિત થાઓ, સલાહ-સંપ કાયમ રહો અને દુર્ગુણો દૂર થઇ સદ્‌ગુણનો સંચાર થાઓ, એ અમારી ચોથી ભાવના છે.

૫ દુનિયાભરમાં આલસ્યનો નાશ થાઓ, ઉદ્યમની વૃદ્ધિ થાઓ, વિદ્યાનો વિકાસ થાઓ, સત્યનો પ્રકાશ થાઓ અને એ રીતે ધર્મનો જય થાઓ. એ અમારી પાંચમી ભાવના છે.

૬ ભવિષ્યની પ્રજા આપણા કરતાં આગળ વધો, આપણા કરતાં વધુ જ્ઞાન મેળવો, આપણા કરતાં વધુ સત્ય શોધન કરો, **किं बहुना ?** આપણા કરતાં બળ, બુદ્ધિ, વિદ્યા, કળા, વિજ્ઞાન, વૈભવ, સુખ-સંપત્તિ, રંગ, રૂપ, હોંશ, હિંમત વિગેરે તમામ રૂડી બાબતોમાં આગળ વધીને આપણા કરતાં વધુ આયુષ્ય ભોગવો અને આપણા મૂકેલાં અધૂરાં કામોને પરિપૂર્ણ કરો તથા આપણે સ્વપ્ને પણ નહિ જોયેલી અજબ શોધો કરીને જગદ્‌વિખ્યાત થાઓ, એ અમારી છઠ્ઠી અથવા છેલ્લી ભાવના છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૭]

સમકિત-રત્નની પ્રાપ્તિ દુર્લભ છે.

૧ ક્રોધાદિક કષાયનું ઝેર ટાળવા સમર્થ ઉપશમ-અમૃતનું સેવન કરવાની રુચિવાળા જીવને સમકિત-રત્ન લાભી શકે છે.

૨ ક્રોધાદિક કષાયની ભયંકરતા યથાર્થ સમજાતાં એવી ઉત્તમ રુચિ પ્રગટ થાય છે અને મિથ્યાત્વનું ઝેર દૂર થતાં જ

સમકિત ગુણ પ્રાપ્ત થાય છે. તેનાં પાંચ લક્ષણોને બરાબર સમજી સુજ્ઞજનોએ તેનો આદર કરવા દૃઢ પ્રયત્ન કરવો જોઇએ.

૩ પહેલું લક્ષણ-**ઉપશમ** આત્મામાં આવવાથી સામા અપરાધી જીવનું મનથી પણ અહિત કરવા ચિન્તવન થવા પામે નહીં. બની શકે તેટલું તેનું હિત ચિન્તવન જ કરે.

૪ બીજું લક્ષણ-**સંવેગ** આવવાથી ગમે તેવા દેવ, મનુષ્યના સુખ તુચ્છ જેવાં ભાસે અને કેવળ મોક્ષ-અવિનાશી સુખની જ વાંછા-ઇચ્છા-અભિલાષા જાગે.

૫ ત્રીજું લક્ષણ-**નિર્વેદ** પ્રગટતાં આ સંસારના સઘળા બંધનથી છૂટી મુક્તિ થવાની મનમાં ચાહના થાય.

૬ ચોથું લક્ષણ-**અનુકંપા** આવવાથી દુઃખી જનોનાં દુઃખ દૂર કરવા અને ધર્મહીન હોય તેને ધર્મ-માર્ગમાં જોડી સુખી કરવા હૃદયમાં દયાર્દ્રતા પ્રગટે.

૭ પાંચમું લક્ષણ-**આસ્તિકતા** આવવાથી વીતરાગ પ્રભુનાં એકાન્ત હિતકારી વચન ઉપર દૃઢ પ્રતીતિ થવા પામે, ગમે તેવા પ્રલોભનોથી ડગે નહીં એવી અચળ અડગ શ્રદ્ધા થાય અને અનુક્રમે આત્માની ખરી ઉન્નતિ સધાય.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૮]

ક્લેશ-ત્યાગ કેટલો બધો હિતકારી છે ?

૧. આપત્તિમાં પણ ક્લેશ-ખેદ-શોક-પરિતાપ કરવો નહીં, કારણ કે ક્લેશ એ જ ભારે કર્મબંધનનું કારણ છે. ક્લેશના પરિણામ(અધ્યવસાય)થી જ જીવ દુઃખી થાય છે.

૨. ક્લેશ રહિત ચિત્ત થયું એ રત્ન સમાન સ્થિર અને ઉજ્વળ આત્મપ્રકાશ આપનારું મહાપુરુષોનું ઉત્તમ ધન છે અને તે વડે જ તેઓ અજરામર એવું મોક્ષસ્થાન પામે છે.

૩. સંપત્તિમાં ગર્વ અને વિપત્તિમાં ખેદ-ક્લેશ કરવો નહીં, એ જ મહાપુરુષનું લક્ષણ છે. કંઇ દ્રવ્યની પ્રાપ્તિ માત્રથી મહાપુરુષ થવાતું નથી.

૪. પૂર્વકર્મયોગે આપત્તિઓ આવી પડે ત્યારે પ્રાણીઓનું રક્ષણ કરવા એક ધૈર્ય જ સમર્થ છે, તે વખતે શોક કરવો યોગ્ય નથી.

૫. ચિત્તના શુદ્ધ પરિણામથી જ જીવને સર્વત્ર શાન્તિ પ્રાપ્ત થાય છે, પરન્તુ ચિત્તમાં ક્લેશવાળા અધ્યવસાય રહેતા હોય તો અનેક ભવોમાં ભ્રમણ કરવા છતાં પણ શાન્તિ મળતી નથી.

૬. જો ચિત્તમાં ક્લેશના પરિણામ વર્તતા હોય તો સંસારવૃદ્ધિ થવા પામે છે અને શુદ્ધતા વર્ત્તતી હોય તો તે કલ્યાણકારી થાય છે.

૭. જ્યારે તત્ત્વજ્ઞાનીઓનું ચિત્ત વિશુદ્ધ હોય ત્યારે તેમને સર્વ આપત્તિઓ સંપત્તિરૂપ થાય છે. મહાપુરુષોને સર્વ કંઇ શ્રેયરૂપ થાય છે. [જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૪૫]

તત્ત્વામૃતમાંથી

૧. અન્ય વ્યાપારને છોડીને નિરંતર ધર્મનું જ સેવન કરવું જોઇએ. દુર્ગતિથી બચાવી સદ્ગતિ સાથે જોડી યાવત્ મોક્ષ પર્યંત સહાય કરનાર **ધર્મ** જ છે. જે ભવ્યાત્માઓ

ધર્મને સેવે છે તેમને મોક્ષપ્રાપ્તિ પર્યંત ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે. દાન, શીળ, તપ અને ભાવરૂપ અથવા સાધુ અને ગૃહસ્થ યોગ્ય વ્રત–નિયમને યથાવિધિ યથાશક્તિ સેવન કરવારૂપ વ્યવહાર ધર્મ શુદ્ધ સ્ફટિક સમાન ઉજ્વળ છે. તે નિષ્કષાયતારૂપ આત્માના પરિણામને પામવારૂપ નિશ્ચય ધર્મને પ્રગટ કરવા માટે જ છે.

૨. જો એક ક્ષણ પણ સદ્ધર્મ–સેવન વગર વ્યતીત કરાય તો કષાય અને ઇન્દ્રિય–વિષયરૂપી ચોરો આત્મસંપત્તિ ચોરી જાય એમ હું માનું છું. તેથી જ સાવધાનપણે પ્રમાદ તજી સતત સદ્ધર્મનું સેવન કરવું ઘટે.

૩. જ્યાંસુધી તારું આયુષ્ય દૃઢ છે ત્યાંસુધી તને ધર્મકાર્ય કરવામાં મતિ થઈ શકશે. આયુષ્યકર્મ ક્ષીણ થયા પછી તું શું કરી શકશે ? કંઇ પણ કરી શકીશ નહીં, માટે પ્રથમથી ધર્મકાર્યમાં મતિ રાખ.

૪ હે જીવ ! તું યત્નવડે ધર્મ આચરણ કર, કાયર ન થા, કારણ કે જેનું ચિત્ત સદ્ધર્મસેવનમાં તત્પર હોય છે તેનું જ જીવિતવ્ય સફળ છે.

૫. સદ્ધર્મ–સેવન કરનારા મૃત્યુ પામ્યા છતાં જીવતા જ જાણવા અને પાપકર્મને કરનારા જીવતાં છતાં મૃત્યુ પામેલા જેવા જાણવા.

૬. ધર્મરૂપી અમૃતના સેવનવડે દુઃખ અને વ્યાધિનો નાશ થાય છે અને ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે, તેથી તેમાં પ્રમાદ કરવો ન જોઇએ.

૭. જે ધર્મ દયાવડે યુક્ત છતો સર્વ પ્રાણીઓને હિતકર હોય તે ધર્મ જ દુસ્તર ભવસાગરથી પાર ઉતારવા સમર્થ છે.

૮. જ્યારે આ જીવ કંઠપ્રાણ છતો મરવાની તૈયારીમાં હોય છે ત્યારે એક જિનેશ્વરે કહેલા ધર્મ વગર કોઈ તેનું રક્ષણ કરી શકતું નથી.

૯. અલ્પ આયુષ્યવાળો અને ધર્મ–કર્મને નહી જાણનારો અજ્ઞાન મનુષ્ય પોતાનું મરણ ક્યારે થશે તે જાણી શકતો નથી.

૧૦. જિનેશ્વરોએ સર્વ સુખના મહાનિધાન સમાન ધર્મ કહ્યો છે. તે ધર્મને જેઓ અંગીકાર કરતા નથી તેમનો જન્મ નિરર્થક છે.

૧૧. જે મૂઢ પ્રાણી હિતકર ધર્મનો ત્યાગ કરી પાપ-કર્મમાં આસક્ત થાય છે, તેનું ચિત્ત પાપકાર્યવડે બળે છે અને તેથી તે શોકગ્રસ્ત થતો રહે છે.

૧૨. જો તમને દુઃખ અપ્રિય લાગતું હોય અને સુખ પ્રિય લાગતું હોય તો જન્મ જરાને જીતનારા જિનેશ્વરે ઉપ-દેશેલા સદ્ધર્મને આદરો.

૧૩. સત્પુરુષો અલ્પ પ્રયાસવડે જ વિશુદ્ધ ભાવનાથી ધર્મ–ઉપાર્જન કરે છે.

૧૪. જીવોને નિરંતર દુઃખના સંકટથી રક્ષણ કરનાર એક ધર્મ જ છે, તેથી હે ભવ્યજનો ! અનંત સુખ આપનારા તે ધર્મને વિષે જ યત્ન કરો.

૧૫. તેં પ્રથમ નિરંતર મોક્ષસુખને આપનાર ધર્મનું પ્રસન્ન ચિત્તે (ઉલ્લસિત ભાવે) સેવન કરેલું નથી, તેથી જ

તું આ જન્મમાં દુઃખી થયેલ છે. હવે તેમાંથી સદંતર મુક્ત થવા સદ્ધર્મનું શુદ્ધ ભાવથી સેવન કર.

[જૈ. ધ. પ્ર. પૃ. ૪૭, પુ.૪૬.]

વિષય-સુખ.

૧ વિષયસુખમાં આસક્ત બની તું જે ભયંકર પાપકર્મ કરે છે તેનો વિપાક ઉદયમાં આવશે ત્યારે તારું કોણ રક્ષણ કરી શકશે ? કોઇ જ નહીં.

૨ સ્વર્ગમાં અનંતીવાર ઇચ્છિત ભોગ ભોગવ્યા છતાં જે જીવ તૃપ્તિ પામ્યો નહીં તે આ તુચ્છ ક્ષણિક મનુષ્યભોગથી શી તૃપ્તિ પામશે ? તેમ છતાં અજ્ઞાન ને મોહવશ પાછો તેમાં જ આસક્ત થાય છે.

૩ જ્ઞાની પુરુષો વિષયસુખને ઉગ્ર વિષ સમાન સમજી તજવા ફરમાવે છે.

૪ વિષયસુખ સાચું સુખ નથી, તેનાથી થતા કર્મબંધનવડે જીવ ભારે દુઃખમાં પડે છે.

૫ હે જીવ ! ઉન્માર્ગે જતાં ઇન્દ્રિયોરૂપી અશ્વોને વૈરાગ્યરૂપી લગામવડે ખેંચીને નિશ્ચળ (સ્થિર) કર અને તેને સન્માર્ગે પ્રવર્તાવ.

૬ કષાયને વશ થયેલા પ્રાણીઓને વિષયોમાં પ્રવર્તેલી ઇન્દ્રિયો જ દુઃખદાયી શત્રુઓ છે. તેથી જ વૈરાગ્યવડે તેનાથી વિરમવું જોઇએ.

૭ જયારે આ જીવ મોહ પામીને ઇન્દ્રિયોની ઇચ્છા મુજબ વર્તે છે એટલે કે ઇન્દ્રિયોને છૂટી મૂકે છે ત્યારે પોતાનો આત્મા જ પોતાના દુઃખનું બંધન કરનાર શત્રુરૂપ થાય છે.

૮ ઇન્દ્રિયો નિરંતર વિષયોમાં પ્રવર્તેલી જ રહે છે, પરન્તુ જેઓ આત્માનું હિત કરવામાં તત્પર હોય છે તેઓ જ સત્ય જ્ઞાનની ભાવનામાં આસક્ત થઇ તે ઇન્દ્રિયોને વિષયોથી નિવર્તાવે છે.

૯ કિંપાક ફળના આસ્વાદનની પેરે પરિણામે મહાદુઃખ-દાયી અને ભોગવતાં ક્ષણમાત્ર મધુર જણાતા એવા વિષયસુખને કેવળ મિથ્યા ભ્રાન્તિથી મૂઢ જીવ સાચા માની તેમાં પ્રવર્તી રહે છે અને ભવચક્રમાં ભમ્યા કરે છે. એથી સુજ્ઞજનોએ ચેતવું જોઇએ. [જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૪૭]

શુદ્ધ ઉપદેશ

૧ અન્ય પ્રાણી ઉન્માર્ગે જતો હોય તો તેને તેવા ઉન્માર્ગથી અટકાવવો યોગ્ય છે તો વિષયરૂપી ઉન્માર્ગમાં જતાં પોતાના મનને અવશ્ય આગ્રહથી (ચીવટથી) અટકાવવું જ જોઇએ, તેમાં તો શું કહેવું ?

૨ અજ્ઞાનથી કે મોહથી જો કાંઈપણ કુત્સિત (નિન્દ્ય) કામ થઇ ગયું હોય–કરાયું હોય–તો તેવા અકાર્યથી મનને પાછું વાળવું જોઈએ અને ફરીને તેવા અકાર્યમાં પ્રવર્તવા દેવું ન જોઇએ, અન્યથા તેનું માઠું ફળ પણ ભોગવવું જ પડશે.

૩ જીવ પોતે કરેલા પાપકર્મને જરાક ગોપવવા જાય છે પણ તેનું ફળ તેને ભોગવવું જ પડે છે.

૪ જે કોઇ અજ્ઞાનતાને લીધે વધતા જતા અશુભ (પાપ) કર્મની શુદ્ધિ કરતો નથી તે પાછળથી મોટા દુઃખને પ્રાપ્ત થઇ, અત્યન્ત પશ્ચાત્તાપ પામે છે.

૫ સુખની પ્રાપ્તિ વખતે લાલચુ જીવ શું શું અકાર્ય કરતો નથી ? સર્વ અકાર્ય કરે છે અને તેથી કરીને કોટિ જન્મ પર્યન્ત તે સંતાપને પામતો રહે છે.

૬ હું બીજાઓને ઠગું છું એમ ધારીને જે કોઇ માયા-કપટ કરે છે તે આ લોક તથા પરલોકમાં પોતાના જ આત્માને ઠગે છે, એમ જાણી તેનાથી ચેતતા રહેવું જોઇએ.

૭ હે જીવ ! ઉત્તમ મનુષ્યપણું પામ્યા છતાં કંઇ પણ સુકૃત્ય કર્યા વગર તું એને કેમ એળે ગુમાવી દે છે ? ફરી પાછી આવી ધર્મ-સામગ્રી તને શી રીતે મળશે ?

૮ જે પ્રાણી કર્મરૂપી પાશમાંથી મુકત થવા માટે કાંઇપણ યત્ન કરતો નથી તે સંસારકારાગૃહમાં નિરંતર બંધાયલો રહે છે, તેમાંથી કેમે છૂટી શકતો નથી.

૯ વિષયરૂપી માંસમાં લુબ્ધ થયેલા મનુષ્યરૂપી સિંહો, સ્વજન બાંધવરૂપી બંધનથી બંધાઇને આ દેહરૂપી કેદખાનામાં પડ્યા પડ્યા સીદાય છે.

૧૦ હે આત્મા ! આ જન્મમાં જ ગર્ભાવાસનું જે દુઃખ તું પામ્યો છે તે હમણાં શું તું ભૂલી ગયો ? કે જેથી તારા આત્માનું કશું હિત કરતો નથી.

૧૧ ચોરાશી લાખ જીવાયોનિઓમાં પરિભ્રમણ કરતાં તેં મોહને લીધે કઇ કઈ પ્રકારનાં દુઃખો પ્રાપ્ત કર્યાં છે, અનુભવ્યા

છે, છતાં હજીસુધી વિષયસુખમાં આસક્ત થઇ તેથી થતા ભાવી દુઃખથી તું કેમ ચેતતો નથી ? કેમ વૈરાગ્ય પામતો નથી ? અને આત્મકલ્યાણના સુખકારી માર્ગે કેમ ચાલતો નથી ? હવે તો કંઇ ડહાપણ લાવી ભાવી દુઃખના કારમા બંધનથી છૂટવાનો સફળ પ્રયત્ન કર.

૧૨ દુઃખ કે રોગને કાંઇ ઇશ્વરે ઉત્પન્ન કર્યાં નથી પરંતુ આપણે કરેલાં હોય છે. તે માટે બડબડાટ કરવો નકામો છે.

૧૩ લોકોને રોગવશ થયા પછી રોગમુક્ત કરવા એના કરતાં તેઓ રોગી જ થાય નહીં એવા (યોગ્ય) ઉપાયો સૂચવવા એ જ ઉત્તમ વૈદ્યનો ધંધો હોવો જોઇએ.

૧૪ આપણા વિચારો અને કલ્પનાઓની હદ એજ આપણા વિકાસની હદ (સમજવાની) છે.

૧૫ વિચારો અને ભાવનાઓની અમુક હદમાં રહી જઇને આપણે આપણી જ ઉન્નતિની આડે એવી દિવાલો બાંધીએ છીએ કે જેની પેલી બાજુ આપણાથી જઇ શકાય જ નહી.

૧૬ આનંદી સ્વભાવ શ્રેષ્ઠ ઔષધનું કામ સારે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૪૭]

"મુંગો સમર્પણધર્મ" અથવા "શાન્ત આત્માર્પણ"

સેવારસિક એક બાલિકાનું જીવન-ધ્યેય સાંભળી સમજી, એક કીર્તિના લોભી પંડિતજી ઉપર અજબ અસર થઇ આવી. 'કીર્તિની ઝંખના નહીં પણ શાન્ત આત્મસમર્પણ ' એ શબ્દો પંડિતજીના કાનમાં રણકી રહ્યા, તેમની છાતીમાં એ શબ્દો કોતરાઇ રહ્યા. પંડિતજીએ પુસ્તકો લખવાનું છોડી દીધું.

તેમણે કીર્તિને માટે વલખા મારવાનું મૂકી દીધું, તેમણે તેમનો જરીનો શિરપેચ અને સુવર્ણના કીર્તિપદકો ઉતારી નાખ્યાં, કીર્તિની ઝંખના નહીં, પણ શાન્ત આત્મસમર્પણની સાધના તેમણે આદરી (શરૂ કરી).

કીર્તિ નહીં પણ મુંગો ત્યાગ જ આજના ભારતનું-તરુણ હિન્દીઓનું જીવનધ્યેય હોવું જોઇએ. આત્મસમર્પણની ભાવના જ આ યુગનો જીવનમંત્ર હોવો જોઇએ. એ મંત્રમાં જ આજના ઘવાયેલા, જખમી ભારતવર્ષને નવજીવન અર્પવાનું બળ રહ્યું છે, કીર્તિના કામી નહીં પણ શાન્તસમર્પણ ધર્મના જ અનુયાયી કેટલા હિન્દીઓ આજે ભારતમાતાની મઢુલીમાં ચૂપચાપ સેવાકાર્ય કરવા તૈયાર છે ?

સ્વાર્થ-અંધતા તજી, સ્વપર હિતકારી માર્ગ જ આદરવો જોઇએ—આપણા સૌના શ્રેયઃસાધન માટે એકાન્ત હિતકારી જ્ઞાની પુરુષોએ મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થતા રૂપ ચાર ઉદાર ભાવના સદા ધારવા માટે ઠેકાણે ઠેકાણે ભાર દઇને બોધ આપેલો છે, તે આપણે સ્વાર્થાંધ બની વીસારી મૂકી, સ્વચ્છંદપણે ચાલતા રહી, કૃતઘ્ન બનવું નહી જોઇએ. તેમના નિઃસ્વાર્થ ઉપદેશનો સર્વ પ્રયત્ને આદર કરી આપણે સ્વપર-હિતમાં વધારો કરવાથી જ કૃતજ્ઞ બનશું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૮૮]

સંયમ યતના અધિકાર.

૧ જો પડિમાવહન પ્રમુખ દુષ્કર સાધુકરણી કરી ન શકાય તો પછી સાધુયોગ્ય સંયમયતના કરવામાં કેમ શિથિલતા, બેદરકારી યા પ્રમાદ સેવાય છે ?

૨ પ્રાણાંત કષ્ટ પ્રાપ્ત થયે છતે સદોષ આહાર ગ્રહણ કરવારૂપ અપવાદ સેવાય; પરન્તુ શરીરે કંઇ પણ હરકત નહીં છતાં પ્રમાદશીલ થઇ, અપવાદ સેવવામાં આવે તો સંયમ શી રીતે જળવાય ?

૩ શરીરમાં કંઈ વ્યાધિ પેદા થયો હોય તો આત્માર્થી સાધુએ વ્યાધિ મટાડવા ઔષધ-ઉપચાર કરવા નહીં, પરન્તુ તે સહન કરી ન શકાય અથવા સ્વસંયમકરણીમાં હાનિ પહોંચતી હોય તો તેવા સાધુએ તેનો યોગ્ય ઉપચાર (ઉપાય) પણ કરવો ઘટે.

૪ નિરંતર જૈનશાસનની શોભા વધારનાર અને ચારિત્રમાર્ગને પાળવામાં ઉજમાળ એવા પ્રમાદરહિત સાધુની સેવા-ભક્તિ કરવામાં કોઈ રીતે આળસ-ઉપેક્ષા કરવી નહીં. સંત-સાધુની સેવાભક્તિથી શીઘ્ર કલ્યાણ સધાય છે.

૫ સંયમમાર્ગમાં શિથિલ છતાં વિશુદ્ધ પ્રરૂપણા કરનાર અધિક જ્ઞાનવંત સાધુની પણ સેવા હિતબુદ્ધિથી કરવી ઉચિત છે, તેમજ જૈન શાસનની લઘુતા થવા નહીં દેવા માટે પાસત્થાદિકની પણ ઉચિત સેવા, માંદગી પ્રમુખ કારણે સુસાધુ પણ કરે છે. રોગાદિક પ્રસંગે અવસર ઉચિત વર્તવાનું કારણ એવું છે કે અન્ય મુગ્ધજનોને એમ વિચારવાનો કે માની લેવાનો અવકાશ ન મળે કે આ લોકો પરસ્પર દ્વેષી-મત્સરી હશે.

૬ વેશવિડંબક સાધુ સચિત્ત જળનું પાન કરે છે, તેમજ સચિત્ત ફળફૂલનો ઉપભોગ કરે છે, દોષિત આહાર લે છે અને ગૃહસ્થ યોગ્ય આરંભ સમારંભાદિક પાપવ્યાપાર (પાપ-કર્મ) છૂટથી કર્યા કરે છે.

૭ એવા અનાચરણથી અહીં હેલના પામે છે અને પરભવમાં અધોગતિ પામે છે; ત્યાં પણ સાચો માર્ગ પામવો દુષ્કર થઇ પડે છે.

૮ જૈનશાસનની ઉન્નતિ કરવી એ સમકિત પામ્યાનો સાર છે. એવી ઉન્નતિ ખરા આત્માર્થી મુનિવરોથી જ થઇ શકે છે, સંયમમાર્ગમાં કર્મયોગે શિથિલ થયા છતાં જે આત્માર્થી જીવો ભવનીરૂપણાથી સ્વાત્મનિંદાપૂર્વક મહાગુણીની ખરી પ્રશંસા કરનાર હોય છે તે પ્રશંસાપાત્ર છે.

૯ જે પોતે ગુણહીન છતાં અન્ય ગુણવંતા સાધુની હોડ–હરીફાઇ કરવા જાય છે અને સુસાધુજનોની નિંદા–હેલના કરે છે તેનું સમકિતબીજ બળી ગયું છે એમ જાણવું.

૧૦ જિનશાસનમાં દૃઢભાવિત મતિવાળા સમકિતવંતને કોઇ શિથિલાચારી સાધુ કે શ્રાવક પ્રત્યે પણ ઉચિત સાચવવા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવભેદે અપવાદાદિક કારણે પ્રવૃત્તિ કરવી જરૂરની હોય છે.

૧૧ સુવિહિત સંવેગી (વૈરાગ્યથી ભરેલા) સાધુઓ, અન્ય પાસથ્થા, અવસન્ના, કુશીલ, સંસકત અને યથાચ્છંદી (સ્વચ્છંદી) સાધુઓને ઓળખી તેમનાથી સાવધાનપણે દૂર રહે છે અને સ્વસંયમમાર્ગની ઠીક આરાધના કરી કલ્યાણ સાધે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૨૨૧]

સુશિષ્યની પવિત્ર ફરજ.

કવચિત્ ગુરુમહારાજ પ્રમાદવશ થઇ સંયમમાર્ગથી સ્ખલિત થાય તો તેને પણ સુશિષ્યો વિનયયુક્ત મિષ્ટ વચ-

નોથી, જેમ **સેલગસૂરિને પાંથક મુનિએ** ઠેકાણે આણ્યાં તેમ, ઠેકાણે આણે છે-સંયમમાર્ગમાં સ્થાપિત કરે છે.

સેલગસૂરિ એકદા રોગગ્રસ્ત થયાથી સ્વપુત્રના આગ્રહ યોગે ઔષધ ઉપચાર કરાવવા માટે યોગ્ય સ્થાનમાં રહ્યા, અનુક્રમે રોગમુક્ત થયા, પરંતુ રસલોલુપતાદિક પ્રમાદથી અન્યત્ર વિહાર કરતા ન હતા. તેથી **પાંથક મુનિ** સિવાય સર્વ શિષ્યો અવસર સમજી અન્ય સ્થળે વિહાર કરી ગયા. **પાંથક મુનિ** ગુરુમહારાજની ઇચ્છાનુસાર સેવાચાકરી કરતા ગુરુની સાથે જ રહ્યા. એકદા પર્વદિવસે, ગુરુને વંદન કરતાં, પ્રમાદવશ થયેલા ગુરુને ઊંઘમાં અંતરાય થવાથી, રોષયુક્ત થઈ તેનું કારણ પૂછતાં, **પાંથકે** નમ્રતાપૂર્વક ક્ષમા માગી કહ્યું કે-' આજે પર્વ દિવસે પ્રતિક્રમણ પ્રસંગે ખામણાં ખામતાં મેં આપનો ચરણસ્પર્શ કર્યો, તેમાં આપને અશાતા ઉપજાવી હોય તે માફ કરશો. ' એવાં નમ્ર અને મિષ્ટ વચનથી પ્રસન્ન થઈ, ગુરુમહારાજ તરત ઠેકાણે આવી, સંયમમાં સાવધાન થઈ, પ્રમાદ તજી પાંથક સાથે અન્યત્ર વિહાર કરી ગયા. અનુક્રમે બીજા સર્વ શિષ્યો પણ આવી મળ્યા. યાવત્ શત્રુંજય ઉપર અનશન આદરી મોક્ષપદ પામ્યા.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૨૫૩]

કર્મની અકળ ગતિ.

૧. દશ દશ જણને પ્રતિબોધવાની લબ્ધિ-શક્તિવાળા **નંદિષેણ મુનિ** કર્મથી પણ છૂટી શકયા નહિ.

૨. બદ્ધ, નિધત્ત, નિકાચીત અને સ્પૃષ્ટ એવા અનેક પ્રકારના કર્મ-મળયોગે મલિન થયેલો આત્મા જાણતો છતો

વિષયાદિક પ્રમાદમાં મુંઝાઈ દુ:ખી થાય છે. બદ્ધ કર્મ કલુષિત (ડોહળાયેલ) જળ જેવું અથવા દોરાવતી બાંધેલ સોયોના સમૂહ જેવું, નિધત્ત કર્મ દૃઢ બંધનથી બાંધેલું, નિકાચીત કર્મ અત્યન્ત આકરા અધ્યવસાયથી ભોગવ્યા વગર છૂટી ન શકે એવું બંધાયેલું અને સ્પૃષ્ટ કર્મ તો કોરા વસ્ત્ર ઉપર ચોંટેલી રજ જેવું ઢીલું બંધાયેલું સમજવું.

૩. નિકાચીત કર્મના યોગે, કૃષ્ણ વાસુદેવની પેઠે વસ્તુતત્ત્વને જાણતાં છતાં જીવ સંયમાદિક મોક્ષમાર્ગને આદરી શકતો નથી.

૪. **કંડરીક મુનિ**–એક હજાર વર્ષ સુધી વિશાળ ચારિત્રકરણી કર્યા છતાં અંતે ક્લિષ્ટ પરિણામ યોગે સંયમમાર્ગથી ભ્રષ્ટ થઈ દુર્ગતિગામી થયા અને તેના જ વડીલબંધુ **પુંડરીક** ઉચ્ચ ભાવના યોગે સંયમમાર્ગને અંગીકાર કરી ઘણી જ ઊંચી ગતિને પ્રાપ્ત થયા.

૫. મલિન પરિણામથી ચારિત્રને ડોળી નાખ્યા પછી પુન: ચારિત્રની શુદ્ધિ કરવી દુષ્કર છે, તો પણ જો કોઇ શુભ અવસર પામી, પાછળથી પુરુષાતન ફોરવે તો ક્વચિત્ સ્વશુદ્ધિ પણ કરી શકે છે.

૬. જે જીવ સંયમ ગ્રહણ કરી તેને અતિચાર અને અનાચાર દોષથી ખંડિત કરે છે તે સુખલંપટ થયા પછી ઠેકાણે આવવો મુશ્કેલ છે. નિર્ધ્વંસ પરિણામી તેવો ઉદ્યમ કરી શકતો નથી.

૭. ચક્રવર્તી સ્વરાજ્યને વૈરાગ્યયોગે સુખે તજી શકે છે, પણ શિથિલાચારી શિથિલાચારને તજી શકતો નથી.

૮. તેથી સુદુર્લભ સંવરાદિક પામી, પ્રમાદાચરણથી તેનો વિનાશ નહીં કરવો જેથી ભવાન્તરમાં સુલભબોધાદિક સહેજે પ્રાપ્ત થઇ શકે છે. [જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૨૫૪]

આત્માર્થી જનોએ ભાવવા યોગ્ય દ્વાદશ ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ.

અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, સંસાર, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, સદ્ધર્મસ્વરૂપચિન્તન અને સમ્યકત્વ–બોધિદુર્લભતા એ વિશુદ્ધ દ્વાદશ ભાવના કહી છે.

૧ ઇષ્ટજન સંયોગ, સમૃદ્ધિયુક્ત વિષયસુખસંપદા તથા આરોગ્ય, દેહ, યૌવન અને જીવિત એ સર્વે **અનિત્ય** છે.

૨ જન્મ, જરા અને મરણના ભયથી વ્યાપ્ત અને વ્યાધિ-વેદનાથી ગ્રસ્ત એવા લોકને વિષે શ્રી જિનેશ્વર ભગવાનના વચનથી અન્યત્ર કયાંય **શરણ** નથી.

૩ સંસારચક્રમાં ફરતાં **એકલા** આત્માને જન્મમરણ કરવાં પડે છે અને શુભાશુભ ગતિમાં જવું પડે છે; તેથી આત્માએ એકલા પોતે જ પોતાનું અક્ષય આત્મહિત સાધી લેવું યુક્ત છે.

૪ હું સ્વજનથી, પરિજનથી, વૈભવથી અને શરીરથી જુદો છું, એવી જેની નિશ્ચિત મતિ છે તેને શોકસંતાપ સંભવતો નથી.

૫ અશુચિથી ઉત્પન્ન થયેલા, અશુચિથી વૃદ્ધિ પામેલા અને અન્ય પવિત્ર વસ્તુને પણ અપવિત્ર કરનારા એવા દેહનો **અશુચિભાવ** દરેક સ્થાને ચિન્તવવા યોગ્ય છે.

૬ માતા થઈને પુત્રી, બહેન અને ભાર્યા પણ આ **સંસારમાં** થાય છે તેમજ પુત્ર થઇને પિતા, ભાઇ અને શત્રુ પણ થાય છે.

૭ જે જીવો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગને વિષે રુચિવંત છે, તેનામાં **કર્મનો પ્રવાહ** ચાલ્યો આવે છે તે માટે તેનો **નિરોધ** કરવા યત્ન કરવો યુક્ત છે.

૮ પુન્યપાપને નહિ ગ્રહણ કરવામાં જે મન-વચન-કાયાની પ્રવૃત્તિ તે આપ્ત પુરુષોએ ઉપદેશેલો છે, અત્યન્ત સમાધિવાળો અને હિતકારી **સંવર** ચિંતવવા યોગ્ય છે.

૯ જેમ વૃદ્ધિ પામેલો જ્વરાદિક દોષ લંઘન કરવાથી યત્નવડે ક્ષીણ થાય છે તેમ એકઠાં થયેલાં કર્મ સંવરયુક્ત પુરુષ **તપ**વડે ક્ષીણ કરી નાંખે છે.

૧૦ ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છા લોકનું સ્વરૂપ, તેનો વિસ્તાર, સર્વત્ર જન્મમરણ, રૂપી અરૂપી દ્રવ્યો અને અનેકવિધ ઉપયોગોનું ચિન્તવન કરવું જોઇએ.

૧૧ જેમણે અંતરંગ (અંતરના રાગ દ્વેષ મોહાદિક) શત્રુઓને જીત્યા છે એવા જિનેશ્વરોએ જગતના હિતને માટે આ શ્રુતચારિત્રધર્મ રૂડી રીતે પ્રરૂપ્યો છે, તેમાં જે રક્ત થયા છે તે ભવ્યાત્માઓ સંસારસમુદ્રનો લીલામાત્રમાં પાર પામ્યા સમજવા.

૧૨ મનુષ્યપણું, કર્મભૂમિ, આર્ય દેશ, ઉત્તમ કુળ, આરોગ્યતા અને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થયે છતે, તેમજ શ્રદ્ધા, સદ્‌ગુરુયોગ અને શાસ્ત્રશ્રવણાદિ સામગ્રી વિદ્યમાન છતે પણ **સમ્યક્ત્વની પ્રાપ્તિ અતિ દુર્લભ છે.**

૧૩ સેંકડો ભવે દુર્લભ એવું સમ્યકત્વ પામીને પણ મોહથી, રાગથી, કુમાર્ગના અવલોકનથી અને રસાદિક ગૌરવને પરવશ થઈ જવાથી ચારિત્ર પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે.

૧૪ ચારિત્રરત્નને પામ્યા છતાં ઇન્દ્રિય, કષાય, ગૌરવ અને પરિષહરૂપ વૈરીઓથી વિહ્વળ થયેલા જીવને વૈરાગ્ય માર્ગમાં વિજય મેળવવો એ અત્યંત કઠીન છે.

૧૫ તેટલા માટે પરીષહો, ઇન્દ્રિયો અને ગૌરવોના નાયક એવા કષાય શત્રુઓનો ક્ષમા, મૃદુતા, ઋજુતા અને સંતોષવડે વીર પુરુષોએ જય કરવો જોઈએ.

૧૬ જે જે નિમિત્ત કારણોથી કષાયો ઉદય પામે અને ઉપશમ પામે (ઉપશાંત થાય) તે તે નિમિત્ત કારણોને સારી રીતે વિચારીને ત્રિકરણશુદ્ધિથી તેનો અનુક્રમે ત્યાગ અને આદર કરવો જોઇએ. [જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૨૮૬]

' દશવિધ યતિ-ધર્મ. '

ક્ષમા, મૃદુતા, ઋજુતા, પવિત્રતા, સંયમ, સંતોષ, સત્ય, તપ, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ રીતે દશવિધ ધર્મવિધિ સેવવા-આદરવા યોગ્ય છે.

૧ ધર્મનું મૂળ દયા છે, ક્ષમા રહિત મનુષ્ય દયાને સારી રીતે આદરી શકતો નથી, તે માટે જે ક્ષમા-માફી આપવામાં તત્પર હોય છે તે ઉત્તમ ધર્મને સાધી શકે છે.

૨ સર્વે ગુણો વિનય ગુણને આધીન છે અને વિનય મૃદુ-

તાને આધીન છે. જેનામાં સંપૂર્ણ મૃદુતા વસી છે તે સર્વ ગુણસંપન્ન થાય છે.

૩ ઋજુતા-સરલતા વિનાનો કોઇ શુદ્ધિને પામતો નથી, અશુદ્ધ આત્મા ધર્મ આરાધી શકતો નથી, ધર્મ વિના મોક્ષ નથી અને મોક્ષ વિના બીજું કોઇ પરમ સુખ નથી.

૪ જે ઉપકરણ, આહાર, પાણી અને દેહને આશ્રીને દ્રવ્ય શૌચ કરવો ઘટે તે ભાવ શૌચ(આંતરશુદ્ધિ)ને બાધક ન પહોંચે તેમ સાવધાનતાથી કરવો યોગ્ય છે.

૫ હિંસાદિક પંચાશ્રવ(પાપ-સ્થાનકો)થી વિરમવું, પાંચે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયોનો જય કરવો અને મન-વચન-કાયાના ત્રણ દંડથી વિરમવું એમ ૧૭ પ્રકારે સંયમ કહ્યો છે.

૬ બાંધવ, ધન અને ઇન્દ્રિય સુખના ત્યાગથી જેણે ભય અને વિગ્રહ તેમજ અહંકાર અને મમકાર તજ્યા છે એવા ત્યાગી સાધુ જ ખરા નિર્ગ્રંથ કહેવાય છે.

૭ પૂર્વાપર અવિરુદ્ધ વચનનો ઉચ્ચાર કરવો અને તન-મન-વચનની એકતા-અકુટિલતા આદરવી એમ ચાર પ્રકારનું સત્ય શ્રી જિનેશ્વરના શાસનમાં કહ્યું છે; અન્યત્ર કહેલું નથી.

૮ અનશન (આહારત્યાગ), ઊનોદરી (ઓછા આહારથી સંતોષ કરવો), વૃત્તિસંક્ષેપ (નિયમિત વસ્તુથી નિર્વાહ કરી લેવો), રસત્યાગ, કાયકલેશ(શીતતાપાદિક સમભાવે સહવાં) અને સંલીનતા (સ્થિર આસને રહેવું) એ છ પ્રકારનો બાહ્ય તપ કહ્યો છે.

૯ પ્રાયશ્ચિત્ત (શલ્ય રહિત કરેલાં પાપની ગુરુ પાસે આલોચના કરવી), ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય એ રીતે અભ્યંતર તપ છ પ્રકારનો કહ્યો છે.

૧૦ દેવતા તથા મનુષ્ય તિર્યંચ સંબંધી દિવ્ય અને ઓદારિક કામભોગના સુખથી ત્રિવિધે ત્રિવિધે નિવર્તવું. એવી રીતે બ્રહ્મચર્ય ૧૮ પ્રકારનું છે.

૧૧ અધ્યાત્મ જ્ઞાનીઓ નિશ્ચયથી મૂર્ચ્છા–મમતાને જ પરિગ્રહ કહે છે, તેથી વૈરાગ્યના અર્થી જનોને અપરિગ્રહ–નિરીહતા–નિઃસ્પૃહતા એ પરમ ધર્મ છે.

૧૨ ઉપર કહેલા દશવિધ ધર્મનું સદા સેવન કરનારને અત્યંત નિબિડ થયેલા એવા પણ રાગ, દ્વેષ અને મોહનો અલ્પ કાળમાં ક્ષય થવા પામે છે.

૧૩ અહંકાર અને મમકારના ત્યાગથી અતિ દુર્જય, ઉદ્ધત અને પ્રબળ એવા પરીષહ, ગૌરવ, કષાય, મન–વચન–કાયાના દંડ અને ઇન્દ્રિયોના સમૂહને ત્યાગી યોગી પુરુષો હણે છે.

૧૪ પ્રવચન ભક્તિ, શ્રુત–સંપદાને માટે ઉદ્યમ, ગીતાર્થ સાથે પરિચય એ વૈરાગ્ય માર્ગના સદ્ભાવમાં સાચી બુદ્ધિ અને સ્થિરતા પેદા કરે છે.

૧૫ ઉન્માર્ગનો ઉચ્છેદ કરવાને સમર્થ રચનાવાળી અને શ્રોતાજનોના કાન અને મનને માતાની પેઠે પ્રસન્ન કરનારી આક્ષેપણુ, વિક્ષેપણુ, સંવેદની અને નિર્વેદની એ ચાર પ્રકારની ધર્મકથા સદાય કરવી અને સ્રીકથા, ભક્તકથા, ચોરકથા અને દેશકથાને દૂરથી જ તજી દેવી.

૧૬ જ્યાંસુધી મન પારકા ગુણદોષ કથવામાં ચપળ રહે ત્યાંસુધી તે મનને વિશુદ્ધ ધ્યાનમાં પરોવી દેવું શ્રેયકારી છે.

૧૭ શાસ્ત્રાધ્યયન અને અધ્યાપનમાં (શાસ્ત્ર ભણવા ભણાવવામાં), આત્મચિન્તવનમાં તથા ધર્મોપદેશ દેવામાં સદા સર્વદા પ્રયત્ન કરવો હિતકારી છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૨૮૮]

' સદ્વિવેક. '

તુચ્છ વિષયસુખાદિક બાહ્ય ભાવને ઇચ્છતો અને તેની પાછળ લાગતો જીવ સદ્વિવેકથી ચૂકે છે અને ઉચ્ચ પ્રકારના આત્માના શુદ્ધ સ્વભાવની ગવેષણા–વિચારણા–અભિલાષા–ભાવનાપૂર્વક અભ્યાસ (પુનઃ પુનઃ રટણ) કરનારો જીવ વિવેકથી ચૂકતો નથી.

જે કુશળ આત્મા આત્માને વિષે આત્માના ષટ્ કારકોને સારા પ્રકારે જોડી રાખે છે તેને જડ–પુદ્ગલના સંગ–પ્રસંગ કે આસક્તિજનિત અવિવેક–જ્વર પરાભવ પમાડી શકતો નથી. તે જળકમળની પેરે ન્યારો–નિર્લેપ રહી સહેજે આત્મરમણતા સાધી શકે છે.

' તથાવિધ આત્માના છ કારક '

૧ રાગદ્વેષ કષાયથી દૂર રહી, સત્ચિદાનંદરૂપ નિજ સ્વભાવમાં રમણ કરનાર **અંતર આત્મા** યા **વિવેકાત્મા.** (કર્તા).

૨ રાગ–દ્વેષ–કષાયપરિણતિરૂપ બહિરાત્મ ભાવને તજવો તે (કર્મ).

૩ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ સત્સાધનસેવનવડે (કરણ).

૪ સ્વરૂપરમણતારૂપ શુદ્ધ નિજ આત્મલાભ પામવા અને વિકસાવવા માટે. (સંપ્રદાન).

૫ અનાદિકાળથી સુવર્ણ-પાષાણ ન્યાયે આત્મામાં સંચિત થઇ રહેલા પાપમળરૂપ અશુદ્ધ ભાવને પુરુષાતનથી દૂર કરવો. (અપાદાન).

૬ પ્રત્યેક આત્મામાં સત્તા-શક્તિરૂપે વિદ્યમાન છતાં કર્મમળથી આચ્છાદિત થઇ ઢંકાઇ રહેલ અનંત જ્ઞાનાદિ ગુણરૂપ નિજ સહજ સમૃદ્ધિને તથાવિધ ભવ્યત્વપરિપાકાદિક પાંચે કારણને યોગ પામીને પ્રગટ કરે છે (આધાર-અધિકરણ).

રહસ્ય-એ રીતે આત્માના છ કારકોને સમન્વય-સહયોગ જે મોક્ષગામી મહાત્મા યથાર્થ સાધીને આત્મામાં અનાદિ કાળથી એકઠા થયેલા સર્વ પાપમળ(કર્મકચરા)ને, તથાવિધ શુદ્ધ પરિણામરૂપ પુરુષાતનવડે, પરમાત્મ ભાવ પ્રગટ કરવાના એક અનન્ય લક્ષને સાધી, સર્વથા દૂર કરે છે તે જ મહાનુભાવી વિવેકાત્મા તેમાં સંપૂર્ણ જય મેળવી, અક્ષય-અવિનાશી નિજ સત્તાગત શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરી, સહજ સ્વાભાવિક અનંત અવ્યાબાધ સુખમાં મહાલ્યા કરે છે.

વિવેક-સરાણથી સજ્જ(ઉત્તેજિત) કરેલ નિર્મળ પરિણામની ધારવાળું **સંયમરૂપી** અમોઘ શસ્ત્ર ધારણ કરી, જે મુનીશ્વર પ્રમાદ રહિત સાવધાનપણે વર્તે છે તે સુખેથી કર્મ શત્રુને વિદારી શકે છે. સદ્વિવેકવડે જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવાદિકને સારી રીતે સમજી, સંયમમાર્ગ યથાર્થ આરાધી

શકાય છે. તેના વગર સંયમમાર્ગમાં પગલે પગલે સ્ખલના થવા પામે છે, માટે સદ્વિવેક જ સર્વદા સેવવા–આદરવા યોગ્ય છે.

અમુક વારે અમુક દિશાએ ગમન–વર્જન.

૧ સોમવારે ને શનિવારે પૂર્વ દિશા તરફ ગમનવર્જન.

૨ મંગળવારે ને બુધવારે ઉત્તર દિશા તરફ ગમનવર્જન.

૩ ગુરુવારે દક્ષિણ દિશા તરફ ગમનવર્જન.

૪ શુક્રવારે ને રવિવારે પશ્ચિમ દિશા તરફ ગમનવર્જન. એ સામાન્ય સૂચના છે.

" બ્રહ્મચર્ય "

બ્રહ્મચર્યની રક્ષા અર્થે નવ બ્રહ્મગુપ્તિઓ (વાડો) નિર્માણ કરી છે.

૧ સ્ત્રી, તિર્યંચ ને નપુંસકવાળા સ્થાનથી અલગા રહેવું.

૨ કામભોગને ઉત્તેજે–દીપાવે એવી વાતચિતોથી દૂર રહેવું.

૩ સ્ત્રી પ્રમુખનાં આસન–શયનને સ્વચ્છંદે સેવવાં નહીં.

૪ સ્ત્રી પ્રમુખનાં અંગ ઉપાંગ સરાગ દૃષ્ટિથી જોવાં નહીં.

૫ એક જ ભીંત કે કનાતને ઓથે થતા કામવિલાસના સ્થાને વસવું નહીં.

૬ પૂર્વની અવસ્થામાં કરેલી કામક્રીડાને સંભારવી નહીં.

૭ રસકસવાળો માદક આહાર વગર કારણે કરવો નહીં.

૮ લૂખો સૂકો આહાર પણ વધારે પડતો ખાવો નહીં.

૯ સ્વપરને કામની ઉત્તેજના થાય તેવો વેષ–શૃંગાર ધારવો નહીં, શરીરની શોભા–વિભૂષા કરવી નહીં.

આ ઉપરાન્ત અનુકૂળ (મનગમતા) શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં અતિપ્રીતિ–આસકિત અને તેથી વિપરીત શબ્દાદિકમાં અપ્રીતિ–દ્વેષ–તિરસ્કાર નહીં કરવા, તેમાં સમભાવે રહેવું.

ટૂંકાણમાં રત્ન ચિન્તામણિ સમાન બ્રહ્મચર્યનું પાલન યથાર્થ રીતે કરવા ઇચ્છતા ત્યાગી–સંયમી સાધુ કે ગૃહસ્થે સારી રીતે સાવધાન રહેવું, જેથી તેના ભંગ–ખંડનનો પ્રસંગ આવવા પામે નહીં. મનુજીએ પણ ઠીક કહ્યું છે કે–માતા, બહેન અને પુત્રી સંગાતે પણ એકાન્તમાં બેસવું નહીં. કેમકે બળવાન એવો ઇન્દ્રિયોનો સમૂહ વિદ્વાનને પણ વિષય–વિલાસ તરફ ખેંચી જાય છે. એટલા માટે શ્રીઉત્તરાધ્યયન સૂત્રના સોળમા અધ્યયનમાં દશ સમાધિસ્થાન બતાવવામાં આવ્યાં છે.

સદ્ધર્મ–સાધન માર્ગમાં આ રીતે આદર કરવો.

દયાળુ–માયાળુ સ્વભાવ સેવવો.

કોપાટોપ કરવાની ટેવ તજવી.

જૂઠું બોલવાની કુટેવ તજી દેવી.

પરાયું છીનવી લેવાની બુદ્ધિ ન રાખવી.

પરસ્ત્રીની ઇચ્છા–લાલસા નીવારવી.

દુઃખીજનને દુઃખમુક્ત કરવા ઇચ્છા રાખવી.

દેવ અને સંઘ(અથવા દેવ–સમૂહ)ને વંદન કરવું.

પરિજનોને યોગ્ય સંતોષ ઉપજાવવો.

મિત્રવર્ગને અનુસરી ચાલવું.

પરના ગુણ ગ્રહણ કરવા.

કોઈએ કરેલો થોડો પણ ઉપકાર સંભારવો.

મહાજન-મોટા માણસનો યોગ્ય સત્કાર કરવો.

પરના મર્મ ઉઘાડવાં નહીં.

કોઈનો તિરસ્કાર ન કરવો.

દુર્જનના સંસર્ગથી દૂર રહેવું.

ગુણાનુરાગ વધારવો.

મિથ્યાભિમાનનો ત્યાગ કરવો.

ધન વિગેરેનો ગર્વ તજવો.

ગુરુજનોનો યોગ્ય સત્કાર કરવો.

સ્નેહીવર્ગના મનનું સમાધાન કરવું.

પરના અવર્ણવાદ ન બોલવા.

નિજગુણપ્રશંસા કરતાં સંકોચ ધારવો.

પરોપકાર કરવા લક્ષ રાખવું.

ધાર્મિકજનોના ગુણોનું અનુમોદન કરવું.

સારો વેષ અને આચાર રાખતાં રહેવું.

"સંયમધારી સાધુને ભિક્ષા અને આહાર કરવાનાં શાસ્ત્રોક્ત છ કારણો."

(૧) વધારે વખત ભૂખ સહન થઈ ન શકે તેથી ક્ષુધા શાન્ત કરવા માટે, (૨) વૃદ્ધ, ગ્લાન, રોગી, નવદીક્ષિતની કે ગુર્વાદિકની સેવા કરવા માટે, (૩) સંયમ પાળવાને શક્તિ

સંપાદન કરવા માટે, (૪) પોતાના શરીર અને પ્રાણનો નિર્વાહ કરવા માટે, (૫) રસ્તામાં ચાલતાં ઈર્યાસમિતિ શોધવા ને આંખનું તેજ ટકાવી રાખવા માટે અને (૬) સુખેસમાધે ધર્મનું આરાધન કરવા માટે.

ઉક્ત છ કારણે સંયમધારી સાધુજનોને ભિક્ષા લેવી કે આહાર કરવો ઉચિત લેખાય છે, અન્યથા ઉચિત નથી. એ છ કારણો વગર જુદી દૃષ્ટિથી સ્વેચ્છા મુજબ કરવામાં આવતી ભિક્ષા સયમ માર્ગથી ભ્રષ્ટ કરનારી છે.

ધ્યાન-યોગની સ્થિતિ.

પૂર્વ દિશા કે ઉત્તર દિશા કે ઇશાન કોણ તરફ મુખ રાખીને યથોચિત (અનુકૂળ-નિશ્ચિત) સમયે સુખ આસને બેસી પ્રસન્ન મુખ એવા વિક્ષેપ રહિત તેમજ પ્રમાદવર્જિત મુનિએ નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થાપીને-નેત્ર સ્થિર કરીને ધ્યાન શરૂ કરવું.

જે વખતે શારીરિક કે માનસિક કશો ઉપદ્રવ નડે નહીં એવો બનતાં સુધી પ્રભાતનો સમય ધ્યાનને માટે સર્વોત્તમ લેખી નક્કી કરી લેવો. સ્થાન પણ એવું જ શાન્ત-નિરુપદ્રવ પસંદ કરવું અને સુખે કરી શકાય એવા એકાદ સ્થિર આસને રહી ધ્યાનની શરૂઆત કરવી.

ધ્યાનને યોગ્ય સ્થાન.

ઉદ્યાન, કેળનું ઘર, પર્વત ઉપરની ગુફા, દ્વીપ, બે નદીઓનો કે સમુદ્રનો સંગમ થતો હોય તે સ્થાન, શૂન્ય-એકાન્ત ઘર, પર્વતનું શિખર, વૃક્ષઘટા અને સમુદ્રતટ વિગેરે કે જ્યાં સ્રી,

પશુ, નપુંસકાદિકનું આવાગમન ન હોય તેમજ કોઇ જાતનો કોલાહલ થતો ન હોય તેવી જાતનું શાન્ત એકાન્ત સ્થળ સંયમી સાધુ જનોના ધ્યાનની સિદ્ધિ માટે ઉત્તમ છે

ધ્યાન માટેના અનુકૂળ પ્રતિકૂળ સંયોગો.

હઠયોગપ્રદીપિકામાં કહ્યું છે કે–અત્યન્ત આહાર, પરિશ્રમ, બકવાદ, નિયમનો અનાદર, મનુષ્યોનો સમાગમ અને ચંચળ વૃત્તિ એ છ દોષોથી યોગોનો વિનાશ થાય છે અને ઉત્સાહ, સાહસ, ધૈર્ય, તત્ત્વજ્ઞાન, નિશ્ચય તથા લોકપરિચયનો ત્યાગ–એ છ નિયમોથી યોગની સિદ્ધિ થાય છે. આ ઉપરોક્ત વસ્તુ-સ્થિતિમાં ઉપદ્રવ રહિત, શાન્ત, એકાન્ત સ્થાનનો જ મહિમા દર્શાવવામાં આવ્યો છે. ઉક્ત અનુકૂળ એવા એકાન્ત સ્થાને રહી સાધકે યોગાભ્યાસ કરવો. [જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૩૮૭]

" સૌજન્ય–સજ્જનતાનું માપ. "

બહારના દેખાવ પૂરતા ગુણોવડે નહીં પણ અંતરના ગુણોના વિકાસવડે થાય છે. અંતરની આર્દ્રતા હૃદયનો વિકાસ થતાં જે ખરી ક્ષમા, દયા, નમ્રતા, સરલતા અને સંતોષાદિક સદ્‌ગુણો ખીલી નીકળે છે તેનામાં જે સાચો નિઃસ્વાર્થ પ્રેમ પ્રગટી નીકળે છે અને તેના પરિણામે જે **આત્માર્પણતા** જાગે છે, તેનામાં જે ધૈર્ય અને ગંભીરતા સાથે ભદ્રિકતા, વિનીતતા, દાક્ષિણ્યતા, લજ્જાલુતા, સમદૃષ્ટિ–મધ્યસ્થતા, ગુણ-રાગિતા, દીર્ઘદૃષ્ટિતા, કૃતજ્ઞતા, પરોપકારશીલતા અને કાર્ય-દક્ષતા વિગેરે સદ્‌ગુણો પ્રગટે છે તે સદ્‌ગુણોવડે સજ્જનતાનું માપ થાય છે. તેનું આબેહુબ વર્ણન જોવા–જાણવા ઇચ્છા

હોય તેમણે તે વિષય ઉપર મોતીચંદભાઈએ સવિસ્તર લખેલું જૈન ધર્મ પ્રકાશના પૂર્વના અંકોમાંથી જોઇ લેવું અને એવી ઉત્તમ સજ્જનતા આદરવા અને વિસ્તારવા ખપ કરવો, જેથી સર્વત્ર શાન્તિ થાય.

શુષ્ક જ્ઞાન કરતાં સજ્જનતા ચડી જાય છે.

શુષ્ક જ્ઞાન સાથે દંભ, અભિમાન, કૂડ-કપટ, પ્રપંચ અને ક્રોધ, લોભ પ્રમુખ અનેક દુર્ગુણો વાસ કરી રહેલા જણાશે કેમકે માત્ર દેખાવવાળું આડંબરી જ્ઞાન ગમે તેટલું હોય તો પણ તેથી આત્મલાભ નહીં પણ આત્મવંચના થવા પામે છે. એથી તો ઊલટો અનર્થ થાય છે, પરન્તુ સાચી સજ્જનતામાં એવા ઉત્તમ સદ્ગુણો રહ્યા હોય છે કે જેની મીઠી સુવાસ પામી અનેક ભવ્યાત્માઓ પ્રસન્ન થાય છે.

" મનસિ વચસિ કાયે પુણ્યપિયૂષપૂર્ણા ઈ૦ "

વિચાર-વાણી અને આચારમાં પુન્ય-અમૃતથી ભરેલા, અનેક ઉપકારની કોટિઓવડે ત્રિભુવનને પ્રસન્ન કરતા અને પરના અલ્પ માત્ર ગુણને પર્વતસમા લેખી પોતાના હૃદયમાં પ્રમોદને ધારણ કરતા એવા કંઈક વિરલ સન્ત-સજ્જનો પણ જગતીતળ ઉપર વિદ્યમાન છે, જેને અનુલક્ષી ઉત્તમ જનો એવી સજ્જનતા આદરે. [જૈ. ધ. પ્ર. પુ. ૪૮, પૃ. ૨૨૩]

ધર્મધ્યાનનું સ્વરૂપ.

આજ્ઞાવિચય અને અપાયવિચય એવા ધર્મધ્યાનને પામીને ખરા વૈરાગ્ય પામેલા મુનિજનો વિપાકવિચય અને સંસ્થાનવિચય ધર્મધ્યાનને પ્રાપ્ત થાય છે.

સર્વથા રાગ–દ્વેષરહિત એવા સર્વજ્ઞના વચન એ પ્રવચન, એના અર્થનો નિર્ણય તે આજ્ઞાવિચય ધર્મધ્યાન. આશ્રવ, વિકથા, ગૌરવ તથા પરીસહાદિકને વિષે પ્રમાદાચરણવડે અપાય એટલે ભાવી દુઃખ દેખવારૂપ અપાયવિચય ધર્મધ્યાન, શુભાશુભ કર્મના વિપાકનું અનુચિંતન કરવા વિપાકવિચય ધર્મધ્યાન અને દ્રવ્યક્ષેત્રાકૃતિને વિચારવારૂપ સંસ્થાનવિચય ધર્મધ્યાન સમજવું.

ઉક્ત ધર્મધ્યાનને ધ્યાતાં તેમજ નિત્ય ભવભીરુ, અત્યંત ક્ષમાયુક્ત, અભિમાનરહિત માયાદોષમુક્ત હોવાથી નિર્મળ, સર્વ તૃષ્ણાવર્જિત, ગ્રામ અને અરણ્ય તથા શત્રુઓ ને મિત્રમાં સમચિત્ત, વાંસલાવડે અંગછેદન કરનાર પ્રત્યે સમભાવી, આત્મરમણી, તૃણ, મણિ ને કનક, પત્થર ઉપર સમભાવી, સ્વાધ્યાયધ્યાનમાં તત્પર, અત્યંત અપ્રમત્ત, પ્રશસ્તયોગવડે અધ્યવસાયની વિશુદ્ધિથી વિશુદ્ધ થતા અને ચારિત્રની અતિવિશુદ્ધિને તથા લેશ્યાવિશુદ્ધિને પામીને કલ્યાણમૂર્તિ એવા મુનિને ઘાતીકર્મના એક દેશના ક્ષયથી ઉત્પન્ન થયેલું મહાપ્રભાવવાળું અપૂર્વકરણ પ્રાપ્ત થાય છે.

અનેક ઉત્તમ લબ્ધિપ્રમુખ સંપદા પામીને પ્રશમસુખમાં આસક્ત થયેલા એવા મુનિ તેવી સંપદામાં મુંઝાતા નથી. વિસ્મયકારી એવા સુરવરોના સાહેબી લક્ષ–કોટીગુણી કરી હોય તો તેવા મુનિની ઋદ્ધિના અનંતમા ભાગે પણ આવતી નથી. ઇતિશમ્.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૧૦૮]

"સમકિતમૂળ બાર વ્રત પળાઇ શકે તેવી ટૂંક યાદી."

સમકિત—શુદ્ધ નિર્દોષ દેવ શ્રી જિન-અરિહંત, શુદ્ધ નિર્દોષ ગુરુ શ્રી નિર્ગ્રંથ સાધુ અને શુદ્ધ નિર્દોષ ધર્મ શ્રી સર્વજ્ઞ-વીતરાગભાષિત અહિંસા, સંયમ અને તપલક્ષણ પરીક્ષાપૂર્વક અંગીકાર કરી શુદ્ધ શ્રદ્ધાથી માનવા યોગ્ય છે. બાકીના રાગાદિ દોષવાળા દેવ-ગુરુ-ધર્મ તત્ત્વથી માનવા યોગ્ય નથી. શ્રી જિનેશ્વર દેવે ભાખેલા શુદ્ધ ધર્મતત્ત્વમાં શંકા, કંખા ને ફળનો સંદેહ કરવાની કશી જરૂર જ રહેતી નથી; કેમકે વીતરાગ-સર્વજ્ઞ યથાસ્થિત યથાર્થ વસ્તુવાદી હોય છે.

૧ સહુ કોઇ જીવને સ્વજીવિત બહુ વ્હાલું હોય છે, તે કોઇને દવલું હોતું નથી; તેથી યથાશકય સહુ જીવોની રક્ષા સ્વજીવિતની જેમ કરવી જોઇએ. જીવદયાવડે-જયણાથી સ્વ-કર્તવ્ય કર્મ કરવાથી આપણે સુખી અને નિરોગી થઇ શકીએ છીએ.

૨ સત્ય વદવું એ ખરેખરૂં મુખનું મંડન-ભૂષણ છે. સામાને પ્રિય અને હિતરૂપ થાય એવું સત્ય વચન વદવાથી સજ્જનો શોભી નીકળે છે. સર્વજ્ઞશાસ્ત્રનો મર્મ યથાર્થ સમજ્યા વગર અન્યને આપમતે સમજાવવા જતાં જીવ પગલે પગલે દંડાય છે.

૩ પૈસો અગિયારમો પ્રાણ લેખાય છે. બીજાનો પૈસો અનીતિથી હરી લેતાં તેના પ્રાણ હરી લેવા જેવો દોષ છે. અનીતિનું દ્રવ્ય લાંબું ટકતું નથી. સમય પાકતાં તે આગળના દ્રવ્યને પણ ઘસડી જાય છે અને તેને સંઘરનારની બુદ્ધિ બગડે છે, તેથી સુજ્ઞજનોએ ન્યાય-નીતિવડે જ સ્વકુટુંબનિર્વાહયોગ્ય

દ્રવ્ય ઉપાર્જન કરવું જોઇએ. ‘ આહાર પ્રમાણે ઓડકાર ’ એ ન્યાયે ન્યાયદ્રવ્યથી ભાવના-બુદ્ધિ સુધરે છે, તેનો સર્વ ઠેકાણે ઉપયોગ થઇ શકે છે. વળી તે લાંબો વખત ટકી રહે છે અને તે વડે ધર્મની રક્ષા-પુષ્ટિ ને પ્રભાવનાદ્વારા પરંપરાએ ભારે-મોટો લાભ મળે છે.

૪ આપણી માતા, બ્હેન કે પુત્રી સાથે કુચેષ્ટા કરનાર માટે આપણને કેવા વિચાર આવે છે ? ઘણા જ માઠા તો પછી એવું જ દુષ્કર્મ કરવા ઇચ્છતા આપણે માટે પણ સામાને ક્યાંથી સારા વિચાર આવે ? ન જ આવે, તો પછી સ્વસ્ત્રી સિવાય અન્ય સ્ત્રી મોટી હોય તેને માતા સમાન, સરખી વયવાળી હોય તેને બહેન સમાન અને લઘુવયની હોય તો તેને પુત્રી સમાન લેખી ચાલવામાં જ હિત-શોભા છે. સ્ત્રીઓએ પણ એ જ રીતે પરપુરુષને નિજ પિતા, બંધુ કે પુત્ર સમાન લેખી ચાલવામાં જ હિત સમજવાનું છે. એથી જ સમાજની રક્ષા ને ઉન્નતિ સધાય છે, કેમકે તેથી વ્યવહારશુદ્ધિ ઠીક પળાય છે. વ્યવહારશુદ્ધિ વગરના માણસો પવિત્ર ધર્મને લાયક જ ક્યાં છે ? પાત્રતાથી જ તે પામી શકાય છે.

૫ ગમે તેટલી અનર્ગળ લક્ષ્મી છતાં લોભી માણસ મમ્મણ શેઠની પેઠે દુઃખી જ રહ્યા કરે છે, અને અલ્પ ઋદ્ધિ છતાં સંતોષી માણસ પુણીયા શ્રાવકની પેઠે સદા સુખી-આનંદી રહે છે, એમ સમજી શાણા સ્ત્રી-પુરુષોએ નવવિધ પરિગ્રહમાં ઇચ્છા-પ્રમાણ બાંધી સંતોષવૃત્તિ સેવવી જોઇએ. એથી ઘણા પાપ અને આરંભ-સમારંભથી સહેજે બચી શકાય છે, તેમજ ન્યાયમાર્ગે મળતા ને બચતા દ્રવ્યનો સદ્ભાવના યોગે સુખ-

પૂર્વક સદ્‌વ્યય યથાસ્થાને થઇ શકે છે. બાકી લોભનો કંઇ થોભ નથી. ઇચ્છા આકાશ જેવી અનંતી છે તેથી તેનો કેમે પાર આવતો નથી. આશા–તૃષ્ણામાં અધિકાધિક તણાતાં દુઃખનો પાર આવતો નથી તેથી તે ત્યાજ્ય છે.

૬ આજીવિકાદિ જરૂરી કારણે જવા–આવવા જેટલી દિશા–ભૂમિની છૂટ રાખી, બીજી બધી દિશા–ભૂમિની આવતી પાપ-રાશિ (પાપક્રિયા) અટકાવવા માટે ખાસ દિશામર્યાદા બાંધવી જોઇએ. ચાર દિશા, વિદિશા ને ઊંચે-નીચે મળી દશ દિશા કહેવાય.

૭ મહાપાપ–આરંભવાળા ૧૫ કર્માદાનના વ્યાપારવડે વૃત્તિ–આજીવિકા બને ત્યાં સુધી નહિ કરતાં, અલ્પ આરંભવાળા ન્યાયયુક્ત વ્યવહારવડે જ જીવન–નિર્વાહ કરી લેવો શ્રાવકને ઉચિત છે. ભોગોપભોગના સંબંધમાં પણ ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેયનો વિવેક અવશ્ય સાચવવા યોગ્ય છે. થોડી નિયમિત અને નિર્જીવ વસ્તુવડે સ્વ–નિર્વાહ કરી લેવો.

૮ અનર્થદંડથી વિરમવું, જેમાં પોતાનું કે સ્વ–કુટુંબાદિકનું હિત સમાયેલું ન હોય તેવી નકામી બાબતમાં માથું ન મારવું, પાપોપદેશ ન આપવો, પાપ–અધિકરણ એકઠાં કરી અન્યને ન આપવાં, પાપી–હિંસક જાનવરો પાળવાં નહીં, અસતીપોષણ કરવું નહીં, કુવ્યસન સેવવાં નહીં, કુસંગતિ કરવી નહીં, કામ–ઉન્માદ જાગે એવાં આસનો સેવવા નહીં તેમજ તેવાં પુસ્તકો, સિનેમા વિગેરે જોવા વાંચવા નહીં, જેથી અનેક જીવોનો વિનાશ થાય તેવાં અનાચરણો કે પ્રમાદાચરણ સેવવાં–કરવાં નહી, તથા નારદની પેઠે નકામાં કલેશ–યુદ્ધ કરવા–કરાવવા નહીં. ઇત્યાદિક અનર્થકારી બાબતોથી સાવધાનપણે સદા દૂર રહેવું.

૯ દરેક શ્રદ્ધાળુ શ્રાવક શ્રાવિકાએ હરહંમેશ જેમ સમતા-ગુણની વૃદ્ધિ થાય તેમ શુદ્ધ ભાવથી સામાયિક, પ્રતિક્રમણ, પ્રભુદર્શન, પૂજા-સેવા, ભક્તિ, દેવવંદન, ગુરુવંદન, શાસ્ત્રશ્રવણ, મનન, નિદિધ્યાસન, વિનય, વૈયાવચ્ચ, સત્સંગ, તીર્થયાત્રા, પ્રભાવનાદિ ઉત્તમ ધર્મકરણી સ્વકર્તવ્યધર્મ સમજી જાતે કરવી, કરાવવી અને અનુમોદવી; તથા છ કોટિ શુદ્ધ સમતા-સામાયિક કરવાનું તો સુવ્યસન જેમ બને તેમ ચીવટથી વધારવું.

૧૦ પૂર્વોક્ત છઠ્ઠા વ્રતમાં જીવિતપર્યન્ત માટે રાખેલી છૂટ, બે ઘડીથી માંડી પહોર, દિવસ, માસ કે વર્ષ સુધી પાળવા માટે સંક્ષેપી તેમાં યથાશક્ય ધર્મકરણી અધિક આદરથી કરવી.

૧૧ ઉક્ત કરણી ઉપરાંત અષ્ટમી, ચતુર્દશી પ્રમુખ પર્વતિથિ-જોગે અનાદિ આત્મગુણોની પુષ્ટિ થાય તેવા પૌષધવ્રતનું ઉલ્લાસ-પૂર્વક પાલન કરવા સવિશેષ લક્ષ રાખવું. યથાશક્ય વ્રત-પચ્ચખાણ રુચિપૂર્વક આદરવા અને તે અતિચારાદિ દોષરહિત સાવધાનપણે બરાબર પાળવા. ધર્મશાસ્ત્ર ગીતાર્થ જ્ઞાની ગુરુ સમીપે આદર-બહુમાન સહિત વાંચવાં, ભણવાં કે સાંભળવાં. પ્રમાદ તજી પાંચ પ્રકારનો સ્વાધ્યાય અવશ્ય કરવો. ચાર પ્રકારના પૌષધવ્રતમાં બનતાં સુધી ઉપવાસ, આયંબિલ, નીવી કે એકાસનાદિ તપ કરવો, શરીરશોભા તજવી, શુદ્ધ શિયળ પાળવું અને સર્વથા પાપ-વ્યાપારનો ત્યાગ કરવો. એ રીતે નિજગુણની પુષ્ટિ માટે આત્માર્થી ભાઇ-બ્હેનોએ પૌષધ ચાર કે આઠ પહોરનો કરવો. છેવટે તે તે પર્વદિવસે તેમાંથી બને તેટલી શુભ કરણી તો જરૂર કરવી.

૧૨ ઉક્ત પૌષધ વ્રત પાળનાર શ્રાવક-શ્રાવિકાનું આ પણ

એક ઉત્તમ ધર્મ-કર્તવ્ય છે કે તેમણે ક્ષમાદિક દશ પ્રકારના યતિધર્મને સેવનારા, પાંચ મહાવ્રત પાળનારા, સંસારની સઘળી ખટપટોથી દૂર રહેનારા, સદાય સમતા-રસમાં ઝીલનારા અને સર્વજ્ઞોક્ત નિર્દોષ મોક્ષમાર્ગમાં ચાલનારા, નિર્ગ્રંથ સાધુ-સાધ્વીઓને નિર્દોષ ને પ્રાસુક(નિર્જીવ) આહાર-પાણી, ઔષધ-ભેષજ, વસ્ત્ર-પાત્ર અને નિવાસસ્થાનાદિક આદરસહિત નિ:સ્વાર્થ-ભાવે આપવાં અને તેમની પાસેથી અમૂલ્ય બોધ મેળવી તેને દરેક રીતે સફળ કરવો. સહુને આત્મવત્ લેખવાં.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૧૧૭]

શુદ્ધ પ્રેમ ને સંકલ્પશક્તિ.

શુદ્ધ નિ:સ્વાર્થ પ્રેમ—સદ્ગુણોનું મૂળ પ્રેમ છે. આ પ્રેમ દેહની સુંદરતા કે ધનની અધિકતાને લીધે નહીં, અધિકાર કે સારી લાગવગ ધરાવનારા ઉપર નહીં, ભવિષ્યમાં ઉપયોગી-મદદગાર થશે તે માટે નહીં પણ કેવળ સત્તાગત અનંત શક્તિવાન આત્મા છે અને આત્મા એ પરમાત્મા છે એમ જાણી આત્મદૃષ્ટિએ આત્મા ઉપર પ્રેમ કરવાનો છે.

તે સિવાયનો પ્રેમ તે પ્રેમ નથી પણ મોહ છે-રાગ છે-સ્નેહ છે. બીજાને શાન્તિ આપીને પોતાને સુખ માનવું તે પ્રેમ છે. પ્રેમી બીજાને પવિત્ર બનાવવાનું કામ કરે છે. પ્રેમના વિશાળ રાજ્યમાં સદ્ગુણોરૂપી અનેક નાનાં રાજ્યોનો સમાવેશ થાય છે. પ્રેમ છે ત્યાં આત્મભાન છે. પ્રેમના પ્રમાણમાં શુદ્ધ આત્માનો અનુભવ થાય છે.

જે સત્તા રાજ્યમાં, ધનમાં કે અધિકારમાં નથી તે સત્તા પ્રેમી ઉપદેશકર્તાના વચનમાં રહેલી છે. જો તે ઉપદેશકમાં પ્રેમ નહીં હોય તો તેનો ઉપદેશ ગમે તેટલો મોહક કે પંડિતાઇભર્યો હશે છતાં ખાલી કાંસાના રણકારથી તેમાં વિશેષ અધિકતા અનુભવાશે નહી. તે ઉપદેશ લાગણી, આત્મભાન અને અંતરના પ્રેમ વિનાનો હોવાથી તદ્દન લૂખો-અસર વિનાનો નિવડશે અને તેની અસર તરતમાં ભુંસાઈ જશે.

શ્રદ્ધા સાધન જેવી છે પણ પ્રેમ તો સાધ્ય હોવાથી સાધનના ફળરૂપે છે. પ્રેમને બહાર કાઢવાનો-પ્રગટ કરવાનો એક જ માર્ગ છે કે બીજાને આપવું. દાન એ પ્રેમની નીક છે. તે દ્વારા પ્રેમનું પાણી બહાર આવીને બીજાને શાન્તિ કરે છે. માગવા આવેલા યાચકને એક પૈસો કે અન્નનો ટુકડો ફેંકવો એ બહુ કઠણ કામ નથી, પણ પ્રેમ તો ગરીબાઈનાં મૂળ કારણો, દુઃખીઆનાં દુઃખ અને અજ્ઞાનીઓનાં અજ્ઞાન દૂર કરવામાં રહેલો છે.

પ્રભુ મહાવીરે કષ્ટ સહન કરીને-ડંસ સહન કરીને ચંડકોશીયાને તેની ભૂલ બતાવી, સન્માર્ગે દોરી, સત્ય વસ્તુ પ્રગટ કરાવી આપી, પોતામાં રહેલો પ્રેમ પ્રગટ કરી બતાવ્યો હતો.

આ જગત દયા-શુદ્ધદયા-ભાવદયા કરનારના અભાવે જ દુઃખી દીસે છે. તે જીવોને તાત્વિક આત્મિક બોધ નહીં મળવાથી જ તેઓમાં આત્માની અનંત શકિત છુપાયેલી પડી રહેલી છે. દયાળુ પ્રેમી મહાત્માઓની સમયોચિત મદદથી તેઓની શકિત ઘણી ઝડપથી બહાર આવે છે. પ્રેમ કદિ નિષ્ફળ થતો નથી.

"**દૃઢ સંકલ્પશક્તિ**"—'સાચામાં સાચું, ખરામાં ખરૂં ડહાપણ દૃઢ સંકલ્પ છે.'

'જેનામાં દૃઢ સંકલ્પશકિત નથી તેનામાં ડહાપણ નથી.'

'જ્યાં દૃઢ-નિર્ણયાત્મક આત્મા જોવામાં આવે છે ત્યાં માણસની આજુબાજુ જગ્યા કેવી મોકળી થઈ જાય છે અને તેને જગ્યા અને સ્વાતંત્ર્ય મળે છે તે જોતાં આશ્ચર્ય થાય છે.'

'લોકોમાં બળની ન્યૂનતા હોતી નથી પણ તેમનામાં સંકલ્પશક્તિની ન્યૂનતા હોય છે.'

"જીવવું કે મરવું" એવો જેણે નિશ્ચય કર્યો છે તેને ભાગ્યેજ કોઇ જીતે છે. આવી ઉમદા નિરાશા મુશ્કેલી સાથે નાશ પામે છે."

'ફતેહ મેળવવા માટે જે શકિત અને સંકલ્પ જોઈએ તે નહીં બતાવવાથી જીવનની મહાનમાં મહાન નિષ્ફળતાઓ ઉત્પન્ન થાય છે.'

'ગર્દીમાં આગળ વધતા માણસ માટે જેમ લોકો સ્વાભાવિક રીતે જગ્યા કરી આપે છે તે જ પ્રમાણે જેનો હેતુ પોતાના કરતાં આગળ હોય છે તેને આગળ વધવા માટે માનવજાતિ જગ્યા કરી આપે છે."

'મૂર્ખ માણસ નિરર્થક ઈચ્છાઓમાં પ્રમાદથી પડી રહે છે. ઇચ્છાશક્તિવાળા ડાહ્યા માણસને માર્ગ મળે છે.'

'જે માણસને કામ કરવાની ઈચ્છા છે તેને કશું અશકય નથી.'

"**સમય મળે તેનો સદુપયોગ**"—જ્યારે યૌવન અને આરોગ્ય જોઇએ તેવાં હોય ત્યારે ભૂતકાળ માર્ગદર્શક થાઓ, ભવિષ્ય આશાજનક રહો પરન્તુ તમારી વધારેમાં વધારે ચિન્તાનો ગંભીર વિષય **વર્તમાન** રહો. દરેક શક્તિની ખીલવણીથી, સુધારણાની દરેક તકની તપાસ ગરૂડની તીક્ષ્ણ દૃષ્ટિ રાખીને, વખત બચાવીને, લાલચને તરછોડીને, વિષય-સુખનો ત્યાગ કરીને, પોતાની જાતને ઉપયોગી, સન્માનપાત્ર અને સુખી કરવી એ માણસના પોતાના હાથમાં છે.

'પોતાનું કામ નક્કી થવા માટે જે રાહ જોઇ બેસી રહે છે તે મૃત્યુ પામશે એટલે તેનું કામ અપૂર્ણ રહી જશે.'

કુદરતી જે કંઇ તમે હો તે જ રહેવા પ્રયત્ન કરો. તમારી પોતાની બુદ્ધિ, પોતાની વૃત્તિનો માર્ગ છોડતા નહીં. કુદરતથી તમે જેને માટે નિર્માણ થયા હો તે જ થશો તો તમે ફતેહ પામશો. તેનાથી બીજું કાંઇ થવા યત્ન કરશો તો તમે દરેક રીતે નિષ્ફળ અને નાલાયક નીવડશો.

'જે પ્રમાણમાં તમે તમારું કર્તવ્ય કરવા ધારતા હશો તે પ્રમાણમાં તમારામાં શું પાણી છે તે જણાઈ આવશે.'

'ઉચ્ચ કાર્યો કરો. આખો દિવસ માત્ર તેના સ્વપ્નામાં રહેશો નહીં. આથી જીવન, મૃત્યુ અને જગત્ સર્વ એક મહાન, મધુર, ભવ્ય સંગીત બનશે.'

'તમારું ખરૂં ભાવિ તમારા ચારિત્ર્યમાં જ છે.'

'તમે જે કાંઇ કરવાનું માથે લ્યો તેમાં સર્વોપરી–શ્રેષ્ઠ બનો.'

'પોતાને માટે કંઈ સ્થાન મેળવી, મૌન, અવલોકન, નિમકહલાલી, ખંતભર્યો ઉદ્યમ અને સભ્યતાથી આગળ વધી શકાશે.'

"**શકિતઓની એકાગ્રતા**"—લક્ષ વગર ઘણી ચીજો કરવી નહીં પણ દૃઢતા અને આગ્રહ સાથે એક જ ચીજ કરવી એ જરૂરની–મહત્ત્વની છે.

"**ખુશમિજાજ**"—'આનંદી મનુષ્યો લાંબું જીવન ભોગવે છે અને આપણો પ્રેમ પણ તેમના ઉપર લાંબા વખત સુધી રહે છે."

'ખુશમિજાજમાં અદ્‌ભુત બળ રહેલું છે. તેની જીવનશકિત અખૂટ છે. કોઇપણ જાતના પ્રયાસ કાયમ રીતે કરવા હોય તો તે સમાન રીતે આનંદ યુકત હોવા જોઇએ. તેમાં આનંદ, આનંદનું લાવણ્ય અને પ્રકાશનું સૌન્દર્ય હોવું જોઇએ.

'કામથી માણસ મરતા નથી; કામના કંટાળાથી લોકો મરે છે. કામ તો આરોગ્ય આપનાર છે. અગ્રચિન્તા કરતા નહીં. હમેશાં આનંદમાં રહો.'

'માણસે ફતેહ મેળવવી હોય તો ત્યાં તેણે પોતાના શરીરના અને મનના સઘળા ઉત્સાહથી કૂદી પડવું જોઇએ.'

"**સ્વમાન સ્વવિશ્વાસ**"—'સ્વમાન, આત્મજ્ઞાન અને આત્મનિગ્રહ–આ ત્રણ સદ્‌ગુણોથી માણસનું જીવન સર્વોપરી સત્તા મેળવી શકે છે.'

'સઘળા ગુણો–સદ્‌ગુણોની ચાવી સ્વમાન.'

'આપણી જાતને બેઆબરૂ કરનાર આપણે જ છીએ.'

'પોતાની જાતનો અવિશ્વાસ એ પણ ઘણીખરી નિષ્ફળતાનું કારણ છે.'

'બળની ખાતરીમાં બળ રહેલું છે. આત્મવિશ્વાસ વગરનો માણસ નબળામાં નબળો છે.'

'પવિત્ર અને વાજબી સ્વમાનવૃત્તિથી દરેક વખાણવા યોગ્ય અને લાયક સાહસ ઉદ્ભવે છે.'

'તમે તમારા મિત્ર થાઓ એટલે બીજાઓ થશે.'

'તમે બધાં માણસને થોડો વખત છેતરી શકો, થોડાક લોકોને સઘળો વખત છેતરી શકો, પણ બધા જ લોકોને સઘળો વખત છેતરી શકો નહીં.'

સોનેરી વચનો

'મને વખત મળતો નથી, મને તક મળતી નથી, એ નબળા અને અદૃઢ મનુષ્યોનું જ હમેશનું બ્હાનું છે. દરેક મનુષ્યને જીવનમાં અનેક તક મળે છે.'

"માણસ ઝુંપડીમાં જન્મેલો હોય કે મહેલમાં જન્મેલો હોય તે કંઇ મહત્ત્વનું નથી. દૃઢ હેતુનો આવેશ તેનામાં હશે અને તે સ્વાશ્રય રાખશે તો માણસ, દેવ કે દાનવ પણ તેને આગળ વધતાં અટકાવી શકશે નહીં."

"તમારે શું કરવું તે વિષે જગત કંઇ કહેતું નથી, પણ તમે જે કંઇ માથે લ્યો તેમાં સર્વોપરી-શ્રેષ્ઠ બનો એમ તેનું કહેવું છે."

"તમે શું જાણો છો અગર તમે કોણ છો તે હાલના જમાનામાં પૂછવામાં આવશે નહીં. તમે શું કરી શકો એમ છો તે જ આ જમાનાનો પ્રશ્ન છે."

"પાત્રતા મેળવવા પામર જીવો બીલકુલ લક્ષ આપતા નથી તેથી તે સીદાય છે. ખરી પાત્રતા–લાયકાતવાળા જયાંત્યાં પૂજાય છે, વિજય મેળવે છે."

"પાત્રતા વગર પ્રાપ્તિ નથી, માટે ખરી પાત્રતા મેળવવા સારી રીતે મથવું જ જોઇએ."

"**જેવી ભાવના એવી સિદ્ધિ**" જે મનુષ્ય જેવી ભાવના સેવે છે તેને તેવી જ સ્થિતિ પ્રાપ્ત થાય છે. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે–'**મનુષ્ય પોતે જ પોતાના ભાગ્યનો સ્રષ્ટા યા સર્જનહાર છે.**' અત્યારે જે સારી કે નરસી સ્થિતિ ભોગવી રહ્યો છે તે તેણે પોતે જ રચેલી છે અને પોતાની ભવિષ્યની સ્થિતિને પણ તે પોતે જ પોતાની હાલની ભાવનાવડે રચી રહ્યો છે. જાણીને કે અજાણપણે તેણે જેવા સંસર્ગ, સંસ્કાર, માન્યતા, આદર્શ, ઇચ્છા, ભાવના અને પ્રયત્ન આગળ ઉપર સેવ્યા છે તેવી જ સ્થિતિ અત્યારે તેને આવી મળી છે અને અત્યારે પણ સમજીને કે વગર સમજયે જેવા સંસર્ગ, આદર્શ, ભાવના અને યત્ન સેવશે તેવી જ સ્થિતિ તેને ભવિષ્યમાં આવી મળવાની છે. '**બીજ તેવું વૃક્ષ**, વાવે તેવું લણે' એ પ્રમાણે હોવાથી કુદરતના અને જીવનના મુખ્ય સિદ્ધાન્તોનું જ્ઞાન એક મનુષ્યે જેટલું વધારે મેળવ્યું હોય છે તેટલો તે સંસ્કારોમાં, સમજણમાં, આદર્શમાં,

શ્રદ્ધામાં, ભાવનામાં, યત્નમાં, સામર્થ્યમાં અને સફળતામાં વધારે ઉન્નત અને વધારે વિશાળ બન્યો છે અથવા બનતો આવે છે.

'અજ્ઞાનભરી બાદશાહી કરતાં જ્ઞાનગર્ભિત નિર્ધનતા ચડીયાતી કહેવાય છે.' 'ખોટી–અવળી દોડ મૂકી દઇને સાચી સવળી સ્વાભાવિક, અને સુખદાયી દિશા તરફ **જ્ઞાન અને ચારિત્ર તરફ વળો અને યથેચ્છ સુસ્થિતિને પ્રાપ્ત કરો.'** નીતિ, આરોગ્ય, પુરુષાર્થ, એકનિષ્ઠતા વિગેરે બાબતો જેટલી લૌકિક ઉન્નતિમાં ઉપયોગની છે તેટલી જ તે આધ્યાત્મિક ઉન્નતિમાં પણ ઉપયોગની છે. 'આ આત્મા જેવા તેવા બળહીન નિઃસત્ત્વને પ્રાપ્ત થઇ શકતો નથી.'

ટુંકાણુમાં કહેવાનો સાર એ છે કે–સફળતા પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનારે દૃઢતાપૂર્વક પોતાનું સ્થાન સાચવી, સખ્ત પરિશ્રમ કરી આગળ વધવું જ જોઇએ. દુર્બળ અને ચંચળ ચિત્તના માણસને જે વસ્તુઓ વિઘ્નરૂપ અને અપયશ અપાવનારી થાય છે તે વસ્તુઓ સશક્ત અને નિશ્ચયવાન મનુષ્યને ઊંચે ચઢવાના પગથિયાંરૂપ અને યશદાતા થાય છે.

'અનિશ્ચિત મનના માણસે કોઇ પણ મહાન કાર્ય કર્યું જાણ્યું નથી.'

લક્ષ્મી–જયમાળા સાહસિક માણસને જ પ્રાપ્ત થાય છે; બીકણુ–શંકાશીલને તે પ્રાપ્ત થઇ શકતી નથી.

'જે ઘોર સંકટમાંથી તમે મુક્ત થઇ શકતા ન હો તેવે સ્થળે હસતે ચહેરે ઊભા રહેવું એમાં જ બહાદુરી છે.'

'અમુક કાર્યને અશક્ય માનવું–ધારવું એ જ તેને અશક્ય

બનાવવા સમાન છે. હિમ્મત એ જ વિજય અને ભીરુતા એ જ પરાજય છે.'

"**માણુસ અને તેને મળતી તક**"–'તક તકાસવાની સાવધાનતા, તક પકડી લેવાની કુશળતા અને હિમ્મત, વધારેમાં વધારે ફળ મેળવવા જેટલે દરજ્જે તકનો ઉપયોગ કરવાનું બળ અને આગ્રહ આ એવા મર્દાનગીના ગુણો છે કે જે વડે વિજય–સફળતા મળ્યા વગર રહે જ નહીં.'

'કોઈપણ માણુસ જ્યાં સુધી કોઇ (નિશ્ચિત) વસ્તુ માટે પરિશ્રમ ન ઉઠાવે ત્યાં સુધી તે વસ્તુ તેની મેળે તેની આગળ આવી પડતી નથી.'

'કાં તો હું રસ્તો શોધી કાઢીશ અગર રસ્તો કરીશ.' એવો ઉત્સાહ હોવો જોઇએ.

'કામ કરવાની તમારી મરજી છે ? એમ હોય તો આ જ ક્ષણુનો ઉપયોગ કરો. તમે જે કંઇ (હિતકાર્ય) કરી શકો અગર જે કંઇ કરવાનો તમને જરા પણુ ખ્યાલ હોય તેનો પ્રારંભ કરો.'

'કરવા જેવું કામ જગતમાં ઘણું છે. માનવ સ્વભાવની ઘટના એવી છે કે એક સારો શબ્દ અગર જુજ મદદ અનેક સમયે પોતાના જાતિબંધુઓ ઉપર આવતી આપત્તિનો ધસારો અટકાવી શકે અગર ફતેહનો તેનો માર્ગ મોકળો કરી આપે.'

'તક માટે રાહ જોતા નહીં, તમારી તક તમે ઉત્પન્ન કરો.' સોના જેવી તકો પણુ સુસ્તોને ઉપયોગી થતી નથી પણુ ઉદ્યોગીને સાધારણુમાં સાધારણુ તક સોનાની થઇ પડે છે

માનવ જીવનમાં અમુક એવા સંયોગ આવે છે કે જેનો ખરે વખતે લાભ લેવામાં આવે તો નશીબ ખુલી જાય છે. જો તે સંયોગ વિસારી દેવામાં આવે તો પછી કંઇ વળતું નથી. જે વખતે સંયોગ લાભજનક હોય તે વખતે આપણે તેનો ઉપયોગ કરવો જોઇએ, નહીં તો આપણાં કામ નિષ્ફળ જાય છે.'

'તક બે વાર મળતી નથી માટે જ્યારે તકથી દૈવ અનુકૂળ દેખાતું હોય અને કર્ત્તવ્યની દૃષ્ટિએ અમુક માર્ગ ઇષ્ટ માલમ પડતો હોય તે સમયે તેનો ઉપયોગ કરો. ભયરૂપી પડછાયાથી ડરી જઇ, બચવા માટે વેગળા ખસી જતા નહીં; પરંતુ બહાદુરીથી, હિમ્મત સાથે નક્કી કરેલા લક્ષ્ય તરફ આગળ વધો.'

"ગરીબી"–'કાળામાં કાળી ભોંયમાં જ સુંદરમાં સુંદર ફળ ઉત્પન્ન થાય છે.' ગરીબી કડવી અને તિરસ્કારપાત્ર હોય છે છતાં તે કલ્યાણકારક હોય છે. તેના ગુણ સમજવામાં આવતા નથી પણ જેનો વિચાર આવવો અશક્ય છે એવી અનેક બાબતો ગરીબીથી જ–તંગીથી જ સંપૂર્ણ થઇ શકે છે. માણસના હૃદયમાં હિમ્મત તેથી જ ઉત્પન્ન થાય છે, તેનાથી બુદ્ધિ તીક્ષ્ણ બને છે, આગ્રહ ઉત્પન્ન થાય છે, તેનાથી એકદમ દીર્ઘદૃષ્ટિ ઉત્પન્ન થાય છે, તેનાથી ધૈર્ય આવે છે અને તેને જો સહનશીલતાથી નિભાવી લેવામાં આવે તો જીવન સુધરી જાય છે.'   [જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૨૧૨]

દ્રવ્ય અને સદ્ગુણ.

દ્રવ્ય (લક્ષ્મી) સુધારે છે તેના કરતાં વિશેષ બગાડે છે, જ્યારે સદ્ગુણ જીવનને નર્યું ઉચ્ચ ઓજસ્વી બનાવે છે. એની

સુધારણામાં લેશ શંકા નથી. દ્રવ્યના ઘડતરમાં અંદાજ–અડસટો–વીમો છે; જ્યારે સદ્‌ગુણની સુધારણામાં સોએ સો ટકા પ્રતીતિ છે, અટલ વિશ્વાસ છે અને અડોલ નિશ્ચય છે. સદ્‌ગુણના ખોળે માથું મૂકતાં પૂરેપૂરી નિશ્ચિંતતા છે જ્યારે દ્રવ્યને ખોળે સૂતાં વિચાર કરવો પડે–ચિન્તા રહ્યા કરે. શ્રીમંતને ત્યાં જન્મ થવો એમાં પતનનો સંભવ છે જ્યારે યોગીના ગૃહે જન્મ થાય તો ત્યાં જીવનનો ધ્રુવ વિકાસ છે–આત્માની નિશ્ચિત પ્રગતિ છે.

દ્રવ્ય પ્રાપ્ત થયા પછી હાથમાંથી ચાલ્યું જાય એ દ્રવ્ય પ્રાપ્ત ન કર્યું હોય તેના કરતાં વિશેષ દુઃખદ છે અને સદ્‌ગુણ પ્રાપ્ત કર્યા પછી એને ખોઇ નાંખવા એ તો ખરેખર અત્યન્ત દુઃખદાયી છે. દ્રવ્ય જવાથી દેહનાં શણગાર અને મોજશોખ નાશ પામે છે, પણ સદ્‌ગુણ જવાથી તો અંતરનો વૈભવ લૂંટાઇ જાય છે અને સારુંયે જીવન નિઃસત્ત્વ–નિર્માલ્ય બની જાય છે.

દ્રવ્ય એ જીવનની (બાહ્ય) શોભા છે જ્યારે સદ્‌ગુણ એ જીવનની સુગંધ છે. દ્રવ્ય વિના મનુષ્યતા નભી શકે પણ સદ્‌ગુણ વિના માનવતા રહી શકે જ નહિ. Vice follows Wealth દ્રવ્ય જ્યાં પડાવ નાંખે છે ત્યાં ભોગવિલાસ–મોજશોખથી માંડીને અનાચાર–વ્યભિચારની વૃત્તિ જામે છે અને અભિમાનનો દુષ્ટ પવન જોસબંધ ફુંકાય છે અને જ્યાં સદ્‌ગુણનો પડાવ પડે છે ત્યાં ધર્મવૃત્તિ જાગે છે, સદ્વિચાર અને સદાચાર જાગૃત થાય છે અને સમાન ભાવનો મીઠો પવન વેગસહિત વાય છે. દ્રવ્યને અંગે દુર્ગુણનો ભય રહે છે અને તે ક્યારે ફાટી નીકળશે તે કહી શકાય નહિ, જ્યારે સદ્‌ગુણનો સત્કાર અંતર-

ગૃહમાં થાય છે કારણ કે તે નિર્દોષ-નિરામય અતિથિ છે. જ્યાં પદ ધરે ત્યાં જીવનને પાવન કરે જ છે.

દ્રવ્યથી બધું મળે પણ ખાનદાની અને સાધુતા સાંપડતી નથી, જ્યારે સદ્‌ગુણથી બંને સાંપડે છે. દ્રવ્યથી દેહ પોષાય-પુષ્ટ બને પણ એથી કંઇ અંતરની સમૃદ્ધિ વધતી નથી, જ્યારે સદ્‌ગુણથી માનસ કેળવાઈ ઉન્નત બને છે અને જીવન તપોમય-તેજસ્વી બને છે.

દ્રવ્યના ભોગે સદ્‌ગુણનો સંચય એ ખરેખર માણસાઇ છે અને સદ્‌ગુણનાં ભોગે દ્રવ્યની પ્રાપ્તિ એ તો ચોખ્ખી હેવાનિયત-શ્વાનવૃત્તિ છે.

દ્રવ્ય વખણાય ખરૂં પણ વંદાય નહિ, જ્યારે સદ્‌ગુણ વખણાય અને વંદાય પણ ખરો. દ્રવ્યમાં શક્તિ છે તે રાજસી દંભ ને આડંબરની જનની. તે માણસને સેતાન બનાવે છે. જ્યારે સદ્‌ગુણમાં શક્તિ છે તે શુદ્ધ સાત્ત્વિક, સત્ય ને આદર્શની જનની. તે માણસને દેવરૂપ બનાવે છે. સદ્‌ગુણનો પ્રકાશ પૂર્ણિમાના નિર્મળ ચંદ્ર જેવો છે તે જીવનમાં સુધા સિંચી ઉજ્વળ ને ઉલ્લસિત કરે છે.

“ ચારિત્ર (CHARACTER) ”

બહુ શાસ્ત્રપાઠી વિદ્વાન કે વિદ્યાર્થી પોતાનું ચારિત્ર અણીશુદ્ધ ઉજ્વળ રાખે, મનમાં–હૃદયમાં તેવી શુદ્ધ લાગણી–આત્મપ્રેરણા જો બની રહે તો તેનું ભણ્યું લેખે; અન્યથા અફળ. વિદ્યા વિજ્ઞાન અને કળાના અભ્યાસનું પરમ ફળ ચારિત્ર જ છે અને તે પોતાને એકલાને જ નહીં પણ સહુ સમાજને પણ

ઘણું ગુણદાયક છે. એટલે જેનું ચારિત્ર ગુલાબના અત્તર સમું સુવાસિત છે તે જ ખરૂં ભણ્યો અને તે જ સાચું ધન કમાયો.'

શ્રેષ્ઠ–ઉજ્વળ ચારિત્ર જ માણસનો દેવદુર્લભ વૈભવ છે. શુદ્ધ નિર્દોષ ચારિત્ર વગરનો ગમે તેટલો બાહ્ય વૈભવ કેસુડાનાં ફૂલ જેવો નિર્ગંધ–નહિવત્ છે. એ જ વ્યક્તિનું મહોજ્વળ તપ અને પરમ બળ અનેકને આકર્ષે છે–નમાવે છે. તેવું ઉજ્વળ ચારિત્ર પ્રાપ્ત કરી લેવું તે સહુ સજ્જનોનું પરમ કર્ત્તવ્ય છે. બહુ ભણેલા સૌ ચારિત્રસંપન્ન જ હોય તેમ કહી ન શકાય અભણ કે ઓછું ભણેલા સહુ ચારિત્રહીન જ હોય તેમ કહેવાની, ધૃષ્ટતા ન જ કરાય. અભણમાંથી પણ કંઇક વ્યક્તિઓ ઊજ્વળ ચારિત્રશીલ થઈ જાણી છે. ચારિત્રને હૃદય સાથે ગાઢ સંબંધ છે, કેવળ બુદ્ધિ સાથે નહિ. દેહ નીરોગી કે બળવાન બને અને બુદ્ધિ તીક્ષ્ણ–તેજસ્વી બને એ ઇચ્છવાજોગ છે, પણ ઉજ્વળ ચારિત્ર વગર તે સંધ્યાના રંગસમા ક્ષણિક–આકર્ષક છે. ચારિત્ર વગરનું કેવળ બુદ્ધિબળ વિશ્વાસલાયક નથી. તે અધર્મ–અનાચારમાં પરિણમી ભારે અનર્થ પણ કરી બેસે. એટલે ચારિત્ર જ સર્વસ્વ છે. તે વગર બુદ્ધિબળ કે દ્રવ્ય–સંપત્તિ નિર્માલ્ય અને નિસ્તેજ જેવાં દેખાય છે. ચારિત્રનો એવો ઉજ્વળ પ્રભાવ જાણી તેનો અવશ્ય આદર કરવો ઘટે છે.

" પ્રેમ. "

'પ્રેમ એ હૃદયની વસ્તુ છે, આત્માનું સત્ત્વ છે. એ કંઈ બાહ્ય ચેષ્ટારૂપ નથી. એ તો અંતરની દિવ્ય સમૃદ્ધિ છે.' એથી એ અપનાવવા યોગ્ય છે.

ગમે એવી કારમી મુશ્કેલીઓ કે વિષમ વેદનાઓ વચ્ચે પણ અણનમ અખંડ રહે છે એટલું જ નહીં પણ વિશેષ બળવાન અને જ્વલંત બને છે.

સ્વર્ગનો વૈભવ પણ પ્રેમને આકર્ષી શકે નહિ તો પછી પૃથ્વીવૈભવનું શું ગજું ? પ્રેમ તો કેવળ પ્રેમથી આકર્ષાય છે. શુદ્ધ પ્રેમને સત્તા પણ ન નમાવી શકે. '

પ્રેમ શરત કે સાટું કરે નહિ. પ્રેમ સદા ને સર્વત્ર વિજયી બને છે. કંઇ મેળવી લેવું એવું એના સ્વભાવમાં નથી. પ્રેમ લેવા કરતાં દેવાનું, મારવા કરતાં હસતે મુખડે મરવાનું શિખ્યો છે. જાતે સહન કરવું એ પ્રેમનો સ્વભાવ છે, અને દિનરાત એકધારું અર્પણ કરવું એ પ્રેમનો આત્મા–જીવનમંત્ર છે. પ્રેમના અવાજની ગતિને કોઇ પણ રૂંધી શકતાં નથી. પ્રેમની મુંગી આશિષ, પ્રેમનો છુપો સંદેશ જડ ચેતનના હૈયાને પણ હચમચાવી મૂકે છે. પ્રેમ કોઇ પાર્થિવ પદાર્થની નહીં પણ શુદ્ધ પ્રેમની જ આશા કરે છે. તે આશાથી જીવે છે અને તેમાં જ પરિણમે છે. પ્રેમ કોઇ બજારૂ વસ્તુ નથી કે જેને દ્રવ્ય ખરીદી શકે. પ્રેમને કોઇ સત્તા પણ નમાવી ન શકે, પ્રેમ પોતે નિર્ભય છે, પ્રેમ અમર્યાદ છે, તે કોઇ મર્યાદા સ્વીકારતો નથી. પ્રેમ પ્રભુ સ્વરૂપ છે, શુદ્ધ–વિશુદ્ધ સર્વ દોષવર્જિત છે.

સાર ભાવના–ઉક્ત પવિત્ર ગુણ રત્નોનું સુંદર રહસ્ય શાન્તિથી સમજી લઇ, તેમને અંગાંગી ભાવે આદરી આપણા જીવનને સાર્થક–સફળ કરવું ઘટે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૧૪]

બોધદાયક વાક્યો.

૧ પુરૂષમાં શિરોમણિ તે જ કે જે ધર્મનું ભલીભાતે આરાધન કરવા ન ચૂકે.

૨ દરેક ધર્મક્રિયામાં શુભ ભાવનારૂપ અમૃતનું સિંચન કરતા રહેવાથી તે યથાર્થ ફળદાયક થશે.

૩ સર્પ જેમ કાંચળી છોડી દેવા માત્રથી નિર્વિષ થતો નથી તેમ બાહ્ય પરિગ્રહનો ત્યાગ માત્ર અંતરની ગમતા મચ્યા વગર કલ્યાણસાધક થઇ શકતો નથી.

૪ જ્યાં સુધી ધર્મ અસ્થિ–મજ્જામાં કહો કે અંતરમાં સ્પર્શ્યો નથી ત્યાં સુધી તેનો યથાર્થ સ્વાદ–અનુભવ આવી શકતો નથી.

૫ શું મધુર અને કોમળ વચન વૈરીના અંતરને પણ ભેદી નથી શકતા ?

૬ અપરાધ કર્યા છતાં પણ કોપે નહીં એવા પુરુષો દુનિયામાં કોઇ વિરલા હોય છે.

૭ દષ્ટિરાગ તજી ગુણાનુરાગી થઇ રહેવામાં જ ખરું હિત રહેલું છે.

૮ જસ–કીર્તિના લોભી થવા કરતાં આત્મહિત સંભાળી રાખવાથી જ ખરો લાભ છે.

૯ પાપથી ડરી, નીડરપણે સત્ય માર્ગે ચાલવાથી જ આત્મહિત સધાશે.

૧૦ ક્રોધને ટાળવા ક્ષમા–સમતા–મતસહિષ્ણુતાનું ઠીક સેવન કરવું ઘટે.

૧૧ માન-અભિમાનને ટાળવા મૃદુતા-નમ્રતાનો સારી રીતે આદર કરવો ઘટે.

૧૨ માયા-કપટવૃત્તિ તજવા એક નિર્દોષ બાળક જેવી સરલતા આદરવી ઘટે.

૧૩ લોભ-તૃષ્ણાનો અંત કરવા અમૃત સમી સુખકારી સંતોષવૃત્તિ સેવવી ઘટે.

૧૪ રાગ-દ્વેષના વિકારને વારવા સુવિવેકભરી સમતાનું જ સેવન કરવું ઘટે.

૧૫ દાવાનળ સમા ક્રોધથી જીવ ક્ષણમાં કરી કમાણી ગુમાવી બહુ દુઃખી થાય છે.

૧૬ મિથ્યા અભિમાનથી જીવ રાવણની પેઠે જગતમાં દુઃખી દુ.ખી થઇ જાય છે.

૧૭ માયાજાળ ગુંથનાર જીવ પોતે જ તેમાં સપડાઇ અંતે ભારે દુઃખી થાય છે.

૧૮ લોભ-તૃષ્ણાને અમર્યાદપણે સેવનારને અંતે દુઃખનો પાર રહેતો નથી.

૧૯ રાગ-દ્વેષની કલુષતા કાયમ રહેવાથી અમૃતસમું શમ-સુખ સાંપડતું નથી.

૨૦ તત્ત્વજ્ઞાનયુકત વૈરાગ્યના અભ્યાસથી ઉકત દોષપરંપરા દૂર થઇ શકે છે.

૨૧ સ્વચ્છંદે ચાલનારા કોના મનોરથો પૂરા થઇ શકે છે અને દુર્નિવાર્ય કાળની વિટંબનાથી કયાં બચી શકાય છે? તેનાથી કોઇ બચી શકતું નથી.

૨૨ શુદ્ધ ધર્મનું સેવન કરનાર જ સર્વ રીતે સુખી થઇ શકે છે માટે ખરા સુખના અર્થીજનોએ તો શુદ્ધ–નિર્દોષ ધર્મનું જ શરણ ને સેવન કરવાની જરૂર છે.

૨૩ જો શુદ્ધ આત્મલક્ષ પામવા ઇચ્છો તો સ્વનિંદા–સ્તુતિમાં સમભાવ રાખતા શિખો.

૨૪ ખરી નમ્રતા, નયજ્ઞતા, નિર્દંભતા અને નીરાગતા એ ઉત્તમ પુરુષોમાં લાભે છે.

૨૫ ધીરજ, ધાર્મિકતા અને શુભ ધારણા એ ત્રણ શુભ ગતિનું સૂચન કરે છે.

૨૬ ધર્મવાદ તત્ત્વબુદ્ધિથી મધ્યસ્થભાવે કરાય તે સારો પણ શુષ્ક વાદવિવાદ સારો નહિ.

૨૭ એક કામવાસના જીતાય તો સર્વ દુઃખનો અંત અને સર્વ સુખની પ્રાપ્તિ સહેજે થવા પામે, તેથી તેને જીતવા દૃઢ પ્રયત્ન કરવો.

૨૮ યોગસાધનમાં પણ છેવટ ધ્યાનસિદ્ધિની દશા અતિ ઊંચી ને અનોખી છે. સાકરની મીઠાશની જે ખાય તેને જ ખબર પડે. કેવળ વાતો કરનારને તેની મીઠાશની ક્યાંથી ખબર પડે ?

૨૯ અટવી મધ્યે ધ્યાનારૂઢ થઇ રહેતા યોગી પુરુષને હરણીયાનાં નાનાં નાનાં બચ્ચાં ખોળામાં બેસી નિઃશંકપણે ગેલ કરતા હોય અથવા બુઢ્ઢાં હરણો તેમની સ્થિર–નિશ્ચળ કાયાને ઝાડનું ઠુંઠું સમજી ખાજ ખણતા હોય છતાં જરા પણ

અરુચિ ન થાય. આવા નિર્મોહી મહાત્મા પુરુષોને ખરેખર ધન્યવાદ ઘટે છે.

૩૦ આ તે કઇ જાતનો રાગ કે મેરુપર્વત કરતાં અધિક ભોજન અને સમુદ્ર કરતા અધિક જળ આપણે ભવાંતરથી ખાતા-પીતા આવ્યા છતાં તેના ઉપર અરુચિ આવતી નથી? કયારે તેનાથી તૃપ્તિ વળે? ખરી ત્યાગ વૈરાગ્યદશા જાગવાથી વળે.

૩૧ જો તમે મહત્ત્વતાને અખંડિત જ રાખવા ચાહતા હો તો કોઇ પાસે જઈને કોઇ ઐહિક ક્ષણિક વસ્તુની યાચના કરશો જ નહિ.

૩૨ ધર્મકરણી તેના પ્રવેશકને સહજ અઘરી લાગે ખરી પણ નિત્ય અભ્યાસયોગે તે સુલભ થઇ શકે છે અને ભવિષ્યમાં ઠીક ફળદાયક બને છે.

૩૩ જે સદ્ગુરુઓએ આ જન્મમાં અમૂલ્ય બોધ આપી આપણી ઉપર પરમ ઉપકાર કર્યો છે તેનો બદલો તેમની ગમે તેટલી તાબેદારી કર્યા છતાં વળે નહીં. એ જ રીતે માતાપિતાદિકના ઉપકાર આશ્રી સમજી લેવાનું છે.

૩૪ દૂધમાં ઘીની પેઠે આપણા દેહમાં આત્મા ગુપ્તપણે રહેલ છે

૩૫ ધર્મનું મૂળ વિનય અને પાપનું મૂળ લોભ-વ્યસન સમજી રાખો

૩૬ જ્યાં સુધી જરાવસ્થા આવી નથી, વ્યાધિઓ વધી નથી અને ઇન્દ્રિયની શક્તિ ઘટી નથી ત્યાં સુધી ચેતી લઈ બને તેટલું ધર્મસાધન કરી લેવું ઉચિત છે.

૩૭ આત્માર્થી જીવોએ ચઢતાના દાખલા જ લેવા; પડતાના લેવામાં સાર નથી.

૩૮ જેમાં પાછળ દુઃખ રહેલું હોય તેને ખરી રીતે સુજ્ઞજનો સુખ લેખવતા નથી.

૩૯ વૈરીનું પણ દુઃખ દેખી રાજી ન થવું, પણ બની શકે તો તે ટાળવા પ્રયત્ન સેવવો.

૪૦ જેમ સારા વૈદ્યના કહેવા પ્રમાણે પથ્ય સાથે ઔષધ સેવન કરવાથી જલ્દી રોગનો અંત આવે છે તેમ વિનય બહુમાનપૂર્વક સદ્ગુરુનાં એકાંત હિતવચનોને અનુસરવાથી જન્મ-મરણરૂપ ભાવ-વ્યાધિઓનો જલ્દી અંત આવે છે.

૪૧ અંતઃકરણથી સર્વે પ્રાણી ઉપર અનુકંપા, વિનય, બહુમાનપૂર્વક સદ્ગુરુની સેવા અને શુદ્ધ મન–વચન–કાયાથી શીલવ્રતનું પાલન કરવામાં તત્પરતા–એ ત્રણે આત્માની ઉન્નતિમાં ભારે સહાયક બને છે.

૪૨ શીલવ્રતની રક્ષા માટે નવ વાડો વખાણી છે તે સારી રીતે સમજી રાખવી.

૪૩ મનમાં નબળા–હીણા–સંકલ્પો કરવાથી ધાતુ વિષમ થવા પામે છે. ધાતુ વિષમ થવાથી તેની ખરાબ અસર શરીર ઉપર થાય છે તેથી તેનાથી ચેતતા રહેવું જોઈએ.

૪૪ મન જેટલું સબળું એટલું સહાયક અને અબળું તેટલું વિઘાતક સમજવું.

૪૫ ઉન્મત્ત સ્ત્રી–પુરુષોના પાશમાં ન અવાય તેમ ચેતીને

ચાલતા રહેવું, જેથી અમૂલ્ય શીલ-રત્નને આંચ ન લાગે. મોહથી પરવશ બનેલનો એકાએક વિશ્વાસ ન કરવો.

આત્માર્થી માટે બોધવચનો

૧ કેવળ મહાપુરુષો જ સંસર્ગદોષથી વિકાર પામતા નથી. ચંદનના વૃક્ષો સર્પથી ઝેરી થઈ જતા નથી, પરંતુ સામાન્ય જનોએ તો તેનાથી જરૂર ચેતીને ચાલવું.

૨ જેમ સમુદ્ર મર્યાદા ન જ તજે તેમ સજ્જન પુરુષો પણ સજ્જનતા ન જ મૂકે.

૩ ક્ષમારૂપી ખડ્ગને પાસે જ રાખનારને ક્રોધરૂપી દુર્જન કંઇ પણ હાનિ કરી શકતો નથી.

૪ દરેક પ્રસંગે પોતાનામાં અનુકંપાગુણને બહુ કાળજીથી સાચવી રાખવો.

૫ જે એક વિદ્યામાં સારી નિપુણતા મેળવે છે તેને બીજી વિદ્યાઓમાં તેવી નિપુણતા મેળવતા વાર લાગતી નથી. ફક્ત ખંત ને ધીરજભર્યો શ્રમ કરવો ઘટે.

૬ મનમાં કંઇક જાતના તરંગ ઊઠે તો તેમને વિવેકીએ જ્ઞાનવડે શમાવી દેવા ઘટે.

૭ પરિશ્રમજીવી થવું પણ પરની આશા ન કરવી. નિસ્પૃહતા બને તેટલી સેવવી.

૮ ગમે તેવા વિષમયોગે પણ શોકનિમગ્ન ન થશો, નહીં તો બુદ્ધિ, હિંમત ને ધર્મ ગુમાવશો.

૯ અનુકંપાદાનનો કોઇ જગ્યાએ નિષેધ કર્યો નથી. ભગવાન

મહાવીર પ્રભુના જીવનો દાખલો લઈ વિચારવાથી મનની ખોટી ખળખંચ મટી શકશે.

૧૦ રાગ–દ્વેષાદિક ભાવ–રોગો સદ્દજ્ઞાનથી મટે છે અને ચિત્તની શુદ્ધિ ને પુષ્ટિ સતક્રિયાથી થઇ શકે છે, તેથી જ સદ્દ-જ્ઞાન અને ક્રિયા બંનેને આદરવા યોગ્ય કહ્યાં છે.

૧૧ સમ્યકૂત્વધારી પાપક્રિયામાં પાછો અને ધર્મક્રિયામાં આગળ પડતો રહે છે.

૧૨ જ્યાં રહેવાથી લાભને બદલે હાનિ જ થવા પામે તે સ્થાને વધારે રહેવું ન જોઇએ.

૧૩ બ્રહ્મચર્ય યા શીલવ્રતનો મહિમા અજબ છે તેથી વધારે પરિચિત થવા માટે બ્રહ્મચર્યવિચારાદિક શાન્તિથી વાંચી બને એટલું જીવન સફળ કરો. અનેક ઊગતા રોગોથી બચવા એ અકસીર ઉપાય છે. બીજા મુગ્ધ ભાઇ બહેનોને તેની કિંમત સમજાવી જેમ તેઓ તેનો લાભ લેતા થાય તેમ સુજ્ઞ જનોએ પ્રયત્ન કરવો.

૧૪ આપણામાં લુબ્ધતા ને લંપટતા પ્રવેશી ભારે હાનિ કરે તે પહેલાં ચેતવું.

૧૫ તમારું દુઃખ ટાળવા સશક્ત જણાય તેની પાસે જ ખરી હકીકત પ્રકાશજો.

૧૬ જે ક્ષણિક સુખ પાછળ ભારે દુઃખ સહેવાં પડે તેવા સુખથી દૂર રહેજો.

૧૭ સાત્ત્વિક ગુણને બહુ સંભાળપૂર્વક સાચવી રાખજો.

૧૮ નિર્દંભપણે ધર્મસાધન કરનારને જગતમાં કંઇ પણ વસ્તુ અસાધ્ય નથી.

૧૯ પ્રથમ શુદ્ધ સત્ય ધર્મ જાણવાની રુચિપૂર્વક તેનું સેવન થાય તો જીવ સમકિતરત્ન પામી શકે અને શુદ્ધ દેવ-ગુરુની સેવા તથા પરમાર્થસેવા પણ પ્રેમથી કરી શકે.

૨૦ સામો જ્યારે આગ થાય, કુપિત થાય ત્યારે તમે ક્ષમા–સમતાજળનો આદર કરશો તો તેથી તમારું હિત સચવાશે અને સામાનું પણ હિત થવાનો અમૂલ્ય પ્રસંગ હાથ લાગશે.

૨૧ જો તમારે ધર્મનો શીઘ્ર નિશ્ચય કરવો જ હોય તો સમજ મેળવી સદાચારને સેવો.

૨૨ કડવું વચન, કુમતિ, કૃપણતા ને કુટિલતાને દૂર કરવાથી ખરી ધર્મવૃત્તિ જાગશે.

૨૩ જિનેશ્વર દેવની શાન્ત નિર્વિકારી મુદ્રાને શાન્તિથી અવલોકતાં અને તેમની પૂર્વ અવસ્થાને ભાવતાં અપૂર્વ વિવેક જાગશે અને એના શુદ્ધ આલંબનથી જીવને અપૂર્વ લાભ થશે.

૨૪ જિનેશ્વર દેવની આજ્ઞાને સમજીને આરાધવાથી તે નિશ્ચે ફળદાયક થાય છે.

૨૫ વીતરાગ દેવની શાન્ત મુદ્રા કોને ઉપકારક ન થાય? સર્વને થાય. તેથી તેનો બનતો લાભ લેવો.

૨૬ પ્રભુના એકાન્ત હિતવચનોને યથાશક્તિ આદરવાથી જલ્દી સર્વ દુઃખનો અંત આવે છે.

૨૭ પરમ ઉપગારી પ્રભુનાં કેવળ હિતવચનોમાં શ્રદ્ધા થતાં શંકાદિક દોષોથી સદંતર દૂર રહેવું ઘટે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૧૪૩]

અધ્યાત્મ ભાવના.

અહો પ્રભુ ! મને એવી દશા અહોનિશ ક્યારે જાગ્રત થશે કે તારા ગુણુનો અસ્ખલિત પ્રેમ ઉત્પન્ન થાય અને તારા પ્રત્યે અત્યંત ભક્તિ પેદા થાય કે જેના પસાયથી આ દુનિયા ઉપરનો રાગ ઓછો થાય ? તારાં વચનો પર પૂર્ણ શ્રદ્ધા ક્યારે થશે કે જેથી તારી આજ્ઞા ફૂલની માળાની પેઠે હું મસ્તક ઉપર ધરું ? તારી કરુણા, તારી ક્ષમા, તારી શાન્તિ, તારું જ્ઞાન, તારું ધ્યાન, તારું યથાર્થ કથન, તારી અપૂર્વ પરોપકારવૃત્તિ અને તારી અત્યંત સહનશીલતા જોઈ તેવા સદ્‍ગુણોવડે હું ક્યારે વાસિત થઈશ ? અને પરપુદ્‍ગલ પર ઉદાસીનવૃત્તિ ક્યારે ઉત્પન્ન થશે કે જેથી હું નિજસ્વરૂપમાં જ રમું ? હું-તુંનો ભેદભાવ ભૂલી હું તે તું અને તું તે હું આવી અખંડ ઐક્યતા ક્યારે ઉત્પન્ન થશે ? અને તેના અપૂર્વ સુખનો અનુભવ ક્યારે પ્રાપ્ત થશે ? તારી ક્ષમા જોઈ તારા જેવી ક્ષમા કરવા હું ક્યારે ભાગ્યશાળી થઈશ ? તારી દયા જોઈ મારામાં એવા દયાના અંકુરો ક્યારે પ્રગટ થશે ? તારી પરોપકાર બુદ્ધિ જોઇ મારા હૃદયમાં સર્વ જીવને શાસનરસિક કરવાની ઇચ્છા-ભાવના ક્યારે જાગ્રત થશે ?

તું જ ધ્યેય; તું જ સેવ્ય, તું જ આરાધ્ય, તું જ પૂજ્ય, તું જ દેવ, તું જ ગુરુ, તું જ ધર્મ, તું જ તરણ-તારણ, તું જ પિતા, તું જ માતા, તું જ બંધુ, તું જ કુટુંબ, તું જ જ્ઞાતિ, તું જ વિશ્વ, તું જ સૃષ્ટિ અને તું જ મારું સર્વસ્વ એમ ક્યારે થશે ? તું અને હુંનો ભેદ તૂટી અભેદ ચિંતવન ક્યારે થશે ? તુંહિ, તુંહિ, તુંહિ અને તું

જ એમ અખંડ ચિંતવન રોમરોમમાં ક્યારે આવિર્ભાવ પામશે? ત્વમેવાહં, ત્વમેવાહં, ત્વમેવાહં–આવી અભેદતા પ્રાપ્ત કરવા હું ક્યારે ભાગ્યશાળી થઇશ? તારા વિના આ દુનિયા વિષરૂપ, પત્થરરૂપ, દુઃખરૂપ, બંધનરૂપ, કારાગૃહરૂપ તથા તજવા યોગ્ય જાણી, તેના ઉપર નીરાગીપણું તથા ઉદાસીનપણું ક્યારે થશે? તારામાં જ અખંડ પ્રેમ, તારામાં જ અખંડ ભક્તિ, તારામાં જ અખંડ પૂજ્યબુદ્ધિ, તારામાં જ પિતાબુદ્ધિ, તારામાં જ વિશ્વબુદ્ધિ ક્યારે થશે? તારા વિના અન્ય સ્થળ અસાર અને વૈરાગ્યમય ક્યારે લાગશે? તારી પેઠે સર્વ જીવ પર મિત્રતા, તારી પેઠે દુઃખીયા પર દ્રવ્યથી અને ભાવથી દયા, તારી પેઠે પ્રમોદતા, તારી પેઠે મધ્યસ્થતા, તારી પેઠે નિઃસ્વાર્થ બુદ્ધિ, તારી પેઠે પરોપકાર બુદ્ધિ, તારી પેઠે અત્યંત કરુણા અને તારી પેઠે અત્યંત વીતરાગીપણું મારા હૃદયમાં ક્યારે જાગૃત થશે?

ધનની, સ્ત્રીની, યશની અને વિષયસુખની ઇચ્છા ક્યારે નિવૃત્ત થશે? એક તારા વિના જ આ બધા સુખ ઝેર જેવાં ક્યારે લાગશે? પરની નિંદાનો અને પરના ગુણ ઢાંકી દોષ પ્રગટ કરવાનો ત્યાગ કરવા હું ક્યારે ભાગ્યશાળી થઇશ? તથા પોતાની ભૂલ તરફ દૃષ્ટિ કરતાં ક્યારે શિખીશ? હું સર્વથી અધિક અધમાધમ છું એવો નિશ્ચય ક્યારે થશે અને ક્યારે અહંભાવથી રહિત થઇશ?

આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા પોતાના કર્મનો ભોક્તા છે, આત્માનો મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. આ છ મહાવાક્યો મારા હૃદયમાં નિરંતર ક્યારે જાગૃત થશે? અને હું તે પ્રમાણે સમજી સર્વ જીવોને ક્યારે સમજાવીશ?

મારું સ્વરૂપ અહિંસામય છે, મારું સ્વરૂપ સત્યતામય છે, મારું સ્વરૂપ પ્રમાણિકતામય છે, મારું સ્વરૂપ બ્રહ્મચર્યમય છે અને મારું સ્વરૂપ પરિગ્રહ રહિત છે, એમ ચિંતવી સ્વસ્વરૂપ-મય કયારે થઈશ? હિંસા ન કરવી એ મારી ફરજ છે, સત્ય બોલવું એ મારી ફરજ છે, પ્રમાણિકપણે વર્તવું એ મારી ફરજ છે, બ્રહ્મચર્ય ધારણ કરવું એ મારી ફરજ છે અને પરિ-ગ્રહ રહિત થવું એ જ મારી ફરજ છે, એ જ મારો સ્વભાવ છે, એથી વિપરીત ચાલવું એ મારો વિભાવ છે એમ મને કયારે જણાશે? આશ્રવ એ જ સંસાર છે, આશ્રવ એ જ બંધન છે, આશ્રવ એ જ દુ:ખ છે અને આશ્રવ એ જ ત્યા-ગવા યોગ્ય છે, એવી ખબર પાકે પાયે કયારે પડશે? અને સંવર એ જ સુખ છે એમ કયારે જાણવામાં આવશે?

હું મારા સ્વરૂપમાં છું કે નહિ? શુદ્ધ ઉપયોગમાં છું કે નહિ? એમ કયારે વિચારણા થશે? મારામાં ક્ષમા–સહનશીલતા, માર્દવતા અને કરુણા છે કે નહિ એમ ક્ષણે ક્ષણે જોવા હું કયારે ભાગ્યશાળી થઈશ?

આત્મા એ જ દેવ, આત્મા એ જ ગુરુ, આત્મા એ જ સુખ, આત્મા એ જ મોક્ષ, આત્મા એ જ અખંડ આનંદ અને આત્મા એ જ પરમાત્મા છે, તે યથાર્થ કયારે જાણવામાં આવશે?

સંતનું શરણ, સંતની સેવા, સંતની મન, વચન અને કાયાથી ભક્તિ, સંત પર પ્રીતિ, સંત પર શ્રદ્ધા, સંત પર ગુરુબુદ્ધિ અને અહોનિશ સંતના સંગની જ ઇચ્છા કયારે જાગૃત થશે? સદ્‌ગુરુ એ જ તરણતારણ, સદ્‌ગુરુ એ જ દેવ, સદ્‌ગુરુ એ જ મોક્ષમાર્ગના દાતા, સદ્‌ગુરુ એ જ પરમમિત્ર,

સદ્‌ગુરુ એજ પરમગુરુ અને સદ્‌ગુરુ એ જ પ્રત્યક્ષ અરિહંત સમાન છે, એમ કયારે યથાર્થભાવે જાણવામાં આવશે?

મારા પોતાના દોષ જોવાની અને અન્યના ગુણ ગ્રહણ કરવાની બુદ્ધિ કયારે ઉત્પન્ન થશે? મારા આત્મદ્રવ્યની અને પરમાત્માના આત્મદ્રવ્યની ઐકયતા, જિનપદ અને નિજપદની ઐકયતા અને પરમાત્માના ગુણ જોઈ મારામાં તે ગુણોની ઉત્પત્તિ કયારે થશે? સર્વ જીવ સરખા છે, સર્વ જીવ નિશ્ચયથી સ્વભાવે શુદ્ધજ્ઞાન સ્વરૂપ, શુદ્ધ ચારિત્ર સ્વરૂપ; અનંત ઉપયોગમય અને અનંત શકિતવંત છે પણ કર્મરૂપ શત્રુના સંગથી મલિન દેખાય છે, એમ જાણી કર્મનો નાશ, કર્મનો ત્યાગ ને કર્મ ઉપર અભાવ કયારે ઉત્પન્ન થશે? ને સર્વ જીવ ઉપર સમભાવ કયારે આવશે?

હે પ્રભુ! આ ભાવનાઓ, આ મનોરથો ને આ વિચારો કયારે પૂર્ણ થશે? ને મનુષ્યભવનું સાર્થકપણું કયારે થશે? નવ તત્ત્વમાંથી બે જાણી, ચાર છાંડી, ત્રણને ગ્રહણ કરવા કયારે યત્ન કરીશ? હું હમણા સંવરમાં છું કે આશ્રવમાં છું? હું હમણાં નિર્જરા કરું છું કે નહિ? હું હમણાં આશ્રવનો ત્યાગ કરું છું કે નહિ? હું હમણાં અનિત્ય અશરણાદિ ભાવનાનું ચિંતવન કરું છું કે નહિ? એમ વારંવાર મને કયારે ભાન થશે? હું કોણ છું? હું કયાંથી થયો? મારું સત્ય સ્વરૂપ શું છે? હું કયાંથી આવ્યો ને કયાં જઇશ? મારું શું થશે? આ શરીર શું છે? આ દુનિયા શું છે? આ કુટુંબ કોણ છે? ને મારો સંબંધ કેમ થયો? એ સંબંધ સત્ય છે કે અસત્ય? એ ત્યજું કે રાખું? આવા વિચારો

વિવેકપૂર્વક અને શાંતભાવે ક્યારે કરીશ ? આધ્યાત્મિક જ્ઞાનના તાત્ત્વિક સિદ્ધાંતનો અનુભવ ક્યારે કરીશ ? ને કર્મનો સત્વર નાશ ક્યારે કરીશ ?

હે ભગવાન્ ! નવ તત્ત્વ ભણ્યો પણ નવતત્ત્વમય ન થયો, ક્ષેત્રસમાસ ભણ્યો પણ અંતર શત્રુનો સમાસ કરતાં ન શિખ્યો, ચોવીશ દંડક વાંચ્યાં–વિચાર્યા અને અવલોકયા પણ અંદરના દંડ મેં ન તજ્યા, જીવનના પાંચશે ત્રેસઠ ભેદ વાંચ્યા, વિચાર્યા પણ અભેદમય ન થયો, કર્મગ્રંથ વાંચ્યા, પણ કર્મની પ્રકૃતિનો અહોનિશ વિચાર કરી પોતાનામાંથી તે પ્રકૃતિઓનો ત્યાગ કરવા સમર્થ ન થયો, ઘણાં સિદ્ધાંતો અને શાસ્ત્રો વાંચ્યાં પણ તે બધા ભારરૂપ થયાં, સત્સંગ કર્યો પણ સત્ય જ્ઞાન ન થયું, સદ્ગુરુ મળ્યા પણ સ્વચ્છંદે ચાલી કદાગ્રહ ન તજ્યો, હે સર્વજ્ઞ ! આપના ચારિત્ર વાંચ્યાં, સાંભળ્યાં પણ તે વાંચન–શ્રવણ માત્ર થયું, કારણ કે ભણ્યો પણ ગણ્યો નહિ તેની માફક જાણ્યું પણ આદર્યું નહિ તેથી શું થાય ?

સર્વજ્ઞ હિંસા કરે નહિ તો હું સર્વજ્ઞનો ઉપાસક થઇ કેમ કરું ? સર્વજ્ઞ અસત્ય બોલે નહિ તો હું કેમ અસત્ય બોલું ? સર્વજ્ઞ અદત્ત લે નહિ તો હું સર્વજ્ઞનો પુત્ર થઇ અદત્ત કેમ લઉં ? સર્વજ્ઞ બ્રહ્મચર્યનો ભંગ કરે નહિ તો હું કેમ કરું ? સર્વજ્ઞ દ્રવ્યથી ને ભાવથી પરિગ્રહ રહિત હતા તો હું પરિગ્રહ કેમ રાખું ? સર્વજ્ઞ ક્રોધાદિક કષાય કરે નહિ તો હું કેમ કરું ? સર્વજ્ઞ અઢાર પાપસ્થાનક સેવે નહિ તો હું તેમનો પુત્ર થઇ તેમના શત્રુરૂપ એવા અઢાર પાપસ્થાનકની સેવા કેમ કરું ? અહાહા ? કેટલી બધી મારી ભૂલ છે ? કે

મારા પોતાના શત્રુઓને હું માન આપું છું, તેનો સંગ કરું છું; પણ હવે તેમ નહિ કરતાં મારે તેમનો ત્યાગ કરવો જોઇએ.

હે પ્રભુ ! તું કમળ હું ભ્રમર; તું ચંદ્ર હું ચકોર; તું સૂર્ય હું સૂર્યવિકાસી કમળ; તું સેવ્ય હું સેવક; તું ધ્યેય હું ધ્યાતા; તું પિતા હું પુત્ર; તું ગુરુ હું શિષ્ય; તું દેવ હું ઉપાસક; એમ તારી અનન્ય ભક્તિ મને કયારે પ્રાપ્ત થશે ? હે પરમાત્મા ! આ સંસારમાં તારા વિના મારું કોઈ સગું નથી, તારા વિના અન્ય કોઈ મિત્ર નથી, તારા વિના અન્ય કોઈ રક્ષક નથી, તારા વિના અન્ય કોઈ સત્ય માર્ગદર્શક નથી; માટે હું તારું જ શરણુ ગ્રહણુ કરીશ ને હું તારી જ સેવા કરીશ.

હે પ્રભુ ! તારાં વચનો સત્ય છે, પ્રિય છે ને હિતકર છે. વળી તે મને પ્રમાણુભૂત છે. હું તેને કયારે ગ્રહણુ કરીશ ? આ કેમ આમ નથી કરતો ? એવો વિચાર મને આવશે ત્યારે હું વિચારીશ કે એ કર્માધીન છે. આ કેમ નથી ભણુતો ? આ કેમ આવાં કામ કંરે છે ? એવા વિચાર આવશે ત્યારે હું તે કર્માધીન છે એમ વિચારી તેની ઉપેક્ષા કરીશ, પણુ નિંદા નહિ કરૂં. હું બહારનો ડોળ ધારણુ કરી દાંભિકપણું ધરીશ નહિ. હું શુદ્ધ ભક્ત થઈશ, પણુ ખોટો ઠગ થઇશ નહિ. હું શુદ્ધ કર્મ કરીશ પણુ બહારની દેખાદેખીથી સમજ્યા વિના માત્ર નામનાની ખાતર ને ગાડરીઆ પ્રવાહની માફક ધર્મકરણીને મલિન કરીશ નહિ. હે પ્રભુ ! તારા આશ્રમને કલંક લગાડીશ નહિ. તારી વાણીને નિંદાવીશ નહિ. તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ નહિ. તારી સેવાનો અનાદર કરીશ નહિ ને અશુદ્ધ પ્રરૂપક બની નર્કનો રસ્તો લઈશ નહિ. સ્યાદ્વાદના રહસ્યનું સ્વરૂપ જાણુવાને પ્રયત્ન કરીશ. તારી આશાતના તજ-

બહેનોએ મુખ આગળ અષ્ટપટ રૂમાલનો ઉપયોગ જરૂર રાખવો.
[જૈ. ધ. પ્ર. પુ. ૫૧, પૃ. ૨૪૬]

સારા ગ્રંથોની કિંમત

ઉત્તમ પુસ્તકોના વાંચન–શ્રવણ–મનન કરવાથી ગમે તેવો મનુષ્ય પણ પોતાના જ્ઞાનમાં, ચારિત્ર્યમાં અને સામર્થ્યમાં કેટલો બધો વધારો કરી શકે છે ? તમે તેનો લાભ લ્યો અને તમારાં બાળકોને પણ લેવા દ્યો. જે બાળકોના હાથમાં સારાં ઉપયોગી પુસ્તકો આવે છે તેઓ ગરીબમાં ગરીબ હોય તો પણ તેનાં વાંચન–મનનથી બહુ સારું શિક્ષણ મેળવી શકે છે. એથી ગમ્મત સાથે જ્ઞાન મળે છે અને સારો આનંદ પણ ઉપજે છે.

સારા વાંચનારા કેવા હોય

જે માણસ ઉત્તમ અને વિશેષ જ્ઞાન મેળવીને તેને પોતાના વર્તનમાં ઉતારે છે તે જ ખરો વાંચનાર છે. બીજા તો શબ્દો જ યાદ રાખી અંદરનું સત્ત્વ પચાવતા નથી. જો એક પુસ્તકનો સરસ ઉપયોગ કરી જાણ્યો હોય તો તેનાથી અદ્દ્ભુત લાભ મળી શકે છે. અને કાર્યશક્તિનું યથાર્થ ભાન થાય છે. અનેક નટો પાઠ ભજવે છે પણ તેનું હૃદય કોઈક જ જાણે છે તેની પેઠે મહાન્ ગ્રંથકારોના હૃદય યથાવત્ થોડા જ ઓળખે છે.
[જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૭૨]

સાચેસાચ સુખી થવાના સૂચનો

૧ મનુષ્યના વિકાસમાં આડે આવનાર માત્ર તેનું અજ્ઞાન છે.

૨ કુદરતના નિયમોનું અજ્ઞાન કે અવગણના સર્વ રોગ–દુ:ખનું કારણ છે. સર્વ દુ:ખ–દારિદ્રને માનવી પોતે પેદા કરે છે.

૩ રોગી થયા પછી રોગ ટાળવો એ કરતાં રોગ જ થાય નહી એવી રીતભાત સૂચવવી એ જ વૈદ્યનો ખરો ધંધો હોવો જોઇએ.

૪ મનુષ્યને તેની જાતનું અને તેનાથી અજાણી રહેલી તેની શક્તિઓનું જ્ઞાન આપવું એના જેવો માનવસેવાનો ઉત્તમ માર્ગ બીજો નથી. તેવું જ્ઞાન મેળવવા પ્રથમ પહેલાં લાયક થવું જોઇએ.

૫ જ્યાં સત્યની ઇચ્છા ને સ્વીકાર નથી ત્યાં તે જતું પણ નથી.

૬ સત્યને સંપૂર્ણ જાણવું હોય તો તેના સિવાયની બીજી બધી ઇચ્છાઓ અને ખટપટોને દૂર કરો અને સત્યને જાણીને અમલમાં મૂકો.

૭ તમારી શક્તિઓ જાણવા માટે પ્રથમ તો પરમાત્માને ઓળખો.

૮ જેનું મન પરમાત્મામાં લીન રહે તે પોતે પરમાત્મા થઇ શકે.

૯ જેવા મિત્રોને તમે શોધશો તેવા જ મિત્રો તમને પણ શોધશે.

૧૦ આપણી કલ્પનાની હદ એ જ આપણા વિકાસની હદ છે.

૧૧ મનુષ્ય કેવા મનુષ્યના સમાગમમાં આવે છે તે ઉપર તેની ચડતી કે પડતી થવાનો આધાર છે.

૧૨ સારી વસ્તુઓ લાયકાત વગર મળતી નથી.

૧૩ સત્શાસ્ત્રની આજ્ઞાને જે જાણે અને પાળે તે ધન્ય છે.

૧૪ મનમાં એક વાત અને બોલવામાં બીજી વાત એવી કુટિલતા જવા દઇ મનમાં હોય તે જ કહી દેવાની ટેવ પાડો.

૧૫ દ્વેષનો નાશ દ્વેષથી નહીં પણ પ્રેમથી થાય છે.

૧૬ બીજાનું ભલું કરવામાં તમે તમારી જાતને જેટલી જતી કરો તેટલું તે કામ વધારે સારું થાય અને પરિણામ પણ વધારે સારું આવે.

૧૭ દયા વિનાનું જીવન એ સાચું જીવન નથી પણ જીવતું મરણ છે.

૧૮ બીજાઓનું ભલું કરવામાં આપણું પણ ભલું થાય છે.

૧૯ પ્રાણશક્તિનો પૂરો સદુપયોગ થાય તો જ શુભ ભાવના પૂરી ફળે છે.

૨૦ આપણી ભાવિ સ્થિતિનો આધાર આપણા અત્યારના વર્તન પર છે.

૨૧ એવી એક પણ વસ્તુ કે સ્થિતિ આ વિશ્વમાં નથી કે જેના તરફ એકનિષ્ઠા અને સર્વ ભાવથી ચાલનારો તેનાથી વંચિત રહે.

૨૨ જે કામ રામકૃષ્ણ કરી શકે તે કામ બીજો પણ લાયક થાય તો કરી શકે.

૨૩ આત્મશક્તિનો સર્વત્ર એક સરખો નિયમ વ્યાપી રહેલો છે.

૨૪ એવી એક પણ ટેવ નથી કે જે જીતી શકાય નહીં.

૨૫ તમારું જીવન કેમ દોરવવું અને ખીલવવું તે માત્ર તમો અને તમારા ધ્યેય વચ્ચેનો સવાલ છે, છતાં જો તમે

સાધારણ લોકોથી દોરવાતા હો તો જરૂર તમે ખોટે માર્ગે ચઢવાના ભયમાં છો.

૨૬ બહારનો વિવેક ને આડંબર નિર્બળ માણસો જ કરે છે–રાખે છે.

૨૭ જેમને આત્મશક્તિનું ભાન થયું હોય તેઓ તો લોકો જુએ-જાણે ને વખાણે એવી રીતે ભાગ્યે જ-ન છૂટકે જ કામ કરે છે.

૨૮ કર્તૃત્વ અભિમાનથી નહીં પણ સાક્ષીભાવે રહીને જ આત્મજ્ઞાની–તત્ત્વજ્ઞાની જનો સ્વકર્ત્તવ્યકર્મ કરતા રહે છે.

૨૯ કુદરતના એ શ્રેષ્ઠ નિયમોમાં અને પરમાત્માનો જેને વિશ્વાસ આવશે તેનામાં કશી દીનતા–હીનતા રહેવા નહીં પામે.

૩૦ સોયના છિદ્રમાં ઉંટને પેસવું જેટલું અશકય છે તેટલું જ મિથ્યાભિમાની જીવને આત્મ–ઉન્નતિ કરવી અશકય છે.

૩૧ આપણે બધા માત્ર અપાર સામર્થ્યરૂપ પરમાત્માને વહેવાની નીકો છીએ, એટલે જે કોઇ જેટલા પ્રમાણમાં દિવ્ય પ્રવાહને પોતામાં વહેવા દેશે તેટલા પ્રમાણમાં તે મહાત્મા બનશે, આત્મ–ઉન્નતિ સાધી શકશે એ નિઃશંક છે.

[જૈ. ધ. પ્ર. પુ. પર, પૃ. ૭૯]

પ્રતીત્ય વચન કોને કહેવાય અને તે શામાટે ?

[સન્મતિ તર્ક]

જે વચન વર્તમાન પર્યાયનો ભૂત અને ભવિષ્ય પર્યાય સાથે **સમન્વય** કરે છે અને જે વચન ભિન્ન દ્રવ્યોમાં રહેલ સામાન્ય-

નો સમન્વય કરે છે તે **પ્રતીત્ય વચન** છે, કારણ કે જે સમયમાં જે દ્રવ્ય જે રૂપે પરિણામ પામ્યું હોય તે સમયમાં તે તે રૂપે જ છે. ભૂત અને ભવિષ્ય પર્યાયો સાથે તો ભજના એટલે ભેદ પણ છે.

ભાવાર્થ:—જે વચન પ્રતીતિપૂર્વક અર્થાત્ વસ્તુના વાસ્તવિક બોધપૂર્વક બોલવામાં આવે તે **પ્રતીત્ય વચન** એ જ વચન આપ્તવચન છે. આમ હોવાથી જ વર્તમાન પર્યાયનો ભૂત-ભાવી સાથે અને ભૂત–ભાવી પર્યાયનો વર્તમાન સાથે સમન્વય દર્શાવનાર વાક્યને જ પ્રતીત્ય વચન કહેલ છે.

વાદભૂમિમાં ઉતરનાર વાદી જો અનેકાંતદૃષ્ટિ રાખ્યા વિના તેમાં ઉતરે તો તે કદી સફળ ન થાય. ઊલટું અસદ્વાદી ઠરે, હારે અને શિષ્ટોની નિંદાનું પાત્ર બને. એનું આમાં સમર્થન છે. કોઈ વાદી પૂર્વપક્ષ કરતાં હેતુથી સિદ્ધ કરવા ધારેલ પોતાના સાધ્યને જો એકાન્તરૂપે યોજે તો પ્રતિવાદી તેની ખામી જોઈ તેના પક્ષને તોડી પાડે છે અને તે હાર ખાય છે. આવી વસ્તુ-સ્થિતિ છે. હવે જો એ જ પૂર્વપક્ષીએ પ્રથમથી જ પોતાના પક્ષમાં ખામી ન રહે તે માટે એકાન્તદૃષ્ટિએ સાધ્ય યોજ્યું હોત તો ગમે તેવા પ્રબલ પ્રતિવાદીથી પણ તેને હાર ખાવી ન પડત એ ખુલ્લું છે, માટે વાદમાં ઉતરનાર અનેકાન્તદૃષ્ટિએ જ સાધ્યનો ઉપન્યાસ કરે કે જેથી તે કદી ન હારે. વળી તેને અનિશ્ચિત–સંદિગ્ધરૂપે વાદગોષ્ઠીમાં મૂકવામાં આવે તો તે વાદી વ્યવહારકુશળ અને શાસ્ત્રકુશળ એવા બધા સભ્યોની દૃષ્ટિમાં ઉતરી પડે છે, તેથી માત્ર અનેકાન્તદૃષ્ટિ જ રાખવી એટલું જ બસ નથી પણ તે સાથે અસંદિગ્ધ વાદીપણું પણ વાદગોષ્ઠીમાં આવશ્યક છે.

તત્વપ્રરૂપણાની યોગ્ય રીત

પદાર્થોની પ્રરૂપણાનો માર્ગ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પર્યાય, દેશ, સંજોગ અને ભેદને આશ્રીને જ યોગ્ય થાય છે.

ભાવાર્થ:—પદાર્થોની અનેકાન્તદૃષ્ટિપ્રધાન પ્રરૂપણા યોગ્ય રીતે કરવી હોય તો જે જે બાબતો તરફ અવશ્ય ધ્યાન રાખવું ઘટે, તે તે બાબતોનો અહીં નિર્દેશ છે. એવી બાબતો આઠ છે, તે આ પ્રમાણે:—

૧ દ્રવ્ય-પદાર્થની મૂળજાતિ, ૨ ક્ષેત્ર-સ્થિતિક્ષેત્ર, ૩ કાળ-સમય, ૪ ભાવ-પદાર્થગત મૂળશક્તિ, ૫ પર્યાય-શક્તિના આવિર્ભાવ પામતા કાર્યો, ૬ દેશ-વ્યવહારિક જગ્યા, ૭ સંજોગ-આજુબાજુની પરિસ્થિતિ અને ૮ ભેદ-પ્રકારો. દાખલા તરીકે ધ્યાન, ત્યાગ આદિ કોઈ પણ ચારિત્રનું કે તેના અધિકારનું નિરૂપણ કરવું હોય અગર આત્મતત્ત્વનું સ્વરૂપ બતાવવું હોય તો ઓછામાં ઓછું ઉપરની આઠ બાબતો ઉપર બરાબર લક્ષ રાખવાથી જ તે વિશદ રીતે અને અભ્રાન્ત રીતે થઈ શકશે.

માત્ર એક એક નયાશ્રિત સૂત્રમાં સંપૂર્ણ સૂત્રત્વની માન્યતાથી આવતા દોષો

ભાવાર્થ:—કોઈપણ એક વસ્તુ પરત્વે જેઓ બધી દૃષ્ટિઓનો વિચાર કર્યા વિના એકાદ દૃષ્ટિને પકડી લે છે અને તે દૃષ્ટિના સમર્થક સૂત્રનો અભ્યાસ કરી પોતાને સૂત્રધર માની તેટલામાં જ સંતુષ્ટ થઈ જાય છે તેઓમાં અનેકાન્તદૃષ્ટિયોગ્ય વિદ્વત્તાનું સામર્થ્ય નથી જ આવતું અને તેથી તેઓનું જ્ઞાન માત્ર શબ્દપાઠ પૂરતું વિશદ હોય છે; તેમાં સ્વતંત્રપ્રજ્ઞાજન્ય વિશદતા

નથી આવતી. એટલે તેઓ થોડામાં ઘણું માની ફુલાઇ જાય છે અને પોતાની બડાઇ હાંકતા છેવટે અનેકાન્તદૃષ્ટિનો નાશ જ કરે છે.

શાસ્ત્રપ્રરૂપણાના અધિકારી થવા માટે આવશ્યક ગુણો

ભાવાર્થ:—કોઇ માત્ર શાસ્ત્રભક્તિથી પ્રેરાઇ તેની પ્રરૂપણાનો અધિકાર પોતામાં માને છે અને કોઇ થોડું જ્ઞાન થયું એટલે તેનો અધિકાર પોતામાં માને છે તે બંનેને લક્ષીને ગ્રંથકાર કહે છે કે શાસ્ત્રની યથાવત્ પ્રરૂપણાનો અધિકાર મેળવવા માટે તત્ત્વોનુ પૂર્ણ અને નિશ્ચિત જ્ઞાન જોઇએ. એ કાંઇ શાસ્ત્રની ભક્તિથી કે તેવા થોડાઘણા જ્ઞાનથી સિદ્ધ થતું નથી, કારણ કે ભક્તિ છતાં ઘણામાં શાસ્ત્રનું જ્ઞાન નથી હોતું અને શાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર બધા જ કાંઇ નિયમથી પ્રરૂપણા કરવાની લાયકાત શાસ્ત્રજ્ઞોમાં પણ વિરલને જ હોય છે કે જેઓ અનેકાન્તદૃષ્ટિને સ્પર્શનારા હોય છે.

તત્ત્વોના પૂર્ણ અને નિશ્ચિત જ્ઞાન માટે શું કરવું ?

ભાવાર્થ:—સૂત્રજ્ઞાન એ અર્થનું પ્રતિપાદક હોઇ તેનો આધાર છે ખરો પરંતુ માત્ર સૂત્રપાઠથી અર્થનું પૂર્ણ અને વિશદ જ્ઞાન થઇ શકતું નથી. એવું જ્ઞાન ગહન નયવાદ ઉપર આધાર રાખતું હોવાથી તેને મેળવવું કઠણ છે. જો નયવાદમાં બરાબર પ્રવેશ થાય તો જ એવું જ્ઞાન સુલભ થાય તેથી જે તત્ત્વોનું પૂર્ણ અને વિશદ જ્ઞાન મેળવવા ઇચ્છે તેણે સૂત્રપાઠ શીખી લીધા પછી તેનો નયસાપેક્ષ પૂર્વાપર અવિરુદ્ધ અર્થ જાણવા માટે પ્રયત્ન કરવો જ જોઇએ. જેઓ એમ નથી કરતા અને અકુશળ છતાં ધૃષ્ટ થઇને શાસ્ત્રપ્રરૂપણા કરે છે તેઓ પ્રવચનને બીજાની દૃષ્ટિમાં ઉતારી પાડે છે.

ગંભીર ચિંતન વિનાના બાહ્યાડંબરમાં આવતા દોષો

અર્થ—સિદ્ધાન્તમાં નિશ્ચિત નહીં થયેલો કોઇ જેમ જેમ બહુશ્રુતરૂપે મનાતો જાય અને શિષ્યસમુદાયથી વીંટળાતો જાય તેમ તેમ તે સિદ્ધાંતનો શત્રુ બને છે.

જેઓ વ્રત અને તેના પોષક નિયમોમાં મગ્ન છે અને સ્વસિદ્ધાન્ત અને પરસિદ્ધાન્તના ચિન્તનનું કાર્ય છોડી બેઠા છે તેઓ નિશ્ચય દૃષ્ટિથી શુદ્ધ એવું વ્રત-નિયમનું ફળ જ જાણતા નથી.

વ્રત-નિયમો અને તેને લગતા વિવિધ આચારોમાં રત થઇ તત્ત્વચિન્તનને છોડનારા એ વ્રત-નિયમ અને આચારના લાભથી વંચિત રહી જાય છે, એનું ફળ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન મેળવી, તે પ્રમાણે વિશદ રુચિ કેળવવી અને આત્મશુદ્ધિ કરવી એ છે.

હવે જો શાસ્ત્રચિન્તન જ છોડી દેવામાં આવે તો તત્ત્વોનું સામાન્ય જ્ઞાન પણ ન સંભવે. તે વગર તત્ત્વોનું વિશદ જ્ઞાન વિશેષરૂપે કયાંથી જ સંભવે? એના વિના સમ્યગ્દર્શન અને આત્મશુદ્ધિ પણ અટકે, તેથી આત્મશુદ્ધિના અર્થી જીવોએ તત્ત્વચિન્તન કદી પણ ન છોડવું.

જે સ્વતંત્રપણે તત્ત્વચિન્તન કરી ન શકે એવા હોય તેમણે છેવટે તેવા કોઇ યોગ્ય સમર્થ જ્ઞાનીની નિશ્રા-સંનિધિ જરૂર સેવવી ઘટે.

એટલે તેવા યોગ્ય ગુરુ વિગેરેનો આશ્રય લઇ તત્ત્વચિન્તનના વાતાવરણમાં જીવન વ્યતીત કરવું. એના વ્રત-નિયમને સફળ કરવાનો એ રાજમાર્ગ છે. ગ્રંથકાર કહે છે કે-સિદ્ધાન્તના ચિન્તન વિનાનો પુરુષ જેમ જેમ તેવા લોકોમાં બહુશ્રુત

તરીકે માન્ય થતો હશે અને તેવા જ શિષ્યોને એકત્રિત કરી તેઓનો નેતા થતો જશે તેમ તેમ તે જૈન સિદ્ધાંતનો શત્રુ જ થશે.

બહુશ્રુતપણાની છાપ કે મોટો શિષ્યપરિવાર એ કાંઈ સિદ્ધાંતના નિશ્ચિત જ્ઞાનના કારણ નથી. ઊલટા બાહ્ય આડંબર અને દંભ તેવા નિશ્ચિત જ્ઞાનના બાધક જ થાય છે.

એકલા જ્ઞાન અને એકલી ક્રિયાનું અનુપયોગીપણું

ક્રિયા વિનાનું જ્ઞાન અને જ્ઞાનશૂન્ય ક્રિયા એ બંને એકાન્તરૂપ હોઈ જન્મ-મૃત્યુના દુઃખથી મુકત કરવા અસમર્થ છે. પાછલી ગાથામાં ક્રિયા સાથે જ્ઞાનનું આવશ્યકપણું બતાવ્યું છે. અહીં એ બંનેનો સમન્વય સાધવા અનેકાંતદષ્ટિનો ઉપયોગ કરવાની સૂચના છે.

આત્માની શકિતઓનો એકસરખો વિકાસ સાધ્યા વગર કોઇપણ ફળ પ્રાપ્ત કરી શકાય નહીં. એ આત્માની શકિતઓ મુખ્ય બે છે: એક **ચેતના** અને બીજી **વીર્ય**. એ બંને શક્તિ પરસ્પર એવી સંકળાયેલી છે કે એકના વિકાસ વગર બીજીનો વિકાસ અધૂરો જ રહી જાય છે, તેથી બંને શકિતઓનો સાથે જ વિકાસ આવશ્યક છે. ચેતનાનો વિકાસ એટલે જ્ઞાન મેળવવું અને વીર્યનો વિકાસ એટલે એ જ્ઞાન પ્રમાણે જીવન ઘડવું. સૂઝ-જ્ઞાન-ભાન ન હોય તો જીવન યોગ્ય રીતે કેમ ઘડાય ? અને જ્ઞાન હોય છતાં તે પ્રમાણે વર્તવામાં ન આવે તો તેથી જીવનને શો લાભ થાય ? એટલે જ કહેવામાં આવ્યું છે કે જ્ઞાન અને ક્રિયા એ બંને એકાંત અર્થાત્ જીવનના છૂટા છૂટા છેડાઓ છે. એ બંને છેડાઓ યોગ્ય રીતે ગોઠવાય તો જ

તે ફળસાધક બને, અન્યથા નહીં. આ બાબતમાં **અંધ-પંગુ ન્યાય** પ્રસિદ્ધ છે.

જિનવચનની કુશળ કામના

અર્થ—મિથ્યાદર્શનોના સમૂહમય ને અમૃત (અમરપણું) આપનાર તથા મુમુક્ષુઓવડે અનાયાસથી સમજી શકાય એવા પૂજ્ય જિનવચનનું ભદ્ર-કલ્યાણ હો !

ભાવાર્થ—અહીં જિનવચનની કુશળ કામના કરતાં ગ્રંથકારે એને ત્રણ વિશેષણો આપ્યાં છે. ૧ મિથ્યાદર્શનોના સમૂહમય એ વિશેષણથી એમ સૂચવ્યું છે કે જૈનદર્શનની ખૂબી કે વિશેષતા છૂટી છૂટી અને એક બીજીને અવગણતી હોઈ ખોટી ઠરતી અનેક વિચાર-સરણીઓને યોગ્ય રીતે ગોઠવી, તેની ઉપયોગિતા સાધવામાં જ છે. ૨ સંવિજ્ઞ સુખાધિગમ્ય એ વિશેષણથી એમ સૂચવ્યું છે કે જૈન દર્શન એ અનેક પરસ્પર વિરોધી દૃષ્ટિઓનો સમુચિત સરવાળો હોઈ ગમે તેટલું જટિલ હોવા છતાં પણ એ મુમુક્ષુજનોને વગર મહેનતે સમજી શકાય તેવું છે, કેમકે સમજવાનો અધિકાર ક્લેશશાંતિ (મુમુક્ષુપણા)માં રહેલો છે. ૩ અમૃતસાર એ વિશેષણથી એમ સૂચવ્યું છે કે જેમાં મધ્યસ્થપણું કેન્દ્રસ્થાને છે અને તેથી જે મધ્યસ્થોવડે જ સમજી શકાય તેવું છે તે જિનવચન ક્લેશનો નાશ કરવાદ્વારા અમરપણું મેળવી આપવાની જો અધિકારી ઉપયોગ કરવા ધારે તો, શક્તિ ધરાવે છે. આ ત્રણ વિશેષણોને લીધે જ એની પૂજ્યતા છે.

ખાસ સૂચના—સન્મતિ પ્રકરણના ત્રણ કાંડોનું દોહન તેના છઠ્ઠા વિભાગ તરીકે તેની સવિસ્તર પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ

થયેલ છે. તેમાંના ત્રીજા કાંડના પાછલી થોડીક ગાથાઓનો કંઈક સાર ઉપરના છૂટા લેખમાં જિજ્ઞાસુ વાચક જોઇ શકશે અને તેનું સારું દોહન જોવા ઇચ્છા જાગે તો તે સમગ્ર જોવાનો લાભ લઇ પોતાની તત્વજિજ્ઞાસાને સંતોષી શકશે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૨ પૃ. ૧૯૫]

આત્મા સંબંધી વિચાર અને ભિક્ષુના આચાર

૧. વાણી ત્યાંથી પાછી ફરે છે, ત્યાં કોઇ તર્ક પહોંચતો નથી અને બુદ્ધિ પેસી શકતી નથી. જે આત્મા છે તે જ વિજ્ઞાતા છે અને જે વિજ્ઞાતા છે તે જ આત્મા છે. જેનાથી જણાય છે તે આત્મા છે. તેને લીધે આ મનુષ્ય આત્મવાદી કહેવાય છે. સમભાવ એ તેનો સ્વભાવ છે. તે ભોગ પદાર્થોના આલંબન વગર રહી શકે છે. (લોકસાર)

૨. સંશયાત્મા મનુષ્ય સમાધિ પામી શકતો નથી–વિનાશ પામે છે.

૩. કેટલાક સંસારમાં રહીને જિનોને અનુસરે છે અને કેટલાક ત્યાગી થઇને જિનોને અનુસરે છે, પણ તે બંનેએ જિનોને નહીં અનુસરતા લોકો પ્રત્યે એમ માનીને અસહિષ્ણુ ન થવું કે "જિનોએ જ સત્ય અને નિઃશંક વસ્તુ જણાવી છે." કારણ કે જિન પ્રવચનને સત્ય માનતા, શ્રદ્ધાવાળા, સમજણ પામેલા અને બરાબર પ્રવ્રજ્યાને પાળતા એવા મુમુક્ષુને કોઇ વાર આત્મપ્રાપ્તિ થાય છે અને કોઇ વાર જિનપ્રવચનને સત્ય માનનારાને આત્મપ્રાપ્તિ નથી પણ થતી; તેમજ કેટલાક એવા હોય છે કે જેમને શરૂઆતથી જ જિનપ્રવચન સત્ય

નથી ભાસતું અને છતાં ય આત્મપ્રાપ્તિ થાય છે, તો કેટલાક એવા હોય છે કે જેમને જિનપ્રવચન સત્ય નથી ભાસતું અને આત્મપ્રાપ્તિ પણ નથી થતી.

૪. આમ આત્મપ્રાપ્તિ થવાની વિચિત્રતા બરાબર સમજીને સમજદાર પુરુષે અણુસમજુને કહેવું કે 'ભાઈ! તું તારે આત્માનું સ્વરૂપ જ વિચાર. એમ કરવાથી બધા સંબંધોનો નાશ થશે.' ખરી વાત એ છે કે માણસ પ્રયત્નશીલ છે કે નહિં; કારણ કે કેટલાક જિનાજ્ઞાના વિરાધક હોવા છતાં ઉદ્યમવંત હોય છે; અને કેટલાક જિનાજ્ઞાના આરાધક હોવા છતાં ઉદ્યમહીન હોય છે.

ભિક્ષુક (સાધુ) સંબંધી આચાર

૧. સર્વ બાબતોમાં રાગ-દ્વેષ વગરના થઈને તથા પોતાના કલ્યાણ માટે તત્પર થઇને હમેશાં સંયમપૂર્વક વર્તવું એ જ ભિક્ષુ (સાધુ) કે ભિક્ષુણી(સાધ્વી)ના આચારની સંપૂર્ણતા છે.

૨. ભિક્ષુએ ક્ષત્રિયકુળ, ઇક્ષ્વાકુકુળ પ્રમુખ તથા ગોવાળ, સુતાર વિ. અતિરસ્કૃત અને અનિંદિત કુળોમાં ભિક્ષા માગવા જવું.

૩. ભિક્ષુએ ભિક્ષા માગવા કોઇ અન્ય સંપ્રદાયના માણસ સાથે, ગૃહસ્થ સાથે કે પોતાના જ ધર્મના પણ કુશીલ સાધુ સાથે ન જવું આવવું, તથા તેમને આહાર ન દેવો કે દેવરાવવો. આ જ નિયમ સ્વાધ્યાયમાં, દિશાએ અને ગામ-પરગામ જતી આવતી વખતે પણ સમજી રાખવો.

૪. ભિક્ષુએ ગૃહસ્થના ઘરનો બંધ કરેલો દરવાજો તેની રજા વગર તથા જીવજંતુ જોયા-તપાસ્યા વગર ઉઘાડવો નહીં કે અંદર દાખલ થવું નહીં. પ્રથમ તેની રજા લઇને તથા જોઇ-

તપાસીને, સાવધાનતાથી ઉઘાડીને અંદર દાખલ થવું કે બહાર નીકળવું.

૫. ભિક્ષા માગવા જતી વખતે ગૃહસ્થને ઘેર બ્રાહ્મણ વિગેરે યાચકોને પોતાની અગાઉ દાખલ થયેલા જોઇ, તેમને વટાવીને અંદર જવું કે માગવું નહીં. ત્યાંસુધી એકાન્ત સ્થળમાં કોઈની નજરે ન પડાય તેમ ઊભા રહેવું. જ્યારે જણાય કે તે સહુ આહાર લઇને કે લીધા વગર પાછા ચાલ્યા ગયા છે ત્યારે સાવધાનતાથી અંદર જવું અને વહોરવું.

૬. ત્યાં પણ ભિક્ષા માગતી વખતે કોઇ શંકિત સ્થાન સામે જોયા કરવું નહીં.

૭. સાવધાનતાથી મર્યાદાસર ઊભા રહી ભિક્ષા માગવી. જો શુદ્ધ પ્રેમભાવે ભિક્ષા આપે તો તે ગ્રહણ કરી ચાલ્યા જવું, તેમજ કદાચ ન આપે તો પણ ત્યાં કોઇને કઠોર વચન કહેવું નહીં. મર્યાદાસર રહીને જ ભિક્ષા માગવી.

૮. કોઇ ગામમાં વૃદ્ધાવસ્થાને કારણે સ્થિરવાસ કરનારા કે મહિનો મહિનો રહેનારા ભિક્ષુકો ગામેગામ ફરતા સાધુને એમ કહે કે '*આ ગામ બહુ નાનું છે અથવા સૂતક આદિને કારણે ઘણાં ઘર ભિક્ષા માટે બંધ છે; માટે આપ બીજા ગામે પધારો*' તો સાધુએ તે સાંભળી તે ગામમાં ભિક્ષા માટે ન જતાં બીજા ગામે ચાલ્યા જવું અને ત્યાંથી ભિક્ષા મેળવી લેવી.

૯. ભિક્ષુએ અમુક ઠેકાણે જમણવાર છે એમ જાણી તેની આશાએ ભિક્ષા માટે ન જવું, પરંતુ બીજી બાજુ નિર્દોષ

ભિક્ષા માટે ચાલ્યા જવું; પણ નિર્ગ્રંથ સંયમી મુનિએ જમણવારોમાં ભિક્ષાર્થે સદોષ જાણીને ન જવું.

૧૦. જમણવારમાં વધારે પડતું કે ઘૃષ્ટ ભોજન ખાઇ-પીને બરાબર પચી ન શકવાથી ઝાડા, ઉલટી કે શૂળાદિક રોગો પણ પેદા થાય.

૧૧. વળી જ્ઞાનધ્યાનમાં વ્યાઘાત-અંતરાય પડે તેમ પણ ન કરવું.

૧૨. આમ ભગવાને જમણવારમાં ભિક્ષાર્થે જતાં અનેક દોષો બતાવ્યા છે તેથી ભિક્ષુએ જમણવારમાં ભિક્ષા માગવા ન જવું, પરંતુ થોડો થોડો નિર્દોષ આહાર અનેક ઘરેથી માંગીને (નિઃસ્પૃહભાવે) વાપરવો.

૧૩. સારો કે નરસો પણ પ્રાસુક (અચેત) અને નિર્દોષ આહાર મળી આવે તે વખાણ્યા કે કવખોડ્યા વગર-રાગદ્વેષ કર્યા વિના સમભાવે વાપરવો.

૧૪. પ્રાસુક ને નિર્દોષ આહાર પણ કોઇને બાધા-પીડા-અંતરાય કર્યા સિવાય મેળવી, અન્ય સાધુ-સંતોને તેમાંથી લેવા પ્રાર્થના કરી બને તો સાથે જ વાપરવો.

૧૫. વિષય-રસાસક્તિ જ અનર્થકારી છે એમ જાણી તેમાં થતી આસક્તિ તજવી.

૧૬. વૃદ્ધ-બાળ-ગ્લાન-તપસ્વી સાધુ સંતોની યોગ્ય સેવા-ભક્તિ કરવા પૂરતું લક્ષ રાખવું.

૧૭. એની યોગ્ય કરણી અભિમાન રહિત કેવળ સેવાભાવે આત્મલક્ષથી કરવી.　　　　[જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૧૫૨]

જીવનસુધારણા માટે ઉત્તમ બોધની વાનગી

૧ સામાન્ય સ્નેહ કરતાં શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ ઉચ્ચ છે, તે કરતાં પણ ફરજનું યથાર્થ ભાન અતિ ઉચ્ચ છે.

૨ અંતરંગ ગુણ ઉપર વધારે લક્ષ આપવું, તેને જ વધારે ખીલવવું કે જેથી સંસારનું શાંત સુખ મેળવતાં કાયમના મોક્ષસુખ માટે અવકાશ મેળવી શકાય.

૩ **મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા એ ચારે ભાવના** ધર્મની પ્રાપ્તિ, રક્ષા ને પુષ્ટિ માટે અપૂર્વ રસાયણનું કામ કરે છે. એથી દુઃખ માત્ર દૂર થાય છે અને સ્વપરહિતમાં વૃદ્ધિ થવા પામે છે. યોગશાસ્ત્રાદિકમાંથી તેનું સવિસ્તર વર્ણન વાંચી–વિચારી જીવનમાં ઉતારનારનું શ્રેય થાય છે.

૪ ખરી મિત્રતા એટલે ગાંઠ–જોડાણ. તે જો તૂટે તો મિત્રતા શેની કહેવાય ?

૫ પોતાની પત્ની પણ મિત્રવત્ એક જ અંગરૂપ હોઇ, તેનો વિચાર ભેગો જ આવે.

૬ સાર એ છે કે–સમજુએ સહનશીલતાનું સેવન કરવું, સ્વાર્થત્યાગને પાસે ને પાસે જ રાખવો. આવી ઉત્તમ ભાવના જ દાંપત્ય અને મૈત્રીના યથાર્થ નમૂના ઉપજાવી શકે છે.

૭ શુદ્ધ પ્રેમ સૂક્ષ્મ વિષયને અવલંબે છે અને ઉચ્ચ સ્થિતિ તરફ લઇ જાય છે. વળી વધતાં વધતાં સૂક્ષ્મ વિષયો ઉપરથી સર્વ જીવ તરફ સમદૃષ્ટિ રાખવા તરફ દોરી જાય છે તેવી રુચિ–લાગણી રાખવી એ સુજ્ઞોનું કર્તવ્ય છે અને ભવ તરવાના અનેક કારણોમાંનું એક કારણ છે.

૮ ધૈર્ય, હિમ્મત અને ખંતભર્યા સુપ્રયત્નથી અશકય જેવા જણાતાં કાર્યો પણ શકય બને છે.

૯ દરેક માણસની એક પવિત્ર ફરજ છે કે પોતે પોતાને માટે તેમજ જગતને માટે કાંઈક કરવું જ જોઇએ. જો ન કરે તો તેનો બોજો અન્યને શિરે પડે છે અને પોતે પૃથ્વીમાં ભારરૂપ ગણાય છે.

૧૦ જો ફરજનું ભાન ભૂલાશે તો ઘાંચીના બળદની માફક એકની એક સ્થિતિએ રહેશે અથવા તદ્દન નીચો ગબડી પડશે, માટે દરેક માણસે પોતાના આત્માને ઉન્નત કરવા સારુ સામગ્રી એકઠી કરવી જોઇએ. અને આપણા તેમજ આસપાસનાઓ પ્રતિ ફરજ બજાવવી જોઇએ.

૧૧ સભ્યતાથી વિનયપૂર્વક સર્વની સાથે વર્તવું, પણ તેનો અતિયોગ થાય તો ખુશામતખોરોમાં ખપીએ. મનુષ્યોને સત્યવાદી થવા કરતાં પ્રિયવાદી થવાનું વધારે ગમે છે કે જેથી અન્યને ખોટું ન લાગે.

૧૨ સત્યના પાલનથી ધર્મનું રક્ષણ નહિ થાય તો શું સત્યના ઉલ્લંઘનથી થશે? નહિ જ. ભળતું બોલવાથી કદાચ બીજા માણસોની પ્રીતિ આપણા ઉપર થાય તો તે કેવી–શું સાચી?

૧૩ સત્ય પણ પ્રિય અને હિતકર હોય તેજ વચન ઉચ્ચારવું જેથી સ્વપરનું અહિત થવા ન પામે.

૧૪ પ્રિયનો આશ્રય કરી હિતકર ને સત્ય છોડી દેવાથી જ દેખાતો બધો દંભ પ્રવેશ પામ્યો છે.

૧૫ જરૂરી સદ્દગુણો ધારણ કરીને, અન્ય જનોને અનુકરણ યોગ્ય બને એવું આચરણ સેવવું.

૧૬ ઊંઘ, આળસ ને ગપ્પા છોડી પ્રાપ્ત સમયનો સદુપયોગ કરવો. વખતની કીંમત સમજી લેવી.

૧૭ યત્ન કરવો પણ નકામી ચિન્તા કરવી તે ખરેખર આપણી ભૂલ છે. ઘણા તે ભૂલના ભોગ થઇ પડે છે.

૧૮ ઉદ્યમ તથા ફળ બંને જુદી જ વસ્તુ છે. ઉદ્યમ આપણા હાથનું કાર્ય છે. ફળ અન્ય નિમિત્તાધીન છે.

૧૯ મનુષ્યસ્વભાવના બે જુદી દૃષ્ટિવાળા વલણ છે. અમુક ભાગ સર્વ સ્થળે સારું જ જોયા કરે છે, બીજાને સર્વત્ર દુ:ખની જ કલ્પના થયા કરે છે. તેમાં કંઇ પણ ફેરફાર થઇ શકે ખરો પરંતુ તે તથાપ્રકારના ઉદ્યમથી થઇ શકે.

૨૦ જે કામ ડૂબતું હોય તેને મૂકી દેવું તેમાં મોટાઇ કે માણસાઇ નથી. તેવી પડતી સ્થિતિમાંથી ઉચ્ચ સ્થિતિએ આપણી પ્રેમી વસ્તુઓને આણવી તેમાં અપૂર્વ બળ, સ્વાર્થ-ત્યાગ ને ધીરજની જરૂર છે

૨૧ મોહનીકર્મ ભૂલ ખવરાવે છે. એવે પ્રસંગે મિત્ર કે વિશ્વાસુ સાથીનો ખપ પડે છે.

૨૨ એકબીજાના ધર્મ-કર્મ સામે આક્ષેપ કરી અંટસ વધારવો ન જોઇએ. એકબીજાના સામાન્ય લાભ માટે કાંઇ કરવું હોય ત્યારે બધાએ ભેગા મળી કાર્ય કરવાની ખાસ જરૂર છે. કાંઇ જુદાઇનો અંશ હોય તેને કાપી નાંખી એક પ્રજાજન તરીકે બનવાની ખાસ આવશ્યકતા છે. તે વગર આર્યાવર્તનો આ સ્થિતિમાંથી ઉદ્ધાર થવો શક્ય નથી. સંપના અભાવે થતી સ્પર્ધાવડે સ્વાર્થીઓએ આપણને પાયમાલ કર્યા છે. એથી આપણે નબળા પડ્યા છીએ એ સ્વત: સિદ્ધ છે.

૨૩ જાપાનના સંપે શું શું કાર્યો કર્યાં છે? તે જાણી તેમનું ઉચિત અનુકરણ કરવું એ જ પ્રથમ કર્તવ્ય છે.

૨૪ દેશના દ્રોહમાં કોઇ દિવસ ધર્મ સમાએલો હોય એમ સમજવું નહિ, તેથી દેશહિત શિખો ને ઉચિત કરો.

[જૈ. ધ પ્ર. પુ. ૫૩, પૃ. ૨૩૮.]

રહસ્યમય સૂકતો

૧. શરદ ઋતુમાં મેઘ ગાજે છે, વર્ષતો નથી. વર્ષાઋતુમાં તે ગાજ્યા વગર વર્ષે છે; તેમ દુર્જન બોલે છે તે પ્રમાણે કરતો નથી ત્યારે સજ્જન થોડું બોલે છે અને કામ ઘણું કરે છે.

૨. નીચ-દુર્જનને કરેલો ઉપકાર પણ અપકારરૂપ જ થાય છે. સર્પને દૂધ પાયું હોય તે કેવળ વિષની વૃદ્ધિ માટે થાય છે.

૩. મુખ કમળ-પત્ર જેવું કોમળ (ઠાવકું) હોય, વાણી ચંદન સમી ઠંડી હોય છતાં હૃદય કાતર જેવું કુટિલ હોય તો એ ત્રિવિધ ધૂર્ત લક્ષણ જાણવું.

૪. જેમ શ્વાનનું વાકું પુંછડું વાંસળીમાં રાખ્યા છતાં સીધું-સરળ થતું જ નથી તેમ દુર્જનનું હૃદય બોધ્યા છતાં મધુર બનતું જ નથી.

૫ ગમે તેટલાં સુબોધથી પણ દુર્જન શું સજ્જન થઈ શકે ખરો? ગમે તેટલા નદી જળથી ધોવરાવે પણ કોલસો ક્યારે પણ શું હીરો બને? તેવાને કરેલો બોધ હિતકર થવા ન જ પામે.

૬ દુર્જને પેદા કરેલ દ્રવ્ય દેવ, ધર્મબંધુઓ કે યાચકને કામ આવતું નથી; રાજા કે ચોરોના હાથમાં તે જવા પામે છે.

૭. મૂર્ખના પાંચ ચિહ્નો-ગર્વી, દુર્વચની, હઠી, અપ્રિયવાદી ઉપરાન્ત તે કોઈનું ગમે તેવું હિત-કથન માન્ય ન કરે.

૮. જન્મ જ નહીં થવા પામેલ, જન્મીને મરણ પામેલ અને મૂર્ખ એ ત્રણમાં પ્રથમના બે સારા, પણ છેલ્લો સારો નહીં; કેમકે પ્રથમના બે એક વખત દુઃખ કરે પણ છેલ્લો તો ડગલે ને પગલે દુઃખદાયી નીવડે, એ અનુભવથી સમજી શકાય છે.

૯ જેમનું ચિત્ત વ્યવસ્થિત નથી તેવાનો અનુગ્રહ પણ ભયંકર, કેમકે ક્ષણ વારમાં રાજી ને ક્ષણ વારમાં રૂષ્ટમાન કે તુષ્ટમાન થતાં જેમને વાર જ ન લાગે તેનો શો ભરોસો?

૧૦. 'આ તો બાપનો કૂવો' એવું બોલનારા મૂર્ખો ખારું પાણી પીએ છે.

૧૧. લક્ષ્મીના મદથી અંધ બનેલ હે મૂર્ખ! તું દુઃખીને દેખી કેમ હસે છે? લક્ષ્મી સ્થિર થઈને નથી રહેતી એમાં આશ્ચર્ય જેવું શું દેખાય છે? તું તારી સામે કૂવાના રેંટની ઘડીઓ જુએ છે. તેમાંથી ભરાયેલી ઘડીયો ખાલી થાય છે અને ખાલી થયેલી ઘડીઓ પાછી ભરાય છે, એ જડ વસ્તુ ઉપરથી પણ કેવો સુંદર બોધ થઇ શકે છે? તેથી ચેતી લે. ચેતી લેવાય તો લાભ થાય.

૧૨. અવશ્ય ભાવી ભાવો(થનાર વિવિધ બનાવો)નો જો ઉપાય થઈ શકતો હોત તો નળરાજા ને ધર્મરાજા દુઃખોથી દૂર રહી શકત.

૧૩ જે લલાટમાં લેખ લખાયેલ હોય તે પ્રમાણે માણસને સુખ-દુઃખ (લાભ-હાનિ) સાંપડે છે, દેવ પણ તેને ટાળી

શકતો નથી; તેથી તેવે સમયે હર્ષ-શોક કરવો ન જ ઘટે. સમજ્યાનો એ જ સાર છે.

૧૪. વિધિએ લખેલ લેખ દેવ પણ મિથ્યા કરી શકતો નથી.

૧૫ ચંદ્ર-સૂર્યને રાહુની પીડા, હાથી તથા સર્પને બંધન અને મતિમાનને નિર્ધનતા જોઇ મને નિશ્ચય થાય છે કે કર્મરાજા મહાબળવાન છે.

૧૬. રાજા તુષ્ટમાન થયેલ હોય તો પણ સેવકોને ભાગ્યથી કંઇ વધારે આપી શકતો નથી. વર્ષાદ સદા વર્ષે છે તો પણ ખાખરાને ત્રણ પત્ર જ હોય છે.

૧૭. અશ્વ, હસ્તી કે વાઘનું કોઇ બલિદાન નથી કરતું, બકરાનું જ કરાય છે, તેથી દૈવ-વિધિ દુર્બળનો ઘાતક જણાય છે.

૧૮. ઉપરની હકીકત વાંચી જાણી નિરાશ ન થતાં તેનો પ્રતીકાર તપ-જપ-ધ્યાન સમતા સહ કરવા સુજ્ઞજનોએ જરૂર પ્રયત્ન કરવો ઘટે.

૧૯. જૈન દર્શન સ્યાદ્વાદ-અનેકાન્તવાદનો બોધ કરે છે. કોઇ પણ કાર્ય પંચ સમવાય-કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વ કર્મ અને પુરુષાર્થ યોગે સિદ્ધ થાય છે એમ માને છે. તેમાં પણ પુરુષાર્થની પ્રધાનતા એટલા માટે કહી છે કે તે આપણે સ્વાધીન છે ત્યારે બીજા અદૃશ્ય છે.

૨૦. જે કામ બળથી થઇ ન શકે તે કળથી-કુનેહથી સહેજે થઇ શકે છે.

૨૧. આળસ-પ્રમાદ સમો કોઇ પ્રબળ શત્રુ નથી. પુરુષાર્થ યોગે તેનો પરાભવ કરી, સ્વઇચ્છિત ફળ-પ્રાપ્તિ કરી શકાય છે.

૨૨. ઉદ્યમ કર્યા છતાં જો ફળસિદ્ધિ થવા ન પામે તો પછી ભલે દૈવને ઓલંભો દેવો. પુરુષાર્થી જનોએ કંટાળ્યા વગર યોગ્ય ઉદ્યમ કરવો કે જેથી દૈવને યારી આપવી જ પડે.

૨૩. અનેક મહાપુરુષોના ચરિત્રો વાંચી–સાંભળી–મનન કરી પુરુષાતનનું દૃઢ સેવન કરવા અને એનું આલંબન લેવા લક્ષ આપવું જોઇએ.

૨૪. કાયર જનો વિજયની શંકાથી કાર્યનો આદર જ કરતાં ડરે છે. મધ્યમ જનો ફળની આશાથી કાર્યનો આરંભ તો કરે છે પરંતુ કંઇ વિઘ્ન ઉપસ્થિત થતાં કાયરતાથી તે કાર્ય કરવાનું મુલતવી રાખે છે, ત્યારે ઉત્તમ જનો પાકી દૃઢ શ્રદ્ધાથી નિઃશંકપણે ઉચિત કાર્યનો આરંભ કરી તેને ગમે તેટલા ભોગે પણ પાર પાડ્યા વગર વિરમતા નથી.

૨૫. આપણે સહુએ એવા દૃઢ મનના થઇ કાર્યસિદ્ધિ કરવી ઘટે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૩. પૃ. ૨૬૫]

નૈતિક વિભાગ

આપણી આધુનિક સ્થિતિ સુધારવા આપણે તરત શું શું કરવાની જરૂર છે?

અંગકસરત—શરીરનું આરોગ્ય ટકાવી રાખવા સાધુને તેમજ ગૃહસ્થને અંગકસરત અનિવાર્ય જરૂરી છે. અંગકસરત અનેક રીતે થઈ શકે છે. જેને જે અનુકૂળ લાગે તે રીતે અંગકસરત કરી શકાય છે. યોગી પુરુષો અનેક પ્રકારનાં યોગાસનો સેવવાથી, યથાયોગ્ય મુદ્રાઓ કરવાથી તેમજ વિહારાદિક કરણી કરવાથી અંગને સારી રીતે કસી શકે છે. મન અને ઇન્દ્રિયોનું દમન થાય તથા પરિષહ અને ઉપ-સર્ગો આવી પડે ત્યારે સ્વસંયમમાર્ગમાં અડગ અચળ સ્થિર રહેવાય તે રીતે પ્રમાદ-શિથિલતા દૂર કરીને પ્રથમથી જ શરીરને કસતા રહેવું જોઇએ. સુખશીલવૃત્તિ તજી સંયમમાં દ્રઢતા રાખવાની બહુ જરૂર છે. સુખશીલતાવંત ફૂલની માફક થોડો તાપ લાગતાં કરમાઇ જાય છે-સંયમમાં ટકી શકતા નથી, પણ અંગકસરતવડે તન-મન-વચનના બળને વધારી શકનાર સ્વસંયમમાર્ગમાં વજ્રની જેમ દ્રઢ-મક્કમ રહી શકે છે. A Sound Body has a Sound Mind. નિરોગી શરીર-વંતને પ્રાય: નિરોગી આનંદી-પ્રસન્ન મન હોય છે. એ વાતનો પૂરો ખ્યાલ કરી શકનાર અંગકસરતની ખરી કિમ્મત સમજી શકે છે. **કલ્પસૂત્રમાં સિદ્ધાર્થરાજા** કેટલી અંગકસરત કરતા હતા તે આપણે વાંચીએ અને સાંભળીએ છીએ તેમ છતાં તે વાંચનશ્રવણની સાર્થકતા તો વિરલા જ કરતા જોવાય છે. દેવ-વંદન, ગુરુવંદન, તીર્થયાત્રા, સામાયિક, પ્રતિક્રમણાદિક ધર્મ-કરણી જો બરાબર શાસ્ત્રોકત વિધિપૂર્વક પ્રમાદ રહિત કરવામાં આવે તો તેથી પણ અંગને સારી કસરત મળી શકે તેમ છે.

અત્યારે સાધુમાં કે ગૃહસ્થમાં બહુધા જે શિથિલતા કે સુખશીલતા વ્યાપી રહેલી દીસે છે, તેને દૂર કરવા જેમ બને તેમ નિર્દોષ અંગકસરત કરવાની બહુ જરૂર છે. કૂવામાં હશે તો હવાડામાં આવશે એ ન્યાય સમજનાર સાધુજનોએ તો ખાસ કરીને વ્યાજબી ઉપાયવડે શરીરને દમી સુખશીલતા તજી 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' એ વાતને સાચી કરી બતાવવી જોઇએ. એથી જ શ્રોતાજનો ઉપર સારી સચોટ છાપ પડી શકશે. પોથીમાંના રીંગણાનો વખત હવે જતો રહ્યો છે. હવે તો પોતાની રગેરગમાં જાગૃતિ રેડી અન્યને જાગૃત કરવાની ખાસ જરૂર છે. સબળ પ્રજાને ઉત્પન્ન કરવાનો એ અકસીર ઉપાય છે.

કુવ્યસન ત્યાગ–જેથી સ્વવીર્યાદિક ધાતુઓ તવાઇ નબળી પડી જાય તેવી દરેક કુટેવ ગમે તે રીતે તજી દેવા પ્રયત્ન કરવાની જરૂર છે. પાશ્ચિમાત્ય લોકનું અંધ અનુકરણ કરી ચ્હા, કૉફી, બીડી વિગેરેનો જે પ્રચાર આપણામાં વધી જવા પામ્યો છે તેણે તો આપણું સત્યાનાશ જ વાળ્યું છે. એથી ધાતુ તવાઈ કેવળ નિઃસત્ત્વ થઇ જાય છે. ઉત્તેજક પીણાં પીવા માટે કેટલાએક તો હોટેલોનો આશ્રય લઇ વટલે છે અને બીજાને વટલાવે છે. ઉપરાન્ત ઉત્તમ કુળમાં ન જ છાજે એવી બીજી કેટલીએક બૂરી બદીઓ દાખલ થએલી હોય છે. તે ચેપી બદીઓનો ત્યાગ કરવા અને સતસમાગમ, શાસ્ત્રશ્રવણ–મનનાદિક સદ્‌વ્યસનનો આદર કરી પ્રાપ્ત સદ્‌બોધને સાર્થક કરી લેવા પ્રયત્ન કરવાની આપણને જરૂર છે. 'Prevention is better than cure' કુપથ્યનો ત્યાગ કરી પથ્યસેવનપૂર્વક સદ્‌ઔષધિનું સેવન હિતાવહ થઇ શકે છે, એ વાતને બોલવા કરતાં આચરણમાં જ ઉતારવાની જરૂર છે.

અનીતિનો ત્યાગ અને નીતિનો સ્વીકાર– નીતિ એ ધર્મનો મજબૂત પાયો છે અને નીતિવાન્ જ ધર્મ પ્રાપ્ત કરવા લાયક બને છે એ શાસ્ત્રવચનને અંતઃકરણથી સત્ય અવધારનારે તો અનીતિને વિષ કરતાં પણ અધિક હાનિકારક અને નીતિનો સર્વથા સ્વીકાર કરવા હમેશાં લક્ષ રાખવાની જરૂર છે. **ધર્મબિંદુ** વિગેરે ઉત્તમ ગ્રંથોમાં **માર્ગાનુસારીપણાના** ગુણોની શાસ્ત્રકારે જે વ્યવસ્થા બતાવી છે તેમાં આનો સમાવેશ થઇ શકે છે. તેથી તે તરફ દૃષ્ટિ વાળવા ભવ્યાત્માઓને ખાસ સૂચના કરવામાં આવે છે.

હૃદયબળ–હિમ્મત–સુશ્રદ્ધાદિક સદ્‌ગુણો ખીલવવાની જરૂર—ગમે તેવાં મહાભારત કામ પણ હિમ્મત અને ખંતથી પાર પાડી શકાય છે. તેવા સદ્‌ગુણો આપણામાં પ્રગટાવવાની બહુ જરૂર છે, નાહિમ્મત માણસો કંઈપણ મહત્ત્વનું કામ કરતાં અચકાય છે, પણ હિમ્મતબહાદુર જનો મહત્ત્વનાં કામ ઉત્સાહભેર આદરે છે અને તેને પાર પાડે છે. તે પાર પાડવા પોતે શક્તિવંત છે એવી તેમને શ્રદ્ધા હોય છે, તેથી તેઓ કંઈક મહત્ત્વના કામ આદરે છે અને તેમાં વિઘ્ન આવે તો પણ તેથી ડર્યા વગર હિમ્મતથી તેને વળગી રહી તે પાર પાડી શકે છે અને પોતાના દાખલાથી બીજાને હિમ્મત રાખવા શિખવે છે. આપણી વર્તમાન પ્રજામાં આ ગુણ બહુ ઓછા પ્રમાણમાં દેખાય છે, તેના અનેક કારણો પૈકી માતાદિકની અજ્ઞાનતા અને અવિવેકથી બાળકોને ઉછેરવામાં જે અન્યાય મળે છે તે મુખ્ય દુઃખદાયક કારણ ગણાય છે. બચપણમાં બાળકો નિર્દોષ, આનંદી અને રમતગમતમાં મસ્ત રહેતાં

હોય છે. ટુંકાણમાં તે ગુલાબના પુષ્પની જેવાં સુકોમળ અને હસમુખાં હોય છે તેમને તેમની પ્રકૃતિ અનુસારે ખીલવા દેવાની સંભાળ રાખવામાં આવે તો તે ભવિષ્યમાં બહુ આનંદદાયક બને છે, પરંતુ જો તેમની ઊગતી કળીને જ દાબી દેવામાં આવે તો તે કરમાઇને નકામું થઇ પડે છે. આપણાં આજકાલનાં અણઘડ માબાપો ઘણી વખત કુમળાં બચ્ચાંઓ તરફ બહુ ત્રાસદાયક રીતિથી કામ લેતા જણાય છે. આક્રોશ, ધમકી અને ભીતિ ઉત્પન્ન કરે એવાં દુર્વચનોનો એટલો બધો વખતોવખત ઉપયોગ કરવામાં આવે છે કે તે અતિ કોમળ, આનંદી અને નિર્દોષ બાળકોના હૃદયને ક્ષોભ ઉપજાવે છે, ગમગીની પેદા કરે છે અને હર્ષને બદલે શોકમાં ડુબાવી દે છે. માબાપનાં વગરવિચાર્યાં ભયંકર વચનોની તેમના કુમળાં મન ઉપર એટલી બધી ખરાબ અસર થવા પામે છે કે તે બચ્ચાં પછી જરાક જરાકમાં રડી પડે છે, ભયભીત બની જાય છે અને જો વખતસર તેમને દીલાસો આપવામાં ન આવે તો જાણે તેમના હોશ ઊડી જ ગયા હોય તેમ છાતીફાટ રડે છે. જો માબાપો પોતે સુશિક્ષિત હોઈ બાળકોની યોગ્ય સંભાળ લઇ તેમના હૃદયને ક્ષોભ ઉપજાવ્યા વગર તેમની પ્રકૃતિ અનુસાર તેમનો વિકાસ થવા દે છે તો તે બાળકો હીરા જેવા અણમોલ થવા પામે છે. બાળકો બચપણનાં બે ચાર વર્ષોમાં અનુકૂળ સંયોગો વચ્ચે એટલું બધું સારૂં શીખી શકે છે કે તેની ઉપર પડેલાં સંસ્કાર વડપણમાં ભુંસાઇ શકતા નથી. બાળપણમાં પણ તેમનામાં બેહદ ચંચળતા દેખાય છે, તેમનો રમૂજી આનંદી ચહેરો ગમે તેવા કઠોર દીલને પણ પીગળાવી દેવા બસ હોય છે. તે કંઇ જુએ છે યા સાંભળે છે તેનો

ચિતાર જલ્દી તેમના કોમળ મન ઉપર પડી શકે છે, તેથી જ બચ્ચાનું ખરૂં હિત હૈડે ધરનારાં સુજ્ઞ માબાપો તેમનું સુંદર ચારિત્ર્ય રચવાને માટે પોતાથી બને તેટલી સાવધાની શરૂઆતથી રાખવા ચૂકતાં નથી, તેથી તેઓ તેનાં સુંદર પરિણામને ચાખે છે અને અન્ય મુગ્ધ માબાપોને શુભ દૃષ્ટાન્તરૂપ બની શકે છે. પોપટનાં બે બચ્ચાંની વાત સુપ્રસિદ્ધ છે તેમાંથી મુગ્ધ માબાપો કંઇપણ સાર ગ્રહી પોતાનાં બચ્ચાં ભવિષ્યમાં સારાં નીવડે અને અન્યને પણ આનંદ ઉપજાવે તેમ કરવા બનતી ચીવટ રાખી વર્તવા પોતાની ફરજ સમજતા થાય.

આરોગ્યતા સંબંધી યોગ્ય નિયમો જાણવાની અતિ આવશ્યકતા–આપણું શરીર સારું સુખી–નિરોગી હોય તો આપણે સુખચેનથી ધર્મવ્યવહારનું સેવન કરી શકીએ છીએ અને જો તેમાં કશો ખોટકો પડે છે તો જોતજોતામાં આપણો ચાલુ વ્યવહાર અટકી પડે છે, તેથી શરીરઆરોગ્ય સાચવી રાખવા માટે તેના નિયમો સારી રીતે જાણવા અને તે મુજબ આચરવા પૂરતી કાળજી રાખવી જોઇએ. ચોખાં હવાપાણી, શરીર અને વસ્ત્રાદિકની ચોખાઇ, ખુલ્લો પ્રકાશ તથા સાફસુફતાવાળું નિવાસસ્થાન, ઉપરાન્ત પ્રકૃતિને માફક આવે એટલું અને એવું નિર્દોષ ખાનપાન કરવા પૂરતું લક્ષ, તેમજ શરીરમાં અસ્વસ્થતા જણાય તો લંઘન–ઉપવાસાદિક ઉપચાર કરવા ચૂકવું નહિ જોઇએ.

ધાર્મિક શિક્ષણની વ્યવસ્થા–જો કે કેટલાંએક સ્થળે જૈન પાઠશાળાદિક ખોલેલી હોય છે; પરંતુ તેમાં જેવું જોઇએ એવું વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક શિક્ષણ અપાતું ન હોવાથી તે લગભગ નામની જ હોય છે. કેટલાએક સ્થળે તો

જેવા તેવા અણઘડ શિક્ષકથી જ કામ લેવામાં આવે છે અને ઘણે ભાગે ગોખણપટીનું જ કામ કરાય છે, તેમાં પુષ્કળ સુધારો કરવાની જરૂર છે. જેમનું જ્ઞાન સારું હોવા ઉપરાંત **વર્તન ઊંચા પ્રકારનું** હોય તેવા **લાયક શિક્ષકની** જ દરેક સ્થળે ગોઠવણ થવી જોઇએ, અને તેવા લાયક શિક્ષકો તૈયાર કરવા કોઇએક યોગ્ય સ્થળે તેવો ખાસ વર્ગ ઉઘાડવો જોઇએ. મૂળથી જ કેળવણી આપવાની શૈલી સુધારવી જોઇએ. શિક્ષકમાં તેમજ વિદ્યાર્થી વર્ગમાં કોઇપણ પ્રકારનું દુર્વ્યસન હોવું નહિ જ જોઇએ અને કદાચ હોય તો તે સદંતર દૂર કરવા ખાસ લક્ષ દેવું જોઇએ. વિદ્યાર્થીવર્ગમાં નીતિનું જ્ઞાન વધે અને નીતિ-ભરેલું વર્તન દાખલ થવા પામે અને ક્રમસર યોગ્યતા મુજબ ધર્મશિક્ષણ અપાય તેવી કાળજી રાખવી જોઇએ. પરિણામે વિદ્યાર્થીવર્ગ **મયણાસુંદરી** જેવા નૈતિક હિમ્મતવાળા બને અને પોતાના સદ્વર્તનથી નિર્મળ યશ મેળવે એવી ગોઠવણ થવી જોઇએ.

વ્યવહારિક કેળવણીમાં આગળ વધેલા વિદ્યાર્થી-વર્ગને ધાર્મિક કેળવણી અપાય એવી ગોઠવણ–યુવક વિદ્યાર્થીવર્ગમાં નીતિના માર્ગ તરફ સારી પ્રીતિ જોવામાં આવે છે, તેથી તે વર્ગને જો સરસ (રસદાયક) ધાર્મિક કેળવણી આપવાની ગોઠવણ કરવામાં આવે તો તે સાર્થક થઇ શકે એમ સહજ અનુમાન કરી શકાય છે. યોગ્ય ભૂમિમાં વાવેલું સદ્-બીજ નકામું જતું નથી, એવી શ્રદ્ધાથી વિદ્વાન્ સાધુ કે ગૃહસ્થ જનોએ ઉક્ત કાર્યમાં બની શકે તેટલો સ્વાર્થભોગ આપવો જરૂરનો છે. જે કાર્ય બળથી થઇ ન શકે તે કળથી સુખે થઇ શકે છે. કોલેજ કે હાઇસ્કુલોમાં અભ્યાસ કરતા યુવક વિદ્યાર્થીઓને **મે વેકેશન** જેવા પુષ્કળ રજાના દહાડામાંના

અમુક દિવસો સુધી એક યોગ્ય સ્થળે નિમંત્રણ કરી, બોલાવી ત્યાં તેમને રસભરેલી શૈલીથી ધાર્મિક શિક્ષણ આપવાની ગોઠવણ કરી આપવામાં આવે તો તેનું ઘણું સુંદર પરિણામ વખત જતાં આવે એ તદ્દન સંભવિત લાગે છે. શરૂઆતમાં થોડીક મુશ્કેલી નડે ખરી પણ તે વેઠીને જો ખંતથી નિઃસ્વાર્થપણે ઉકત કામ હાથ ધરવામાં આવે તો તેમાં બહુ સારી ફત્તેહ મળે એવી અમારી માન્યતા સહેતુક થયેલી છે. ખર્ચને માટે પણ વ્યવસ્થા થઇ શકે એમ છે, ફકત આ વાત ઉપર પુષ્કળ ઊહાપોહ કરી સહૃદય વિદ્વાન જનોએ આગેવાનીભરેલો ભાગ લેવા બહાર પડવું જોઇએ. જૈન એજ્યુકેશનલ બોર્ડના માનવંતા સેક્રેટરીઓ તથા બીજા લાયક જૈન વિદ્વાનોએ આ બાબત ખાસ લક્ષમાં લેવા જેવી છે. યુવક વિદ્યાર્થીઓ નાસ્તિક જેવા થતા જાય છે, તેમને ધાર્મિક ક્રિયા તરફ બહુ જ ઓછો આદર હોય છે, એવા આક્ષેપો કરી ઠંડા પેટે બેસી રહેવામાં કશું હિત સમાયેલું નથી. જો જૈન યુવક વિદ્યાર્થીઓને ધર્મચુસ્ત બનાવવા ખરી ઇચ્છા જ હોય તો તે માટે ઉપર સૂચવ્યા મુજબ અથવા એવી જ કોઇ યોગ્ય વ્યવસ્થા કરી આપવા બની શકે તેટલો તન, મન, ધનનો ભોગ આપવા તત્પર થવું જોઇએ. **પુરુષને કશું અસાધ્ય નથી જ.** એ વાત રહેણીમાં ઉતારી બતાવવાનો સમય હવે આવી લાગ્યો છે. નકામી સાચી ખોટી ટીકા કરવાથી કાંઇ વળવાનું નથી. નકામા વાદવિવાદ યા આક્ષેપો કરી ફોકટ કાળક્ષેપ કરવાનો હવે સમય નથી. હવે તો કાર્ય કરી દેખાડવાનો જ સમય છે, તેથી સહૃદય **જૈન વીરોએ ખરી વીરતા** કરી બતાવવા ચૂકવું જોઇએ નહિ.

સ્ત્રીકેળવણી—પુરુષ કરતાં સ્ત્રીકેળવણીની ઓછી જરૂર નથી, બલ્કે તેથી પણ અધિક જરૂર છે. આજની કન્યા તે કાલની માતા લેખાય અને એક માતા સુશિક્ષિત હોય તો તે પ્રજાને ખરેખર કેળવવા આશીર્વાદરૂપ લેખાય. કોઈપણ કન્યાને અજ્ઞાન નહિ રાખતા તેને સંગીન કેળવણી આપવા ગોઠવણ કરી આપવી જોઈએ. આજકાલની ચાલુ કેળવણીમાં જે જે ખામીઓ દેખાય છે તે દૂર કરી દૂરંદેશીથી તેમને લાયક કેળવણીનાં ધોરણ નક્કી કરી તેમને વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક શિક્ષણ આપવા સુજ્ઞ ભાઇબ્હેનોએ બને તેટલો સ્વાર્થભોગ આપવા તત્પર થવું જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૩૪, પૃ. ૩૭]

સ્વઆચારવિચારની શુદ્ધિ

ઉત્તમ પ્રકારની કેળવણી અને શ્રદ્ધાદિકની ખામીથી કેટલાક ભાઈબહેનોનું આચરણ એવું બેહુદું હોય છે કે તેને લઇને આખો સમાજ વગોવાય છે અને તેઓ બહુધા જે ધર્મ પાળતા હોય છે તેની પણ નિંદા થવા પામે છે, તેથી પ્રથમ તો ધર્મના અંગરૂપ આચરણની શુદ્ધિ અવશ્ય કરવાની જરૂર રહે છે.

૧ શુદ્ધ દેવ, ગુરુ, સંઘ, તીર્થાદિકનાં દર્શન, વંદન, પૂજા, સ્તુતિ પ્રસંગે યથોચિત અંગશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, મનઃશુદ્ધિ, સ્થળશુદ્ધિ, ઉપગરણશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ અને વિધિશુદ્ધિ સાચવવાનો અવશ્ય ખપ કરવો જોઇએ. આપણામાં આચારશુદ્ધિ હોવાનો દાવો કરવા પહેલાં આપણે તેનો કેટલો ખપ કરીએ છીએ–કરવા કાળજી રાખીએ છીએ તેનું અવલોકન બરાબર કરવું જોઇએ. જે જે વ્યાજબી ઉપાયવડે શરીરાદિકની શુદ્ધિ સચવાય તે તે ઉપાય પ્રમાદ રહિત આદરવા જોઇએ. જેમ દેવગુરુની પૂજા-

ભક્તિપ્રસંગે ગૃહસ્થને વિધિયુક્ત જળસ્નાનની જરૂર કહી છે, તેમ સ્વજીવનની સાર્થકતા કરવા અને તેને ટકાવી રાખવા જરૂર પૂરતો શુદ્ધ સાત્વિક આહાર ન્યાયોપાર્જિત દ્રવ્યવડે મેળવી લેવાની, સહુને આત્મતુલ્ય લેખવાની, પ્રિય અને હિત-કર એવું જ સત્ય બોલવાની, દ્રઢતાપૂર્વક પ્રમાણિકતાનું ધોરણ આદરીને તે પ્રાણાંત સુધી નભાવવાની, પરસ્ત્રીને માતૃતુલ્ય લેખવાની, પરિગ્રહની મમતા ટૂંકી કરી સંતોષવૃત્તિ સેવવાની, ક્રોધાદિક દુષ્ટ કષાયોને ઉપશમાવવાની, રાગ દ્વેષને પાતળા પાડવાની, કલેશ કંકાસ દૂર કરવાની, વગરવિચાર્યાં વચનવડે સ્વપરને પરિતાપ થતો અટકાવવાની, સાનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં થતાં હર્ષ ખેદથી બચવાની, દોષદષ્ટિથી થતી પરનિંદાથી પરહેજ રહી ગુણદષ્ટિથી સદ્ગુણની પ્રશંસા કરવાની, શુદ્ધ સરલ પરિણામ આદરી રહેણીકહેણી એક સરખી રાખ-વાની અને શુદ્ધ દેવાદિક તત્ત્વને યથાર્થ ઓળખી તેના ઉપર અચળ શ્રદ્ધા–આકીન જાળવી રાખવાની અત્યંત આવશ્યકતા છે.

૨ ગમે તેવાં કાળાં ધોળાં કરી અર્થ (દ્રવ્ય) મેળવી દાન પુન્ય કરી પવિત્ર થવાશે એમ કઇક મુગ્ધ જનો માને છે. તે તો કાદવવડે અંગ લેપી પછી તેને જળવડે શુદ્ધ કરવા જેવું મૂર્ખાઇભરેલું અને અહિતકારી કામ છે. એમ સમજી ‘ **પપ્પા પાપ ન કીજીયે, (તો) પુન્ય કીધું સો વાર** ’ એ વાત દિલમાં કોરી રાખી કોઇ પણ પ્રકારની અનીતિ–પરવંચના-દિકથી સદંતર દૂર રહેવું જોઇએ, અને સન્નીતિ આદરી સરલ વ્યવહારી થવું જોઇએ.

૩ ખાનપાનના સંબંધમાં ચોકખાઇ સાચવવા પૂરતી કાળજી રાખવી જોઇએ.

૪ દેવ સમાન પવિત્ર બની શુદ્ધ દેવગુરુની ઉપાસના કરવી જોઇએ.

૫ નિજ આત્મસ્વરૂપનો વિચાર કરવો એ બુદ્ધિ પામ્યાનું ફળ છે.

૬ ઉત્તમ વ્રત–નિયમ સમજીને આદરવા એ ક્ષણિક દેહ પામ્યાનો સાર છે.

૭ શુભ પાત્રને નિઃસ્વાર્થપણે પોષણ આપવું એ દ્રવ્ય પામ્યાનો સાર છે.

૮ પ્રાણી માત્રને પ્રિયકારી થાય એવું બોલવું એ વાચા પામ્યાનો સાર છે.

૯ બુદ્ધિબળ પામી નકામી પ્રપંચજાળમાં પડી, નિજ આત્મસ્વરૂપની કશી વિચારણા કરતો નથી તે બુદ્ધિ પામ્યો છતાં નહિ પામ્યા બરોબર છે.

૧૦ માનવભવ તથા આર્યકુળાદિક સત્ય સામગ્રી પામ્યા છતાં, ઉત્તમ પ્રકારના વ્રત–નિયમનું પાલન કરી તેની સાર્થકતા જે કરી શકતો નથી તે તે નહિ પામવા બરોબર છે.

૧૧ પૂર્વ પુન્યયોગે પુષ્કળ દ્રવ્ય સંપત્તિ પામ્યા છતાં તેનો સત્પાત્રમાં વ્યય નહિ કરતાં જે તેનો કુવ્યસનાદિકમાં સ્વચ્છંદીપણે વ્યય કરે છે તે તે નહિ પામવા બરોબર છે.

૧૨ જે સમર્થ વચનબળ પામ્યા છતાં મિષ્ટ વચન બોલવાવડે લોકપ્રિય થવાને બદલે અપ્રિય વચન વાપરી લોકો સાથે કડવાશ કરે છે તે વાચા નહિ પામવા બરોબર છે.

૧૩ જો તમે અન્ય પાસે ભલા વર્તનની ચાહના રાખતા

જ હો તો તમે પોતે જ પ્રથમ અન્ય પ્રત્યે ભલું વર્તન કરી બતાવો. કહેવું સહેલું પણ કરવું કઠણ લાગે છે.

૧૪ બીજાનું પ્રતિકૂળ આચરણ તમને અનિષ્ટ લાગતું જ હોય તો તમે જાતે જ બીજા પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરતાં વિરમો, અનુકૂળ આચરણ જ કરો.

૧૫ પરની નિંદા કરવી તે કનક કચોળા જેવા સ્વમુખથી પારકા મળ ચુંથવા જેવું છે.

૧૬ હંસ જેવા ઉત્તમ સારગ્રાહી બનવું પણ કાગ જેવા છિદ્રગ્રાહી થવું નહિં.

૧૭ તમારૂં શ્રેય ચાહતાં જ હો તો સર્વ કોઈનું હિત—શ્રેય—કલ્યાણ જ ચિન્તવો.

૧૮ યથાશકિત પરહિત કરવા તત્પર રહેશો તો તેથી સહેજે સ્વહિત કરી શકશો.

૧૯ સુખી અને સદ્દગુણીને નિરખી પ્રમુદિત બનશો તો તમે પણ પરિણામે સુખી અને સદ્દગુણી થઇ શકશો. ચિત્તની પ્રસન્નતાવડે રૂડું જ પરિણામ આવે છે.

૨૦ નીચા, નિંદક યા નિર્દય પ્રત્યે રોષ કરવાથી લાભને બદલે હાનિ અધિક થાય છે.

૨૧ અસાધ્ય વ્યાધિની જેમ તેવાની પ્રત્યે ઉપેક્ષા (રાગ દ્વેષ રહિત તટસ્થવૃત્તિ) જ કરવી ઉચિત છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૩૪, પૃ. ૧૭૦]

કેશર આપણે શામાટે તજવું ?

આપણા લોકો **વિદેશી** કેશરને ઊંચું માનીને વાપરે છે,

પરંતુ વિદેશી (વિદેશમાં નિપજતું) કેશર કઇક જાતના ખરાબ મિશ્રણોવાળું હોવાનું જૈન ધર્મ પ્રકાશના ભાદ્રપદ ને આસોના અંકમાં સત્તાવાર જણાવેલું હોઇ કેવળ અંધશ્રદ્ધાથી તે વાપરવું ઘટતું નથી. શુદ્ધ કેશર અમુક સ્થળે જ (કાશ્મીરમાં) પેદા થતું જણાય છે, તે પણ અલ્પ પ્રમાણમાં થતું હોવાથી આજકાલની જેમ છૂટથી વાપરી શકાય નહીં. તેમાં પણ વિવિધ જાતનાં મિશ્રણો પાછળથી થતાં સંભળાય છે. વળી બીજાં બનાવટી હલકાં કેશર પણ પુષ્કળ આયાત થાય છે. કાશ્મીર દેશમાં તેની મૂળ ઉત્પત્તિને અંગે કેશરનું **કાશ્મીર** નામ સુપ્રસિદ્ધ છે. આજકાલ ગમે તેવી સારી ને ચોખ્ખી વસ્તુમાં પણ સ્વાર્થવશ હરામી લોકો ગોટાળો (સેળભેળ) કરતાં ડરતાં નથી, એ આપણા સહુના અનુભવની વાત છે, તેમ છતાં એવી સેળભેળવાળી વસ્તુ વાપરવાનો આગ્રહ શામાટે રખાય છે? પ્રથમના વખતમાં પૂરા પૈસા ખર્ચતાં જોઇએ એવો ચોખ્ખો માલ ખાત્રીબંધ મેળવી શકાતો, તેવો પ્રબંધ કરવા અત્યારે આપણે તૈયાર નથી, તેમ છતાં નકામો કોળાહળ કરવા તો ઘણાએક તૈયાર થાય છે એનો અર્થ શો? જ્યાં ત્યાં શાસ્ત્રોમાં પ્રભુપૂજા પ્રસંગે **ચંદન** પૂજાની મુખ્યતા જણાવવામાં આવી છે, તેવા શ્રેષ્ઠ ચંદનવતી ભાવિક આત્મા પ્રભુની વિલેપન પૂજા કરી, સ્વઆત્માને શીતળ કરી શકે છે. કેશર જેવા સુગંધી પદાર્થ શુદ્ધ સ્વદેશી ખાત્રીબંધ મળી શકે તો યોગ્ય પ્રમાણમાં તે વાપરવા દેવા કોઇ મના કરતું નથી; પરંતુ તેવા પદાર્થો શુદ્ધ સ્વદેશી હોવા સંબંધે કશો ભરોસો જ ન હોય, ત્યારે ચંદન જેવા શીતળ શુદ્ધ સ્વદેશી વસ્તુવતી જ **વિલેપન પૂજાનો લાભ શાસ્ત્રનીતિ મુજબ લેવો ખોટો નથી જ.**

આપણા ભાઇ બ્હેનોમાં કેશરનો વપરાશ દેખાદેખીએ ખૂબ વધી ગયો છે. મોજશોખના પદાર્થ તરીકે પણ કંઇક લોકો તેનો ઉપયોગ કર્યા કરે છે અને દેવપૂજાદિક નિત્ય નિયમ ઉપરાંત તીર્થયાત્રાદિક પ્રસંગે કેશરનો પુષ્કળ ઉપયોગ થયા કરે છે. બીજા કઇક તીર્થસ્થળો કરતાં એક **કેશરીઆજી**માં જ કેશર ઘણા મોટા પ્રમાણમાં વપરાય છે. કઇક ભોળા લોકો (શ્વેતાંબરો અને દિગંબરો વિગેરે) કેશર ચઢાવવાની મોટી માનતા કરે છે. આ રીતે આખા હિન્દમાં કેશરની વપરાશ એકલા જૈનો આવા અનેક પ્રસંગે બહોળા પ્રમાણમાં કરતા રહે છે. દિગંબરી લોકો પ્રાયઃ દેવમંદિરમાં કેશર વાપરતા નહીં હોય, પરંતુ બીજા કઇક પ્રસંગે તો તે પણ વાપરતા હશે અને બીજા પણ વાપરે છે. તે જો શુદ્ધ સ્વદેશી પૂરતા પ્રમાણમાં મળતું હોય તો કદાચ આપણે જતું કરીએ, પરંતુ અહીં વપરાતું કેશર બહોળે ભાગે સુવરની ચરબી, માખણ અને માંસ જેવા અભક્ષ્ય અને ભ્રષ્ટ પદાર્થોના મિશ્રણવાળું વિદેશી તથા આરોગ્યતા અને આર્થિક દૃષ્ટિથી જોતાં પણ ભારે હાનિકારક *હોવાથી શાણા સજ્જનોને વાપરવા યોગ્ય ન જ લખાય.* આજ કાલ જિનમંદિરમાં પૂજા પ્રસંગે વપરાતા ભેળસેળવાળા કઇક જાતના કેશરમાં કુંથુવાદિક બારીક જીવોની ઘણી જ ઉત્પત્તિ થતી નજરે જોવામાં આવે છે. બારીક આંકવતી તેને ચાળી તપાસી જોતાં તેની ખાત્રી થઇ શકશે. આવા અનેક પ્રાસંગિક કારણોને લહી **ભાવનગર** વગેરે કઇક સ્થળે પૂજા પ્રસંગે તેની વપરાશ નહીં કરવા ઠરાવ થયેલા જાણી, બીજા ગામ કે નગરોમાં વસતા જૈનો તેનું બહોળે ભાગે અનુકરણ કરશે એમ માનવાને કારણ છે. કેવળ દેખાદેખી કરવા કરતાં

લાભાલાભ સમજી હિતકાર્ય કરવા સહુએ તત્પર થવું ઘટે છે.
[જૈ. ધ. પ્ર. પુ. ૩૭, પૃ. ૨૩૨]

દુઃખમાંથી સુખ સ્વરૂપ ઇશ્વરમાં.

૧ તમારામાં તમારો સ્વાત્મા–તમારું સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વ જ્યોતિઓની જ્યોતિ–નિર્મળ અવર્ણનીય સ્વર્ગોનું સ્વર્ગ વિરાજમાન છે. તમારો આત્મા સદા સજીવન્ત અજર અમર છે, તો પછી તમે પોતે તમને શા માટે નાના–નજીવા–તુચ્છ સમજો છો ? આનંદી, ઉત્સાહી અને સુખી બનો !

૨ બાહ્ય વસ્તુઓમાં શ્રદ્ધા રાખવાથી તમે નહીં જ તરો. તમારા પોતાના આત્મતત્ત્વમાં શ્રદ્ધા રાખવાથી જ તમારો ઉદ્ધાર થશે.

૩ મનુષ્ય પોતાની વાસનાઓને આધીન ન હોય તો તે કોઇને આધીન નથી. બાહ્ય સ્વતંત્રતા તો માત્ર માયિક ભ્રમણા જ છે.

૪ ઓ માનવીઓ ! સહુ સ્વતંત્ર બનો–મુક્ત થાઓ ! કે જે મુક્તિનો વિચાર માત્ર કરવાથી પણ સુખી થવાય છે.

૫ દેહાદિક જડ વસ્તુ સજીવ રહે તેનો મુમુક્ષુને જેમ હર્ષ થતો નથી તેમ તેનો નાશ થવાની વાતથી તેને ભય પણ લાગતો નથી.

૬ તમારી પોતાની સ્વતંત્રતા અને મહત્તાને સમજો–અનુભવો. તમે પોતે જ દેવોના દેવ–ઇશ્વરોના ઇશ્વર–પરમાત્મા છો એમ સાક્ષાત્કાર કરો. (અજ્ઞાન અને મિથ્યાત્વયોગે થયેલી ભ્રમણા ભાંગો.)

૭ તમારા નિંદકો અને ટીકાકારો પ્રત્યે દયા લાવો. કેવળ

આત્મામાં જ લીન રહો. (પરમાં પેસવાથી સ્વહિત સાધી નહીં જ શકો.)

૮ અનુભવી–સ્થિતપ્રજ્ઞની વૃત્તિમાં–અચળ શાંતિમાં કોઈ પણ ભંગ પાડી શકશે નહીં, એને કોણ હાનિ પહોંચાડી શકે ?

૯ જે મનુષ્ય સદા આત્મસાક્ષાત્કારમાં નિમગ્ન રહે છે અને જે સર્વની સાથે એકતા અનુભવે છે તે જ ખરો સુખી છે.

૧૦ આત્મા–પરમાત્માને જ પરમ ધ્યેય બનાવી તેના પ્રત્યે અતિ ઉત્કટ પ્રેમ કરવો જોઈએ. બીજી બધી વાતનું ભાન ભૂલી તેમાં જ એકતા–લીનતા કરવી ઘટે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૧૭૨.]

કડવાં બોલી જીભલડીને હિતશિખામણરૂપે બે બોલ.

અરે બાપલડી જીભલડી ! તું શા માટે મીઠું–પ્રિય વચન વચન વદતી નથી ? ને ઝેર જેવું કડવું વચન વદે છે ? તું કડવું બોલવું કેમ પસંદ કરે છે ? કડવું બોલવાનાં કડવાં ફળ જ હોય તે શું તારાથી અજાણ્યું છે ? જેવું બીજ એવું ફળ એ વાત પ્રસિદ્ધ છે, છતાં તું કડવું શા માટે બોલે છે ? ઓ જીભલડી ! જો તને અણગમતા અનિષ્ટ અન્નપાણી લેવા ગમતાં નથી તો પછી તું અણબોલાવ્યે અળખામણું કુવચન શા માટે બોલ્યા કરે છે ? એવી અજુગતી વાત–ધિઠ્ઠાઇ તું કેમ કર્યા કરે છે ? એથી તારે વિરમવું ઘટે છે, અગ્નિથી દાઝેલું એવું વૃક્ષાદિક પણ ફરી પાલવે છે–પલ્લવિત થાય છે, પણ કુવચનથી ફરી દાઝેલું દિલ ફરી પાલવતું–પ્રસન્ન થવા પામતું નથી. કુવચનો બોલનારની દુર્ગતિ–માઠી ગતિ થાય છે; કેમકે તે કષાય–અંધતાનું પરિણામ છે અને તે સાંભળનાર જો પૂરો

સમતાશીલ ન હોય-ગણીને ગાંઠે બાંધે એવો હોય તો તે તેને ક્ષણે ક્ષણે સાલ્યા કરે છે. ક્રોધ અને અભિમાનવશ જે અન્યને અણગમતું કડવું બોલ્યા કરે છે પણ પોતાની પડી કુટેવને જાણતો-દેખતો ને સુધારતો નથી તેનું કલ્યાણ શી રીતે થઇ શકે ? એક જ કડવા બોલથી કઇક વખત જૂની પ્રીતિ વિણસે છે અને બૂરી દશા થવા પામે છે. ત્યારે મીઠા-પ્રિય વચનથી સહજમાં સહુ કોઈ પ્રીદા પ્રીદા થઇ-વશ થઇ જાય છે. શાસ્ત્ર-આગમને અનુસારે જે સદ્ભાગી સજ્જન હિત, મિત (પ્રિય ને પથ્ય એવું) સત્ય બોલે છે તેની લાજ-આબરુ શાસન-દેવતા હોંશે રાખે છે. સુવચન અને કુવચનનાં ગુણ-અવગુણ સારી રીતે સમજી જે સજ્જનો અમૃત જેવી મીઠી-મધુરી, પ્રિય ને હિત વાણી જ વદે છે, તે આ લોકમાં તેમજ પરલોકમાં સુખશાન્તિ પામીને છેવટે જન્મમરણ રહિત મોક્ષ પામે છે.

ક્લેશ-અનર્થના કારણરૂપ કડવાં વચન વદવાની કઇક ભાઇ-બ્હેનોને કુટેવ પડી હોય છે અને તેનાં માઠાં પરિણામનો અનુભવ પણ થયો હોય છે, તે જાણી દેખી તેવાં ક્લેશ-કંકાસ અને અનર્થકારી માઠાં પરિણામોથી બચવા ઇચ્છતાં સુજ્ઞ ભાઈ-બ્હેનોએ ચેતતા રહી પોતાની જીભલડીને ખૂબ કાબૂમાં રાખી, હિત, મિત (પ્રિય, પથ્ય ને સત્ય) જ બોલવાનું રાખવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૨૩૮]

ખરું સુખી જીવન જીવવાનો ખરો માર્ગ.

૧ તે મનુષ્યને ધન્ય છે અને તે જ મનુષ્ય ખરો સુખી છે કે જેનું જીવન એક સતત આત્મસમર્પણરૂપ-બલિદાનરૂપ છે.

૨ દેહાભિમાનના નાશ સિવાય અંતઃપ્રેરણા થવા માટે બીજો રસ્તો નથી.

૩ જગતમાં પવિત્ર હૃદયવાળા મનુષ્યો જ સુખી છે.

૪ જો પૂર્ણ ત્યાગ કર્યો હોય તો પછી સર્વ જગત તમારું જ છે. ખરી રીતે તો શક્તિઓ, સિદ્ધિઓ તમને ખોળતી આવે એવો જ રસ્તો લેવો જોઇએ; તે શક્તિઓની પાછળ તમારે દોડવું ન જોઇએ.

૫ તમારા પોતાના જ આત્મામાં વિશ્વાસ રાખો. જો એ મધ્યબિંદુ છોડશો નહીં તો કોઇ પણ શક્તિ તમને ડોલાવી નહીં શકે.

૬ આ જગતની નાશવંત વસ્તુઓને માટે તમારું શાશ્વત સુખ ધૂળધાણી કરશો નહીં. ડહાપણ વાપરજો ને વધારે ડાહ્યા થજો.

૭ ઉન્નતિનાં પગથિયાં ચડવાને સારુ પોતે પોતાનાં મનને શિખામણ આપે તો જ શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય.

૮ માયાથી કોઇ પણ સમયે નહીં લપટાવાનો પ્રયત્ન કરતાં કરતાં મન ઉપર કાબૂ મળે છે અને અંતે તેમાં જય મળતાં મુક્ત થવાય છે.

૯ આત્માને ન ઓળખવાની અજ્ઞાનતા એ જ સર્વ દુઃખનું મૂળ કારણ છે.

૧૦ પ્રકૃતિનો નિયમ ડંકો વગાડીને કહે છે કે 'પવિત્ર બનો! પવિત્ર બનો!'

૧૧ સ્વાર્થી ઇચ્છાઓ, લાલચો વિગેરેને ખોરાક ન આપવો

તે જ ખરો ઉપવાસ કહી શકાય. (ઉપ એટલે આત્માની સમીપે વાસ વસાય, દોષની હાનિ ને ગુણની રક્ષા તથા પુષ્ટિ કરાય તે જ ઉપવાસ ખરો લેખાય. વિકારી ખાનપાન તજવાનો એ જ ઉત્તમ હેતુ–ઉદ્દેશ હોવો ઘટે.)

૧૨ જે કોઇ મનુષ્ય ૐ (પ્રણવ) શબ્દનું ગાન (ધ્યાન) કરે છે, તેનું મન સ્થિર બને છે, તેના સર્વ વિચાર અને સર્વ લાગણીઓ સમતોલ બને છે, તે આત્મામાં શાન્તિ રેડે છે ને મનને ઇશ્વર (પવિત્ર આત્મા) સાથે જોડી દે છે. ઓમ્ શબ્દની સર્વવ્યાપકતા ને શક્તિ અજબ જ છે.

૧૩ અવાચ્ય, અગમ્ય અને અતકર્યને જ્યારે પહોંચાય છે ત્યારે જ આ પ્રણવનો ઉચ્ચાર સ્વાભાવિક રીતે થાય છે.

૧૪ ૐનું ગુંજન કરતાં પરમાત્મામાં જ ધ્યાન (મન) પરોવવાનું છે.

૧૫ આત્મા જ નગદ ધન અને ખરૂં જીવન છે. તેનો સાક્ષાત્કાર કરો એટલે બસ.

૧૬ જે સમયે આ પવિત્ર મંત્રનો ઉચ્ચાર કરો તે સમયે સર્વ તન ને મનથી તેમાં જ મચી રહો. તમારા આત્મામાં ઓતપ્રોત થઇ જાઓ. મનસા, વાચા અને કૃત્યથી પ્રવણ મંત્રનો ઉચ્ચાર કરો. તમારી રગેરગ ને નસેનસમાં આ મંત્રનો ધ્વનિ જાગૃત કરો. તમારા હૃદયમાં તેના ધબકારા વાગવા દ્યો. તમારા લોહીના ટીપે ટીપામાં આ મંત્રનો મધુર રસ રેડો એથી તમે પોતે જ સાક્ષાત્ સ્વયંભૂ, તેજના પણ તેજ, અખિલ વિશ્વના નિયંતા, પરમ પ્રભુ અને સત્ય સ્વરૂપ થઇને રહેશો. સૂર્ય-મંડળ, ચૌદ ભુવન ને અખિલ બ્રહ્માંડ તમારાં ગાન ગાશે ને

સર્વ પ્રકૃતિ દાસ થઈ હાથ જોડી તમારી સમક્ષ ઊભી રહેશે. પૂર્ણ પ્રેમથી આત્માર્પણ કરી સ્વાનુભવ મેળવતાં તેની પૂરી ખાત્રી થઈ જશે.

૧૭ સત્ય—આત્માનો સાક્ષાત્કાર કરો એટલે જીવનમુક્ત થશો જ.

૧૮ દરેક મનુષ્ય અંતઃકરણથી માને છે કે પોતાનો મોક્ષ થનાર છે. આ સર્વમાન્ય નિયમથી પૂર્ણપણે સાબિત થાય છે કે મનુષ્ય સ્વભાવથી પાપી નથી. મનુષ્ય સત્ય રીતે (શક્તિ-રૂપે) ઇશ્વર જ છે. જો મનુષ્ય પોતે ઇશ્વરરૂપ ન હોત તો જગતમાં કોઇ દિવસ પેગંબર કે મહાન્ સાધુ ઉત્પન્ન થાત જ નહીં.

૧૯ ભય ન પામો, કેડ કસીને મેદાનમાં ઉતરો ને જન્મનો તમારો જે હક્ક છે તેને કબજે કરો. હું જ ઇશ્વર છું તેનો સાક્ષાત્કાર કરો. કંપો નહિ, ભય ન પામો.

૨૦ આત્મારૂપી હીરા પાસેથી (રાગ દ્વેષ ઉપાધિરૂપ) રંગીન વસ્તુ દૂર ફેંકી દો ને સત્યનો સાક્ષાત્કાર કરો, એટલે એ સર્વ શાન્તિ પમાડશે, તૃષ્ણાને પણ છીપાવશે અને તમારા અંતઃકરણમાંથી સર્વ દુઃખો અને મુશીબતોને ઉથલાવી (હઠાવી) કાઢશે.

૨૧ કોઇ રાજા ઊંઘમાં—સ્વપ્નમાં ભીખારી થયેલો લાગે તેથી શું કાંઇ તે ખરેખરો ભીખારી થઇ ગયો ? નહીં જ. તે પ્રમાણે તમારું આત્મસ્વરૂપ જાણ્યા છતાં તમે જાણીબુઝીને પુદ્ગળના ગુલામ—દાસ ન બનો. અજ્ઞાનતાના સ્વપ્નમાં પડ્યા ન રહો, સ્વતંત્ર થાઓ !

[જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૩૬૯

આપણી સમાજઉન્નતિ અને શાસનહિત માટે

૧ અનેક સારા નરસા પ્રસંગે અદ્યાપિ અજ્ઞાનતાવશ જે ઉડાઉ ખર્ચો આંખ મીંચીને કરવા કરાવવાનું વલણ થઈ રહેલું ભૂલાતું નથી તે હવે ભૂલાવું જોઇએ. શ્રીમંતો સાથે ગરીબ જનોને લોકલજ્જાથી પાછળ પાછળ ઘસડાવું પડે છે તે દોષથી સત્વર ઉગરી જવું જોઇએ.

૨ અત્યારે આખા હિન્દમાં સ્વદેશી વસ્ત્ર–શુદ્ધ ખાદી વિગેરેના પ્રચાર માટે ભગીરથ પ્રયત્નો થઈ રહ્યા છે તેવે વખતે અમુક જૈન યુવકો સિવાય સમાજનો મોટો ભાગ તેનો સ્વીકાર કરતાં અચકાય એ અનુચિત, અસહ્ય અને શરમાવનારી બીના છે.

૩ મિલોમાં વણાતાં વસ્ત્રો નિમિત્તે વપરાતી ચરબી ખાતર પ્રતિવર્ષે એક કરોડ જેટલાં જીવતા જાનવરો કપાય છે એવું જાણ્યા પછી વિદેશી કે સ્વદેશી મિલોમાં નીપજતાં સુંવાળાં વસ્ત્રોનો મોહ આપણે સહુએ દયાધર્મની દૃષ્ટિથી પણ જરૂર તજવો જોઇએ.

૪ હિન્દના આવા ભારે આપત્તિકાળમાં કંઇ પણ વિદેશી વસ્તુ ઉપર મોહ રાખીને વધારે પાયમાલી વહોરવી આપણને કેમ પાલવે ? ગમે તેવી જાડી પાતળી પણ શુદ્ધ સ્વદેશી વસ્તુઓથી જ સહુએ ચલાવી લેવું જોઇએ. ઉડાઉ ખર્ચ અટકાવી કરકસરથી સમયને ઓળખીને ડહાપણથી ચાલવું જોઇએ.

૫ નકામી ફેશનમાં ફસાઇ નહિ જતાં જરૂરીઆત તરફ પૂરતું લક્ષ રાખીને સાદાઈ સંતોષ આદરી શુદ્ધ સ્વદેશી વસ્ત્રાદિકનો પૂર્ણ આદર કરવો ઘટે.

૬ વિદેશી અનેક વસ્તુઓ ઉપરના મોહથી આપણામાં

જડતા, કૃત્રિમતા અને પરાધીનતા તથા ભ્રષ્ટતા સાથે વગર જરૂરના ખર્ચ વધારી મૂકી નિર્ધનતા પણ આવી ગઈ છે. શુદ્ધ સ્વદેશીનો આદર–સ્વીકાર સમજીને કરવાથી ઉક્ત દોષથી બચી શકાશે.

૭ નજીવી વાતમાં મુગ્ધ ભાઇ બ્હેનો એક બીજા સાથે ભેદભાવ રાખી કલેશ કુસંપ કરી વિરોધ વધારતા રહે છે એ ભારે અક્ષમ્ય અપરાધ કરે છે.

૮ આપણામાં એક બીજાની એબ–ખામી જોવાની પડેલી ટેવ ટાળવા ભારે કાળજી રહેવી જોઇએ, સામામાં રહેલી કંઇ પણ એબ કે ખામી જ દૂર કરવા આપણે નમ્રભાવે સમજાવી છૂટવું જોઇએ, ખામોશ ને સહનશીલતા રાખતાં આપણે સહુએ ટેવાવું જોઇએ.

૯ ખોટી દીનતા દાખવ્યા વગર નિઃસ્વાર્થ પ્રેમથી (હેતથી) નિર્ભયપણે આત્માર્પણ કરીને કામ કરતાં શીખવું જોઇએ.

૧૦ વડીલ જનોનો ઉચિત આદર–સત્કાર ભૂલવો નહીં જોઇએ.

૧૧ આપણા વિચાર, વાણી ને આચારમાં જે જે ખામી–વિષમતા જણાય તે સુધારી લેવા દિનરાત લક્ષ રાખ્યા કરવું.

૧૨ પવિત્ર વિચાર વાણી, ને આચારવાળા સાધુ–સજ્જનો પ્રત્યે બહુમાન રાખી તેમનું અનુમોદન કરવા સાથે બને તેટલું અનુકરણ કરવા ઉજમાળ થવું જોઇએ, પ્રમાદ (ઉપેક્ષાભાવ) કરવો ન જોઇએ.

૧૩ ‘આપણું એ જ સારું’ એવો હઠ–કદાગ્રહ નહિ કરતાં ‘સારું એ જ આપણું’ માનવું જોઇએ. ખરા કાર્ય પ્રત્યે ખૂબ આદર રાખવા જોઇએ.

૧૪ આરોગ્યતા સાચવવાના અમુક નિયમો પાળવા કોઈએ બેદરકાર રહેવું ન ઘટે. ખાનપાનાદિક દરેક પ્રસંગે સ્વચ્છતા–ચોખ્ખાઇ રાખવી જોઇએ.

૧૫ શુદ્ધ હવા પાણીને, ખોરાકને બગાડ્યા વગર યોગ્ય પ્રમાણમાં સ્વધર્મ સાધના માટે શરીરને ટકાવવા–પોષણ આપવા ઉપયોગમાં લેવાં જરૂરનાં છતાં તે દરેકની શુદ્ધિ રાખવા કાળજી ઓછી રહે છે તેથી જ શરીરના આરોગ્ય સાથે મનની પ્રસન્નતા ઠીક સચવાતી નથી અને જે કંઇ કરણી કરાય છે તેમાં પૂરો સ્વાદ (લહેજત) આવી શકતો નથી.

૧૬ ખરી કેળવણીનો પ્રચાર કરવા સહુએ યોગ્ય ફાળો આપવો જોઇએ.

૧૭ બાળલગ્ન, કજોડા, કન્યાવિક્રય ને વૃદ્ધવિવાહ વિગેરે અનુચિત આચરણો તજી સમાજની ઉન્નતિ સાથે શાસનની શોભા વધે એવાં ઉચિત આચરણો સેવી અનેક આત્માઓ શાસનરસિક બને અને શુધ્ધ સાત્ત્વિક જીવન ગાળી સ્વપર ઉન્નતિ સાધે એમ ઇચ્છવું.

[જૈ. ધ. પ્ર. પૃ. ૩૮, પૃ. ૧૦]

સ્ત્રી કે કન્યાકેળવણી માટે રાખવી જોઇતી ખટક

સ્ત્રીકેળવણીમાં કન્યાકેળવણીનો સમાવેશ થાય છે. આજની કન્યાને ભવિષ્યની માતા લેખી શકાય. જો તે પોતાને જરૂરી સઘળી ઉપયોગી કેળવણીનો લાભ મેળવી શકે તો તે દેશને અને પ્રજાને ભારે ઉપકાર કરી શકે. ‘ શાણી માતા સો શિક્ષકની ગરજ સારે છે ’ એ કહેવતને સાર્થક કરવા ઉમંગી બ્હેનોએ આળસ તજી પોતાની જાતને સારી રીતે કેળવવા દરેકે દરેક ક્ષણનો

સારામાં સારો ઉપયોગ કરવો જોઈએ. જે ક્ષણ ગઇ તે પાછી આવતી નથી.

પ્રથમ સ્ત્રી કે કન્યા કેળવણીની દરકાર બહુ ઓછી કરાતી. જો કે અત્યારે તેની થોડી ઘણી દરકાર કરાય છે ખરી પરંતુ તેમને આપવામાં આવતી કેળવણી બહુધા બોજારૂપ હોઈ નકામા જેવી છે, તેથી તેમાં સંગીન સુધારો કરવાની ભારે જરૂર છે, એમ સ્વદેશ અને પ્રજાહિતૈષી પોકારી પોકારીને જણાવે છે. તે લક્ષમાં લઈ સ્ત્રી કે કન્યા ઉપયોગી કેળવણીનો માર્ગ અંકિત કરી તે મુજબ ચલાય તો જ તે દેશને તેમજ ભવિષ્યની પ્રજાને હિતરૂપ થઇ શકે. જ્યાં ત્યાં જડયંત્ર જેવી અપાતી કેળવણીથી પ્રજાનું દારિદ્ર ફીટવાનું નથી. સદ્વર્તન-શાળી સુયોગ્ય શિક્ષકો કે શિક્ષિકાઓદ્વારા પૂરા પ્રેમ ને ઉત્સાહ-થી આખા દેશમાં પ્રજાની કેળવણીને પુષ્ટિ મળવી જોઈએ. ખરી ને શરૂઆતની કેળવણી તો પોતાની ગોદમાં ખેલતી બાળ-પ્રજાને શાણી માતાઓ જ ખરા ઊમળકાથી આપી શકે છે, તેને આપણે બીજકેળવણીરૂપે ઓળખશું. જે જે મહાપુરુષો પૂર્વે થયા, વર્તમાનમાં વિદ્યમાન છે અને ભવિષ્યમાં થશે તેઓ પ્રાયે તેવી બીજકેળવણી પામીને જ. પોતાની પ્રિય પ્રજા(સંતતી)ને સુખી અને સદ્ગુણી બનાવવા ઈચ્છતા શાણા માતપિતાની ખાસ ફરજ છે કે તેમણે જાતે પરિશ્રમપૂર્વક ઉત્તમ સદ્ગુણો સંપાદન કરીને તે અમૂલ્ય વારસો પોતાની વ્હાલી પ્રજાને આપવો. સમયોચિત કેળવણીના પ્રતાપે સદ્ગુણોની ચાહના અને પ્રાપ્તિ સહેજે થઇ શકે છે, તેથી તે તરફ સહુએ બને તેટલું અધિક લક્ષ રાખી પોતાની ફરજ બજાવવી. યોગ્ય

સંસ્કારવાળી કેળવણીથી વૃક્ષાદિક મીઠાં ને મધુરા ફળ-ફૂલ ધાર્યા મુજબ આપે છે, ઘઉંના મેંદામાંથી જાતજાતની મિષ્ટ રસવતી નીપજાવી શકાય છે અને ખાણમાંથી ખોદી કાઢેલ માટીવાળા હિરાદિક યોગ્ય સંસ્કારવડે ઉજ્વળ દીપ્તિવંત ને બહુમૂલા બનાવાય છે. જો માતપિતાદિક વડીલ જનો તન, મન ને ધનથી સ્વફરજ સમજી પોતાની પ્રજાને ખાસ જરૂરની સમયોચિત કેળવણીથી વિભૂષિત કરે તો પરંપરાએ દેશને તેમજ સમાજને બહુ ભારે લાભ થવા પામે. જ્યારથી ખરી કેળવણી તરફ બહોળે ભાગે સમાજનું દુર્લક્ષ થયું છે ત્યારથી તેની પડતી આરંભાયેલ છે. એક વખતે હિન્દ ઉત્તમ ગુરૂકુળોથી ગાજી રહેતું, તેમાંથી પોતપોતાને લાયક એવી ઉમદા કેળવણી મેળવી અનેક સ્ત્રી-પુરૂષરત્નો પાકતા ત્યારે તે ઉન્નતિના શિખરે બિરાજતું હતું. જે કેળવણીથી સ્વસ્વ કર્તવ્યોનું સ્પષ્ટ ભાન થાય અને સુશ્રદ્ધા સહિત તેનું પાલન કરવા સદાય ઉજમાળ થવાય તે જ કેળવણી પ્રજાનું ભવિષ્ય સુધારી શકે છે. એ દિશામાં સમય ઓળખી વળવાનું સહુને ડહાપણ આવો !

[જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૨૭૧]

આંધળી નકલ કરવાથી થતી અનેક ઉપાધિ.

અંધ અનુકરણ કરવાની કુટેવથી વ્યવહાર તેમજ પરમાર્થ માર્ગમાં અનેક પ્રકારની પ્રગટ અને પરોક્ષ ઉપાધિઓ ખડી થતી અનુભવાય છે. આપણે આગળ જોઇ ગયા તેમ એથી ખોટી-અસાર વસ્તુમાં પણ મોહવશ અંજાઇ જવાય છે. સાદાઇ, અંગકસરત અને અલ્પ જરુરીયાતો, જેથી જીવન ઘડાય છે-સંયમિત બને છે, તે તો લગભગ વિસારી દેવાય છે; ને બાહ્ય

આડંબર, શરીરમમતા (સુખશીલતા) અને બીનજરૂરી અનેક વસ્તુઓ એકઠી કર્યા છતાં અસંતોષ વધતો જાય છે. એમ અવ્યવસ્થિતપણું આદરતાં જિંદગી ખર્ચાલ બનતી જાય છે અને પાસે પૈસાદિકનું સાધન હોય ત્યાં સુધી તો આંખ મીંચીને જેમ તેમ ગાડું ગબડાવ્યે જાય છે. પછી જ્યારે પૈસાની તંગી પડે છે ત્યારે બૂરી દશા થાય છે; તેથી કદાચ કોઇકની આંખ ઉઘાડે છે ને ઠેકાણે આવે છે તો ઠીક, નહીં તો અનેક કાળાંધોળાં કરીને પણ કુટુંબનું પાલન કે છેવટે પેટ-ગુજારો કરવો પડે છે. અંધ અનુકરણ કરવાની બૂરી ટેવથી—હિન્દવાસીઓએ બહારની પ્રજાઓની દેખાદેખીથી કેટલી બધી પાયમાલી વહોરી લીધી છે ? શું આ દેશની ચાલુ હવા લેનારને ચા, બીડી, કૅાફી વિગેરે ઉત્તેજક ગરમ પદાર્થોની જરુર છે ખરી ? બહુધા નથી જ, તેમ છતાં મોટો ભાગ અંધ અનુકરણ કરવાની આદતથી તેમાં સપડાયેલો છે. નાની વયનાં બાળકો પણ એ ચેપથી ભાગ્યે જ બચે છે, તેમાં પણ હોટલોનો આશ્રય લેવાથી તો હદ વળી ગઇ છે. નાના મ્હોટા ભાઇ–બ્હેનોનું આરોગ્ય ઘણે ભાગે કથળી જાય છે અને એ કુપથ્યસેવનનો ચડસ નહીં તજવાથી મરણપ્રમાણ પણ વધતું જાય છે. જ્યારે સાવ હારીને બેસે છે—જીવનની આશા રહેતી નથી ત્યારે કોઇ કુશળ વૈદ્યાદિકની સલાહથી પોતાનું અપલક્ષણ તજવા અનિચ્છાએ પણ કબૂલ કરાય છે. જ્યારે માણસ મરણ પથારીએ પડે છે ત્યારે તેને કંઇક અધિક પ્રમાણમાં આરોગ્યની કિંમત સમજાય છે. જો પ્રથમથી જ આરોગ્ય સાચવવાના જે કુદરતી નિયમો છે તે બધા સારી રીતે લક્ષગત કરી રાખી દૃઢતાથી પાળવામાં આવે તો માણસોનાં આટલા બધા કમોત

થવા ન પામે ! તેમાં પણ જે દુર્ભાગી જનોને મદ્યપાન (દારૂ), માંસભક્ષણ, શીકાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, ચોરી અને જૂગટાનાં વ્યસન ભૂતની જેમ વળગ્યાં હોય છે તેમની કમબખ્તીનો તો પાર જ રહેતો નથી. તેમાંના એક એક વ્યસનથી કઇક જીવોની પાયમાલી થાય છે, તો એ સાતે કુવ્યસનોને ભોગ થઇ પડેલા પામર જીવોનું તો કહેવું જ શું ?

અહીંયા પણ ઇજ્જતના કાંકરા થાય છે, રોગ ને ચિન્તાવશ કાયા હાડપિંજર થાય છે, ને દુર્ધ્યાનમાં મૃત્યુવશ થઇ બહુધા અધોગતિ પામે છે ને અનંતા કાળ પર્યંત જન્મમરણના ચક્રમાં આમતેમ અથડાયા જ કરે છે. ખરા સુશીલ ધર્મરુચિ જનો આવા કોઇ પણ જાતના વ્યસનથી અળગા જ રહે છે. તેઓ નીચ–હલકા જનોની સોબત પણ કરતા નથી. બને તો પરિશ્રમ લઇને પણ તેવી હલકી વૃત્તિવાળાઓને ઠેકાણે લાવવા ઇચ્છે છે. કુવ્યસનના ફંદમાં ફસેલા હલકી વૃત્તિવાળા જીવો પ્રાય: આત્મહિત કરી શકતા નથી, તો પછી પરહિતની તો વાત જ શી કરવી ? તેમની મતિ જ મુંઝાઇ જાય છે, જેથી ભાવી અપાયને તે જોઇ શકતાં નથી. જેમ પતંગીયા, ભમરા, હરણીયાં, હાથીઓ ને માછલાં ઇન્દ્રિય પરવશતાથી પ્રાણાન્ત દુ:ખ પામે છે તેમ વિષય–લોલુપતાથી ઉક્ત પામર જીવો પણ મહાકષ્ટ પામે છે. વળી દુર્લભ મનુષ્ય ભવ પામી સદ્‌ભાગી જનો જે આત્મસાધન કરી શકે છે તેથી વિમુખ ને વંચિત રહી ખરેખર આત્મદ્રોહી બને છે. નિર્બળ ને સત્ત્વહીન અજ્ઞાન જીવોને દોષનો ચેપ જલ્દી લાગે છે. મતિશૂન્યતાથી તેઓ ગુણનો આદર ભાગ્યે જ કરી શકે છે. પરમાર્થ માર્ગમાં પણ અંધઅનુકરણ (દેખાદેખી)–અર્થશૂન્ય

કરણી અધિક કરાય છે, તેના અનેક પ્રત્યક્ષ પૂરાવા છે. તેનું ભાન પણ મતિમૂઢ જનોને ભાગ્યે જ આવે છે. આવા જીવો અનુકંપા યોગ્ય છે, તિરસ્કારપાત્ર નથી. સદ્દભાગી જ્ઞાની સજ્જનો વસ્તુસ્વરૂપને યથાર્થ સમજી આદરવા યોગ્ય તત્ત્વને યથાર્થ આદરે છે ને તજવા યોગ્ય તત્ત્વને તજી અન્યને આદર્શરૂપ બને છે.

જડવાદે કે જડવાદીઓએ પ્રસારેલી નવી રોશનીમાં અજ્ઞાનવશ જગતના જીવો અંજાઈ જાય છે. કંઈક નવું જાણ્યું, દેખ્યું કે તરત ઢળી જાય છે, પછી તે પરિણામે ગમે એવું દુઃખદાયક કાં ન હોય ? એનો વિચાર કરી લેવા જેટલો વિવેક પણ ભૂલી જવાય છે, અને પરાપૂર્વથી જે સર્વકાળે ને સર્વરીતે સુખકારક રીતભાત આદરેલી હોય છે તેને સહસા તજી દઈ, જડવાદની નવી રોશનીમાં અંજાઈ જઈ પોતાને તેમજ પ્રજાને પરિણામે ભારે દુઃખદાયક નીવડે એવા નકામા બોજારૂપ ખરા આર્યજનોને અણછાજતી રીતિનીતિ આદરવા છડેચોક મેદાનમાં બહાર પડવામાં આવે છે. આગલા વખતના આપણા આર્ય પૂર્વજો સાદા, સંતોષી ને નીતિમાન રહી આદર્શજીવન ગાળતા. આ લોકનું હિત–સુખ સાધવા ઉપરાંત પરલોકનું હિત–સુખ પણ સહેજે સાધી શકતા. તેમનું જીવન નિરાકુળ ને ઉદાર હોઈ તેમનામાં પવિત્ર ધર્મભાવના જળવાઈ રહેતી. તેઓ સ્વતંત્રપણે કુશળતાથી સ્વધર્મ–કર્મ સાચવી શકે એવા શૂરા હતા. તેઓ બહુધા સમર્થ છતાં સહનશીલ હતા તેથી સહુ પોતપોતાના અભિમત ધર્મમાર્ગે સુખે સંચરી શકતા. પિતા–પુત્ર, પતિ–પત્ની, રાજા–પ્રજા, સહુ પોતપોતાનું કર્તવ્ય સમજી, એક બીજાને પ્રીતિ–પ્રસન્નતા ઉપજે એમ ડહાપણથી વર્તતા. તે વખતની કેળવણી પણ સરસ પ્રતિની સુકુશળ ને

સદ્વર્તનશાળી અધ્યાપકો–પાઠકો તરફથી યથાઅધિકાર વિદ્યાર્થીવર્ગને તેમજ સામાન્ય જનોને ભેદ કે સંકોચ વગર મળી શકતી, તેથી સહુ પોતાનાં વ્યવહારિક ને પારમાર્થિક કર્તવ્યોની દિશા સારી રીતે સમજી લઇ શ્રદ્ધા સહિત તેનો યથાયોગ્ય આદર કરવા તત્પર રહેતા; અને ધર્મવ્યવસ્થા તથા સમાજવ્યવસ્થા સારી રીતે સચવાઇ રહેતી, એટલું જ નહીં પણ તે એકબીજાને વાસ્તવિક રીતે મદદરૂપ પણ બનતી. અત્યારે લગભગ એથી ઊલટું ભાન થવા પામે છે. ધર્મના મૂળ આધારરૂપ વિનય–નમ્રતા–સભ્યતા લગભગ અદૃશ્ય થઇ ગયેલ લાગે છે. સ્વાર્થઅંધતા જયાં ત્યાં છવાઇ ગયેલી દીસે છે. કોઇ વિરલ, સદ્ભાગી ને સંતોષી જનોમાં જ નિઃસ્વાર્થવૃત્તિ સાથે સ્વકર્તવ્યપરાયણતાએ દૃઢ વાસ કર્યો હોય છે. ખરી રીતે તેવા મનુષ્યરત્નો જ કોહીનૂરની જેમ ચમકીને તરી આવે છે અને અન્ય સાચા દિલના સત્ય ગવેષકોને ખરેખરો પ્રકાશ આપી માર્ગદર્શક બને છે; પરંતુ આવાં અમૂલ્ય રત્નોની કિંમત–કદર સાચા ગુણરાગી ને ગુણગ્રાહી થોડાક ઝવેરીઓને જ હોય છે. તે ગુણજ્ઞ ઝવેરીઓ તેમના સદ્ગુણને પ્રશંસે છે ને તેમનું મહત્ત્વ દુનિયામાં વિસ્તરે એવું કંઇક કરે છે. બાકી બીજા મોટા ભાગમાં તો જડવાદના જાલીમ સંસર્ગથી મિથ્યાભિમાન, કૃત્રિમતા યા ખોટા ડોળ વિશેષ પ્રમાણમાં હોઇ, તેઓને પોતાના ખરા કર્તવ્યોનું યથાર્થ ભાન જ ઓછું હોય છે, તો પછી સુશ્રદ્ધા અને રુચિ સહિત ખરા કર્તવ્ય–ધર્મના પાલનનું તો કહેવું જ શું ? તેવા સ્વાર્થાંધ, મિથ્યાભિમાનીઓની પ્રજા કેવી પાકે એ કલ્પી શકાય એવું છે. ' ધર્મો રક્ષતિ રક્ષિતઃ ' એ વાકય ભારે અર્થગંભીર હોઇ દરેક આર્યસંતાને હૃદયમાં કોરી રાખવું

જોઇએ. જે કોઇ રાજા-પ્રજાદિક સ્વકર્તવ્ય-ધર્મને સારી રીતે ખરા તત્ત્વજ્ઞ અને ચારિત્રપાત્ર મહાશય પાસેથી સમજી, સુશ્રદ્ધા-રુચિથી તેનું યથાર્થ પાલન કરે છે, તેને સર્વત્ર સુખશાન્તિ વર્તી રહે છે. બાકી અંધ અનુકરણ કરનારને તો છેવટે અશાંતિ જ હોય છે.

[જૈ. ધ. પ્ર. પૃ. ૩૯, પૃ. ૩૦૩]

શરીર આરોગ્ય સાચવવા બ્રહ્મચર્ય પાળવાની ભારે અગત્ય.

૧ લોહી માંસાદિક શરીરની સાત ધાતુઓમાં **વીર્ય** એ સહુથી ચઢિયાતી ને ઉપયોગી ધાતુ શરીરના આરોગ્યને ખાસ કરીને ટકાવી રાખનારી તથા પુષ્ટિ આપનારી છે.

૨ વીર્યને શરીરના રાજા તરીકે વ્યવહરવામાં આવે છે. તેની અનહદ કિંમત છતાં તેને પૂરી કાળજીથી સાચવી રાખવાનું અને તેનો સારામાં સારો ઉપયોગ કરવાનું સદ્ભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય કે થાય તેઓનો જન્મ સાર્થક-સફળ લેખાય.

૩ સ્વવીર્યસંરક્ષણની કિંમત જે સારી રીતે સમજતા હોય તેમણે તેના ખરા ઉપાયરૂપ બ્રહ્મચર્ય પાળવામાં કસર રાખવી ન ઘટે. મન અને ઇન્દ્રિયોને લગામમાં રાખવાના સતત અભ્યાસથી તેનો લાભ મળી શકે છે. સ્વવીર્યસંરક્ષણથી અનેક ઉત્તમ લાભ મેળવી શકાય છે અને અણમોલા વીર્યનો નાહક વિનાશ કરી દેવાથી-તેવી કુટેવથી અનેક ઉત્તમ લાભો ગુમાવાય છે. અનુભવ કરી જોવાથી જ એ વાત હસ્તામલકની જેમ સુપ્રતીત થઇ શકે એમ છે.

૪ બેહદ વિષયભોગની લાલસાથી પાશવવૃત્તિનું સતત

સેવન કરનારના જે હાલહવાલ થાય છે તે જોઇ-જાણીને પણ સુજ્ઞ જનોએ સવેળા ચેતીને ચાલવું ઘટે છે. સહૃદય જનોને એથી વધારે શું કહેવું?

૫ પાશવવૃત્તિનું કાયમ સેવન કરનારા અનેક આકરા ક્ષયાદિક રોગોને જાતે જ વ્હોરી લે છે. તેવા મૂઢજનોને જવલેજ સંતતિ થવા પામે છે. અને જો કદાચ થાય છે તો તે સાવ તકલાદી-સત્ત્વ વગરની-નમાલી હોઇને બહુધા બીજાને ઉપયોગી થવાને બદલે બોજારૂપ થાય છે અને વળી વારસામાં માતપિતાને લાગુ થયેલ ક્ષયાદિક રોગથી પણ પ્રાયે બચવા પામતી નથી. આવી ભારે હાનિ સ્વચ્છંદતાથી વીર્યનો વિનાશ કરવાવડે થાય છે.

૬ સામાન્ય રીતે પુત્રના શરીરનો બાંધો ૨૫ વર્ષે અને પુત્રીનો ૧૬ વર્ષે બંધાઇ રહે છે. તે પહેલાં તેમની કાચી વયે કેવળ મોહવશ લગ્ન કરી દેવાં સુજ્ઞ અને હિતસ્વી માબાપોને વ્યાજબી નથી.

૭ કાચી વયે કાચો બાંધો છતાં લગ્ન થવાથી અનેક પુત્રપુત્રીઓ અકાળે મૃત્યુવશ થાય છે, ત્યારે માતપિતા પસ્તાય છે ખરા પણ તેવો નકામો પસ્તાવો કરવાથી વળે શું? બગડી કંઇ સુધરી શકે ખરી? નહીં જ. પાણી પીધા પછી ઘર પૂછવાથી શું વળે?

૮ આટઆટલું વીતવા છતાં મૂઢજનોની આંખો ઉઘડતી નથી, પકડેલું ગદ્ધાપુંછ તેઓ તજતા નથી અને ઉન્માદવશ પોતાની પ્રજાની જિંદગી ધૂળધાણી કરી નાંખે છે, છતાં વળી તેમાં બહાદુરી સમજે છે તે શરમની વાત છે.

૯ મજબૂત, નિરોગી, સુખી, પ્રતાપી ને સદ્ગુણી પ્રજા પેદા કરવા ઇચ્છતા દરેક માતપિતાએ જાતે જ બ્રહ્મચર્યના અગણિત લાભ વિચારી જેમ બને તેમ ટેક રાખી દઢતાથી તેનું લાંબો વખત પાલન કરી સ્વવીર્યનું સારી રીતે સંરક્ષણ કરવા પ્રથમથી જ ટેવાવું જોઇએ.

૧૦ બ્રહ્મચર્યના ઉત્તમ નિયમોનું પરિપાલન કરવાથી શરીર સ્વાસ્થ્ય, ચિત્તની પ્રસન્નતા, શોર્ય, ઉત્સાહાદિક અનેક ઉત્તમ લાભ અહીં જ સાંપડે છે અને અનેક રીતે પરમાર્થ માર્ગે સ્વવીર્યનો સદુપયોગ કરવાથી ઉત્તમ ગતિ યા સદ્ગુણના પ્રકાશવડે આત્મઉન્નતિ સાધી, સ્વપરઉપકારક બની આ દુર્લભ માનવભવ લેખે કરી શકાય છે. [જૈ. ધ. પ્ર. પુ. ૬૯, પૃ. ૧૭૩]

જૈન તરીકે ઓળખાવનારે કેવું જીવન ઘડવું જોઇએ ?

૧ શુદ્ધ દેવ અરિહંત, શુદ્ધ ગુરુ–નિર્ગ્રંથ અને શુદ્ધ ધર્મ અહિંસા, સંયમ ને તપલક્ષણ–એ ત્રણ તત્ત્વમાં અટળ શ્રદ્ધા રાખી દ્રઢ મને તેમના પવિત્ર શાસનને અનુસરી દરેક જૈન-બંધુએ જરૂર **સ્વઆત્મવિકાસ સાધવો જોઇએ.**

૨ નાના મોટા સહુ જીવોને સ્વઆત્માતુલ્ય લેખતા રહી, સ્વાર્થવશ બની કોઇને કશી પ્રતિકૂળતા ન ઉપજે તેવી રીતે **મૈત્રી, મુદિતા, કરુણા ને માધ્યસ્થતા** નામની ચાર પવિત્ર ભાવનાવડે અંતઃકરણને તરબોળ કરી રાખવું જોઇએ, જેથી કરાતી દરેક કરણી **સરસ ને સાર્થક** થઇ શકે.

૩ 'નીતિ એ ધર્મનો પાયો છે' એ સાચું સમજાયું હોય તો હવે પછી ગમે તે ભોગે અનીતિથી બચતા રહી નીતિમાં મક્કમ રહેવું જોઇએ.

૪ અઢારે પાપસ્થાનક પૈકી કોઇપણ સ્વચ્છંદતાથી ન જ સેવાય એવી **સાવધાનતા** રખાય તો કેવું સુંદર પરિણામ આવે ?

૫ પ્રમાદવશ થઇ જઇ, સ્વકર્તવ્યભ્રષ્ટ થવાય એ બહુ જ ખોટું સમજાતું હોય તો તેવા પ્રમાદને તિલાંજલી દેવી જ ઘટે.

૬ માનવ ભવ, આર્ય દેશ, ઉત્તમ કુળ--જાતિ, સુખ શરીર, સુગુરુયોગ, શાસ્ત્રશ્રવણ અને ધર્મ શ્રદ્ધા પામી, પ્રમાદ રહિત સદાચરણનું સેવન યથાયોગ્યપણે કરીને પ્રાપ્તસામગ્રી સાર્થક કરી લેવી જોઇએ.

૭ ક્ષમા, દયા, સત્ય, પ્રમાણિકતા અને શીલ–સંતોષાદિક સદ્ગુણોને આપણા કરવા જોઇએ. ગમે તેવા કષ્ટપ્રસંગે પણ તેમાંથી ચળિત થવું ન જોઇએ.

૮ પાત્રતા વગર વસ્તુપ્રાપ્તિ થતી નથી ને ભોગજોગે થઇ જાય તો તે ટકતી નથી.

૯ જો આપણે ગંભીર દિલના થઇશું તો અનેક દોષોથી બચી શકશું

૧૦ શરીરે સુખી હોઇએ તો ધર્મ સુખે સાધી શકાય છે, માટે આરોગ્ય નિયમ સમજી સ્વચ્છ હવા, પથ્ય ભોજન ને ભેજ વગરના સુપ્રકાશવાળા સ્થાનને સેવવા જોઇએ.

૧૧ આપણું જીવન બને તેટલું ઉપકારક કરવા, અવિચ્છિન્ન પ્રયત્ન કરવો જોઇએ.

૧૨ આપણાં મન, વચન ને કાયાને સારી રીતે કસી, પવિત્ર બનાવવાં જોઇએ.

૧૩ મદ માનને ગાળી, નમ્રભાવે પૂજ્ય વડીલ જનોનાં પુનિત પગલે ચાલવું જોઇએ.

૧૪ આપણામાં ન હોય એવા ગુણનો ખાલી ડોળ કરી આત્મવંચના કરવી ન ઘટે.

૧૫ આપણામાં રહેલી વિવિધ ખામીઓ બરાબર સમજી તે ટાળવા તૈયાર થવું જોઇએ.

૧૬ ખોટા તુચ્છ પ્રલોભનો ભણી દોરાઇ આપણા વીર્ય-શક્તિ વેડફી નાંખવા ન ઘટે.

૧૭ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સર પ્રમુખ આંતરૂ શત્રુઓને જીતી આપણે જૈનપણું સાર્થક કરવું જોઇએ.

[જૈ. ધ. પ્ર. પૃ. ૪૨, પૃ. ૨૫૦]

શ્રાવકોએ વ્યવહારશુદ્ધિ સાચવવા દેવું જોઇતું લક્ષ્ય.

શાસ્ત્રકારે સાત પ્રકારની શુદ્ધિ સાચવવા ઠેકાણે ઠેકાણે કેમ ભાર દીધો છે ? તે સમજી-સમજવા પ્રયત્ન કરી, પ્રમાદ તજી તે સાતે શુદ્ધિ સાચવવા આદર કરવો જોઇએ. તે સાત શુદ્ધિ નીચે પ્રમાણે છે:—

૧ શરીરશુદ્ધિ-મલિનારંભી ગૃહસ્થને શુદ્ધ દેવ ગુરુની સેવાભક્તિ નિમિત્તે જયણા સહિત દેહશુદ્ધિ કરવી જોઇએ. શુદ્ધ આશયથી દેવગુરુની સેવા કરવા માટે વિવેકપૂર્વક જયણા સહિત જળશોચ કરતાં પાપની પણ આશંકા કરવી નહિ.

૨ વસ્ત્રશુદ્ધિ-જળશોચ કર્યા બાદ શુદ્ધ વસ્ત્રવડે શરીરને લુંછી લઇ શુદ્ધ વસ્ત્ર પરિધાન કરવું જોઇએ. જો શરીરને લુંછ-વામાં કે પહેરવા ઓઢવામાં શુદ્ધને બદલે મલિન વસ્ત્ર વપરાય તો પ્રથમ શરીરશોચ કરેલ નકામો થવા પામે છે.

૩ મનઃશુદ્ધિ-પૂર્વોક્ત બંને શુદ્ધિ મન ઉપર સારી અસર

કરે છે, તેમજ બીજા સંકલ્પવિકલ્પો શમાવી, 'નિસ્સિહી' કહીને શુદ્ધ દેવગુરુ સમીપે આત્મકલ્યાણાર્થે જવાનું હોવાથી, આત્મનિગ્રહયોગે મનઃશુદ્ધિ થતાં ધર્મકરણી લેખે થાય છે.

૪ ભૂમિશુદ્ધિ–જ્યાં દેવપૂજા, ગુરૂવંદન, સામાયિક, પ્રતિક્રમણાદિક ધર્મકરણી કરવાની હોય ત્યાં પ્રથમ જયણા સહિત ભૂમિશુદ્ધ કરવી જોઇએ. ત્યાં રહેલી કોઇ પણ જાતની અશુચિ–આશાતના દૂર કરી દેવી જોઇએ, તે પણ ધર્મનું અંગ જ છે. આજ્ઞા પાલનમાં જ તેની સાર્થકતા છે. ભૂમિશુદ્ધિ કર્યા પછી પ્રસન્ન ચિત્તે યથાપ્રાપ્ત ધર્મકરણી કરવી,

૫ પૂજોપગરણશુદ્ધિ—દેવગુરુની સેવાભક્તિ પ્રસંગે ઉપયોગમાં લેવા યોગ્ય સાધન-ઉપગરણો ખૂબ સ્વચ્છ હોવાં જોઇએ. મનોહર પવિત્ર દ્રવ્ય સાધન યોગે ભાવની શુદ્ધિ ને વૃદ્ધિ થવા પામે છે, તેથી તેમાં લગારે ઉપેક્ષા કરવી ન જ ઘટે.

૬ ન્યાયદ્રવ્ય (દ્રવ્યશુદ્ધિ)–દેવગુરુની ભક્તિ પ્રસંગે નિજ ભાવવૃદ્ધિ માટે ઉપયોગમાં લેવાતાં ઉપકરણો (સહાયક સાધનો) અન્યાય દ્રવ્યથી નહીં પણ ન્યાયદ્રવ્યથી પેદા કરી લેવાં જોઇએ. ન્યાયદ્રવ્યથી જ જિનમંદિર, જીર્ણોદ્ધાર, પ્રભુપૂજા અને પ્રભુભક્તિનો લાભ લેવો ઘટે. તે બધાં કામ વિધિબહુમાનપૂર્વક પ્રભુનો ઉપગાર સંભારી, કૃતજ્ઞતા દાખવવા માટે આત્મલક્ષ્યથી કરવાનાં છે. એમ કરતાં તેની અનુમોદનાદિવડે અનેક ભવ્યાત્માઓ પુન્યનો સંચય કરી શકે છે અને અપૂર્વ વીર્યોલ્લાસવડે બોધિબીજ–સમકિતાદિનો લાભ પામી શકે છે.

૭ વિધિશુદ્ધિ–વંદન પૂજન પ્રમુખ ધર્મકરણી યથાવિધિ કરવાથી સફળ થઇ શકે છે; તેથી જે કરણી કરવી તે એકાગ્ર-

પણ તદ્દગત ઉપયોગ રાખીને, મનની સ્થિરતા જળવાય પણ અરુચિ, ખેદ કે કંટાળો ન આવે તેમ અન્યૂનાધિક, પ્રસન્નતાથી શાસ્ત્રાજ્ઞાપૂર્વક કરવા ઉત્તમ લક્ષ્ય રાખવું. જેથી સહેજે સ્વહિત સાધી શકાય. જેનાથી શાસનની લઘુતા થાય તેવી દરેક જાતની અશુદ્ધિ ટાળી. સ્વપર ઉન્નતિકારકે સર્વ શુદ્ધિ યથાશક્તિ આદરવા માટે આગમમાં ગર્ભિત ઉપદેશ–સૂચન હોવાથી યથાસંભવ ખાનપાનાદિ પ્રસંગે પણ શુદ્ધિનો ખપ કરવો ઘટે છે.

[જૈ. ધ. પ્ર. પૃ. ૪૨, પૃ. ૨૫૧]

મહાવીર પ્રભુના અનુયાયી તરીકે આપણી ફરજ.

ત્યાગી–સાધુ તેમજ ગૃહસ્થો–શ્રાવકમાત્રને પોતપોતાના અધિકાર મુજબ ધર્મપાલન કરવા શાસ્ત્રકારોએ મર્યાદા બતાવેલી છે. તે મુજબ ભવભીરુ કે પાપભીરુ ત્યાગી સાધુસાધ્વીઓ તેમજ શ્રાવકશ્રાવિકાઓ પ્રથમથી જ પ્રમાદ રહિત ચાલતા આવ્યા છે અને પ્રભુની પવિત્ર આજ્ઞાના આરાધક બની સદ્દગતિના ભાગી થયા છે. વર્તમાન કાળે દુ:ષમકાળના પ્રભાવથી આચારમાં ઘણી શિથિલતા થતી જાય છે. પ્રથમ પણ કવચિત્ તેવી શિથિલતા થયેલી ત્યારે કોઇ કોઇ સમર્થ જ્ઞાની મહાપુરુષોએ ક્રિયાઉદ્ધાર કરી માર્ગ દીપાવ્યો હતો. શ્રીમાન્ હીરવિજયસૂરિના શાસનમાં થયેલા એક સમર્થ આચાર્યની આજ્ઞાથી તથા મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજની સહાનુભૂતિથી શ્રી સત્યવિજયજી પંન્યાસજીએ પણ તેવો જ ક્રિયાઉદ્ધાર કર્યો હતો. જ્યારે જ્યારે આચારમાં ઘણી શિથિલતા વ્યાપે છે, ત્યારે ત્યારે કોઇ તેવા સમર્થ જ્ઞાની મહાપુરુષ પોતાના સંયમબળથી તેવી શિથિલતા દૂર કરી સંઘ–સમાજને સારી સ્થિતિમાં લાવી મૂકે

છે. તેવી જ સારી સ્થિતિ ચાલુ રાખવા અથવા તેને દીપાવવા સંઘ–સમાજના ભવ્યાત્માઓ સ્વસ્વઅધિકાર મુજબ આચારનું પાલન કરતા રહે છે. આપણે સહુએ યથાશક્તિ તેનું પ્રમાદરહિત પાલન કરતા રહેવું જ જોઇએ. તીર્થંકર દેવના અભાવે **સૂરિ** યા **આચાર્ય** શાસનને ટકાવી રાખે છે અને પોતાની પવિત્ર રહેણીકરણીથી તેને દીપાવે છે. તેવા ઉત્તમ ગુણોથી પોતે અલંકૃત હોય છે અને તેવા યોગ્ય (સમર્થ) સાધુજનને જ શાસનરક્ષાનું કામ વ્યવસ્થાસર સોંપતાં રહે છે. તેવા ઉત્તમ ગુણના અભાવે કેવળ આચાર્યનો ડોળ કરવા માત્રથી તો બહુધા વિપરીત પરિણામ આવે છે. તેવા ગુણહીનનો કશો પ્રભાવ પડતો નથી, તેથી સંઘ સમાજને તેઓ રક્ષી શકતા નથી. એથી સ્વચ્છંદતા વધતી જાય છે. શાસ્ત્રમાં પણ યોગ્યતા વગર **આચાર્ય** પ્રમુખ પદવી આપવાની મનાઇ છતાં શાસ્ત્રાજ્ઞાનો અનાદર કરવાથી કેટલું સાહસ ખેડવું પડે છે અને તેનું કેવું વિપરીત પરિણામ આવે છે તે નજરે જોઇ હવે તો ચેતવું જ જોઇએ. [જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૨૫૨]

વાતો કરવા કરતાં વર્તન કરવાની જ ખરી જરૂર છે.

વાતવિકથા કે આપબડાઇ હાંકવામાં આપણે ઘણું ગુમાવ્યું. દુર્લભ મનુષ્યભવની અમૂલ્ય ક્ષણો વ્યર્થ ગુમાવી દીધી, હજુ પણ લાગેલો છંદ છોડી પ્રાપ્ત થયેલી દુર્લભ સામગ્રીનો સદુપયોગ કરી શકાતો નથી એ ભારે ખેદકારક બીના લેખાય. નકામું બોલ-બોલ કરવું અથવા પારકી કુથલીઓ કર્યા કરવી એ નવરાની નિશાની દેખાય છે. દીર્ઘદર્શી કુશળ સજ્જનોનો માર્ગ જુદો જ હોય છે. તેઓ મૌનપણે ઘણું મહત્વનું કામ

કરે છે અથવા તો તેઓ બોલે છે બહુ થોડું ને કામ કરે છે ઘણું. એ રીતે લક્ષ્યપૂર્વક ચાલનારા ભાઇ બ્હેનો સહેજે ઉન્નતિ કરી શકે છે. એવા ઉત્તમ હિતકારી માર્ગને અનુસરતાં આપણે સહુએ જરૂર શીખવું. એને જીવન પર્યંત ચીવટથી તેને વળગા રહેવું જોઇએ. '**ભાવના ભવનાશિની**' આપણે જાણીએ ને માનીએ, છતાં શુદ્ધ અંતઃકરણથી ખરા ઉમળકા સાથે **મૈત્રી, મુદિતા, કરુણા** અને **ઉપેક્ષા** ભાવનાનો આદર કેટલો ઓછો કરાય છે? જો ધર્મના પાયા જેવી રસાયણ તુલ્ય ઉક્ત ભાવનાનો યથાર્થ આદર કરાય તો સત્યધર્મની પ્રાપ્તિ સાથે સ્વપરહિતમાં કેટલો બધો વધારો થવા પામે? હૃદયની કેટલી બધી વિશાળતા થવા પામે? જો એમ થાય તો પછી આજકાલ જ્યાં ત્યાં દૃષ્ટિગત થતાં કલેશ—કંકાસ ને વેર–વિરોધ વિગેરે દુષ્ટ દોષો ટકી શકે ખરા? તે તો બાપડા કયાંય અલોપ થઇ જાય. આપણામાં સત્તાગત રત્નના નિધાન જેવા ઉત્તમ ગુણો રહેલા છે ખરા, પરંતુ તે સઘળા રાગદ્વેષમોહાદિક દુષ્ટ દોષોવડે દબાયેલા હોવાથી તે રાગદ્વેષમોહાદિક દુષ્ટ દોષોને દૂર કરવા આપણે ખૂબ પ્રયત્ન કરવો જોઇએ, શાન્તચિત્તે રત્નત્રયીનું સેવન કરવું જોઇએ અને હિંસા અસત્યાદિક સઘળા પાપસ્થાનકોથી ચીવટ રાખી વિરમી જવું જોઇએ. સર્વથા એકી સાથે તેમ કરવાનું ન બને તો અંશે અંશે ધીમે ધીમે પણ સત્ય માર્ગે આવી જવા દૃઢ સંકલ્પ કરી લેવો જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૨૫૩.]

યાદ કરો ને ભૂલી જાઓ.

૧ ભલું–રૂડું યાદ કરો.	બુરૂં–નબળું ભૂલી જાઓ.
૨ પુરુષાતનને યાદ કરો.	નિર્બળતાને ભૂલી જાઓ.

૩	ઉન્નતિ પામેલાને યાદ કરો.	પતિત થયેલાને ભૂલી જાઓ.
૪	પ્રસન્ન મુદ્રાને યાદ કરો.	ઉદાસીનતાને ભૂલી જાઓ.
૫	શાંતિને–શાંતને યાદ કરો.	ઉપતાપને-ઉપતમને ભૂલી જાઓ.
૬	સહૃદય–સહૃદયતાને યાદ કરો.	હૃદયશૂન્યતા–નિષ્ઠુરતાને ભૂલી જાઓ.
૭	પ્રકાશ–ઉજ્વળતાને યાદ કરો.	અંધકાર–શ્યામતાને ભૂલી જાઓ.
૮	ઉપકારીને–પ્રેમીજનોને યાદ કરો.	અપકારીને–દ્વેષીને ભૂલી જાઓ.
૯	પ્રશંસા–પ્રશંસકને યાદ કરો.	નિંદા અને નિંદકને ભૂલી જાઓ.
૧૦	ઉત્તમ વ્યવસાયને યાદ કરો.	અધમ વ્યવસાયને ભૂલી જાઓ.
૧૧	આશ્વાસનદાતાને યાદ કરો.	તિરસ્કારદાતાને ભૂલી જાઓ.
૧૨	સંપ–ઐકયતાને યાદ કરો.	કુસંપ- વિરોધને ભૂલી જાઓ.
૧૩	કોઇને પણ સંતોષવાનું યાદ કરો.	કોઇને પણ સંતાપવાનું ભૂલી જાઓ.
૧૪	અધિકાધિક ઉત્તમને યાદ કરો.	અધિકાધિક અધમને ભૂલી જાઓ.
૧૫	સન્નીતિને યાદ કરો.	અનીતિને–દુર્નીતિને ભૂલી જાઓ.
૧૬	આનંદી શુભ પ્રસંગને યાદ કરો	શોક–દુઃખને ભૂલી જાઓ.
૧૭	પ્રેમ અને પ્રેમીજનને યાદ કરો.	દ્વેષ અને તિરસ્કારને ભૂલી જાઓ.
૧૮	સરલતાને આદરો.	વક્રતાને–શઠતાને તજી દો.
૧૯	દયા–અહિંસાને આદરો.	હિંસા–નિર્દયતાને તજી દો.

૨૦ ક્ષમાને આદરો.	ક્રોધને તજી દો.
૨૧ સભ્યતાને આદરો.	અભિમાનને તજી દો.
૨૨ સંતોષને આદરો.	તૃષ્ણાને–લોભને તજી દો.
૨૩ સત્ય અને પ્રમાણિકતાને આદરો.	અસત્ય–દંભ–અપ્રમાણિકતાને તજી દો.
૨૪ ન્યાયવૃત્તિને આદરો.	અન્યાય–અનીતિને તજી દો.
૨૫ શીલ–બ્રહ્મચર્યને આદરો.	કુશીલ–અબ્રહ્મને તજી દો.
૨૬ સાદાઈને આદરો.	મિથ્યાડંબરને તજી દો.
૨૭ વિનય–વિવેકને આદરો.	અવિનય–અવિવેકને તજી દો.
૨૮ કર્તવ્યપરાયણ બનો.	જડતા–પ્રમાદને તજી દો.
૨૯ ઈંદ્રિયોના સંયમને આદરો.	સ્વેચ્છાવૃત્તિને તજી દો.
૩૦ મનને સ્વવશ કરો.	મનના વશવર્તી ન બનો.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પ. ૧૫]

એકતાની શકયતા માટેનાં હિતવચનો.

૧ એકતા ઇચ્છનારાઓએ મ્હારૂં ત્હારૂં કરવારૂપ દ્વિધાભાવ તજવો જોઇએ.

૨ બની શકે તેવો બધો સ્વાર્થત્યાગ કરવો જોઇએ.

૩ ભેદભાવ તજી અભેદભાવ આદરવાનું લક્ષ્ય જોઇએ.

૪ સાચા ગુણ તરફ દૃઢ રાગ–પ્રેમ બંધાવો જોઇએ.

૫ સહુનું સાચા દિલથી હિત ચિન્તવન કરવું જોઇએ.

૬ દુઃખી પ્રાણીઓનું દુઃખ ફેડવા બનતું કરવું જોઇએ.

૭ સુખી–સદ્‌ગુણી જનોને દેખી દિલમાં પ્રમુદિત થવું જોઇએ.

૮ પરનાં અનિવાર્ય દોષોની કેવળ ઉપેક્ષા કરવી જોઇએ.

૯ દિલને વિશાળ બનાવી સહુને આત્મતુલ્ય લેખવા જોઇએ.

૧૦ કોઇને પ્રતિકૂળતા ઉપજે એવું કંઇપણ સ્વાર્થવશ કરવું ન જોઇએ.

૧૧ કરુણાભાવવડે કોઇનું તાત્કાળિક દુઃખ ફેડવા તેના દુઃખનો અન્ત આવે એવો હિતમાર્ગ તેને પ્રેમપૂર્વક બતાવવા અનાયાસે મળેલી તક સાધી લેવી જોઇએ.

૧૨ મેઘને દેખી મોર અને ચંદ્રને દેખી ચકોર જેમ ખુશ ખુશ બની નાચે–રાચે છે, તેમ સદ્‌ગુણી જનોને દેખી કે સાંભળી પ્રમુદિત થવું જોઈએ; એટલું જ નહિ પણ બને તેટલા પ્રમાણમાં તેમના સદ્‌ગુણો ને સત્કાર્યોનું અનુકરણ કરવું જોઇએ.

૧૩ થોડાં ઘણાં અવગુણો સહુમાં હોવા શકય છે; તેથી કોઇના અવગુણો ઉપર ઘૃણા–તિરસ્કાર કરવા કરતાં તેને સુધારવા માટે યોગ્ય માર્ગ કેવળ હિત–બુદ્ધિથી બતાવવા જેવું મોટું મન રાખવું જોઇએ. તેમ કરવા છતાં ઊલટું વિપરીત પરિણામ જણાય તો તે તરફ મૌન–ઉપેક્ષા–માધ્યસ્થતા રાખી રહેવું જોઇએ.

૧૪ અસ્થાને રાગદ્વેષ કરી સ્વપરને થતા દુઃખમાંથી બચાવી લેવાની ઉત્તમ કળા જાણવા ને આદરવા જરૂર લક્ષ્ય રાખવું જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૯૪]

પ્રાપ્તસંતોષી કેમ થવાય ?

૧ પ્રારબ્ધયોગે પ્રાપ્ત થતાં સુખદુઃખના ખરા કારણ શોધી, સમજી, મનની સમતોલદૃષ્ટિ ટકાવી રાખવા બનતો દરેક પ્રયત્ન કરવો જોઇએ.

૨ તેવા કોઈપણ સમ વિષમ પ્રસંગે તુચ્છ શ્વાનવૃત્તિ નહિ આદરતાં ઉત્તમ સિંહવૃત્તિ સેવવી જોઈએ.

૩ શ્વાન જેમ પત્થર કે લાકડી મારનારને કરડવાને બદલે તે પત્થર કે લાકડીને જ કરવા દોડે છે, તેમ કાયર માણસો કૃતકર્મ યોગે પ્રાપ્ત થતાં સુખ–દુઃખમાં જ મગ્ન બની હર્ષ શોક કરીને ભવભ્રમણમાં વધારો કરતા રહે છે તે શ્વાનવૃત્તિ કહેવાય છે. એવી તુચ્છ શ્વાનવૃત્તિ તજી દઈ સિંહ જેવી શૂરવીર વૃત્તિ સેવનારા ઉત્તમ જનો પૂર્વકૃત કર્મયોગે પ્રાપ્ત થતાં સુખદુઃખમાં મગ્ન થઇ હર્ષ શોક નહિ કરતાં તેથી અલિપ્ત રહી, સુખદુઃખના મૂળ કારણ સિંહની જેમ શોધીને સ્વઈષ્ટસિદ્ધિ કરે છે. સહજ સુખપ્રાપ્તિનો એ જ ઇષ્ટ ઉપાય છે.

૪ આપણે પુણિયા શ્રાવકની પ્રશંસા શા માટે કરીએ છીએ? અને મમ્મણશેઠ જેવા કૃપણ ને લોભાંધ જનોનું નામ લેતાં કેમ સંકોચ પામીએ છીએ? તેનું ખરૂં કારણ તપાસી જોતાં પુણિયાની ભારે સંતોષવૃત્તિ અને મમ્મણશેઠની ભારે લોભાન્ધવૃત્તિ જ તરી આવે છે. તેમાંથી પ્રથમની વૃત્તિ વિવેકપૂર્વક આદરવા યોગ્ય છે અને બીજી વૃત્તિ તજવા યોગ્ય છે.

૫ લોભ–તૃષ્ણા સર્વ દુઃખનું મૂળ છે, ને સંતોષની પ્રાપ્તિમાં જ ખરૂં સુખ રહેલું છે. એવો અનુભવ થયે તૃષ્ણા તજી પ્રાપ્તસંતોષી થઈ શકાશે.

૬ અને ગમે તેવી લાલચોથી સહેજે દૂર રહી શકાશે.

૭ અસંતોષીને તો ચક્રવર્તીના જેવું રાજ્ય સાંપડે તોપણ ઓછું પડે.

૮ અસંતોષી ભિક્ષુકનું રામપાત્ર ભાંગે તો તેને મોહવશ ભારે દુઃખ લાગે છે અને

૯ જ્ઞાની, વૈરાગી, સંતોષી ચક્રવર્તીને વિશાળ રાજ્ય પણ તજી દેવું રમત જેવું લાગે છે.

[જૈ. ધ. પ્ર. પૃ. ૪૩, પૃ. ૯૫]

બચપણથી જ બાળકોને સુસંસ્કારિત કરવા જોઇએ. તે બાબત માતપિતાદિક વડીલોની ફરજ.

માતાપિતાના સુયોગથી જો ગર્ભાધાન સમયથી જ ગર્ભગત બાળને સુસંસ્કાર પાડવા પૂરતી કાળજી રાખવામાં આવે તો માતાપિતા ધારે એવા સંસ્કારવાળો બાળ જન્મે છે. વીરપ્રભુ જેવો જ્ઞાની આત્મા ગર્ભમાં આવે છે ત્યારે ત્રિશલા માતાની પેઠે ભાગ્યશાળી માતાને ઉત્તમ પ્રકારના દોહદ આવે છે. ગર્ભના પ્રભાવથી માતાને શુભ મનોરથો થાય છે. તે દોહદોને સન્માનપૂર્વક વખતસર પૂરવામાં આવે છે તેથી સગર્ભા માતાને ઘણો જ સંતોષ ઉપજે છે અને ગર્ભને સારું પોષણ મળે છે. જે રીતે ગર્ભનું હિત સચવાય તે રીતે શાણી માતા સમય ઓળખીને ખાનપાનાદિક બધી બાબતમાં યોગ્ય મર્યાદા પાળે છે, તેથી ગર્ભનો અવધિ પૂરો થયે માતા સુખે સુખે બાળ-રત્નને જન્મ આપે છે અને અત્યંત કાળજીપૂર્વક તેનું પાલન કરે છે. તેના પરિણામે બીજના ચંદ્રની પેરે અને કલ્પલતાની પેરે તે બાળરત્ન દિન દિન વૃદ્ધિ પામે છે. ગર્ભાધાનથી જ માતપિતાદિક તરફથી યોગ્ય સંસ્કાર પામી જન્મ પામેલ બાળરત્નને ખૂબ કાળજીપૂર્વક ઉછેરવામાં આવે તો જેમ મોરનાં

ઈંડાંમાં કંઈ ચિતરવું ન પડે તેમ તેની વય વધવા સાથે સાથે જ સર્વાંગસુંદર વિકાસ તેનામાં થવા પામે એમાં કંઈ **આશ્ચર્ય** નથી. પરંતુ આવી યોગ્ય દરકાર કોઈક વિરલા સંસ્કારી માબાપોને જ હોય છે. બાકીના તો જડ યંત્રની પેઠે બાળકોને જન્મ આપવામાં જ પોતાની ઈતિકર્તવ્યતા માની લેતા હોય છે. તેવા અસંસ્કારી કે કુસંસ્કારી માતપિતાની પ્રજા ક્યાંથી કલ્યાણ સાધી શકે? આપણી વર્તમાન અવનતિનું કારણ એ જ જણાય છે, તે સમજીને દૂર કરાય તો કંઈક ઉન્નતિની આશા રાખી શકાય. બાળકોને સુસંસ્કારિત કરવાનું સામર્થ્ય હોય તો જ માતાપિતા થવાની ગંભીર જવાબદારી માથે લેવી, નહીં તો દુનિયાને કેવળ બોજારૂપ થાય તેવી નિર્માલ્ય પ્રજા ઉત્પન્ન ન કરવી

[જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૧૨૪.]

સત્યનિષ્ઠ બનો

૧ આપણા વિચાર, ઉચ્ચાર અને આચારમાં એકતા લાવો.

૨ વિચાર, વાણી ને વર્તનમાંના દોષ ટાળીને પવિત્ર બનો.

૩ તેમાં પૂર્વાપર વિરોધ ન આવે એવી પાકી સંભાળ રાખો.

૪ એ ત્રણે યોગોની એકતાથી ને પવિત્રતાથી થતી ક્રિયા સાચી–નિર્દોષ થવા પામશે.

૫ ખરી નિર્દોષ કરણીથી ખરૂં શાશ્વત સુખ પામવાના અધિકારી થશો.

૬ કોઈ પણ સદ્બોધ અન્યને આપવા પહેલાં પોતાની જાતને જ આપવા પાવરધા થવાની ખાસ જરૂર છે.

૭ ખરી મરદાનગી પોતાના આત્માને જ શૂરવીર બનાવવામાં રહેલી છે.

૮ પોતામાં પાણી લાવ્યા વગર બીજાને લૂખો બોધ દેવાથી શું વળે ?

૯ ગમે તે યોગ્ય કરણીથી અચૂક આત્મલાભ થાય તેવું જ લક્ષ રહેવું જોઇએ. તે વગર જનમનરંજન માત્રથી શું સરે ?

૧૦ રાગ દ્વેષ કષાય મોહાદિક દોષોની હાનિ-ઓછાશ અને ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષાદિક સદ્‌ગુણોની રક્ષા ને વૃદ્ધિ જેથી નિરંતર થવા પામે તે કરણી જ સાચી ને સાર્થક લેખવવી.

૧૧ સત્યથી વિપરીત દશામાં ચાલતા રહેવાથી ગમે તેવી કષ્ટ કરણી કરતાં છતાં ખરૂં સુખ વેગળું જ રહેવાનું એ ખાત્રીથી માનશો.

૧૨ દર્શન (સમ્યકત્વ), જ્ઞાન ને ચારિત્ર એ મોક્ષનો સાચો માર્ગ જાણ્યો ત્યારે જ લેખે કે જ્યારે તેનો લાભ લેવા યથાશક્તિ ઉદ્યમ સેવાય.

૧૩ તેની પ્રાપ્તિ માટે જોઇએ તેટલો આત્મભોગ આપવા સ્વાર્થત્યાગ કરવા તૈયાર થવું, તેમાં પાછીપાની ન જ કરવી ઘટે.

૧૪ તુચ્છ લાભને જતો કરીએ તો જ ખરો લાભ સાંપડે.

૧૫ તુચ્છ વિષયસુખમાં આસક્તિ થતી તજવી જોઇએ.

૧૬ સ્વગુણની રક્ષા ને પુષ્ટિ થવા પામે તેવું સદ્વર્તન સેવો.

૧૭ જરૂર પડતાં હિત, મિત ને પ્રિયકારી સત્ય જ વદો.

૧૮ ચોરી, યારી, વિશ્વાસઘાતાદિક અનીતિથી ઓસરો.

૧૯ સુશીલતા સેવતા રહી સ્વવીર્યનું સંરક્ષણ કરો.
૨૦ મૂર્છા-મમતા તજી બને તેટલી સંતોષવૃત્તિ ધારો.
૨૧ ક્ષમાગુણને આદરી-ક્રોધ કષાયને બાળતા રહો.
૨૨ વિનય-નમ્રતા આદરી અહંકારથી દૂર રહો.
૨૩ સરલતા આદરી માયા-કપટવૃત્તિથી વેગળા રહો.
૨૪ સંતોષવૃત્તિનું સેવન કરતા રહી લોભ-તૃષ્ણાને તજો.
૨૫ સમતાવૃત્તિને આદરી રાગદ્વેષનો પરાજય કરો.
૨૬ કલેશ-કંકાસથી દૂર રહી સુખ-શાંતિને પ્રાપ્ત કરો.
૨૭ કોઇને અછતું આળ ઓઢાડવાના મહાપાપથી વિરમો.

૨૮ પ્રાપ્ત સુખ-દુઃખમાં હર્ષ-ખેદ કર્યા વગર ભવિષ્ય સુધરે તેમ વર્તો.

૨૯ પરનિંદાના મહાપાપથી સદંતર દૂર રહેવા સદા લક્ષ્ય રાખો.

૩૦ જેવું બોલો તેવું પાળવા ગમે તેટલો આત્મભોગ આપો.

૩૧ બને તેટલો પાપનો બોજો હળવો કરી આત્માને હળવો કરો. અને એમ કરીને અનુક્રમે આત્માને વિશુદ્ધ કરો. તેમજ ગંભીરતા, ઉદારતા, કૃતજ્ઞતા, દયાળુતા, લજ્જાળુતા, લોકપ્રિયતા, સૌમ્યતા, મધ્યસ્થતા, ગુણરાગીતા, સત્યપ્રિયતા, દીર્ઘદર્શિતા, પરોપકારશીલતા, વિનયતા ને કાર્યદક્ષતાદિક સદ્‌ગુણોને દૃઢ અભ્યાસવડે સેવતાં ધર્મરત્નની પ્રાપ્તિ થશે.

૩૨ શુદ્ધ સમકિતાદિકની સેવના કરનારા, વીતરાગ પ્રભુએ બતાવેલા માર્ગને દૃઢતાથી અનુસરી, માર્ગાનુસારી જરૂર બને છે.

૩૩ પોતે નિર્મળ બુદ્ધિબળથી શુદ્ધ આત્મતત્ત્વનો નિર્ણય કરીને, યથાયોગ્ય તપ જપ સંયમવડે દેહદમન કરીને, તુચ્છ-અસાર વસ્તુનો રાગ-મોહ ઉતારી, દૃઢ વૈરાગ્યવડે શુદ્ધ

ચારિત્રધર્મનું પાલન કરી, અનેક ભવ્યજનોને આલંબનરૂપ બની, ભવનો પાર પામે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૨૧૦]

આપણું લેણું-દેણું સ્વપ્રતિષ્ઠા જાળવીને પતાવી દેવું જોઇએ.

આબરૂ-પ્રતિષ્ઠા સર્વને વ્હાલી લાગે છે. તેને સાચવી રાખવા સહુ બનતો પ્રયત્ન કરે છે. પોતાની પરિસ્થિતિ વિચારી આવકજાવક તપાસી લાંબી નજરે જોઇ જે પગલું ભરે છે તેને આંચ આવતી નથી, તે સુખે સુખે પોતાની જીવન-નૌકા સહીસલામત ચલાવી પાર પામે છે; બાકી જે વગર વિચાર્યે જરૂર વગરના ખર્ચો કરી તૂટી મરે છે, લગ્ન કે મરણ પ્રસંગે મોટા ખર્ચમાં ઉતરે છે, દેખાદેખી લોકપ્રવાહમાં તણાય છે, તેમને અંતે ગજા ઉપરાંત ખર્ચના બોજા નીચે આવી પસ્તાવું પડે છે. આવકના પ્રમાણમાં જ વ્યાજબી ખર્ચ કરનાર સુખી થઇ શકે છે; પરંતુ તેવી તેવડ વગર બીજાની દેખાદેખી કરવાથી તો દુઃખ જ થાય છે. અંતે માથે તકાદો થવાથી સુખે ખાવાપીવાનું કે રળી ખાવાનું રહ્યુંસહ્યું સાધન હોય તે પણ ટળી જાય છે, ને ભિખારી જેવી સ્થિતિ થવા પામે છે. એથી પોતાને તેમજ કુટુંબીજનોને અને પાછલી પ્રજાને વધતા જતા કરજના બોજાથી બહુ બહુ શોષવું પડે છે ને કેમે કરી તેમાંથી છૂટકો થઇ શકતો નથી. એ રીતે આવી પડતી આપત્તિમાંથી બચવા ઇચ્છનારાઓએ—

૧ સમય ઓળખીને જ ચાલવું, બીજાની દેખાદેખી કરી આડા

દોરાઈ ગજા ઉપરનાં ખર્ચમાં ઉતરી, નકામું દુઃખ વહોરી લેવું નહિ.

૨ નકામા ખર્ચમાં ઉતરી, સામો દુઃખી થાય તેવી ખોટી સલાહ નહિ દેતાં, ખરા હિતસ્વીપણે તે સુખી થાય તેવી વ્યાજબી સલાહ દેવી, જેને અનુસરીને હરકોઈ સુખશાન્તિ પામી શકે.

૩ લેણદારે સામાની સ્થિતિ જોઇ તેની પ્રતિષ્ઠા સચવાય, અને આજીવિકાના સાધન બન્યા રહે, એ રીતે સભ્યતા સાચવી નાણા મેળવવા; પરંતુ જલદી તકાદો કરી સામાનો અંત લેવો નહિ.

૪ દેણદારે બીજા ખર્ચમાં કરકસર કરી જલદી ઋણમુક્ત થવા લક્ષ્ય રાખવું.

૫ સાધર્મીજનો ઉપર વધારે રહેમદીલી રાખી, તેમને ઘટતી સહાય કરી કુમારપાળ ભૂપાળની પેઠે આખી આલમને માટે સારો દાખલો બેસાડવો.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૨૭૧]

ગૃહસ્થ જીવનમાં નવ પ્રકારની નિરાંત.

૧ પ્રથમ વયમાં શાન્તિપૂર્વક ખંત રાખી, વિદ્યા ને ધન મેળવ્યાં હોય.

૨ સદાચારી, કલેશકંકાસ વગરની ને પ્રિયભાષી પ્રિયા મળી હોય.

૩ વિદ્યાવાન, વિવેકવાન, સત્યવાદી ને શાન્ત પ્રકૃતિવાળો પુત્ર હોય.

૪ સારે ઘરે વરાવેલી ને જેનો પતિ શાણો સદ્‌ગુણી સાંપડ્યો હોય એવી સૌભાગ્યશાળી પુત્રી પ્રાપ્ત થઇ હોય.

૫ ઘર કે બહાર ગમે ત્યાં રહેતાં માથે એક પણ શત્રુ ન હોય.

૬ સુખી, નિઃસ્પૃહી ને શાન્ત સ્વભાવનો સુમિત્ર સાંપડ્યો હોય.

૭ શરીર નીરોગી અને બધા દાંત આબાદ–અખંડ હોય.

૮ જ્યાં સર્વ વાતનું સુખ મળે એવા ન્યાયી રાજ્યમાં વાસ હોય.

૯ સ્વપરહિતવડે સફળ જન્મ કરવા જેવું પુરુષાતન પ્રાપ્ત થયું હોય.

સાત જાતની સુખ–સગવડ.

૧ ચિત્ત સદા સુપ્રસન્ન રહે ને પ્રાપ્તસામગ્રીનો સંકોચ વગર લાભ લઇ શકાય એવી નીરોગી કાયા સાંપડી હોય.

૨ વૃદ્ધ અવસ્થામાં સારી ચાકરી–બરદાસ ખુશીથી કરે અને ધર્મસાધનમાં બનતી સહાય કરે તેવા સુપુત્રની પ્રાપ્તિ થઇ હોય.

૩ ધન–દોલત ઠીક સાચવી વિવેકથી વાપરવા દે તેવી ગુણીયલ સ્ત્રી મળી હોય.

૪ કેવળ પૈસા ને પશુઓનો જ સંગ્રહ નહીં પણ પુષ્કળ ધાન્ય હોય.

૫ દૂધ દહીં ઘી વિગેરે રસોવડે બાળબચ્ચાંઓને તથા કુટુંબીજનોને સંતોષ ઉપજે એવું દૂઝાણું (ગાય પ્રમુખનું) પોતાના ઘરે હોય.

૬ નિત્ય સ્વસ્થ નિદ્રા આવે ને ગમે ત્યાં જઈ શકાય (ભય વગર) એવી સુખો આર્થિક સ્થિતિ હોય–માથે કરજ ન હોય.

૭ પગપાળા લાંબું ચાલવાની પીડા થતી અટકે એવી વાહન–સામગ્રી પણ પોતાને સ્વાધીન હોય, જેથી જોઇએ ત્યારે તેનો ઉપયોગ કરી શકાય.

પૂર્વ પુન્ય યોગે આવી સઘળી સુખ–સગવડો સાંપડે છે; તેનાથી ફુલાઈ જવાનું નથી. ફાલેલ આંબાની જેમ નમ્રતા ધારી તેનો સદુપયોગ કરનાર સુખી થઇ શકે છે.

[જૈ. ધ. પ્ર. પૃ. ૪૩. પૃ. ૪૧૯૩]

બાળઉછેરની કળા માતાઓએ શિખી લેવી જોઇએ.

આપણા દેશમાં બાળઉછેરની બાબતમાં માતાઓ બહુ જ બેદરકાર દેખાય છે. ગર્ભાધાનથી માંડી અમુક વય સુધીની બાલ્યાવસ્થા પર્યન્ત બાળકની માતપિતાદિકે જે ચીવટભરી સંભાળ રાખવી જોઇએ તે ભાગ્યે જ રખાય છે, તેથી ઘણીખરી માતાઓ કસુવાવડથી પીડાઇ પોતે દુઃખી થાય છે. બીજી અભણ–અજ્ઞાન માતાઓ કદાચ બાળકોને જન્મ આપે છે તો તેમની યોગ્ય દરકાર કરતી નથી તેથી તેમાંના ઘણાંએક બાળકો અકાળે મરી જાય છે. યોગ્ય સંભાળ નહીં રાખવાથી બાળકો ભરાઇ જાય છે અને થોડા દિવસમાં હતાં ન હતાં થઇ જાય છે. જે દેશમાં બાળઉછેરની કળામાં માતાઓ નિપુણ હોય છે અને ગર્ભાધાનથી માંડી બાળકના જન્મ પર્યંત ગર્ભને હિતકારી હોય એવી સંભાળ ખાનપાનાદિક દરેક પ્રસંગમાં રાખનારી હોય છે, તે દેશમાંની બાળપ્રજા આપણા દેશની બાળપ્રજાના

મુકાબલે ઘણી ચઢિયાતી હોય છે. તેમનું શરીરબળ, મનોબળ અને બુદ્ધિબળ ઉપરાંત હૃદયબળ પણ બહુ જ મજબૂત ને કાર્યસર હોઇ શકે છે. બારીકીથી અવલોકન કરતા કાર્યના પરિણામ ઉપરથી આપણી ખાત્રી જ થઈ શકી હોય તો આવી મહત્ત્વની બાબતની ઉપેક્ષા કરવાનું હવે ન જ પાલવે. ' શાણી માતા સો શિક્ષકોની ગરજ સારે છે. ' ગર્ભનું રક્ષણ કરવા અને બાળકોને અચ્છી રીતે ઉછેરતાં આવડે તેમણે જ માતા થવાના કોડ રાખવા યુક્ત છે. માતા થઈને બાળકોને સુખી, નિરોગી ને પ્રસન્નમુખા રાખતા ન આવડે તે માતા થવાને લાયક જ ક્યાં છે? બાળપણમાં બાળક ઉપર સારામાં સારા સંસ્કાર પાડવા અને તેને હીરા જેવા ઉત્તમ બનાવવાનું લક્ષ્ય શાણી માતાનું હોવું જોઇએ; ભૂલેચૂકે કંઈપણ નબળું દૃશ્ય તે બાળકો પાસે દાખલ થવા દેવું ન જોઇએ, કેમકે તેની નબળી અસર તેમના મન ઉપર જલદી થવા પામે છે. તેઓ સર્વગુણસંપન્ન થાય તેવા ઉત્તમ સંસ્કાર પાડવા ને નબળા સંસ્કારથી બચાવવા બનતી કાળજી રાખવી જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૧૯૩]

સુપુત્રીને ખરા કરિયાવરરૂપ દશ હિતશિક્ષાઓ.

૧ જો બ્હેન ! શ્વસુરગૃહવાસી થઇ તારે અંદરનો અગ્નિ બહાર કાઢવો નહીં અર્થાત્ સાસરીયાનો દોષ દીઠામાં આવે તો એની બીજાને મોઢે વાત ઉચ્ચારવી નહીં.

૨ બહારનો અગ્નિ અંદર આણવો નહીં અર્થાત્ પાડોશી સાસરીયાનું વાંકું બોલે તો અમુક માણસ તમારી આમ વાત કરતું હતું એમ ઘેર આવીને કહેવું નહીં.

૩ જે આપે તેને જ આપવું-કોઈ કાંઈ વસ્તુ માગવા આવે તો એ પાછી આપી જાય એમ હોય તો જ એને આપવી.

૪ ન આપે એને ન આપવું-માગી ચીજ પાછી ન આપે એને ન આપવી.

૫ આપે એને અને ન આપે એનેય આપવું-સગાંવહાલાં કે મિત્રો પાછું આપી કે ન આપી શકે તો પણ એને આપવું.

૬ સુખે બેસવું-સાસુ સસરા વિગેરે મોટેરાંને જોઇને ઉઠવું ઘટે ત્યાં બેસવું નહીં.

૭ સુખે જમવું-મોટેરા જમ્યા પછી જમવું.

૮ સુખે સૂવું-મોટેરાં સૂતા પછી સૂવું.

૯ અગ્નિની પરિચર્યા કરવી-મોટેરાંની સેવા કરવી.

૧૦ ગૃહદેવતાને નમવું-મોટેરાંને દેવ જેવા સમજવા.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૯૦]

સ્વસંતતિનું એકાંત હિત કરવા ઇચ્છતા માતપિતાદિક વડીલો તથા શિક્ષકોનું ખાસ કર્તવ્ય-કર્મ.

૧ પોતે સર્વ વાતે સ્વચ્છતા જાળવી રાખી, ઘરમાં અને શાળાદિકમાં સરસ સ્વચ્છતા રાખી-રખાવી શકે અને વિચાર-વાણી ને આચારમાં પવિત્રતા દાખલ કરી-કરાવીને પોતાની સંતતિને વિવિધ રોગ-ઉપદ્રવથી બચાવી લઇ, તેનું ઘણી રીતે શ્રેય કરી શકે.

૨ પોતે બીભત્સતા છોડ્યા પછી જ બાળકોને સંસ્કારી માર્ગે લઈ જઇ શકે.

૩ પોતે નિન્દ્ય વ્યસનો છોડી પછી જ બાળકોને નિર્વ્યસની બનાવી શકે.

૪ માબાપો રસિક અને શિક્ષકો તો બાળકોને ગમ્મત સાથે સારું જ્ઞાન મળે એવી યોગ્ય પ્રવૃત્તિ સેવે.

૫ બને તેટલો આત્મભોગ આપીને સ્વસંતતિનું હિત–શ્રેય સધાય તેમ વર્તવાનું ભૂલે નહીં.

૬ ઉક્ત વાતમાં જેટલી બેદરકારી કે ઉપેક્ષા તેટલી વિશેષ વિશેષ હાનિ સમજવી.

૭ ગામડામાં કે શહેરમાં બહુધા જ્યાં જુઓ ત્યાં ઘરમાં માતપિતાદિક વડીલોની તેમજ નિશાળમાં શિક્ષકોની તેવી બેદરકારી કે ઉપેક્ષા નજરે પડે છે ત્યાં પછી સારા પરિણામની આશા શી રીતે રાખી શકાય ? માટે જ એવી બેદરકારી કે ઉપેક્ષા દૂર કર્યે જ છૂટકો છે.

૮ આપણામાં પ્રવેશેલા કોઇપણ જાતના દુર્વ્યસનરૂપી પાપથી મુક્ત થઇ જવાથી આપણી જાતને તો ફાયદો છે જ પણ તદુપરાન્ત આપણા જ્ઞાતિજનો વિગેરેને સારી છાપ બેસે-છે, તેથી કોઈપણ ખોટા છંદમાં ફસાતા તેઓ અટકે છે અને સારે માર્ગે દોરવાય છે.

૯ બીજાં મોટાં દુર્વ્યસનની વાત તો દૂર રહી પણ આજ કાલ જ્યાં ત્યાં પ્રચલિત ચા, કોફી, બીડી, તમાકુ વિગેરેનું સામાન્ય વ્યસન પણ જનોની ભારે પાયમાલી કરી રહેલ છે. તેમાંથી પણ સ્વપરના હિતની રક્ષા ખાતર જેમ બને તેમ સુજ્ઞ ભાઈબ્હેનોએ જલ્દી જાતે મુક્ત થઇ જઇ સ્વસંતતિ વિગેરે આશ્રિત જનોનો માર્ગ સરલ કરી દેવો જોઈએ.

૧૦ આવા આડે માર્ગે થતો દ્રવ્યવ્યય બચાવીને સ્વસંતતિને તેમજ ગરીબ પ્રજાનાં બાળકોને યોગ્ય કેળવણી આપવામાં તેનો સદુપયોગ કરતાં શિખવું જોઇએ.

૧૧ આપણને પ્રાપ્ત થયેલી શક્તિ જેમ તેમ જ્યાં ત્યાં વેડફી નાખવી ન જોઇએ. તેનો સ્વપરહિતાર્થે સન્માર્ગે જ ઉપયોગ કરવા ભારે લક્ષ રાખી રહેવાની જરૂર છે.

૧૨ જેથી સ્વાશ્રયી થવાય-પોતાના પગ ઉપર ઊભા રહેતા શિખાય એવા જાતમહેનતવાળાં નિર્દોષ હુન્નર-ઉદ્યોગ શીખી પરાવલંબી રહેવા જરૂર ન પડે એવી કેળવણી પ્રથમથી અપાવી જોઇએ.

૧૩ એવી હિતકર કેળવણી આપવાથી જ આત્મામાં છુપી રહેલી શક્તિઓનો વિકાસ થઇ શકે.

૧૪ એવી લક્ષ વગરની આજકાલ પ્રચલિત કેવળ લૂખી કેળવણીથી આપણી પુષ્કળ શક્તિનો, દ્રવ્યનો અને સમયાદિકનો વ્યય કર્યો છતાં સમાજની ઉન્નતિ ભાગ્યેજ થઇ શકે.

૧૫ એથી જ કુશળ અનુભવી જનો પ્રજાકેળવણી સંબંધી મહત્ત્વના કાર્યમાં દુરંદેશીથી કાર્ય લેવા સમજાવે છે. તેની બેદરકારી કે ઉપેક્ષા કરી સ્વેચ્છાથી કામ કરીએ તો તેમાં ભાગ્યેજ સફળતા પામીએ. એટલું જ નહીં પણ તેવા મહત્ત્વના કામમાં તથાવિધ અનુભવ કે કુશળતા મેળવ્યા વગર મિથ્યાભિમાનથી નકામું માથું માર્યા કરવાથી ઊલટું વિષમ-વિપરીત પરિણામ આવવા પામે છે. એ વાત દીવા જેવી સ્પષ્ટ દેખાયા છતાં દુર્ભાગ્યવશાત સત્ય ને સરલ હિતમાર્ગ કેળવણીના

સંબંધમાં અખત્યાર કરવાનું તેના કહેવાતા સંચાલકોને સૂઝતું નથી. પ્રભુકૃપાથી તે સૂઝે ત્યારે ખરૂં.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૮, પૃ. ૨૩૧]

આપણા વ્યકિતગત અને કૌટુંબિક જીવનને સારી રીતે ટકાવી રાખવા સાદાઇ અને સંયમતપને આદરવાની ભારે જરૂર.

૧ ક્ષણભર આપણી પૂર્વની જાહોજલાલી અને આધુનિક અવનતિનો ઊંડા ઉતરી બારીક વિચાર કરી મુકાબલો કરી જોવાથી અત્યારે થવા પામેલી અવનતિનાં ખરાં કારણ અને તેને સુધારી લેવાના ઉપાય સૂઝી શકશે.

૨ આંધળુકિયા કરતા રહી અનિષ્ટ જૂની રૂઢિઓને જ વળગી રહેવાથી આપણો ઉદ્ધાર થઇ નહીં શકે. એટલે હવે પ્રકાશમાં આવી સત્ય અને હિતકર માર્ગ લાગે તે જ આદરો અને ખરા ટેકીલા બનો અન્ય ભાઈબ્હેનોને પણ સત્ય અને હિતકર માર્ગ જ આદરવા યોગ્ય ઉત્તેજન આપો.

૩ ગમે તે ભોગે જૂની રૂઢિને જ વળગી રહેવાથી આપણે કેટલું બધું ગુમાવ્યું છે તેનો વિચાર કરી હવે તેવી અનિષ્ટ–અહિતકર જૂની રૂઢિઓને તિલાંજલી આપો.

૪ જેથી આપણું, કુટુંબનું અને સમાજનું હિત સચવાય એ જ સમયોચિત માર્ગ આપણે વિનાસંકોચે આદરવો અને તેમ કરવા અન્યને પ્રેરણા મળે તેમ વર્તવું.

૫ થોડો ઘણો ઘસારો ભોગવીને પણ કુટુંબકલેશ દૂર થાય તેમ કરવું.

૬ અજ્ઞાનવશ નજીવા કારણે કુટુંબકલેશ થવા પામે છે, તેમાં ડહાપણ વાપરી યોગ્ય સુધારો કરવો, જેથી વધારે હાનિ થતી અટકે અને લાભ થવા પામે.

૭ આપણે સહુ અવનતિના ખાડામાં કેમ પડતા જઇએ છીએ તેનાં ખરાં કારણ જાણી તેને સુધારી લઇ અન્યને શાન્તિથી સમજાવવામાં આવે તો જરૂર ફાયદો થઇ શકે છે.

૮ એક ઘડીભરની વાહવાહ(લોકરંજન)માં આપણું કેટલું બધું ઊંધું વળે છે–ખોવાય છે ?

૯ ગજા ઉપરાંત લોકપ્રવાહમાં તણાવાથી કેટલી બધી હાનિ પહોંચે છે ?

૧૦ વિવેક–ચક્ષુ ઉઘાડી ખરા હિતકારી માર્ગે જ ચાલવાનું પસંદ કરવું જોઇએ.

૧૧ સાદાઇ અને સંયમતત્ત્વ આદરવાથી આપણી અવનતિ થતી અટકવાની છે.

૧૨ ઉદ્ભટતા અને સ્વચ્છંદતાથી જ આપણી ખુવારી થવા પામી છે. તે દૂર કરી ફરી ઉન્નતિની ઇચ્છા રાખનારે ઉન્નતિનો ખરો માર્ગ ગ્રહણ કરવો જોઇએ.

૧૩ આપણી પ્રજા–સંતતિના ભલા ખાતર પણ સમય ઓળખી, સાચો હિતકારી માર્ગ આદરી લેવા અને ખોટો અહિત માર્ગ તજી દેવા વિલંબ કરવો ન જોઇએ.

૧૪ Charity begins at home–અર્થાત્ પહેલાં આપણી જાતને સુધારી લેવાની અને પછી જ હિતબુદ્ધિવડે અન્યને શાન્તિથી સમજાવી લેવાની જરૂર છે.

૧૫ Prevention is better than Cure–વધારે પાયમાલી થતી અટકે એવા ખરા તાત્ત્વિક ઉપાય જ હાથ ધરવા એ વધારે ઉત્તમ અને ડહાપણભર્યું લેખાય.

૧૬ આવક ઘટવા માંડે ત્યારે ખોટા નકામા ખર્ચમાં ઉતરવાનું શાણા માણસોને કેમ પાલવે ?

૧૭ સમયને માન આપી ચાલવામાં આ લોક અને પરલોકનું પણ હિત સચવાય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૮, પૃ. ૨૬૨.]

અમૂલ્ય શરીરઆરોગ્ય સાચવવા બે બોલ.

૧ આપણું શરીરઆરોગ્ય સચવાય, તેમાં બગાડો ન થાય તેમ વર્તવાની એટલે ખરૂં આરોગ્ય સચવાય એવા યોગ્ય નિયમો સમજી લઈ સહુએ તેનું કાળજીપૂર્વક પાલન કરવાની ભારે જરૂર છે.

૨ તેમાં બેદરકારી રાખવાથી, શરીર–પ્રકૃતિ બગડવાથી મંદવાડ અને બેચેની પ્રગટે છે ત્યારે પોતાને અને લાગતાવળગતાઓને તે બદલ કેટલું બધું સહન કરવું પડે છે?

૩ એથી જ 'પાણી પહેલાં પાળ બાંધવા'ના ન્યાયે આરોગ્ય સચવાય એવી સાવચેતી રાખતા રહેવાની આપણી ફરજ છે.

૪ આવી જરૂરી ફરજ વિસારી મૂકી સ્વચ્છંદે ચાલવાથી આપણે સહુને કેટલી બધી ખુવારી ભોગવવી પડે છે તેનો ખ્યાલ રાખી બને એટલી સાવચેતીથી જ ચાલવામાં મજા છે.

૫ શરીરને સીજે તે કરતાં અધિક પરિશ્રમ વેઠવાથી જેમ

પ્રકૃતિ લથડી પડે છે તેમ જરૂરજોગી અંગકસરત (શરીર-પરિશ્રમ) નહીં કરવાથી પણ નુકસાન થાય છે.

૬ તે ભૂલવું નહીં જોઇએ કે શરીરઆરોગ્ય ઠીક સચવાયાથી ચિત્ત પ્રસન્ન રહે છે અને સુખશાન્તિમાં સહેજે વધારો થઇ શકે છે.

૭ ચિત્તની પ્રસન્નતા જાળવી રાખવાની કળા શિખી લેવાથી શરીરનું આરોગ્ય પણ ઠીક સચવાય છે.

૮ કદાચ કંઈક નિમિત્તયોગે શરીર નરમ થઇ જાય તો પણ પ્રસન્નચિત્તને તેની લાંબી અસર થઇ શકતી નથી.

૯ અતિ લોલુપતાથી-અતિ ચિન્તાભરી ઉપાધિથી તન-મન ઉપરના વધારે પડતા બોજાને લીધે આરોગ્ય લથડી પડે છે અને ફરી તેને ઠેકાણે લાવતાં ઘણી મુસીબત પડે છે.

૧૦ શુદ્ધ સાત્ત્વિક ખોરાક (ખાન-પાન), શુદ્ધ હવા અને સારા પ્રકાશવાળા સ્થાનમાં વસવાટ ઉપરાન્ત યોગ્ય અંગકસરત અને કામમાં નિયમિતતા સાથે યોગ્ય વિશ્રાન્તિ સેવનારનું આરોગ્ય સારી રીતે સચવાઈ શકે છે.

૧૧ ઉક્ત જરૂરી બાબતોની ઉપેક્ષા કરી સ્વચ્છંદતા સેવનારનું આરોગ્ય અનેક વાર બગડી તેને હેરાન કરે છે.

૧૨ આથી આરોગ્યતાના નિયમોને સારી રીતે જાણી લઇ, તેને ખૂબ કાળજીપૂર્વક પાળવાની અગત્ય સહેજે સમજાશે.

૧૩ અન્ય જનો ધડો લે એવા ડહાપણથી આપણે વર્તવું ઉચિત છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૮, પૃ. ૨૬૪.]

સામાજિક લેખો

જૈનસમાજના અભ્યુદય અર્થે

૧ જૈન બાળકો, બાળિકાઓ, યુવકો, યુવતીઓ વિગેરેને પવિત્ર શાસનશૈલીથી કેળવી શકે એવા નમૂનેદાર જૈન શિક્ષકો અને શિક્ષિકાઓ તૈયાર કરવા-કરાવવા સહુથી પહેલું લક્ષ પહોંચાડી તે માટે જોઇતી તૈયારી જલદી કરવી જોઇએ.

૨ આપણી કોમનો જે અઢળક પૈસો જમણવાર પ્રમુખ અલ્પ ઉપયોગી દિશાઓમાં ખર્ચાય છે તે હવે બને તેટલો ઉત્તમ પ્રકારની કેળવણીના પ્રચાર કરવા અર્થે ખર્ચાવો જોઇએ. સહૃદય શ્રીમંતોએ તેમાં પહેલ કરીને અન્ય જનો માટે શુભ દાખલો બેસાડવો જોઇએ.

૩ સીદાતા જૈન બંધુઓ અને બહેનોના ઉદ્ધાર માટે સારાં ફંડ એકઠાં કરી તે વડે તેઓ સારી લાઇન ઉપર ચઢી સ્વાશ્રયી બનવા પામે તેવો સંગીન પ્રબંધ થવો જોઇએ.

૪ જૈનસમાજનો જલદી અભ્યુદય થવા પામે એવા શાસન-પ્રેમ સાથે ઊંડી દિલની દાઝ-દિલસોજી ધરાવે એવો સ્વયં-સેવક યા નિઃસ્વાર્થ સેવાપ્રેમી વર્ગ તૈયાર કરવો જોઇએ અને તે માટે કાર્યની વહેંચણી કરી સ્વકાર્ય શરૂ કરી દેવું જોઇએ દ્રવ્ય અને ભાવ કરુણા સાધી શકાય એવા લક્ષથી કાર્ય કરવું જોઇએ.

૫ રડવા-કુટવામાં તેમજ ફટાણાં ગાવામાં તેમજ નકામી કુથલી કરવામાં જે પુષ્કળ વખત નકામો કાઢી નાંખવામાં આવે છે તેનો બચાવ થઇ શકે તથા સ્વપરહિતમાં અભિવૃદ્ધિ થવા પામે તેવો ઉપદેશ સ્થળે સ્થળે સંકોચ વગર નિર્ભયપણે અપાવો જોઇએ.

૬ જો કોઈ બ્હેન કમનશીબે વિધવા થવા પામે તેના આત્માને શાન્તિ–દિલસોજી મળે તેમ તેને સારા અભ્યાસમાં અને સારી સંગતિમાં જોડવા કાળજી રાખવી જોઈએ; નહિ કે તેને નજરકેદ જેવી સ્થિતિમાં રાખી તેના દુઃખમાં વધારો થાય તેવી ઊલટી રીતિ આદરવી. વીરપુત્રો અને વીરપુત્રીઓએ મિથ્યા શોક–સંતાપ તજી, ખરી કેળવણીનો સ્વાદ મેળવી અન્ય ભવ્યાત્માઓને તેનો સ્વાદ ચખાડવો જોઇએ. વિધવા તેમજ સધવા બ્હેનો જો ખરી કેળવણી મેળવી શકશે તો તેઓ પોતાની જાતિબહેનોને ઉદ્ધારવા અને સ્વસંતતિને પણ કેળવવા ભાગ્યશાળી નિવડશે.

૭ અન્ય કોમો કેળવણીનો બહોળો પ્રચાર કરી આગળ વધતી જાય છે, તેમની હરોલમાં ઊભા રહેવું હોય તો જૈનોએ તન, મન, ધનથી કેળવણીમાં સંગીન વધારો કરી સ્વકોમની ઉન્નતિ સાધવા પૂરતું લક્ષ આપવું જોઇએ.

૮ શરીરનું આરોગ્ય સારી રીતે સચવાય એવાં નિર્દોષ અને નિયમિત ખાનપાન, વ્યાયામ (અંગકસરત), સ્વચ્છ હવાપાણી અને સારા પ્રકાશવાળાં નિવાસસ્થાનનું સેવન કરવું જોઈએ. એ વગર ઘણાએક ભાઇ–બ્હેનો અનેક પ્રકારનાં રોગથી રીબાતા જણાય છે.

૯ રાજસી અને તામસી પ્રકૃતિને ઉત્તેજિત કરે એવો ખોરાક તજી, સાત્ત્વિક પ્રકૃતિને પોષણ આપે એવા સાત્ત્વિક ખોરાકથી શરીરને પોષણ આપી, સાત્ત્વિક વિચાર, વાણી અને આચારનું સદાય સેવન કરવું, જેથી સ્વપરહિતમાં ચોક્કસ વધારો થવા પામે.

૧૦ સર્વને સ્વઆત્મા સમાન લેખવા, દુઃખીના દુઃખ કાપવા, સુખીને દેખી દિલમાં સંતોષ-પ્રમોદ ધરવો અને અતિ રૌદ્ર-નિર્દય કાર્ય કરનારથી વેગળા રહેવું, રૂડી રહેણી-કરણીવડે જ પોતાનો નિસ્તાર થઇ શકશે.

૧૧ હિંસાદિક સકળ પાપસ્થાનકથી સદંતર દૂર રહેવું અને અહિંસાદિકને પ્રેમથી આદર આપવો.

[જૈ. ધ. પ્ર. પુ. ૩૪, પૃ ૧૦૫]

પુત્રવધુપરીક્ષા.

એક શેઠે જ્ઞાતિ-જન સમક્ષ ચાર પુત્રની વહુઓને પાંચ પાંચ શાળના દાણા સાચવવા આપીને તેમની યોગ્યતા સંબંધી કરેલી પરીક્ષા અને તે ઉપરથી ભવ્ય જનોએ લેવાજોગ સુંદર બોધ. જેવા શેઠ તેવા ગુરુ, જેવા જ્ઞાતિજન તેવો શ્રમણ સંઘ, જેવી વહુઓ તેવા ભવ્યજનો અને જેવા શાળના દાણા તેવા વ્રત-નિયમો જાણવા.

૧ સાચવવા આપેલા શાળના દાણા ફેંકી દેનારી યથાર્થ નામવાળી **ઉજ્જિતા** જેમ કચરો-પુંજો કે એઠવાડ પ્રમુખ નોકરની પેઠે કાઢવાનું કરવાવડે મહાદુઃખી થઇ, તેમ જે ભવ્યાત્મા સંઘસમક્ષ ગુરુએ આપેલાં મહાવ્રતો અંગીકાર કરીને મહામોહને વશ થઇ તે બધાં ગુમાવી દે છે તે આજ ભવમાં લોકની નિંદાને પાત્ર બને છે; અને પરલોકમાં પણ અનેક દુઃખથી પીડિત થઇ અનેક પ્રકારની (ચોરાશી લાખ) જીવા-યોનિમાં ભટકતો રહે છે.

૨ વળી જેમ શાળના દાણાને ખાઇ ગયેલી યથાર્થ નામ-વાળી **ભોગવતી** રાંધણક્રિયા પ્રમુખ કામ કરવાવડે દુઃખને જ

પામી, તેમ જે મહાવ્રતોને પામીને જીવનનિર્વાહ (આજીવિકા) પૂરતો તેનો ખપ કરે છે અને મોક્ષસાધનની ઇચ્છાથી રહિત છતો વિવિધ આહારાદિકમાં આસક્ત રહે છે, તે વેષધારી હોઈ આહારાદિક તો અહીં યથેચ્છ મેળવી શકે છે, પરંતુ તત્ત્વજ્ઞ જનોના સત્કારને પાત્ર થતો નથી અને પરભવમાં દુઃખી થાય છે.

૩ તેમજ શાલિના દાણાને સાચવી રાખનારી યથાર્થ નામવાળી **રક્ષિતા** વહુ જેમ કુટુંબપરિવારને માન્ય થઇ અને ભોગવિલાસને પામી, તેમજ જે જીવ પાંચ મહાવ્રતો આદર સહિત ગ્રહણ કરી લેશમાત્ર પ્રમાદ કર્યા વગર દોષ રહિત તેનું પાલન કરે છે તે આત્મહિતમાં સાવધાન સતો આ લોકમાં પણ પંડિતોવડે પૂજા–સત્કાર પામી એકાંતે સુખી થાય છે; અને પરભવમાં સ્વર્ગ અને મોક્ષના સુખ પામે છે.

૪ વળી જેમ (સ્વજન પાસે) શાલિ રોપાવનારી યથાર્થ નામવાળી નાની **રોહિણી** વહુ શાળને વધારી સર્વ માલમીલકતનું સ્વામીપણું પામી, તેમ જે ભવ્યાત્મા (ગુરુ પાસેથી) મહાવ્રતો પ્રાપ્ત કરીને પોતે તેનું યથાર્થ પાલન કરે છે અને અનેક જનોના હિતાર્થે બીજા અનેક ભવ્યજીવોને તેવાં વ્રતો આપે છે, તે અહીં સંઘમાં પ્રધાન એવા **યુગપ્રધાન** ઉપનામને પામે છે; અને ગૌતમસ્વામીની જેમ સ્વપરને કલ્યાણકારી બને છે. વળી તે પવિત્ર શાસનની વૃદ્ધિ કરનાર અને ઉન્માર્ગગામી ઉન્માર્ગદર્શકોને આક્ષેપ કરનાર મુનિ વિદ્વાન જનોવડે સેવાતો–પૂજાતો અનુક્રમે સિદ્ધિપદ–મોક્ષને પામે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૩૯, પૃ. ૧૨.]

સમાજની ઉન્નતિ માટે સમયોચિત કેળવણીનો પ્રચાર

જિનેશ્વર પ્રભુએ એકાન્ત વિધિ–નિષેધ કરેલ નથી, એટલે આ કરવું જ અને આ ન જ કરવું એવું આગ્રહભર્યું કથન ભગવાને નથી કર્યું; પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ તપાસીને જે કરવું–આદરવું ઘટે કે જે તજવું–પરિહરવું ઘટે તે તો દંભ રહિત–સરલભાવે (નિષ્કપટપણે) જ આદરવું કે તજવું એવી પરમદેવ પરમાત્માની ખાસ આજ્ઞા લક્ષ્યમાં રાખવા યોગ્ય છે, તે તરફ દુર્લક્ષ્ય કરવું ન જ ઘટે. ઉપરોક્ત આજ્ઞાને જ્યાં સુધી શુદ્ધ સરલભાવે અનુસરવામાં સહુ ચતુર્વિધ સંઘ–સાધુ સાધ્વી, શ્રાવક ને શ્રાવિકાઓ સાવચેતી રાખતા હતા ત્યાં સુધી પ્રભુના પવિત્ર શાસનતંત્રને યથાશક્તિ ને યથાયોગ્ય અનુસરનાર ચતુર્વિધ સંઘ–સમાજ સારી ઉન્નતિવાળી સ્થિતિમાં બિરાજતો હતો–તેની બાહ્ય આંતર સ્થિતિ ઉન્નત ને અબાધિત હતી; પરંતુ જ્યારથી પ્રભુની એકાન્ત હિતકારી આજ્ઞા તરફ મોહ કે સ્વાર્થ અંધતાદિક અનેક ઔપાધિક કારણોથી દુર્લક્ષ થયું ને વધતું ગયું ત્યારથી જ સમાજની અવનતિ શરૂ થઇ અને તે ઉત્તરોત્તર વધતી ગઇ. શાસ્ત્રકાર ઠીક જ કહે છે કે ‘ પવિત્ર શાસ્ત્ર–આજ્ઞાને આગળ કરતાં વીતરાગ પ્રભુને જ આગળ કર્યા લેખાય અને વીતરાગ પ્રભુને આગળ કરીને–સન્મુખ રાખીને પ્રત્યેક કાર્ય કરે તેમને નિયમા સર્વ કાર્યની સિદ્ધિ થાય જ.’ એથી ઊલટી દિશાએ સ્વચ્છંદતાવશ ચાલતાં પગલે પગલે સ્ખલના થવાથી કાર્યની હાનિ જ થવા પામે. જે સંઘ-સમાજ પ્રથમ ઉન્નતિ પદે બિરાજતો હતો તે સંઘ–સમાજ સાવ અવનતિનાં ખાડામાં પડી પાયમાલ થાય છતાં તેના

ગણાતા અગ્રેસરો–નાયકો તેની અવનતિનાં ખરાં કારણો તપાસવા અને તે બનતી તાકીદે દૂર કરવા કશી પરવા ન કરે, ઉપેક્ષા કરે તે તેમને કેટલું બધું લજ્જાસ્પદ લેખવા યોગ્ય છે? અત્યારે જ્યાં ત્યાં સંઘ–સમાજના ગણાતા નાયકોમાં સત્તાપ્રિયતા વધી ગયેલી હોય છે, તેથી જ બહુધા તેઓ નથી કોઇને નમતું આપી શકતા ને નથી કોઇ નિ:સ્વાર્થ સેવાને પણ સ્વીકારી શકતા, કે નથી તેમનાં હિતવચનોની પણ કશી પરવા કરતા. આવી સ્થિતિનું પરિણામ શું આવે તે સહૃદય સજ્જનો તો સહેજે સમજી શકે જ.

વર્તમાનકાળે જ્યાં ત્યાં આપણી સમાજમાં ખર્ચાતો અઢળક પૈસો ઘણે ભાગે વાહ વાહ પોકારવાની ખાતર પોતાને મનગમતે માર્ગે ખર્ચાય છે. હવે તો તેવે આડે માર્ગે પૈસો નહીં ખર્ચતાં આપણા સંતાનોને સમયોચિત ઉત્તમ પ્રકારની વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક કેળવણી એક સાથે મળે એવો વિવેકસર પ્રબંધ કરવામાં તે ખર્ચાવો જોઇએ. આપણામાં આરોગ્યતા સાચવવા જેટલું ભાન પણ આવતું નથી; તેથી મોટો ભાગ અનેક પ્રકારના રોગોથી પીડાય છે, તેવા રોગી–દુ:ખી જનોનું દુ:ખ નિર્મૂળ કરવા કોને ખરી લાગણી છે? એનાં મૂળ કારણોની તપાસ ખાત્રીપૂર્વક કરી કરાવી કાયમને માટે તેમનાં દુ:ખ દૂર થાય તેવી ખરી લાગણી પ્રગટાવવી જોઇએ. નકામાં આડાં ખર્ચો અટકાવી દ્રવ્યને સન્માર્ગે લગાવવું જ હોય તો તેવાં અનેક પુન્ય માર્ગો છે. સમયોચિત ખરી કેળવણીના યોગે એ બધું સમજી શકાશે. સમાજનું કોઇ કુટુંબ દુ:ખી ન રહે એવી લાગણી રાખી સહુએ પોતપોતાની ફરજ બજાવવા મંડી પડવું જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૩૯, પૃ. ૧૬૧]

આપણી સામાજિક શોચનીય સ્થિતિ.

૧ આપણી વિવિધ પ્રકારની નિર્બળતા આપણને કેટલી બધી નડે છે–પાછા પાડે છે તેનો ખ્યાલ કરી, આપણી સ્થિતિ વધારે ખરાબ થતી અટકે એવી સુધારણા જરૂર કરો.

૨ 'આગળબુદ્ધિ વાણીઓ ને પાછળ બુદ્ધિ વિપ્ર' એ જૂની કહેવતને સાચી કરી દેખાડવા જેવો દમ કોઈ સ્થળે તમને દેખાય છે ? એથી ઊલટો જ દેખાવ જ્યાં ત્યાં જોવા મળતાં તમને અંતરમાં કશી લાગણી કેમ થતી નથી ?

૩ થવા પામેલી આપણી વિવિધ નિર્બળતાનાં ખરાં કારણો શોધવા ને મીટાવવા સહૃદય શાસનપ્રેમી જનોએ ખરેખર કેડ કસી દૃઢ પ્રયત્ન કરવા મંડવું જોઇએ.

૪ આવી ને આવી ભયંકર ઉપેક્ષા કર્યા કરવી એ કેટલી બધી ઘાતક બનતી જાય છે તેનો આંખ મીંચી વિચાર કરો.

૫ તમો ત્યાગી સાધુ–સાધ્વી હો કે ગૃહસ્થ શ્રાવક–શ્રાવિકા હો; પરંતુ જૈનશાસનના અંગરૂપ લેખાતા હોવાથી આપણી બાહ્ય–અંતર સ્થિતિનું આંખ ઉઘાડી અવલોકન કરી જોઇ આટલું અજબ પરિવર્તન થયાના કારણ શોધી કાઢીને સુધારવા સાવ ઉપેક્ષા કરવી ન જ ઘટે. એથી તો વધારે ભયંકર સ્થિતિ ઊભી થવા પામશે. તેથી જ અગમચેતી વાપરી સાવધાન થવાની જરૂર છે.

૬ આપણે દયાધર્મનો દાવો કરી સેંકડો સ્થળે પાંજરાપોળો વિગેરે નિભાવવા લાખો દ્રવ્યનું ખર્ચ કરતા રહીએ છીએ; પરંતુ તેને માટે જોઇતી વ્યવસ્થાની ખામીને લીધે તેની બહુ જ ઓછા પ્રમાણમાં સાર્થકતા થઇ શકે છે, અને ઘટતી કાળજી અને લાગણી વગર તેમાંનો ઘણો પૈસો બરબાદ જાય છે. છતી શક્તિએ તેવી ઉપેક્ષા કર્યા કરવાથી કેટલું બધું વધારે નુકશાન

થયાં કરે છે તેનો આંખ મીંચી વિચાર કરી તેમાં અવશ્ય સુધારો કરવો જોઇએ, નહીં તો અઢળક પૈસાનો વ્યય કરવા છતાં કેવળ ઉપેક્ષાદોષને લઈ વધારે ને વધારે અપયશ થતો રહેશે ને મૂળ હેતુ સરશે નહિ; જેથી વધારે હાંસીપાત્ર થવાશે.

૭ શાસ્ત્રકારે 'પહેલું જ્ઞાન, પછી દયા' કહેલ છે, તેનો ગંભીર આશય વિચારી લક્ષ્યમાં લેશો, તો જ સંગીન સુધારો કરી શકાશે. આંધળુકિયા કરવા કરતાં વસ્તુની કીંમત સમજી તેનું યથાયોગ્ય સેવન કરવામાં જ ખરી મજા રહેલી જણાશે.

૮ પાંજરાપોળોના મુકાબલે મનુષ્ય જાતની દયા કેટલી બધી વધારે પ્રમાણમાં રાખવી ઘટે ? તેને બદલે કેટલી બધી ઓછા પ્રમાણમાં રખાતી જોવાય છે ? તે કેટલો બધો અવિવેક લેખાય ? તો પછી દયાની કિંમત કયાં રહી ?

૯ અરે ! પોતાના જ સીદાતા કુટુંબીજનોની રક્ષા ને પુષ્ટિ કરવાની ગંભીર ફરજને પણ કેટલી બધી વિસારી દેવામાં આવે છે ? અને તેથી કેટલો બધો અપવાદ થવા પામે છે ?

૧૦ સહુથી વધારે 'સ્વધર્મીના સગપણ સમું બીજું કોઇ શ્રેષ્ઠ સગપણ નથી ' એવી મોટે સ્વરે ઉદ્દઘોષણા કરનારા પોતાના સીદાતા સાધર્મીજનોની કેટલી સંભાળ લેતા જોવાય છે તેનો સરવાળો કઢાય તો ખરેખર આપણી અવિવેકભરી સ્થિતિ માટે આપણને ભારે દુઃખ થવું જોઇએ. જો આપણે આવી ગંભીર ભૂલોને સુધારવા હજુ પણ કશું લક્ષ્ય નહિ આપતાં જેમ ચાલે તેમ ચલાવ્યે જઇએ તો જાતે દહાડે તેનું કેટલું બધું ભયંકર પરિણામ આવશે તેની કલ્પના થવી મુશ્કેલ છે. શું આવી ઉપેક્ષા કર્યા કરવી આપણને લગારે શોભે છે ? જરૂર આમાં સુધારો થવાની જરૂર છે તેમ જણાય-સમજાય તો તેમ કરશો.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૩૮૩]

ઉપયોગી સંગ્રહ

શ્રી ચિદાનંદજીકૃત દયાછત્રીશીનું રહસ્ય.

૧ પરમ મનોહર, જ્ઞાનરસભીનાં સુગંધી–સુવાસિત એવા શ્રી ગુરુદેવના ચરણકમળમાં **ચિદાનંદી** મન–ભૃંગ સદા લીન રહે છે.

૨ કલ્પવૃક્ષ અને ચિન્તામણિરત્નને પ્રત્યક્ષ અનુભવી જુઓ. સદ્ગુરુ સમાન આ સંસારથી ઉદ્ધરનાર ઉપગારી બીજા કોઇ નથી.

૩ ઉપર વર્ણવેલા કલ્પવૃક્ષ અને ચિન્તામણિ રત્ન, પ્રત્યક્ષ વાંછિત ફળ આપે છે ખરા પરંતુ મોક્ષફળ સદ્ગુરુ વિના બીજો કોઇ દઇ શકે નહીં.

૪ એક જીભથી સદ્ગુરુનો મહિમા કેમ કરીને કહી શકાય ? અરે! શેષનાગ પોતાના સહસ્ર મુખથી પણ તેમનું વર્ણન પૂરું કરી શકતા નથી.

૫ ગુરુદેવ શ્રેષ્ઠ છત્રીશ ગુણોવડે શોભિત–અલંકૃત હોય. છે, તેમની સેવા–ભક્તિ હે ભવ્ય જનો! તમે ત્રિકરણયોગથી સદાય કરો.

૬ જેમ ચકોરી ઉદય પામેલા ચંદ્રને નિરખી દિલમાં ખુશી ખુશી થાય છે તેમ હૈયે આનંદ ધરીને તમે ગુરુની સાથે સદા પ્રીતિ કરો.

૭ જેમ મેઘનો ગર્જારવ સાંભળી મોર ખુશ ખુશ થઈ જાય છે તેમ સદ્ગરુની હિતવાણી સાંભળી દિલમાં ખૂબ સુખ–સંતોષ ઉપજે છે.

૮ શ્રી ગુરુકૃપાથી હું દયા છત્રીશીની રચના કરું છું. દયા ધર્મ જગતમાં પરમ અનુપમ સાધન છે. એના આરાધનથી સુખે સંસારનો પાર પમાય છે.

૯ ધર્મનું મૂળ **દયા** છે. દયાનું મૂળ **જિનઆણા** છે. **આજ્ઞાનું મૂળ વિનય** શ્રી સિદ્ધાન્તમાં વખાણેલ છે.

૧૦ સ્યાદ્વાદરૂપ જિનવાણીનો હૃદયમાં વિચાર કરી, તેનું રહસ્ય સમજી, મનમાં સ્વમતની મિથ્યા ખેંચતાણ ન કરો, એ સિદ્ધાન્તનો સાર-બોધ છે.

૧૧ પરમાત્માની પૂજા કરતાં હિંસા લાગે છે એમ કોઇ સ્વમતનો રાગી કહે છે તે પ્રાણી મિથ્યાત્વ સેવે છે. દયા-ધર્મનું તત્ત્વ-રહસ્ય તેણે જાણ્યું-પિછાન્યું નથી.

૧૨ શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યકનિર્યુક્તિમાં ઉક્ત પ્રભુપૂજા ઉપર કૂપ-ખનનનું મજાનું દૃષ્ટાન્ત ઘટાવ્યું છે. તે જાણ્યા છતાં તેની ભ્રાન્તિ-શંકાશલ્ય ન મીટે તો તેમાં કર્મ-બહુલતાનો જ દોષ સંભવે છે. કૂવો ખણતાં તો તૃષાદિકનું દુઃખ ઉપજે છે પરંતુ પાછળથી તે સર્વ દોષોની લાંબા વખત સુધી નિવૃત્તિ થાય છે.

૧૩ પ્રભુ-પૂજામાં જયણાથી વર્તતાં ફક્ત સ્વરૂપ-હિંસા લાગે છે, તે અનુબંધાદિક દયાનું સ્વરૂપ વિવેકથી વિચારતાં કંઇ હિસાબમાં નથી, એમ અનુપમ તત્ત્વ-રહસ્ય વિચારી તે સંબંધી શંકાને વિવેકથી દૂર કરવી ઘટે છે.

૧૪ સર્વથા જીવહિંસા તજવારૂપ મહાવ્રત ગ્રહણ કરનાર પ્રમાદ રહિત સાધુ-સાધ્વીઓને નાની-મોટી નદી ઉતરતાં વિરાધક કહ્યા નથી. સાધુ જો કે નારીનો સંઘટ્ટ ન કરે તો પણ જો સાધ્વી પાણીમાં બૂડતી હોય તો તેને હાથે ઝાલી તારે-સાધુ ખેંચી બહાર કાઢે. કોઇ તથાવિધિ શાસનરક્ષાદિ-કના કારણે મુનિરાજ સાધુવેષ તજે તો પણ તેને ત્રીજા ઠાણાંગ

સૂત્રમાં આરાધક કહેલ છે. **આજ્ઞામાં જ દયા** વખાણી છે. બાકી બીજે સ્વમત પોષવામાં દયા કહી નથી. એમ જાણીને વિવેકથી વિચાર કરશો તો કુમતની ખેંચતાણ રહેશે નહીં.

૧૫ જિનરાજ ભગવંતની પ્રતિમાને સાક્ષાત્ જિનરાજ સમાન **રાયપસેણી** સૂત્રમાં પ્રગટ પાઠથી બતાવી છે. **ભગવતી** સૂત્રમાં તથા **ઉવવાઇ** સૂત્રમાં જિનચૈત્યનું શરણ ગ્રહ્યાના કેટલાએક દાખલા દેખાય છે. **જીવાભિગમ** સૂત્રમાં વિસ્તારથી **વિજયદેવ**ની વાત અને **સૂર્યાભદેવ**ની વાત **રાયપસેણી**-સૂત્રમાં આવે છે. એવા દાખલા સૂત્રોમાં ઠેર ઠેર દેખાય છે તેમ છતાં તેને પ્રમાણરૂપ ન માને તો તેને કુમતિના જોરે શઠતા–ધૃષ્ટતાધારી સમજવો.

૧૬ સમકિતી દેવો જિનરાજ પ્રભુની ભાવથી ભક્તિ કરે છે. એકાવતારી (એક મનુષ્ય ભવના અંતરે મોક્ષે જનાર) ઇન્દ્રની આગળ એવા સમકિતી દેવ વિનયથી નમી, કર્તવ્ય સંબંધી પૃચ્છા કરતાં ઇંદ્ર તેઓને પ્રભુપૂજાનું ફળ મોક્ષદાયક છે તેમ જણાવે છે. ઇંદ્રને પણ પ્રભુપૂજા અતિવ રુચે છે. વિદ્યાચારણ ને જંઘાચારણ મુનિવરો સ્વલબ્ધિબળે નંદીશ્વર અને રૂચકાદિક દ્વીપોના શાશ્વત ચૈત્યોની યાત્રા કરીને મનના મોહને વમે છે–દૂર કરે છે ને સમકિતને ઉજ્વળ કરે છે તેમજ જિનપ્રતિમાની આકૃતિવાળા કોઇ મચ્છને દેખી, બીજા હળુકર્મી મચ્છો જાતિસ્મરણ જ્ઞાનયોગે સમકિત પામી મિથ્યાત્વને દૂર કરી શકે છે.

૧૭ દયામાં જ ધર્મ અને ધર્મમાં જ દયાભાવ વખાણ્યો છે. દયા અને ધર્મ એ અન્યોન્ય ભેગા જ જાણવા, જુદા ન

જાણુવા. વ્યાખ્યાન–સભામાં નમ્રભાવે વિનયપૂર્વક બેસી જ્ઞાની ગુરુ સમીપે દયાનું વાસ્તવિક સ્વરૂપ પૂછી તે કહે તે ધારવું. જ્યાં પરમ પવિત્ર દયા–ધર્મનું તત્ત્વ–રહસ્ય યથાર્થ જાણુવાનું મળે તે ક્રોડો ગ્રંથોના સાર–દોહનરૂપ સિદ્ધાન્ત જાણી તે હૃદયમાં અવધારીને તેમાં દૃઢ શ્રદ્ધા–પ્રતીતિ ઉપજાવવી. અન્ય જીવોના પ્રાણુને નિજ પ્રાણુ સમાન સમજીને આપણા ચિત્તમાં દયાભાવ પ્રગટાવવો એમ શ્રી **ચિદાનંદજી** મહારાજ સહુ જીવોને પરમ કરુણારસથી પ્રેરાઇને ઉપદિશે છે.

૧૮ અસંભવિત વાત કદાચ બને તો પણ હિંસાથી કદાપિ ધર્મ હોઇ ન શકે એમ જણાવે છે.

સિદ્ધ થયેલ–મોક્ષ પામેલ જીવ ફરી જન્મ લે, કોઇ ઝેર ખાય છતાં જીવે–પ્રાણ ધારણ કરે, અચળ એવો સુમેરુ કદાચ ડગે એમ માનીએ, વળી પૃથ્વી ઉંધી વળે અને આકાશનો નાશ થાય તો પણ હિંસા યુક્ત કર્મ કરતાં ધર્મ–પુન્યલાભ થાય એમ કદાપિ ન માનવું; કારણ કે હિંસામાં ધર્મ માની મૂઢમતિ જીવો આત્મ–હાનિ કરે છે. એવી હિંસાની વાત કરનારને મિથ્યાત્વનો ઉદય થયેલ સમજવો. પરના પ્રાણુને નિજ પ્રાણુ સમાન લેખી, ચિત્તમાં દયા–કોમળતા લાવવી જોઇએ એમ ચિદાનંદજી મહારાજ પ્રેમયુકત વચનોવડે ખરી વાત સમજાવે છે.

૧૯ જીવદયાના બે ભેદ: દ્રવ્યદયા ને ભાવદયા અથવા સ્વરૂપદયા ને હેતુદયા (તેમજ અનુબંધદયા) જિનેશ્વર દેવે કહ્યા છે તેનું રહસ્ય સદ્‌ગુરુકૃપાથી પામી શકીએ. એટલા માટે સદાય સદ્‌ગુરુની સેવા–ઉપાસના કરવી, એવી ટેવ (ટેક)

રાખી, તેના પર પરમ પ્રેમ લગાડવો જોઇએ. ઉક્ત દેવ–ગુરુ-ધર્મ તારા ઘટમાં સાવ નજીક છે તેને શોધવાને હવે બહાર કયાં ભમે છે ? અર્થાત્ બહારની દોડ તજી, ઉક્ત તત્ત્વત્રયને નિજ ઘટમાં જ શોધ. એ તત્ત્વત્રયની એકતા વિચારી, તત્ત્વને। જાણ હોય તે ભિન્નતા ન ધારે પણ શુદ્ધ જ્યોતિરૂપ થઈ શુદ્ધ જ્યોતિમાં સમાઇ રહે.

૨૦ દયા–સેવા જેવી જગતમાં બીજી કોઇ ઊંચી સાધના નથી એમ જાણીને સંતપુરુષો દયા–અહિંસાને જ પ્રધાનપદ આપી પોતે તેવી આચરણા કરે છે. જીવદયાને હેતે શ્રી જિન-રાજ દેવ સઘળા રાજ–સમાજને તજી પાંચ મહાવ્રતોને ધારણ કરે છે, તથા પ્રબળ ને પ્રચંડ એવા ઘોર ઉપસર્ગો ને પરી-ષહોરૂપી ચોરોનો ત્રાસ ભલી ભાતે અદીનપણે સહન કરે છે. એમ સ્વશક્તિ સંભાળી, પુરુષાતન ફોરવી, મોહ–મમતા બંધ-નને જે છેદે છે તે પરમ પુરુષાર્થ યોગે શિવરમણી વરે છે–મોક્ષગતિ પામે છે. એમ ચિદાનંદજી મહારાજ નિજ આત્માને સંબોધતા છતાં શુદ્ધ દયાનો નિષ્કર્ષ બતાવે છે.

૨૧ કોઇ જીવને પોતાથી ભય–ત્રાસ પેદા ન જ થાય એવું જે શ્રેષ્ઠ અભયદાન જિનેશ્વર દેવે વખાણ્યું છે તે સંબંધી શુદ્ધ સમજ મુનિરાજની પાસે પામીએ. જે મહાનુભાવ મુનિ-પદને ધારણ કરે–પાંચ મહાવ્રત આદરે તે અહિંસામૂળ તે તે વ્રતોનું સ્વરૂપ નિશ્ચયથી ને વ્યવહારથી (દ્રવ્યથી ને ભાવથી) સંભારે, અને તે પ્રમાણે પ્રમાદ રહિત આપોઆપ આચરણ કરે. તેવા મુનિરાજને શાસ્ત્રસિદ્ધાન્તમાં કરુણાસાગરની ઉપમા આપેલી છે. તેવા કરુણાસાગર મુનિરાજનાં ચરણકમળ દેવેંદ્રો પણ પૂજે છે, આનંદના કંદરૂપ એવા મુનિજનોના ચરણોનું

સદાય આળસ તજી ગુણ-ચિન્તવન કરવું. તેવા મુનિજનોના સદ્ગુણોનું ચિન્તવન કરી, ઉત્તમ વિવેક આદરવાથી આપણો આત્મા શુદ્ધ સ્વરૂપને પામે એમ ચિદાનંદજી કહે છે.

૨૨ મુખથી દયા દયા ભાખે પણ એનો સાર-વિવેક હૃદયમાં ધારે નહીં તેવા માણસને પ્રગટ પશુ સમાન કહ્યો છે. જયાં સુધી જીવ એવો વિવેક ન પામે ત્યાં સુધી આત્મહિત સાધી ન શકે, કેમકે ઉક્ત દયારૂપ ધર્મ સાર-વિવેકમાં જ રહ્યો છે. જેના હૃદયમાં એવો વિવેક જાગ્યો છે તેને જ અતિશય જ્ઞાની જાણવો. તેને જ ઉક્ત સુતત્વત્રયીનું રહસ્ય સાચેસાચું સમજાયું છે. શુદ્ધ અહિંસાદિક તત્વનું સ્વરૂપ પોતે સમજ્યા વગર ખોટી ખેંચતાણ કરે છે તે મહામોહરૂપ મહાનદીમાં તણાઇને ભારે દુઃખી થાય છે.

૨૩. વેદીયા ઢોર જેવા મૂઢમતિને ચિદાનંદજી મહારાજ ઉપદેશે છે કે-ભાઈ! તું વેદ શબ્દરૂપે ભણ્યો પણ તેનો મર્મ તેં જાણ્યો નથી. વેદમાં જ અહિંસારૂપ પરમ ધર્મ વખાણ્યો છે. ઉક્ત અહિંસારૂપ ધર્મનું લક્ષણ **ભાગવત**માં બતાવ્યું છે. તેમાં જે મંત્ર-જાપ બતાવ્યો છે તેનો પરમાર્થ સમજ્યા વગર, પશુઘાત કરવાનો તેં દૃઢ આગ્રહ ધાર્યો છે. અહિંસાદિક શુદ્ધ સ્વરૂપ સમજ્યા વગર જે ખોટો આગ્રહ-કદાગ્રહ ધારે છે તે મહામોહરૂપ નદીઓના નીચ પ્રવાહમાં તણાઈ દુઃખી થાય છે. આવો કદાગ્રહ તજી શુદ્ધ વસ્તુતત્ત્વ સમજી તેને સાર્થક કરવાનું કહે છે.

૨૪. આર્ય ક્ષેત્ર ને ઉત્તમ કુળ, સંત-સુગુરુનો સમાગમ, દીર્ઘ-લાંબું આયુષ્ય, નીરોગી અવસ્થાનું સુખ, વિશાળ ઋદ્ધિ

તથા ઘણો કુટુંબ પરિવાર, દશે દિશામાં કીર્તિનું વિસ્તરવું, ઉપરાંત સાંસારિક વસ્તુ ઉપરનો વધારે પડતા રાગનો વેગ કમી થાય–એવું મહાફળ જેના યોગથી નીપજે તેવી નિર્દોષ દયામાં મારું મન વાસ કરી રહો.

૨૫. અતિશયશાળીની પેઠે જેથી ઇન્દ્ર–નરેન્દ્રો પણ સેવા–ભક્તિ કરે, અષ્ટ સિદ્ધિ ને નવ નિધિ વાધે તથા તેજ–પ્રતાપ જેથી ખૂબ વધવા પામે, જ્ઞાનરૂપ રવિ નિજ ઘટ અંતર પ્રગટે, જેથી મિથ્યાત્વ અંધકાર સર્વથા નાશે, આવા પ્રકારનું મહા-ફળ જેથી પ્રગટે એવી નિર્દોષ દયામાં મારૂં મન રમો, સદા વાસ કરી રહો. એવી શુદ્ધ સાત્વિક દયાના આરાધનવડે સ્વ-પર હિત–કલ્યાણમાં સદા અભિવૃદ્ધિ થયા કરો એ જ ભાવના.

૨૬. કોઇ અજ્ઞાની જીવ મોક્ષ મેળવવા કંઇક જાતના કષ્ટ કરે છે તે સાચા જ્ઞાન યા જાણપણા વગર બહુ જીવને સંતોષ ઉપજાવે છે. હાથ ઊંચા અને મુખ નીચે રાખી ઝૂલતો રહે છે. પંચાગ્નિ સળગાવી પોતાની કાયાને તપાવે છે. કોઇ વળી ફળફૂલનું ભક્ષણ કરી રહે છે અને અણગલ પાણીમાં પડી નિત્ય સ્નાન કરે છે. આમ કરુણાભાવ વગરની કરણી કરનાર પરમાત્મસ્વરૂપને શી રીતે પામી શકે ? તેથી કરૂણાભાવ આદરવા અને એ રીતે પરમાત્મસ્વરૂપ પામવા ઉપદેશ કરે છે.

૨૭. સર્વે જીવોને સ્વઆત્મા સમાન લેખી અન્ય કોઇને પીડા ન ઉપજાવે, જ્ઞાન સરોવરમાં નિત્ય સ્નાન કરે અને સમતા ગુણ ધારી મમતા મળને દૂર કરે, અલ્પ–પરિમિત ને નિર્દૂષણ–દોષ રહિત આહાર ગવેષી લાવીને કરે, યોગાનલ-

વતી તનને તપાવે એ રીતે સઘળી કરણી કરુણામયી કરીને સાધક જીવન્મુમુક્ષુ આત્મા પરમાત્મભાવને પામે.

૨૮. સ્થાવર અને જંગમ(ત્રસ)રૂપ સઘળા ચરાચર જીવોને **વેદાંત** બ્રહ્મસ્વરૂપ વદે છે. સર્વ જીવાત્માના ઘટ-ઘટમાં એ બ્રહ્મસ્વરૂપે વ્યાપી રહેલ છે, એવો વિવેકયુક્ત બોધ જેના હૃદયમાં ઊગી આવે તે સર્વ હિંસા અને વિરોધ-ભાવ તજીને મનને વશ કરે, ક્ષમા ગુણ ધારે, પરની પીડા પીછાણે એટલે પર જીવની પીડા ટાળવા બનતો પ્રયત્ન કરે. આ રીતે પૂરણ બ્રહ્મ આરાધન યોગ્ય પૂરણ જ્ઞાનયુક્ત ક્રિયા કોઇક વિરલા જાણે ને આદરે.

૨૯. સાધુના ભેખને ધારણ કરી વિવેક વિના માયા-કપટ કરી નાહક જનતાને ભ્રમમાં નાખે છે. જો જીવઘાત કરતાં ધર્મ થતો હોય તો પાપનું કારણ બીજું શું કહેવાય? જીવ-ઘાત જ પાપનું-પાપબુદ્ધિનું કારણ છે, તેમ છતાં મોહવશ તેની વિસ્તારેલી માયામાં અજ્ઞાન-અવિવેકી જીવો ફસાઈ પડે છે. બાકી જ્ઞાની પુરુષો પોકારી પોકારીને કહે છે કે-' પરોપ-કાર-પરની પીડા હરવાથી પુન્ય અને પરને પીડા ઉપજાવવાથી પાપબંધન થાય છે ' એવો વિવેક હૈયે નહીં ધારતાં જે પાપ કરતાં ડરતો નથી, પાપારંભમાં રક્ત રહે છે તેને નરકગતિમાં જવું-ઉપજવું પડે છે અને ત્યાંની વિવિધ યાતના-કદર્થના સહવી પડે છે.

૩૦. પાપારંભ કરનારના હૃદયમાં લેશમાત્ર દયા-અનુકંપા રહેતી નથી એમ હે પ્યારા જીવ! તું સમજી લે. એવા દયા-અનુકંપાવાળા સાત્ત્વિક વિચાર હૃદયમાં ધારી પાંચ મહાવ્રત-

ધારી મુનિરાજ જંજાળભરી ખટપટથી ન્યારા થઇ રહે છે, જેના અંતરમાં વિવેક જ્યોતિ જાગી હોય તેને લોકદેખાવ કરવાની જરૂર જ શી હોય ? જે મહાનુભાવે વિષય-કષાયને વશ કરી લીધા છે એવા ઉત્તમ લક્ષથી જ ભાવલોચપૂર્વક દ્રવ્ય કેશનો લોચ કરી, જગતપ્રપંચથી જે નિરાળા રહે છે તેમના સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

૩૧. જેમ લોહીમાં રંગેલા–ખરડેલા મલિન વસ્ત્રને ફરી લોહીથી ધોયા કરે તો પણ તે કદાપિ ઉજ્વળ થશે જ નહીં તેમ હિંસા યુક્ત પાપકરણીવડે પાપને દૂર કરવા ચાહે તે અવળી મતિને ધારનાર મહામિથ્યાત્વી–વિપરીત વાસનાવાળા જાણવા. નિર્મલ નીરમાં મલિન વસ્ત્રને ધોતાં તે શુદ્ધ નિર્મળ થવા પામે છે, એવી રીતે શુદ્ધ સાત્ત્વિક વાસ્તવિક દયાથી પોતાના આત્માને વાસિત કરનાર મહાશય સિદ્ધ સમાન સિદ્ધસ્વરૂપને પામી જાય છે.

૩૨ કોઇ એક દાની રાજા–ચક્રવર્તી કંચનના મેરુ સમાન ઢગલાનું અને સારી પૃથ્વીનું દાન દે, જયારે બીજો કોઇ દયાળુ આત્મા એકાદ જીવની પ્રાણરક્ષા કરે તેના ફળ–પરિમાણ આશ્રી ઉપરોક્ત સુવર્ણદાન અને પૃથ્વીદાન કરતાં પુરાણમાં જીવિતદાનને અધિક વખાણ્યું છે. એ રીતે હૃદયમાં વિવેકથી વિચારી લેતાં ખરા વાસ્તવિક અભયદાનમાં મારું મન લોભાયું છે. દયા–દાન સંબંધી સાચો ભેદ–પરમાર્થ સમજી અન્ય ખપી જીવોને સમજાવવાથી તેનું યથાર્થ મહત્ત્વ તેમના લક્ષમાં આવી શકે. સદ્ગુરુના પસાયે અમને એનો પરમાર્થ ઠીકઠીક સમજાયો છે.

૩૩ સહુ જગતના જીવો જીવવાની ઇચ્છા રાખે છે અને મરવું સૌને અનિષ્ટ લાગે છે તેમ છતાં મહાદોષકારી એવા અકાર્યમાં મૂઢ જનો અજ્ઞાનવશ અધિક પ્રેરાય છે. હિંસા કરતાં અતિ ક્રોધ-કષાય જાગે છે અને દયા-દાનાદિક શુભ કાર્યથી બેનશીબ રહેનાર નરકનાં ભારે દુઃખ પામે છે એમ સમજી આત્માર્થી સજ્જનો એવા હિંસા-આરંભોથકી ખુબ સાવધાનપણે દૂર ને દૂર રહે છે અને મીઠાંમધુરાં ફળને મેળવી શકે છે.

૩૪ હે પ્યારા ચિદાનંદ ! દયારૂપી સુકાનીવાળા, વિવેક-રૂપી કમાનવાળા, બે પ્રકારના તપરૂપી બે બાજુ પાવડીઓ-(હલેસા)વાળા, આર સારા દાંડાયુક્ત કૂવાસ્થંભવાળા નાવમાં બેસી ભલા મનરૂપ માલિમ(પવન જાણુનાર)ને જગાડીને, શુભ ધ્યાનરૂપ સઢને તાણી તૈયાર કરીને, શુભ પરિણામરૂપી તોપ લગાવીએ અને એવા નાવવડે મોહમયી નદીનો ઉતાવળે પાર પામીએ.

ચિદાનંદજી મહારાજ કહે છે કે—એવી ખરી દયારૂપી નાવમાં બેસી, મોહમયી મહાભયંકર નદીનો વેગે પાર પામી શકાય, તેથી એ સુખકર ને દુઃખહર સાધનનો જ કલ્યાણાર્થી જીવોએ આશ્રય કરવો યુક્ત છે.

૩૫-૩૬ વિક્રમ સંવત્ ૧૯૦૬ ના સુખકારી વર્ષે, શ્રી ગૌતમસ્વામીના કેવળજ્ઞાનના દિવસે, **ભાવનગરમાં શ્રી ગોડી પ્રભુને ભેટીને**, તેમના પસાયે આ **દયા છત્રીશી**ની રચના વિગેરે મારા મનની સઘળી આશા-ઇચ્છા સફળ થઇ છે એમ ગ્રંથને છેડે **ચિદાનંદજી** મહારાજ જણાવે છે.

શ્રીમાન ચિદાનંદજીપ્રણીત પ્રશ્નોત્તરમાળા (સંક્ષેપમાં)

૧ દેવ-મહાદેવ કયા ? રાગ દ્વેષ મોહવર્જિત શ્રી અરિહંત.

૨ પવિત્ર સર્વોત્તમ ધર્મ કયો ? અહિંસા-સંયમ-તપલક્ષણ.

૩ હિત ઉપદેશક ગુરુ કયા ? અપાર અને અગાધ ક્ષમાદિ ગુણધારક સુસાધુ.

૪ સાચું પારમાર્થિક સુખ કયું ? સ્વરૂપરમણતા.

૫ પરમ દુઃખ કયું ? જન્મ અને મરણ.

૬ ખરૂં હિતકારક જ્ઞાન કયું ? જેથી આત્માની ઓળખાણ થાય તે.

૭ પ્રબળ અજ્ઞાન કયું ? જે ભવાભિનંદી ભવચક્રમાં ભમાવે તે.

૮ ઉત્તમ ધ્યાન કયું ? જેથી ચિત્તની એકાગ્રતા સ્થિર થાય તે.

૯ ઉત્તમ ધ્યેય કયું ? વીતરાગ પરમાત્મા.

૧૦ ધ્યાતા કોણ ? જીવના તત્વ અર્થના જાણ એવા મુમુક્ષુજનો.

૧૧ મોટું સ્વમાન કયું ? મોક્ષની યોગ્યતાસાધક ભવ્યતા.

૧૨ મોટામાં મોટું અપમાન કયું ? મોક્ષપ્રતિબંધક અભવ્યતા.

૧૩ જીવનું લક્ષણ શું ? ચિત્તના જ્ઞાન-દર્શન-ચારિત્ર.

૧૪ અજીવ-જડનું લક્ષણ શું ? ઉક્ત ચેતના રહિતપણું.

૧૫ પુણ્ય તે શું ? જેથી પાવન થવાય તેવો પરઉપગાર.

૧૬ પાપ તે શું ? જેથી આત્મા મલિન થાય તેવી પર-પીડા.

૧૭ આશ્રવ તે શું ? નવા નવા શુભાશુભ કર્મોના આવવાના કારણ.

૧૮ સંવર તે શું ? ઉક્ત આશ્રવને અટકાવે તે સમતાદિ સાધનો.

૧૯ તપ કોને કહેવો ? જેથી કર્મ નિર્જરા થાય અને આત્મા ઉજ્જ્વળ થાય તે.

૨૦ દુઃખરૂપ બંધન કયું ? પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશરૂપ ચાર ભેદે બંધાતા કર્મો.

૨૧ અનુપમ મોક્ષ કયું ? કર્મબંધનો સર્વથા અભાવ થાય તે.

૨૨ હેય–ત્યાજ્ય શું ? મોક્ષ–મમતાદિક પરપરિણતિ.

૨૩ જ્ઞેય શું ? સ્વપરભાવનો બરાબર બોધ થાય તેવા દ્રવ્ય પદાર્થો.

૨૪ ઉપાદેય એટલે શું ? મહા સુખ–શાંતિને આપનારા આત્માના જ્ઞાનાદિ ગુણો.

૨૫ પરમ બોધ કયો ? મિથ્યાત્વ–વિપર્યાય–વિપરીત વાસનાને અટકાવે તે.

૨૬ દુઃખદાયક અબોધ કયો ? મિથ્યાત્વ–મિથ્યાદર્શન.

૨૭ સુવિવેક કયો ? આત્માનું ખરૂં હિત ચિંતવાય તે.

૨૮ અવિવેક કયો ? જડ–પુદ્ગલની ચિંતા કરાય તે.

૨૯ ચતુર કોણ ? પ્રમાદ તજી પરભવનું સાધન કરી લે તે.

૩૦ મૂર્ખ કોણ ? કર્મબંધ વધે તેવા કારણો સ્વચ્છંદપણે સેવે છે.

૩૧ ખરો ત્યાગી કોણ ? જે નિઃસ્પૃહી બની અક્ષય મોક્ષ પદ પામે છે.

૩૨ ખરો દુઃખી કોણ ? લોભી–લોભાંધ–ગમે તેવો ધનાઢ્ય હોય તો પણ તે દુઃખી છે.

૩૩ પોતે ગુણાનુરાગી હોય તે જલ્દી ભવનો પાર પામે છે.

૩૪ ખરો યોગી–મહાત્મા તે કે જેને લગારે માયા–મમતા ન હોય.

૩૫ ખરો યતિ–સાધુ તે કે જે મન અને ઇંદ્રિયોને કબ્જે રાખે.

૩૬ ખરો સંત–મહાત્મા તે કે જે ક્ષમા સમતા રસના સાગર હોય.

૩૭ માન–અહંકાર ત્યજી સર્વ કર્તવ્યપરાયણ રહે તે મોટો મહંત છે.

૩૮ ખરો શૂરવીર તે કે જે કામ વિષય ઇંદ્રિયોને જીતે.

૩૯ કામને વશ થઇ જઇ સ્વ સત્વ ગુણ ગુમાવી દે તે ખરો કાયર.

૪૦ વિવેક રહિત અવિવેકીને પશુ તુલ્ય જાણવો.

૪૧ ખરો માનવ તે કે જેના ઘટમાં આત્મજ્ઞાન પ્રગટયું છે.

૪૨ જેની ઇન્દ્રાદિકો સેવા કરે છે તેવા દિવ્યદૃષ્ટિના ધારક જિનદેવ છે.

૪૩ જેને બ્રહ્મજ્ઞાન–આત્મજ્ઞાન–પરમાત્મ પીછાણ હોય તે ખરો બ્રાહ્મણ.

૪૪ ખરો ક્ષત્રિય–રાજપૂત તે કે જે અંતરંગ શત્રુઓને વશ કરી શકે.

૪૫ ખરો વૈશ્ય-વણિક તે કે જે લાભહિતને બરાબર સમજી શકે.

૪૬ શૂદ્ર તેને જાણવો કે જેને ભક્ષ્ય અભક્ષ્યનો કશો વિવેક જ ન હોય.

૪૭ સંસારના દૃશ્ય સુખ દુઃખ ક્ષણિક હોવાથી તેમાં હર્ષ શોક ન કરો.

૪૮ સ્થિર-શાશ્વત સુખ આપનાર પરમ હિતકારી સર્વ-જ્ઞોક્ત જિનધર્મ છે.

૪૯ પાંચ ઇન્દ્રિયોના દેખીતાં સુખને કેવળ તુચ્છ જાણી જ્ઞાની જનો તજે છે.

૫૦ ખરા સંત-સાધુ જનોનું સમતા-સમાધિનું સુખ વર્ણવી ન શકાય તેવું અગાધ છે.

૫૧ ઇચ્છારોધ (નિઃસ્પૃહતા) એ ઉત્તમ પ્રકારનો તપ છે.

૫૨ પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રના જાપ જેવો જગતમાં ઉત્તમ જાપ નથી.

૫૩ જેથી આત્મા સ્થિર-શાન્ત થઇ, ભવસાગરનો પાર પામે તે જ ખરો સંયમ.

૫૪ છતી શક્તિ છુપાવે-દિલચોરી કરે તેને જ્ઞાની જનો ચોર કહે છે.

૫૫ જે અપ્રમત્ત ભાવે (સર્વ પ્રમાદ પરિહરી) મોક્ષ સાધના કરવા તત્પર રહે છે, રત્નત્રયીનું આરાધન કરે છે તે ખરા ભાવ સાધુ છે.

૫૬ મનની ગતિ અતિ દુર્જય-જલ્દી હાથમાં ન આવે એવી કઠણ છે, તેથી જ 'મન જીત્યું તેણે સઘળું જીત્યું' એમ ગવાય છે.

૫૭ સામાન્યતઃ સ્ત્રી જાતિમાં અધિક કપટ હોય છે તેથી જ તેનાથી ચેતતા રહેવું.

૫૮ નીચ-ક્ષુદ્ર મનવાળા હોય તે પરનું અહિત-અનિષ્ટ ચિન્તવે છે.

૫૯ ઉત્તમ સ્વભાવવાળા હોય તે વિકથા નિવારી શુદ્ધ પ્રેમ ધારે છે.

૬૦ નિઃસ્પૃહી સાધુજનો ધનથી લોભાઇ જતા નથી-ધનવંતની શેહમાં તણાઇ જતા નથી. હર્ષ-શોકથી અલિપ્ત રહી તેઓ સ્વપરહિત કરી શકે છે.

૬૧ ક્રોધ-કષાય સમો કોઇ પ્રચંડ (અત્યંત-આકરો) અગ્નિ નથી.

૬૨ માન-અહંકાર એ મહોન્મત્ત હસ્તી સમાન છે.

૬૩ માયા જગતમાં જીવોના સત્યને નષ્ટ કરનારી વિષવેલ્લ છે.

૬૪ સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ લોભ સમુદ્ર અપાર ને અગાધ છે.

૬૫ નીચ સંગથી ડરતા રહી તેના દુષ્ટ ચેપથી બચવા દૂર જ રહેવું.

૬૬ ઉત્તમ સંત-સાધુનો સમાગમ સદાય ઇચ્છવો ને કરવો.

૬૭ ઉત્તમ સંગતિ યોગે આપણામાં સદ્ગુણની વૃદ્ધિ થાય.

૬૮ પરનારીનો સંગ–પ્રસંગ કરવાથી પોતાની પ્રતિષ્ઠા લોપાય.

૬૯ ચપળ આયુષ્ય ને ચપળ લક્ષ્મીનો ભરોંસો નહી કરતાં તેનો સદુપયોગ કરવો.

૭૦ નામ એનો નાશ છે જ–કેવળ મોક્ષ–પરમાત્મ પદ જ અવિનાશી છે.

૭૧ ત્રણ ભુવનમાં સારભૂત એક જિનેશ્વરપ્રણીત શુદ્ધ ધર્મ જ છે.

૭૨ તન, ધન, યૌવન એ સઘળા ક્ષણવિનાશી ને ભય યુક્ત છે.

૭૩ દુર્ગતિથી બચવા ઇચ્છતા હો તો નારીથી સ્નેહ ન બાંધો.

૭૪ અંતરલક્ષ રહિતને અંધ સમજવો, કેમકે તે બંધ મોક્ષને અણજાણતો અંધની જેમ અકાર્ય કરવા દોરાય છે; જેથી તે મુક્ત થઇ શકતો નથી.

૭૫ આપ્તજનોના એકાંત હિતવચનો સાંભળવા જે દરકાર નથી કરતો તેને બહેરો સમજવો. તેનો ઉદ્ધાર શી રીતે થઇ શકે ?

૭૬ અવસરઉચિત સુભાષિત જે બોલી જાણતો નથી તેને જ્ઞાની પુરુષો મૂંગો ગણે છે. તે સ્વકાર્ય સુધારી શકતો નથી.

૭૭ દયા–જયણા સકળ જગતની હિતકારી પ્રેમાળ માતા છે.

૭૮ ધર્મને આપણો ખરો પાલક પિતા સમજી પ્રેમથી તેને સેવવો.

૭૯ બારીકીથી અવલોકન કરતાં મોહ સમાન મોટો શત્રુ બીજો કોઇ જણાતો નથી.

૮૦ સુખમાં સહુ સગાં-મિત્રો થવા આવે છે, દુ:ખ સમયે ખરી સહાય કરનાર, તેમાંથી ઉદ્ધાર કરી સન્માર્ગમાં સ્થાપનારને જ સાચો મિત્ર જાણો.

૮૧ પાપકાર્યોથી ડરી-અળગા રહી પૂન્ય કાર્યમાં પ્રવર્તે તે પંડિત.

૮૨ જે નિર્દયભાવે હિંસા કરે-કરાવે-અનુમોદે તેને મોહમૂઢ જાણો.

૮૩ જગતમાં જેને કોઇ જાતની કામના-ઇચ્છા-વાંછા રહી નથી એવા પૂર્ણ સંતોષી સંત સાધુજનોને જ ખરા સુખી સમજો.

૮૪ જેને લોભ-તૃષ્ણાનો કંઇ પાર નથી તેને ભારે દુ:ખી લેખો.

૮૫ જેમણે કામને જીત્યો તેણે જગ જીત્યો-તે ભય રહિત થયો.

૮૬ જગતના જીવોને મોટામાં મોટો ભય મરણનો લાગે છે, તેમને સહુને અહિંસકભાવે અભય આપવાથી પોતે અભય થવાય છે.

૮૭ લાંબો પંથ કરવાથી બહુ વસમું લાગી જાય છે ને વખતે નિત્યકર્મ અટકી પડે છે, તેથી જ લાંબી નજરથી નીતિશાસ્ત્રકાર કહે છે કે 'ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.' પણ અધીરા થઇ અતિ ઉતાવળ કરી લાંબો પંથ કરવાથી વખતે બધું અટકી પડે છે.

૮૮ બધી વેદનામાં ક્ષુધા સંબંધી વેદનાને પ્રબળ કહી છે અને તેથી જ બાવીશ પરીસહોમાં પણ ક્ષુધાપરીસહ પહેલો કહ્યો છે.

૮૯ ઇન્દ્રિયોને વક્ર (અશિક્ષિત કે કુશિક્ષિત) અશ્વ

જેવી લેખી તેમને જિનવચનરૂપી લગામવડે કેળવી, વશ રાખવા અને બને તેટલો તેમનો સદુપયોગ કરવા શાસ્ત્રકાર ફરમાવે છે.

૯૦ યથાર્થ સંયમ આત્માને કલ્પવૃક્ષની પેરે સુખશાન્તિ અર્પે છે.

૯૧ ખરૂં અનુભવજ્ઞાન ચિન્તામણી રત્ન જેવું અમૂલ્ય છે. અનુભવજ્ઞાન થવાથી વસ્તુગત રસાસ્વાદન-સુખ ઉપજે છે. યાવત્ એ જ્ઞાનને કેવળજ્ઞાનરૂપી સૂર્યનો અરુણોદય કહેલ છે.

૯૨ તત્ત્વવિદ્યા(આત્મ-અધ્યાત્મજ્ઞાન)ને શ્રેષ્ઠ કામધેનુ જેવી વખાણે છે. એથી લોકોત્તર(મોક્ષ)માર્ગની ચાવી હાથમાં આવી જાય છે, જેથી જન્મમરણની સર્વ જંજાળમાંથી છૂટી અક્ષય સુખ પામી શકાય છે.

૯૩ સાચી ભક્તિને ચિત્રાવેલી જેવી દુર્લભ કહી છે એથી જીવનું સકળ દુ:ખ દારિદ્ર સર્વથા ફીટે છે ને આત્મા અમર બને છે.

૯૪ સાચો સંયમ સર્વ દુ:ખને ટાળી અક્ષય મોક્ષસુખને મેળવી આપે છે.

૯૫ શ્રવણશોભા, નિર્મળ ગંગાજળ જેવી જિનવાણી સાંભળવાથી થાય છે.

૯૬ નયનશોભા, પ્રભુ સમી પ્રશાન્ત પ્રભુપડિમાને નિરખી બોધ લેવાથી થાય છે.

૯૭ મુખની અદ્ભુત શોભા, ગમે તેવા સંયોગો વચ્ચે પ્રિય, પથ્ય ને તથ્ય વદવાથી થાય છે.

૯૮ હાથની ખરી શોભા, સુવિવેકથી સત્પાત્રને દાન દેવાથી થાય છે.

૯૯ ભુજાબળે (પુરુષાર્થથી) ભવજળ તરાય તેથી પુરુષાર્થશાળીની ભુજાશોભા સમજો.

૧૦૦ નિર્મળ નવપદનું સ્થિર શ્રદ્ધાથી ધ્યાન ધરતા હૃદયશોભા લેખો.

૧૦૧ પ્રભુના અમૂલ્ય ગુણરત્નોને કંઠે ધારી, કંઠની ભારે શોભા કરી જાણો.

૧૦૨ સદ્‌ગુરુના ચરણની રજ શિર પર ધારી, એ રીતે ભાલશોભા કરીએ.

૧૦૩ અતિભારે મોહમળને સમ્યગ્‌જ્ઞાન-ક્રિયાયોગે તોડી અક્ષયપદ વરીએ.

૧૦૪ દુનિયામાં સઘળા પાપનું મૂળ લોભ સમજી સંતોષવડે તેને જીતવો.

૧૦૫ સઘળા રોગ રસવિકારથી થતા જાણી રસવૃદ્ધિ-લંપટતા તજવી.

૧૦૬ સકળ દુઃખનું કારણ સ્નેહ--રાગને સમજી, તેનાથી અળગા રહે તેની બલિહારી.

૧૦૭ નિજ કાયાને અશુચિભરી જાણી તેની મમતા તજવી.

૧૦૮ માયા–મમતા વર્જિત સરલ સ્વભાવી ભદ્રક પરિણામીને પવિત્ર લેખો.

૧૦૯ અધ્યાત્મ વાણી આત્માને શાન્ત-શીતળ કરનાર અમૃત સમી કહી છે.

૧૧૦ કેવળ પાપને પોષનારી કુથલી(વિકથા)ને જ્ઞાનીજનો વિષ સમી કહે છે.

૧૧૧ જ્યાં બેઠા કંઈ પરમાર્થ (સન્માર્ગ) પામીએ તેને જ કાયમ સંગતિ કહીએ.

૧૧૨ જે સ્થળે જવાથી અવગુણ આવે-વધે તેને જ કાયમ કુસંગતી કહીએ.

૧૧૩ દુર્જનનો સ્નેહ પતંગીયાના રંગની જેમ ચમક બતાવી ક્ષણમાં છેહ દે છે એમ જાણી તેવા દુર્જનના ક્ષણિક સ્નેહથી અંજાઇ પોતાનું બગાડવું નહીં.

૧૧૪ સજ્જનનો સ્નેહ ચોળમજીઠના રંગ જેવો સદાકાળ અભંગ રહે છે અને તેમનો સમાગમ કરવાથી કંઈ સદ્ગુણનો લાભ મળતો રહે છે. ઉક્ત બોલનો વિસ્તારથી અર્થ સમજી હૃદયે ધીરતા મિથ્યાત્વ-અંધકાર નાશ પામે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૩૪]

શ્રી સમયસાર પ્રકરણ–ભાષા અનુવાદ. (સરહસ્ય)

ગ્રંથપ્રવેશ યા પીઠિકા.

૧ ચાર વર્ગ–ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં સર્વજ્ઞ ભગવાન મોક્ષને જ ઉત્તમ કહે છે; કેમકે મોક્ષ સિવાયના ત્રણ વર્ગમાં એકાન્તિક (અક્ષય–અવિનાશી અને અબાધિત) સુખ નિશ્ચે તેમણે જોયું નથી.

૨ દાનાદિક ધર્મથકી સોનાની બેડી સમાન પુન્ય ઉપાર્જન કરીને સુખાભાસ(કલ્પિત સુખ)વડે માતેલા જીવો સંસારમાં ભટકે છે.

૩ પૈસા મેળવવા, સાચવવા અને ખોવાથકી પ્રગટ વધબંધનાદિક દુઃખ પામતા જીવો ખરેખર નજરે પડે છે.

૪ લેશ માત્ર સુખનો ભાસ આપી (વિનોદ પમાડી) પરિણામે શોચ (શોક) ઉપજાવનાર અને દુર્ગતિદાયક એવા કામ–ભોગને કોણ પ્રશંસે ?

૫ તેથી અનંત (અવધિ રહિત) સુખપૂર્ણ, સમસ્ત દુઃખપરંપરા રહિત અને જન્મ, જરા, મરણથી મુક્ત એવા મોક્ષ(વર્ગ)ને જ સમયજ્ઞ (શાસ્ત્રકારો)પ્રશંસે છે.

૬ તેવો મોક્ષ તો સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રને સંપૂર્ણ સેવી (આરાધી), સકળ કર્મ–મળનો ક્ષય કરીને મહાશયો મેળવી શકે છે.

તે સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં પ્રથમ જ્ઞાનસ્વરૂપ કહે છે.

સર્વજ્ઞકથિત યથાસ્થિત તત્ત્વ(વસ્તુસ્વરૂપ)નો જે અવબોધ થયો તેને સમ્યગ્ (યથાર્થ) જ્ઞાન કહેવામાં આવે છે.

તત્ત્વ પદાર્થો તીર્થંકર દેવોએ સાત કહેલા છે, તે આ રીતે –જીવ,[1] અજીવ,[2] આશ્રવ,[3] બંધ,[4] સંવર,[5] નિર્જરા[6] અને મોક્ષ.[7]

જીવતત્ત્વ નિરૂપણ નામા પ્રથમ અધ્યાય:

તેમાં જીવ બે પ્રકારના છે. ૧ સિદ્ધ+ અને ૨ સંસારી.

---

૧ સુખ દુ:ખ ઉપયોગ લક્ષણવંત જીવ. ૨ તેથી વિપરીત લક્ષણવંત અજીવ. ૩ જે વડે કર્મ આવે તે શુભાશુભ કર્મ ઉપાદાન હેતુક હિંસા; અસત્યાદિક આશ્રવ. ૪ જીવ કર્મનો અત્યંત સંબંધ તે બંધ. ૫ સમિતિ ગુપ્તિવડે આશ્રવનિરોધ તે સંવર. ૬ સ્થિતિ પરિપાકથી કે તપથકી કર્મોનું અંશત: ખપવું તે નિર્જરા. ૭ સકળ કર્મ ક્ષયથકી સ્વ આત્મામાં અવસ્થાન તે મોક્ષ. (ટીકા ઉપરથી.)

+ કૃતકૃત્ય થયેલા અથવા અપુનર્ભાવે લોકાગ્ર પદ પામેલા અથવા બાંધેલા આઠે કર્મનો સર્વથા ક્ષય જેમણે કરેલો છે તે સિદ્ધ–પરમાત્મા કહેવાય છે.

૧ ચતુર્વિધ શ્રમણ સંઘ ઉત્પન્ન થયે છતે જે સિદ્ધ થયા તે તીર્થ-સિદ્ધ અને

૨ તેના અભાવે સુવિધિનાથ પ્રમુખ તીર્થંકરોના આંતરે ધર્મ વ્યવચ્છેદ થયે જાતિસ્મરણાદિવડે જેમને મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો તે અતીર્થસિદ્ધ.

૩ તીર્થંકર પદવી પામીને સિદ્ધ થયા તે તીર્થંકરસિદ્ધ અને

૪ તે પદવી પામ્યા વગર સામાન્ય કેવળી થઇને મોક્ષપદ પામ્યા તે અતીર્થંકર સિદ્ધ.

૫ ગુરુના ઉપદેશ વગર સ્વયં બોધ પામીને સિદ્ધ થયા તે સ્વયં-બુદ્ધ સિદ્ધ.

તેમાં **સિદ્ધ** અનંત જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખ લક્ષણ એક સ્વભાવથી એક જ પ્રકારના છતાં છેલ્લા ભવરૂપ ઉપાધિ-ભેદ(સંબંધ)થકી પંદર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–૧ તીર્થ સિદ્ધ, ૨ અતીર્થ સિદ્ધ, ૩ તીર્થંકર સિદ્ધ, ૪ અતીર્થંકર સિદ્ધ, ૫ સ્વયંબુદ્ધ સિદ્ધ, ૬ પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, ૭ બુધબોધિત સિદ્ધ, ૮ સ્ત્રી લિંગ સિદ્ધ, ૯ પુરુષ લિંગ સિદ્ધ, ૧૦ નપુંસક લિંગ સિદ્ધ, ૧૧ સ્વલિંગ સિદ્ધ, ૧૨ અન્યલિંગ સિદ્ધ, ૧૩ ગૃહસ્થલિંગ સિદ્ધ, ૧૪ એક સિદ્ધ અને ૧૫ અનેક સિદ્ધ.

સંસારી જીવો તો એકવિધ, દ્વિવિધાદિક અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–સર્વે જીવોને સામાન્ય રીતે ઉપયોગ લક્ષણ હોવાથી તે એક પ્રકારના (લેખાય.) બે પ્રકારના–**ત્રસ** અને **સ્થાવર** અથવા **સંવ્યવહારિક** અને **અસંવ્ય-વહારિક.** તેમાં જેઓ અનાદિકાળથી સૂક્ષ્મ નિગોદમાં જ રહેલા છે, કદાપિ ત્રસાદિક ભાવને પામ્યા જ નથી તે **અસંવ્ય-**

---

૬ એકાદ વસ્તુ–સંધ્યારંગાદિક દેખી, બોધ પામી સિદ્ધ થયા તે પ્રત્યેકબુદ્ધસિદ્ધ.

૭ આચાર્યાદિકના ઉપદેશથી બોધ પામી સિદ્ધિ પામ્યા તે બુદ્ધ-બોધિતસિદ્ધ.

૮ ઉપરોક્ત પ્રત્યેકબુદ્ધ સિવાય જે કોઇ સ્ત્રીલિંગે સિદ્ધ થયા તે સ્ત્રીસિદ્ધ.

૯ જે કોઇ પુરુષ લિંગે સિદ્ધ થયા તે પુરુષલિંગ સિદ્ધ.

૧૦ તીર્થંકર અને પ્રત્યેક બુદ્ધ સિવાય જે કોઇ (કૃત્રિમ) નપું-સકલિંગે સિદ્ધ થયા તે નપુંસકલિંગ સિદ્ધ.

હારિક જાણવા અને જે જીવો સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી શેષ જીવોમાં (જીવયોનિમાં) ઉત્પન્ન થયા તે **સંવ્યવહારિક.** તે સંવ્યવહારિક જીવો ફરી પણ સૂક્ષ્મ નિગોદપણાને પામે તો સંવ્યવહારિક જ કહેવાય છે. ત્રણ પ્રકારના જીવો સ્ત્રી, પુરુષ અને નપુંસક ભેદે કરી અથવા વિરતિ, અવિરતિ અને દેશવિરતિ ભેદે કરી અથવા **ભવ્ય, અભવ્ય** અને **જાતિભવ્ય** ભેદે કરીને જાણવા. તેમાં મોડાવહેલા સિદ્ધિગતિ પામવા યોગ્ય હોય તે **ભવ્ય,** તેથી વિપરીત હોય તે **અભવ્ય** અને જાતિવડે ભવ્ય છતાં કદાપિ સિદ્ધિ પામશે નહિ તેમને **જાતિભવ્ય** જાણવા. કહ્યું છે કે–' સામગ્રીના અભાવથી, વ્યવહારરાશિમાં નહિ પ્રવેશવાથી જે સિદ્ધિસુખ પામશે નહિ એવા ભવ્ય (જાતિભવ્ય) પણ અનંતા છે. ' નારક, દેવ, મનુષ્ય અને તિર્યંચગતિ ભેદથકી ચાર પ્રકારના; એક બે ત્રણ ચાર અને અને પાંચ ઈન્દ્રિયોવાળા હોવાથી પાંચ પ્રકારના; પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ ભેદની કલ્પનાથી છ પ્રકારના;

---

૧૧ રજોહરણાદિ દ્રવ્ય લિંગ આદરી જે સિદ્ધ થાય તે સ્વલિંગ સિદ્ધ અને

૧૨ અન્ય પરિવ્રાજકાદિક લિંગે જ (સમકિત પ્રમુખ પામી, કેવળજ્ઞાન ઉપાર્જી તત્કાળ) નિર્વાણ પામે તે અન્યલિંગ સિદ્ધ. (કેવળજ્ઞાન પામ્યા પછી દીર્ઘ આયુષ્ય હોય તો તે પણ સાધુલિંગ જ આદરે છે.)

૧૩ મરૂદેવી માતાની પેરે **ગૃહસ્થ** લિંગે અંતકૃત કેવળી થઈ મોક્ષ પામ્યા તે **ગૃહસ્થ** લિંગ સિદ્ધ.

૧૪ એક એક સમયે એક એક મોક્ષે જાય તે એક સિદ્ધ અને

૧૫ એક સમયમાં બેથી માંડીને ૧૦૮ પર્યન્ત મોક્ષે જાય તે અનેકસિદ્ધ જાણવા. (ટીકા ઉપરથી)

કૃષ્ણાદિ છ લેશ્યા* પરિણામવાળા અને અયોગી કેવળીપણે લેશ્યા રહિત (અલેશી) એમ સાત પ્રકારના જીવો જાણવા.

આઠ પ્રકારના જીવો આ પ્રમાણે-૧ **અંડજા**-ઇંડાથી ઉત્પન્ન થયેલા (પક્ષી, ઘરોળી, મચ્છ, સર્પાદિક); ૨ **પોતજા**-(જરાયુ રહિત ગર્ભથકી જન્મે તે હાથી, ઘોડા, શશ, સારિકાદિક); ૩ **જરાયુકા** (ગર્ભવેષ્ટનથી વિંટાયેલા-મનુષ્ય, ગૌ, ભેંશ પ્રમુખ); ૪ **રસજા** (મદિરા, છાશ પ્રમુખ રસમાં ઉત્પન્ન થતા કીડા) ૫ **સંસ્વેદજા** (પરસેવાથી ઉત્પન્ન થતા જૂ, માંકણ પ્રમુખ); ૬ **સંમૂચ્છિમા** (તીડ, માખી, કીડી પ્રમુખ) ૭ **ઉદ્‌ભેદજા** (ભૂમિભેદથી ઉત્પન્ન થતા પતંગાદિક) અને ૮ **ઉપપાતજા** (દેવશય્યાદિકમાં ઉત્પન્ન થતા દેવતાઓ અને નારક) અથવા દેવ, નર, તિર્યંચ અને નારકના પર્યાપ્ત અને અપર્યાપ્તપણાવડે પણ જીવો આઠ પ્રકારના સમજવા. નવ પ્રકારના-પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ (સ્થાવર

---

* જેનાવડે જીવો કર્મ જોડે બંધાય છે તે લેશ્યા જાણવી-કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ્, પદ્મ અને શુકલવર્ણ (વાળા અતિ સૂક્ષ્મ પુદ્‌ગલ) દ્રવ્ય સહાયથકી જીવના જે અશુભ શુભ પરિણામવિશેષ થાય છે તે લેશ્યાષટ્કનું પરિણામ જાણવું. કૃષ્ણાદિક દ્રવ્યના સંબંધથી સ્ફટિક રત્નની પેરે આત્માનો જે શુભાશુભ પરિણામ થાય છે તે લેશ્યા સમજવી. તે કૃષ્ણાદિક દ્રવ્ય સકળ કર્મપ્રકૃતિના નિચોડરૂપ સમજવા અને તે લેશ્યાઓનું અધિક સ્વરૂપ જાંબુવૃક્ષના દૃષ્ટાંતે જાણવું. જાંબુ માટે સમૂળ, શાખા, પ્રશાખા, ગુચ્છ, ફળ અને પડેલાં જાંબુ માત્રથી સંતોષ પકડનાર તેમજ દ્રવ્યલોભથી સર્વ નગર, મનુષ્ય, પુરુષ, હથિયાર બંધ તથા લડનારાનો ધ્વંસ કરનાર અને ધન માત્ર હરનારાના દૃષ્ટાન્તથી સુસ્પષ્ટ થવા યોગ્ય છે. (ટીકા ઉપરથી)

એકેન્દ્રિ) અને ૨–૩–૪–૫ ઈન્દ્રિયોવાળા જીવો; એમાં પંચેન્દ્રિય જીવોના સંજ્ઞી અને અસંજ્ઞી બે ભેદ ગણતાં દશ પ્રકારના જાણવા; અગીયાર પ્રકારના–સૂક્ષ્મ બાદર એકેન્દ્રિય (૨) ત્રણ વિકલેન્દ્રિય (૫) જલચર, સ્થલચર, ખેચર (૮) મનુષ્ય, દેવ અને નારક (૧૧); બાર પ્રકારના જીવો–પ્રથમ દર્શાવેલા ષટ્કાય જીવો પર્યાપ્તાપર્યાપ્ત ભેદે જાણવા; તેર પ્રકારના જીવો-સૂક્ષ્મ નિગોદરૂપ એક અસંવ્યવહારિક (૧) પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને નિગોદ એ પાંચે સૂક્ષ્મ બાદરપણે બબે ભેદે ૧૦ કુલ (૧૧) પ્રત્યેક વનસ્પતિ (૧૨) અને ત્રસ (૧૩); ચૌદ પ્રકારના જીવો–સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિય (૨) ત્રણ વિકલેન્દ્રિય (૫) અસંજ્ઞી અને સંજ્ઞી (૭) એ સાતે પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદે; અથવા મિથ્યાદૃષ્ટિ (૧) સાસ્વાદન (૨) મિશ્ર (૩) અવિરત સમ્યગ્દૃષ્ટિ (૪) દેશવિરત (૫) પ્રમત્તસંયત (૬) અપ્રમત્તસંયત (૭), નિવૃત્તિ બાદર સંપરાય (૮) અનિવૃત્તિ બાદર સંપરાય (૯) સૂક્ષ્મસંપરાય (૧૦) ઉપશાન્ત કષાય વીતરાગ છદ્મસ્થ (૧૧) ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ (૧૨) સયોગીકેવળી (૧૩) અને અયોગીકેવળી (૧૪) એમ ચૌદ ગુણસ્થાનકવર્તી જીવો ચૌદ પ્રકારના જાણવા. એવી રીતે બુદ્ધિવંતોએ સિદ્ધાન્તાનુસારે અનેક પ્રકારે જીવભેદો પ્રરૂપવા યોગ્ય છે.

હવે ઉક્ત જીવોની સંક્ષેપે ભવસ્થિતિ પ્રરૂપવામાં આવે છે.

પૃથ્વીકાયની ૨૨ હજાર વર્ષની, અપ્કાયની ૭ હજાર વર્ષની, અગ્નિકાયની ત્રણ અહોરાત્રિની, વાયુકાયની ૩ હજાર વર્ષની અને પ્રત્યેક વનસ્પતિકાયની દશ હજાર વર્ષની. આ સર્વે ઉત્કૃષ્ટ સ્થિતિ બાદર પર્યાપ્તાઆશ્રી સમજવી.

હવે પર્યાપ્તા બેઈન્દ્રિયાદિકની ભવસ્થિતિ કહે છે.

બેઈન્દ્રિયની બાર વર્ષની; ત્રીન્દ્રિયની ૪૯ દિવસની; ચઉરિન્દ્રિયની છ માસની; અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જળચરની પૂર્વક્રોડીની; સ્થલચરની ૮૪ હજાર વર્ષની, ખેચરની ૭૨ હજાર વર્ષની, સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચ જળચર, થલચર અને ખેચરની અનુક્રમે પૂર્વક્રોડ, ત્રણ પલ્યોપમ અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગની; ગર્ભજ મનુષ્યની ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ જાણવી અને જઘન્ય ભવસ્થિતિ સર્વેની અંતર્મુહૂર્તની (પર્યાપ્ત-આશ્રી) જાણવી. સર્વે અપર્યાપ્ત જીવોની તો ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની સમજવી. સર્વ સૂક્ષ્મ નિગોદની તેમજ બાદર પર્યાપ્ત નિગોદની પણ તેટલી જ જાણવી. દેવ, નારકીની ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની અને જઘન્ય ૧૦ હજાર વર્ષની ભવસ્થિતિ સમજવી.

અવગાહના યા દેહમાન.

પ્રત્યેક વનસ્પતિ સિવાય સર્વે એકેન્દ્રિયની અવગાહના આંગળાના અસંખ્યાતમા ભાગની હોય છે અને પ્રત્યેક વનસ્પતિની ઉત્કૃષ્ટ અવગાહના સાધિક એક હજાર જોજનની હોય છે. બેઇન્દ્રિયની બાર જોજનની, ત્રીન્દ્રિયની ત્રણ કોસની, ચઉરિન્દ્રિયની ચાર કોસની, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની એક હજાર જોજનની અને સંજ્ઞી મનુષ્યોની ત્રણ કોસની. આ સર્વ ઉત્કૃષ્ટ **અવગાહના** પર્યાપ્તા આશ્રી સમજવી.

પર્યાપ્તાની જઘન્ય અવગાહના અને અપર્યાપ્તાની જઘન્ય ઉત્કૃષ્ટ બંને પ્રકારની અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગની જાણવી.

દેવતાની સ્વાભાવિક ઉત્કૃષ્ટ અવગાહના સાત હાથની અને

નારકોની પાંચસો ધનુષ્યની સમજવી. (જઘન્ય અવગાહના તો ઉત્પાદકાળે આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સમજવી.)

પૂર્વોકત ભવસ્થિતિ અને અવગાહના આશ્રી વિશેષ હકીકત, કાયસ્થિતિ, પ્રાણ, પર્યાપ્તિઓ અને લેશ્યાઓ ઇત્યાદિક સંબંધી વિશેષ અધિકાર શ્રુતસાગર(વિશાળ આગમો)થી જાણવા યોગ્ય છે. હવે મિથ્યાદૃષ્ટિ પ્રમુખ ચૌદ ગુણસ્થાનકોના સ્થિતિકાળ બતાવે છે. તેમાં **મિથ્યાત્વનો** ત્રણ પ્રકારે સ્થિતિકાળ શાસ્ત્રકારે બતાવ્યો છે, તે આ પ્રમાણે—૧ અનાદિઅનંત, ૨ અનાદિસાન્ત અને ૩ સાદિસાન્ત તેમાં અભવ્યો પહેલાં ભાંગે, અને ભવ્યો બીજા ત્રીજા ભાંગે જાણવા. અભવ્યોને મિથ્યાત્વની આદિ તેમજ અંત નથી માટે **અનાદિઅનંત** ભાંગો તેમને લાગુ પડે છે અને અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્યને સમ્યકત્વ પ્રાપ્ત થયે છતે મિથ્યાત્વનો અંત થવાથી **અનાદિસાન્ત** (બીજો) ભાંગો, તેમજ સમકિત પામેલા જે ભવ્યો મિથ્યાત્વ પામે અને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઇક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત પર્યંત મિથ્યાત્વમાં રહીને ફરી સમકિત પામે તેમને આશ્રી **સાદિસાન્ત** ભાંગો જાણવો. **સાસ્વાદન**(સમકિત)નો છ આવળી પ્રમાણ સ્થિતિકાળ ઉત્કૃષ્ટ જાણવો. તે (સાસ્વાદન) અનંતાનુબંધી કષાયનો ઉદય થયે છતે ઉપશમ સમકિતને વમતો મિથ્યાત્વ નહી પ્રાપ્ત થયેલાને હોઇ શકે છે. **અવિરત સમકિતદૃષ્ટિનો** (ઉત્કૃષ્ટ) સ્થિતિકાળ સાધિક તેત્રીશ સાગરોપમ કહ્યો છે. **દેશવિરતિ** અને **સયોગી કેવળીનો** સ્થિતિકાળ કંઇક ન્યૂન પૂર્વક્રોડ, **અયોગી કેવળીનો** સ્થિતિકાળ અ, ઇ, ઉ, ઋ, લૃ, લક્ષણ પાંચ હ્રસ્વ સ્વર ઉચ્ચારપ્રમાણ, **મિશ્ર** અને **પ્રમત્તાદિક**

સાત ગુણસ્થાનકનો સ્થિતિકાળ અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવો. ઉપર કહેલો સ્થિતિકાળ ઉત્કૃષ્ટથી સમજવો, જઘન્યથી તો **સાસ્વાદન** અને **પ્રમત્તાદિક** છ ગુણસ્થાનકોનો સ્થિતિકાળ એક સમયનો જ જાણવો. **અયોગી કેવળીનો** અજઘન્ય અને અનુત્કૃષ્ટ સ્થિતિકાળ પૂર્વોક્ત પંચ હ્રસ્વ સ્વર ઉચ્ચારપ્રમાણ જ સમજવો, અને બાકીના છ ગુણસ્થાનકો મિથ્યાત્વ, મિશ્ર, અવિરત, દેશવિરત ક્ષીણમોહ અને સયોગી કેવળીનો જઘન્ય સ્થિતિકાળ અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવો.

અજીવ તત્ત્વ નિરૂપણનામા દ્વિતીય અધ્યાય.

તીર્થંકર દેવે અજીવ પાંચ પ્રકારના કહ્યા છે, તે આ રીતે—

૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ પુદ્ગલાસ્તિકાય અને ૫ કાળ. એ પાંચેને જીવાસ્તિકાય સાથે જોડતાં છ દ્રવ્યો કહેવાય છે.

કાળ સિવાયના પાંચ દ્રવ્યો ઘણા પ્રદેશવાળા હોવાથી અસ્તિકાય કહેવાય છે. પુદ્ગલ સિવાયના પાંચ દ્રવ્યો અરૂપી છે. જીવ સિવાયના પાંચ દ્રવ્યો અચેતન, જડ અને અકર્તા છે. તે છએ દ્રવ્ય મધ્યે ગતિ–પરિણામ પામેલા જીવ અને પુદ્ગલોને ગતિસહાયક ધર્માસ્તિકાય છે. સ્થિતિપરિણામ પામેલા જીવ પુદ્ગલોને સ્થિતિસહાયક અધર્માસ્તિકાય છે. સ્થાન–અવકાશ આપનાર આકાશ છે. વૃદ્ધિ હાનિ પામનારા પુદ્ગલો છે તે પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, ભેદ, સંસ્થાન, અંધકાર, આતપ, ઉદ્યોત, છાયા, સૂક્ષ્મતા અને સ્થૂલતારૂપ હોતા સતા કર્મ, શરીર, મન, ભાષા, શ્વાસોશ્વાસ, સુખ, દુઃખ અને જીવિત મરણ પ્રસંગે જીવને ઉપકારક હેતુ જાણવા.

વર્તના પરિણામાદિ લક્ષણ કાળ અને જ્ઞાનદર્શન લક્ષણ-વાળા જીવ જાણવા.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એ ત્રણ દ્રવ્યાર્થતાએ (દ્રવ્યપણે) એક એક દ્રવ્ય છે. પુદ્ગલો, કાળના સમયો અને જીવો અનંત છે. પ્રદેશાર્થતાએ (પ્રદેશપણે) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને એક જીવના પ્રદેશ લોકાકાશના પ્રદેશતુલ્ય અસંખ્યાત છે. (લોક અને અલોક) આકાશના પ્રદેશ અનંતા છે. પરમાણુ સિવાયના પુદ્ગલ+ (સ્કંધો)ના પ્રદેશ સંખ્યાત, અસંખ્યાત અને અનંતા હોય છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આખા લોકમાં (લોકાકાશપ્રમાણ) છે. અને આકાશ લોકમાં તેમ જ અલોકમાં પણ છે.

સૂર્યચંદ્રાદિકની ગતિક્રિયાવડે થયેલ સમય, આવળી, મુહૂર્તાદિક કાળ* મનુષ્યલોકમાં જ પ્રવર્તે છે (કેમકે તેથી આગળ સૂર્ય ચંદ્રાદિક સ્થિર–નિશ્ચળ છે). પુદ્ગલો× અને જીવો સમસ્ત લોકાકાશમાં

+ આ લોકમાં અનંતા પુદ્ગલોની ચાર રાશિ છે. ૧ છૂટા પરમાણુઓની, ૨–૩–૪ સંખ્યાત, અસંખ્યાત અને અનંતા પરમાણુવાળા સ્કંધોની એક એક રાશિ છે. (ટીકા ઉપરથી)

* ઉક્ત કથનવડે વ્યવહારિક કાળાવગાહ શાસ્ત્રકારે કહેલો છે. અને ભાવ–પદાર્થોના તે તે પર્યાયનો પ્રવર્તક મુખ્ય કાળ તો લોકવ્યાપી જાણવો. (ટીકા ઉપરથી)

× પૂર્વોક્ત ચારે રાશિવાળા (૧ છૂટા છૂટા અનંત પરમાણુઓ, ૨–૩–૪ સંખ્યાત, અસંખ્યાત અને અનંત પરમાણુનિષ્પન્ન સ્કંધો) અનંતા પુદ્ગલો તેમજ અનંતા જીવો સંપૂર્ણ લોકાકાશમાં સમજવા. લોકાકાશના એક અસંખ્યાતમા ભાગમાં એક જીવ રહે છે. એ રીતે બે

વર્તે છે. પુદ્ગલો એકાદિ (લોકાકાશ) પ્રદેશોને અવગાહી રહે છે; અને જીવો લોકાકાશના અસંખ્યાતમા ભાગાદિકને અવગાહીને રહે છે. એ સર્વે ધર્માસ્તિકાયાદિક પાંચે અજીવના ભેદ ચૌદ થાય છે, તે આ રીતે–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણેના ૧ દ્રવ્ય,[૧] ૨ દેશ[૨] અને ૩ પ્રદેશની[૩] કલ્પનાવડે ત્રણ ત્રણ ભેદ ગણતાં ૯ ભેદ થાય છે; દશમો કાળ અને પુદ્ગલોના ૧ સ્કંધ, ૨ દેશ, ૩ પ્રદેશ અને ૪ પરમાણુ[૪] રૂપ ચાર ભેદો છે. એ સર્વેને એકત્ર ગણતાં ૧૪ ભેદ થાય છે.

આશ્રવતત્ત્વ નિરૂપણ નામા ત્રીજો અધ્યાય.

શુભાશુભ કર્મ (પુન્ય પાપ) ઉપાર્જન કરવામાં નિદાન–(કારણ) રૂપ **આશ્રવ** કહેવાય છે. તે આશ્રવ ૪૨ પ્રકારના-(જ્ઞાનીઓએ) કહ્યા છે. તે આ રીતે—૫ ઇન્દ્રિયો, ૪ કષાય, ૫ અવ્રતો, ૩ યોગ (મન, વચન તથા કાયા) અને ૨૫ ક્રિયાઓ. તેમાં ઇન્દ્રિયો–સ્પર્શન, રસનાદિક, કષાય–ક્રોધાદિક; અવ્રત–હિંસા, અસત્યાદિક જોગ–મન વચન કાયાના વ્યાપાર-રૂપ; ક્રિયાઓ–૧ કાયિકી, ૨ અધિકરણકી, ૩ પ્રદ્વેષકી, ૪

ત્રણ ચાર (અસંખ્યાતમા) ભાગમાં યાવત્ સર્વ લોકને વ્યાપી રહે છે, કેમકે કેવળી સમુદ્ઘાતના ચોથા સમયે સમસ્ત લોકાકાશને વ્યાપી રહે છે. (ટીકા ઉપરથી)

૧ અખંડ વસ્તુ–ધર્માસ્તિકાયાદિક.

૨ કલ્પનાવડે કલ્પેલા તેના બે ચાર વિભાગ તે દેશ.

૩ જેનો બીજો વિભાગ કલ્પી શકાય નહિ એવો પરમ સૂક્ષ્મ અવિભક્ત વિભાગ તે પ્રદેશ.

૪ પુદ્ગલ–સ્કંધથકી છૂટા નહિ પડેલા પરમાણુ તે પ્રદેશ અને એ જ છૂટા પડી ગયેલા પરમાણુઓ કહેવાય છે.

પારિતાપનિકી, ૫ પ્રાણાતિપાતિકી, ૬ આરંભિકી, ૭ પારિગ્રહિકી, ૮ માયાપ્રત્યયકી, ૯ મિથ્યાદર્શનપ્રત્યયકી, ૧૦ અપ્રત્યાખ્યાનકી, ૧૧ દૃષ્ટિકી, ૧૨ પૃષ્ટિકી અથવા સ્પૃષ્ટિકી, ૧૩ પ્રાતીત્યિકી ૧૪ સામંતોપનિપાતિકી, ૧૫ નૈસૃષ્ટિકી, ૧૬ સ્વાહસ્તિકી, ૧૭ આજ્ઞાપનિકી, ૧૮ વૈદારણિક અથવા વૈતારણિકી, ૧૯ અનાભોગપ્રત્યયિકી, ૨૦ અનવકાંક્ષપ્રત્યયિકી, ૨૧ પ્રાયોગિકી, ૨૨ સમાદાનિકી, ૨૩ પ્રેમિકી, ૨૪ દ્વેષિકી, ૨૫ ઐર્યાપથિકી.*

---

* આ ૨૫ ક્રિયાનો સંક્ષિપ્તાર્થ આ પ્રમાણે–કાયાને અજયણાએ પ્રવર્તાવતાં લાગે તે કાયિકી ૧, ખડ્ગાદિક શસ્ત્રોને વિષે મુષ્ટિ વિગેરેનું જોડવું તે અધિકરણિકી ૨, જીવાજીવ વિષય દ્વેષ કરવાથી પ્રાદ્વેષિકી ૩, પુત્રકલત્રાદિકના વિયોગ દુઃખથી હૃદયતાડન શીરસ્ફોટનાદિ કરવું, અથવા પરને પરિતાપ ઉપજાવવો તે પારિતાપનિકી ૪, સ્વર્ગાદિ નિમિત્તે પોતાના અથવા ક્રોધ લોભાદિવડે પરના પ્રાણનો વિયોગ કરાવવો તે પ્રાણાતિપાતિકી ૫, જીવાજીવ સંબંધી આરંભ કરવો તે આરંભિકી ૬, જીવાજીવ વિષય પરિગ્રહથી થાય તે પારિગ્રહિકી ૭, પરને ઠગવાથી માયાપ્રત્યયિકી ૮, જિનવચનમાં અશ્રદ્ધા કરવાથી મિથ્યાદર્શનપ્રત્યયિકી ૯, સંયમાદિનો વિઘાત કરનારા કષાયાદિને ન તજવાથી અપ્રત્યાખ્યાનિકી, ૧૦ જીવાજીવાદિ પદાર્થોને કુતુહળવડે જોવાથી દૃષ્ટિકી ૧૧, રાગદ્વેષાદિવડે જીવાજીવ સ્વરૂપ પૂછવાથી પૃષ્ટિકી અથવા રાગાદિવડે સ્ત્રીયાદિકને સ્પર્શ કરવાથી સ્પૃષ્ટિકી ૧૨, જીવાજીવને આશ્રીને કર્મબંધ થાય તે પ્રાતિત્યકી ૧૩, પોતાના ગાય, અશ્વાદિકની કોઇ પ્રશંસા કરે તેથી રાજી થવું તે સામંતોપનિપાતિકી ૧૪, રાજાદિકના આદેશથી મનુષ્યાદિ જીવોનું અથવા પાષાણાદિ અજીવોનું યંત્રોવડે નિસર્જન કરવું તે નૈસૃષ્ટિકી ૧૫, પોતાને હાથે જીવાજીવને તાડના કરવાથી સ્વાહસ્તિકી ૧૬, જીવાજીવને આજ્ઞા કરવાથી આજ્ઞાપનિકી ૧૭, જીવાજીવનું વિદારણ કરવાથી વૈદારણિકી અથવા જીવાજીવના વિક્રયમાં પરને ઠગવાથી વૈતારણિકી ૧૮

એમ સામાન્ય રીતે કર્મ આગમન નિદાનરૂપ આશ્રવો પ્રરૂપ્યા. હવે વિશેષે જ્ઞાનાવરણીયાદિ કર્મ સંબંધી—આશ્રવો સંબંધી વર્ણન કરે છે. (જ્ઞાન-જ્ઞાની પ્રત્યે) પ્રદ્વેષ, અપલાપ,× મચ્છર,+ (ભાતપાણીનો) અંતરાય, અવિનયાદિ આશાતના અને ઉપઘાત (મારણાદિ) એ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના આશ્રવ સમજવા. (અર્થાત્ જ્ઞાનીનો પ્રદ્વેષ, અપલાપાદિ કરવાથી ઉક્ત બંને કર્મ બંધાય છે.) દેવપૂજા, ગુરુભકિત, સરાગ સંજમ, દેશવિરતિ સંજમ, પાત્રદાન, દયા, ક્ષમા, બાળ (અજ્ઞાન) તપ અને અકામ નિર્જરાથી* શાતાવેદનીયના કર્મ બંધાય છે, તેથી ઉક્ત દેવપૂજાદિક શાતાવેદનીયના આશ્રવ લેખાય. દુઃખ, શોક, સંતાપ, આક્રંદન, વધ અને અફસોસ (સ્વપર ઉભય સંબંધી) એ બધાય અશાતાવેદનીય કર્મના આશ્રવ જાણવા.

અપ્રમાર્જિત પ્રદેશમાં શરીર, ઉપકરણાદિ મૂકવાથી અનાભોગપ્રત્યયિકી, ૧૯, ઇહપરલોક વિરુદ્ધ કાર્યના સેવનથી અનવકાંક્ષ પ્રત્યયિકી ૨૦, મન, વચન, કાયાવડે સાવદ્ય કાર્ય કરવાથી પ્રાયોગિકી ૨૧, આઠે પ્રકારના કર્મ સમકાળે બાંધવાથી સમાદાનિકી ૨૨, માયાલોભનિશ્રિત અથવા રાગોત્પાદક વચન બોલવાથી પ્રેમીકી, ૨૩, ક્રોધમાનનિશ્રિત અથવા કોઈની ઉપર દ્વેષ કરવાથી દ્વેષિકી ૨૪, અકષાયી એવા ઉપશાંતમોહાદિકને માત્ર બે સમયની સ્થિતિમાં કર્મ માત્ર કાયયોગવડે જે બંધાય તે ઐર્યાપથિકી ૨૫.

× જ્ઞાની ગુરુ વિગેરેનું નામ ગોપવવું-ઢાંકવું-પ્રકાશવું નહિં તે.

+ તેમનો ગુણગૌરવ સહી ન શકાય તે, તેમની પૂજા-ભક્તિ થતી જોઇને મનમાં ખેદ ધરી બળવું તે.

* ક્ષુધા, તૃષા, વધ, બંધનાદિકવડે ઇચ્છા વગર જે કર્મ નિર્જરા થાય તે.

કેવળી, શ્રુત, સંઘ, તીર્થંકર અને ધર્મ સંબંધી અવર્ણવાદ (નિંદા) ઉન્માર્ગદેશના અને સન્માર્ગલોપન એ દર્શન મોહનીય કર્મના આશ્રવ છે. ક્રોધાદિક કષાયના ઉદયથી સંકિલષ્ટ પરિણામ થાય તે ચારિત્રમોહનીય કર્મના આશ્રવ જાણવા.

પંચેન્દ્રિય વધ, માંસાહાર અને બહુ આરંભ પરિગ્રહ એ નારકીના આયુષ્ય સંબંધી આશ્રવ જાણવા.

આર્ત્તધ્યાન, સશલ્યપણું* અને ગૂઢ ચિત્તપણું+ એ તિર્યંચ આયુષ્યના આશ્રવ છે.

અલ્પ આરંભ-પરિગ્રહપણું, મૃદુતા (નરમાશ), સરલતા અને અતિ ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ નહિ એવા મધ્ય પરિણામ એ મનુષ્ય આયુષ્યના આશ્રવ છે.

સરાગ સંજમ,× દેશવિરતિ સંજમ, અકામ નિર્જરા, બાળ (મિથ્યાત્વ યુકત) સંતસાધુનો સમાગમ અને સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ એ દેવ આયુષ્યના આશ્રવ જાણવા.

સરલપણું, ભવભીરુપણું, સાધર્મિક ભકિત અને ક્ષમા શુભ નામકર્મના આશ્રવ છે. તેથી વિપરીત-માયાવીપણું વિગેરે અશુભ નામકર્મના આશ્રવ છે. અરિહંત વાત્સલ્ય (દેવભકિત) પ્રમુખ વીશ સ્થાનકો તીર્થંકરનામકર્મના આશ્રવ છે.

---

* મૂળ ઉત્તર ગુણમાં લાગેલા અતિચારાદિ દોષની આલોચના-નિંદા ન કરવી તે.

+ ઉદાયી રાજાનું ખૂન કરનારની પેરે જેના મનનો ગૂઢ અભિપ્રાય કળાય જ નહિ તે.

× સંજ્વલન કષાયનો જેમાં ઉદય વર્તે છે તે. (વીતરાગ સંયમ નહિ)

મદ–અભિમાન રહિતપણું, વિનીતપણું–નમ્રતા અને ગુણવંતની પ્રશંસાવડે ઉચ્ચ ગોત્ર અને એથી વિપરીત વર્તનથી નીચ ગોત્ર કર્મ બંધાય છે તેથી તે તે ઉચ્ચ–નીચ ગોત્ર કર્મના આશ્રવ છે. જિનપૂજામાં અંતરાય કરવો, જીવહિંસાદિકમાં તત્પર રહેવું એ અંતરાય કર્મના આશ્રવ જાણવા. પૂર્વોકત પ્રતિકર્મ (એક એક કર્મ આશ્રી) પ્રતિનિયત (ચોક્કસ) આશ્રવો સ્થિતિબંધ અને રસબંધની અપેક્ષાએ સમજવા; પ્રકૃતિબંધ અને પ્રદેશબંધની અપેક્ષાએ તો સામાન્ય રીતે પૂર્વોકત સર્વ કર્મના આશ્રવ હોઇ શકે છે. કેમકે સિદ્ધાન્તમાં આઠ પ્રકારનો, સાત પ્રકારનો, છ પ્રકારનો અથવા એક પ્રકારનો બંધ કહેલો છે; પરંતુ પ્રતિનિયત કર્મનો બંધ કહેલો નથી. તેમાં મિશ્રગુણસ્થાનકવર્જિત મિથ્યાત્વ ગુણસ્થાનકથી માંડી અપ્રમત્ત ગુણસ્થાનક પર્યંત આયુષ્ય બંધ હોય તે સમયે અષ્ટવિધ (આઠે) કર્મનો બંધ અને આયુષ્ય બંધ સિવાયનો સપ્તવિધ (સાત) કર્મનો બંધ કહ્યો છે. મિશ્ર, નિવૃત્તિ, બાદર અને અનિવૃત્તિ બાદર એ ત્રણ ગુણસ્થાનકે સાત પ્રકારનો કર્મબંધ; સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે મોહનીયકર્મ અને આયુષ્યકર્મ સિવાય છ પ્રકારનો કર્મબંધ; ઉપશાન્તમોહ, ક્ષીણમોહ અને સંયોગી ગુણસ્થાનકે કેવળ એક સાતાવેદનીયનો જ બંધ હોવાથી એક કર્મનો જ બંધ; અને અયોગી કેવળીને કોઇપણ કર્મના બંધનો અભાવ હોવાથી અબંધક કહેલા છે.

હવે બંધતત્ત્વ નિરૂપણનામા ચોથો અધ્યાય કહે છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને મન વચન કાયના યોગરૂપ બંધ હેતુઓવડે જીવનો કર્મપુદ્ગલો સંગાતે

સંબંધ થાય તે બંધ કહેવાય છે. તે બંધ ચાર પ્રકારનો છે. ૧ પ્રકૃતિબંધ, ૨ સ્થિતિબંધ, ૩ રસબંધ અને ૪ પ્રદેશબંધ. તેમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય કર્મોનો જે જ્ઞાન આચ્છાદનાદિક સ્વભાવ તે પ્રકૃતિબંધ, કર્મનાં દળીયા સંબંધી કાળનિર્માણ તે સ્થિતિબંધ; તે આવી રીતે–જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય એ ચારે કર્મની પ્રત્યેકે ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ ક્રોડાક્રોડ સાગરોપમની, મોહનીય કર્મની ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની, નામ અને ગોત્રકર્મની ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમની અને આયુષ્ય કર્મનો તેત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. જઘન્ય સ્થિતિ વેદનીય કર્મની બાર મુહૂર્તની, નામ ગોત્રની આઠ આઠ મુહૂર્તની અને બાકીનાં કર્મોની અંતર્મુહૂર્તપ્રમાણ જઘન્ય સ્થિતિ જાણવી. દેવ, મનુષ્ય અને તિર્યંચ આયુ વર્જીને શુભાશુભ સર્વ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ અતિ સંક્લેશવડે બંધાય છે અને જઘન્ય સ્થિતિ (પરિણામની) વિશુદ્ધિવડે બંધાય છે.

અનુભાગ, અનુભાવ, વિપાક અને રસ એ બધાય એક અર્થવાળા પર્યાય શબ્દો છે. તે રસ–વિપાક અશુભ કર્મ–પ્રકૃતિઓનો લીમડાની જેવો અશુભ અને શુભ પ્રકૃતિઓનો શેલડીની જેવો શુભ છે. તેથી શાસ્ત્રકાર કર્મપ્રકૃતિઓના શુભાશુભ વિભાગ બતાવે છે–૧ શાતાવેદનીય, ૩ દેવ મનુષ્ય અને તિર્યંચનાં આયુષ્ય, ૧ ઉચ્ચ ગોત્ર તથા નામકર્મની ૩૭ પ્રકૃતિઓ–મનુષ્યગતિ અને આનુપૂર્વી (૨) દેવગતિ અને આનુ-

પૂર્વી (૪), પંચેન્દ્રિય જાતિ (૫), ઔદારિકાદિક+ પાંચ શરીર (૧૦) પ્રથમના ત્રણ શરીરના× ત્રણ અંગોપાંગ (૧૩) પ્રથમ સંઘયણ* (૧૪) પ્રથમ સંસ્થાન‡ (૧૫) શુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ (૧૯), શુભ વિહાયોગતિ (૨૦), અગુરૂલઘુ (૨૧), પરાઘાત (૨૨), ઉચ્છ્વાસ (૨૩), આતપ (૨૪), ઉદ્યોત (૨૫), નિર્માણ (૨૬), તીર્થંકર (૨૭), અને ત્રસદશકો† (૩૭) એ ૪૨ પુન્ય (શુભ) પ્રકૃતિઓ પ્રસિદ્ધ છે. હવે ૮૨ (અશુભ) પાપપ્રકૃતિઓ વર્ણવે છે.

પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ, મિશ્રમોહનીય અને સમકિતમોહનીયના બંધનો અભાવ હોવાથી બાકીની ૨૬ મોહનીય પ્રકૃતિ, પાંચ અંતરાય એ રીતે ૪૫ પ્રકૃતિઓ ચાર ઘાતિકર્મની કહી, અને અશાતાવેદનીય, નારકીનું આયુષ્ય, નીચ ગોત્ર અને ૩૪ નામકર્મની પ્રકૃતિ, તિર્યંચગતિ અને આનુપૂર્વી (૨), નરકગતિ અને આનુપૂર્વી (૪) એકેન્દ્રિયાદિ ચાર જાતિ (૮), પ્રથમ સિવાયનાં પાંચ સંઘયણ (૧૩), પાંચ સંસ્થાન (૧૮), અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ (૨૨), અશુભ વિહાયોગતિ (૨૩) ઉપઘાત (૨૪) અને સ્થાવર·

+ ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ.

× ઔદારિક, વૈક્રિય અને આહારકના અનુક્રમે ઔદારિક અંગો-પાંગ, વૈક્રિય અંગોપાંગ અને આહારક અંગોપાંગ જાણવા.

* વજ્રઋષભનારાચ.. ‡ સમચતુરસ્ર.

† ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ (સૌભાગ્ય), સુસ્વર, આદેય અને યશ નામકર્મ.

દશકો* (૩૪) એ રીતે સર્વે મળીને ૮૨ અશુભ (પાપ) પ્રકૃતિઓ કહેવાય છે.

લીમડાનો તથા શેલડી પ્રમુખનો સ્વાભાવિક રસ એક ઠાણીઓ લેખાય અને તે રસ બે ત્રણ ચાર ભાગપ્રમાણ કઢાયે છતે એક ભાગ અવશેષ રહ્યો છતે બે ઠાણીઓ વિગેરે કહેવાય. એ ઉપમા+ પ્રકૃતિના રસની જાણવી.

પર્વત અને ભૂમિની ફાટ, વેળુ અને જળમાંની રેખા સમાન કષાયોવડે અશુભ કર્મોનો અનુક્રમે ચાર, ત્રણ, બે અને એક ઠાણીઓ રસ બંધાય છે, ત્યારે શુભ કર્મોનો રસ વેળુ અને જળરેખા સમાન કષાયવડે (વિશુદ્ધ પરિણામે) ચઉઠાણીઓ, ભૂમિફાટ સમાન કષાયવડે (મધ્યમ પરિણામે) ત્રણ ઠાણીયો અને પર્વતની ફાટ સમાન કષાયવડે બે ઠાણીયો બંધાય છે. એક ઠાણીયો શુભ રસ બંધાતો નથી; ૨–૩–૪ ઠાણીયો જ બંધાય છે.

ચાર સંજ્વલન (કષાય), પાંચ અંતરાય (દાન–લાભ–ભોગ–ઉપભોગ–વીર્ય અંતરાય), પુરુષવેદ, મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યવજ્ઞાનના આવરણ, ચક્ષુ–અચક્ષુ–અવધિદર્શનના આવ-

---

* સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ (દૌર્ભાગ્ય), દુઃસ્વર, અનાદેય અને અપયશ નામકર્મ એ સ્થાવર-દશકો જાણવો.

+ સહજ રસ (કઢયા વગરનો મીઠો કે કડવો) એક ઠાણીયો, તેને જ કાઢતાં અર્ધો બાકી રહે તે બે ઠાણીયો, બે ભાગ બળી જાય ત્રીજો ભાગ શેષ (બાકી રહે) એવો રસ ત્રણ ઠાણીયો અને ત્રણ ભાગ બળી જાય ચોથો ભાગ બાકી રહે તે ચોઠાણીયો જાણવો.

રણરૂપ ૧૭ પ્રકૃતિઓ ૧-૨-૩-૪ સ્થાનિક રસવાળી અને બાકીની શુભ તેમજ અશુભ પ્રકૃતિઓ ૨-૩-૪ સ્થાનિક રસવાળી કહી છે.

સંકલેશ(મલિન અધ્યવસાય)વડે અશુભ પ્રકૃતિઓનો તીવ્ર(આકરો) રસ થાય છે અને અધ્યવસાયની શુદ્ધિ થતાં મંદ રસ થાય છે. શુભ પ્રકૃતિઓનો તો અધ્યવસાયની શુદ્ધિવડે તીવ્ર રસ થાય છે અને અધ્યવસાયની મલિનતા થતાં તે રસ મંદ પડી જાય છે.

પ્રદેશબંધ તે કર્મવર્ગણાનાં દળીયાં(મેળવવા)રૂપ સમજવો.

આ પારાવાર સંસારમાં ભમતાં જીવ પોતાના સર્વ (લોકાકાશપ્રમાણ અસંખ્ય) પ્રદેશોવડે, અભવ્યોથી અનંતગુણા (અને સિદ્ધથી અનંતમા ભાગના) કર્મવર્ગણાના સ્કંધો પ્રતિસમય ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને તેમાંથી થોડાં દળીયાં આયુકર્મને, તેથી વિશેષાધિક અને પરસ્પર તુલ્ય દળીયાં નામ અને ગોત્રકર્મને, તેથી વિશેષાધિક અને પરસ્પર તુલ્ય દળીયાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મને, તેથી વિશેષાધિક મોહનીય કર્મને અને તેથી વિશેષાધિક વેદનીય કર્મને વહેંચી આપી નિજ આત્મપ્રદેશમાં ક્ષીર-નીરની પેરે અથવા લોહ-અગ્નિની પેરે તે કર્મવર્ગણાના સ્કંધો સાથે મળી જાય છે.

કર્મદળીયાંની આ આઠ ભાગની કલ્પના અષ્ટવિધ કર્મબંધકો આશ્રી સમજવી. સાત, છ અને એકવિધ બંધકોને વિષે તેટલા જ ભાગની કલ્પના કરવી. પ્રકૃતિબંધ અને પ્રદેશબંધના હેતુ (મન, વચન અને કાયાના) યોગ જાણવા. સ્થિતિબંધ અને રસબંધના હેતુ ક્રોધાદિક કષાયો જાણવા. તેમજ વળી

*સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત એ રીતે પણ ચાર પ્રકારનો બંધ શાસ્ત્રમાં કહેલો છે. ઇતિ બંધવિચાર.

હવે સંવરતત્ત્વ નિરૂપણનામા પંચમ અધ્યાય કહે છે.

આશ્રવોનો નિરોધ કરવો તે **સંવર** કહ્યો છે. સમિતિ, ગુપ્તિ, પરીસહ, યતિધર્મ, ભાવનાઓ અને ચારિત્રવડે કર્મ-પુદ્ગલ ગ્રહણ કરવાનો નિરોધ (અટકાવ) થવાથી તે **સંવર સત્તાવન પ્રકારનો થાય છે.** તેમાં ઇર્યાદિક સમિતિ[1] પાંચ; મન, વચન, કાયાના યોગ(વ્યાપાર)નિગ્રહરૂપ ગુપ્તિઓ[2] ત્રણ; ક્ષુધાદિક પરીસહો બાવીશ; ક્ષમા પ્રમુખ યતિધર્મ દશવિધ; અનિત્યાદિક ભાવનાઓ બાર અને સામાયકાદિ [3]ચારિત્ર પાંચ.

હવે નિર્જરાતત્ત્વ નિરૂપણનામા છઠ્ઠો અધ્યાય કહે છે.

ભોગવાઇ ગયેલા કર્મપુદ્ગલોનું પરિશાટન થવું (ખરી જવું) તે નિર્જરા કહેવાય છે. તે બે પ્રકારની: ૧ સકામ, ૨ અકામ ભેદે કરીને જાણવી. તેમાં અકામ[4] નિર્જરા સર્વ જીવોને હોય, તે આ રીતે–એકેન્દ્રિયાદિક તિર્યંચો યથાસંભવ છેદનભેદન, શીત, તાપ, વર્ષાજળ, અગ્નિ, ક્ષુધા, તૃષા, ચાબુક અને અંકુશાદિવડે; નારકી (નરકના) જીવો ત્રણ પ્રકારની[5] વેદનાવડે;

---

* છૂટી સોયો, સૂત્રથી બાંધેલી સોયો, લોઢાના બંધનથી બાંધેલી સોયો અને હથોડે ટીપી નાંખેલી સોયોની માફક.

૧ ઇર્યા–ગમનાગમન, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને મળોત્સર્ગ પ્રસંગે ઉપયોગ સહિત પ્રવર્તન. ૨ અસત્ યોગનો નિગ્રહ અને સત્ (કુશળ) યોગનું ઉદીરણ. ૩ સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર–વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત. ૪ અકામ–ઇચ્છા વગર કષ્ટાદિ સહન કરતાં. ૫ નરકક્ષેત્રજન્ય, અન્ય ઉદીરિત અને પરમાધામીકૃત.

મનુષ્યો ક્ષુધા, તૃષા, આધિ, દારિદ્રય અને બંધીખાનાદિકવડે; અને દેવતાઓ પરવશતા અને કિલ્બિષણાદિકવડે અશાતા વેદનીય કર્મને અનુભવી (ભોગવી) ખપાવે છે. તેથી તેમને અકામનિર્જરા જાણવી. સકામનિર્જરા તો અનશન[1], ઊણોદરી[2], ભિક્ષાચર્યા (વૃત્તિસંક્ષેપ), રસત્યાગ, કાયક્લેશ (લોચાદિકવડે દેહદમન) અને પ્રતિસંલીનતા (કાચબાની પેરે અંગોપાંગને સંકોચી રાખવા) એ છ પ્રકારના બાહ્યતપ તથા પ્રાયશ્ચિત્ત[3]; વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન અને વ્યુત્સર્ગ[4] એ છ પ્રકારના અભ્યંતર તપને તપતાં નિર્જરાભિલાષીને થવા પામે.

મોક્ષતત્ત્વ નિરૂપણનામા સપ્તમ અધ્યાય.

(જ્ઞાનાવરણાદિ) ચાર ઘાતીકર્મના (સર્વથા) ક્ષયવડે કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્તને સમસ્ત કર્મનો ક્ષય થયે **મોક્ષ** રહ્યો છે. ક્ષીણકર્માઓ ગૌરવ(ભારેપણા)ના અભાવે નીચા જતા નથી; યોગ પ્રયોગના અભાવથી તીર્છા જતા નથી, પરંતુ નિઃસંગતાથી મળ-લેપ વગરના તુંબડાની પેરે, કર્મ-બંધનના છેદાવાથી એરંડના ફળની પેરે, પૂર્વ પ્રયોગથી ધનુષ્યમાંથી છૂટેલા બાણની પેરે તથા ગતિપરિણામથી ધૂમાડાની પેરે ઊંચા (ઊર્ધ્વગતિએ) જ જાય છે અને લોક(આકાશ)ના અંતે રહે છે. ધર્માસ્તિકાયના અભાવથી આગળ (અલોકમાં) ગતિ (ગમન) થવા પામે નહિ. (તેથી) ત્યાં જ (લોકના અગ્રભાગે જ) રહ્યા છતા શાશ્વત-નિરુપમ-સ્વાભાવિક સુખને અનુભવે છે. સુર, અસુર અને મનુષ્ય સંબંધી સર્વ કાળનાં એકઠાં કરેલાં

---

૧ છઠ્ઠ, અઠ્ઠમાદિ. ૨ જરૂર કરતાં ઓછો આહાર કરવો તે. ૩ પાપ-આલોચના (આલોયણ). ૪ દેહાદિક મમત્વત્યાગ.

સુખો સિદ્ધ ભગવાનના સુખના અનંતમા ભાગે આવતાં નથી. (સિદ્ધ ભગવાનનું સુખ અનંત છે–વચનઅગોચર છે.) સતપદ–પ્રરૂપણાદિક નવ અનુયોગદ્વારોવડે તે સિદ્ધોની વ્યાખ્યા કરવી.

સમ્યગ્ જ્ઞાન દર્શન પ્રરૂપણનામા અષ્ટમ અધ્યાય.

બંધતત્ત્વમાં સમાવેશિત કરેલાં પુન્ય અને પાપને જુદાં ગણીએ તો ઉક્ત સાત તત્ત્વોને બદલે નવ તત્ત્વો પણ કહેવાય છે. સંક્ષેપે કે વિસ્તારે તે તત્ત્વોને અવબોધ થવો તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. તે જ્ઞાન આભિનિબોધિક (મતિ), શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ ભેદે કરીને પાંચ પ્રકારનું જાણવું. તે સર્વ તત્ત્વોની શ્રદ્ધા–પ્રતીતિ તે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિના કારણરૂપ છે. તે સમ્યગ્દર્શન કોઈક જીવને ગુરુ-ઉપદેશાદિક વગર જ કર્મના ઉપશમાદિકવડે સ્વભાવે જ ઉપજે છે અને કોઈક જીવને કર્મ ઉપશમાદિ સદ્ભાવે ગુરુ–ઉપદેશ અથવા જિનપ્રતિમાદર્શનાદિ બાહ્ય આલંબનની પ્રાપ્તિવડે ઉપજે છે. તે સમ્યગ્દર્શનના ત્રણ ભેદ કહ્યા છે–૧ ઔપશમિક, ૨ ક્ષાયોપશમિક અને ૩ ક્ષાયિક. તેમાં ઔપશમિક સમકિત, ઉપશમશ્રેણીએ ચઢતાં અનંતાનુબંધી કષાયો અને સમકિતમોહની, મિશ્રમોહની તથા મિથ્યાત્વમોહની એ ત્રણ દર્શનમોહનીય ઉપશાન્ત થયે છતે ઉપજે છે. અથવા જે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ અધ્યવસાયવિશેષરૂપ યથાપ્રવૃત્તિકરણવડે આયુવર્જિત શેષ સાતે કર્મની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હીન એક કોડાકોડ સાગરોપમ પ્રમાણ કરીને, અપૂર્વકરણવડે દુર્ભેદ્ય રાગાદિજનિત ગ્રંથીને ભેદી નાંખી, અનિવૃત્તિકરણવડે અંતર્મુહૂર્ત કાળપ્રમાણ–જેમાં મિથ્યાત્વ મોહનીયનાં દળીયા વેદવાના

નથી એવું અંતઃકરણ કરે, તે કર્યે છતે મિથ્યાત્વ મોહનીયની બે સ્થિતિ થાય–પહેલી અંતર્મુહૂર્ત પ્રમાણ વેદાતી સ્થિતિ અને બીજી અંતરકરણથી ઉપરલી બાકીની સ્થિતિ. અંતર્મુહૂર્ત પ્રમાણ કાળે કરી પ્રથમ સ્થિતિ વેદાઈ રહ્યે છતે અંતરકરણના પહેલા સમયે જ મિથ્યાત્વ મોહનીયના દળીયાંના ઉદયનો અભાવ હોવાથી તે જીવને ઔપશમિક સમકિત પ્રાપ્ત થાય છે. તેમજ જે સમકિતથી ચ્યવી–પડી મિથ્યાત્વ પામેલો સાદિ મિથ્યાદૃષ્ટિ જીવ સમકિતમોહની અને મિશ્રમોહની બંને પુંજોને મિથ્યાત્વમાં ક્ષેપવ્યા પછી પાછો શુભ પરિણામવંત બને છે તે શુભાશય જીવ પણ ઉક્ત સમકિતને પામી શકે છે.

એ રીતે ઔષધ વિશેષ સમાન પ્રાપ્ત થયેલા ઉપશમ સમ્યકત્વવડે મદન કોદ્રવ સમાન મિથ્યાત્વ મોહનીય શોધાતું છતું ત્રણ પ્રકારનું થાય છે—૧ શુદ્ધ, ૨ અર્ધવિશુદ્ધ અને ૩ અવિશુદ્ધ. ઉક્ત શુદ્ધાદિક પુંજો અનુક્રમે તત્ત્વશ્રદ્ધાન, ઉદાસીનતા અને વિપરીત શ્રદ્ધા ઉપજાવવાથી ૧ સમ્યકત્વ, ૨ મિશ્ર અને ૩ મિથ્યાત્વરૂપ કહેવાય છે. જ્યારે શુદ્ધ પુંજનો ઉદય થાય ત્યારે ક્ષાયોપશમિક સમકિત કહેવાય છે, કેમકે તેમાં ઉદયાગત મિથ્યાત્વનો (સમકિત મોહનીરૂપે વિપાકોદયવડે વેદીને) ક્ષય કરાય છે અને જે સત્તાગત (મિથ્યાત્વ) છે તેને ઉપશાન્ત કરાય છે. ક્ષાયોપશમિક સમકિતમાં મિથ્યાત્વનો વિપાકથી અનુભવ ન હોય, પ્રદેશથી ઉદય તો હોય; જ્યારે ઉપશમ સમકિતમાં કોઇ પણ રીતે મિથ્યાત્વનો ઉદય ન જ હોય. ક્ષાયક સમકિત તો અનંતાનુબંધી કષાયની ચોકડી અને દર્શનમોહનીય ત્રિકનો ક્ષય થયે છતે જ પ્રગટે છે.

ક્ષાયિક સમકિતની પ્રથમ પ્રાપ્તિ કરનારા સંખ્યાતા વર્ષના આઉખાવાળા મનુષ્યો જ જાણવા; અને એ ત્રણે પ્રકારનાં સમકિત વૈમાનિક દેવોમાં, પ્રથમની ત્રણ નરકોમાં સંખ્યાત–અસંખ્યાત વર્ષાયુ મનુષ્યોમાં અને અસંખ્યાત વર્ષાયુ તિર્યંચોમાં હોઈ શકે છે. બાકીના દેવોમાં, નારકોમાં અને સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી પંચેન્દ્રિ તિર્યંચોમાં ઔપશમિક અને ક્ષાયોપશમિક એ બે સમકિત હોઇ શકે છે. એક, બે, ત્રણ અને ચાર ઇન્દ્રિયવાળાને તેમજ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ઉક્ત ત્રણે સમકિતમાંથી એક પણ પ્રકારનું સમકિત લાભતું નથી. એ રીતે સમ્યગ્જ્ઞાનદર્શનપ્રરૂપણ નામા સમયસારનો આઠમો અધ્યાય થયો.

સમ્યક્ ચારિત્રપ્રરૂપણ નામનો નવમો અધ્યાય

સદોષ વ્યાપારથી વિરમવું તેને સમ્યક્ચારિત્ર કહ્યું છે. ૧ સર્વથી અને ૨ દેશથી એમ તે બે પ્રકારનું છે. તેમાં સર્વથી ભરત, ઐરવત ક્ષેત્રમાં પહેલા છેલ્લા તીર્થંકરોના શાસનમાં પાંચ મહાવ્રતરૂપ છે, અને મધ્યના ૨૨ તીર્થંકરોના તેમજ મહાવિદેહ ક્ષેત્રવર્તી તીર્થંકરોના શાસનમાં પરિગ્રહનો ત્યાગ કર્યે છતે મૈથુનનો ત્યાગ થઇ ચૂકયો એ બુદ્ધિથી ચાર મહાવ્રતરૂપ છે. તે ચારિત્ર–ધર્મની, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ માતારૂપ છે કેમકે એ ‘ પ્રવચન માતા ’ થકી ચારિત્રધર્મની ઉત્પત્તિ, પાલન અને વિશુદ્ધિ થવા પામે છે. ૧ સામાયિક, ૨ છેદોપસ્થાપનીય, ૩ પરિહારવિશુદ્ધિ, ૪ સૂક્ષ્મસંપરાય અને ૫ યથાખ્યાત એ પાંચ પ્રકારના ચારિત્ર જાણવા. બીજા અને ત્રીજા પ્રકારના ચારિત્ર ભરત, ઐરવત ક્ષેત્રમાં પહેલા છેલ્લા

તીર્થંકરોના શાસનમાં જ હોય છે. (બાકીના તીર્થંકરોના શાસનમાં એ બે ચારિત્ર હોતાં નથી, તે સિવાયનાં ચારિત્ર હોય છે ત્યારે પહેલા છેલ્લા તીર્થંકરોના શાસનમાં સર્વે ચારિત્ર હોય છે). આ સર્વવિરતિ ચારિત્ર ગૃહત્યાગી સાધુજનોને હોય છે. તે પાળવામાં અસમર્થ ગૃહસ્થોને દેશવિરતિ ચારિત્ર હોય છે. તેને માટે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, સર્વ મળીને બાર વ્રત કહ્યાં છે. ૧ બે કરણ, ત્રણ જોગ, ૨ બે કરણ, બે જોગ, ૩ બે કરણ, એક જોગ, ૪ એક કરણ, ત્રણ જોગ, ૫ એક કરણ, બે જોગ અને ૬ એક કરણ, એક જોગ એમ શ્રાવકને એક એક વ્રતને અંગીકાર કરવાની અપેક્ષાએ છ છ ભાંગા થાય છે. બે ત્રણ આદિ વ્રત અંગીકાર કરતાં દ્વિક ત્રિક આદિ સંયોગો આશ્રી અપર અપર વ્રત સંબંધી છ છ ભાંગાના સંવેધવડે યથોત્તર છ ગુણા થાય છે. (એક એક વ્રતમાં દ્વિકસંયોગે છત્રીશ છત્રીશ ભાંગા થાય છે.) આ પ્રમાણેની ભંગસંખ્યા અને તે કેવી રીતે થાય છે તેની સવિસ્તર હકીકત આ પ્રકરણની ટીકા, શ્રાવકવ્રતભંગ પ્રકરણ, ધર્મસંગ્રહાદિથી જાણવી. અહીં વિસ્તાર વધવાના કારણથી અને સામાન્ય બુદ્ધિવાળા વાંચનારને લેખ મુશ્કેલ લાગે તેવો થઈ જવાના કારણથી લખેલ નથી.

પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એક કોટાકોટી સાગરોપમપ્રમાણ સાત કર્મની સ્થિતિ થાય ત્યારે જીવ સમકિત પામે છે, તે સ્થિતિમાંથી પલ્યોપમપૃથકત્વ જેટલી સ્થિતિ ઘટે ત્યારે જીવ દેશવિરતિપણું પામે છે અને તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ક્ષય થાય ત્યારે જીવ સર્વવિરતિપણું પામે છે.

દશમો અધ્યાય.

મરકત રત્ન અને પદ્મરાગ રત્નાદિક લોકપ્રસિદ્ધ રત્નો કરતાં વિશિષ્ટ ગુણવાળા સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણ રત્નો કહેવાય છે.

પરસ્પર સાપેક્ષતાએ એ ત્રણ રત્નોનું મોક્ષલક્ષણ ફળ કહ્યું છે, પણ એક બીજાની નિરપેક્ષતાએ તેવું ફળ કહ્યું નથી. (તદાશ્રયી દૃષ્ટાંત કહે છે.) જ્ઞાન ચારિત્ર યુક્ત છતાં દર્શન–સમકિત રહિત ,અંગારમર્દક અભવ્ય હતા એમ સંભળાય છે, અને જ્ઞાન દર્શન યુક્ત છતાં પણ ચારિત્ર રહિત કૃષ્ણ, શ્રેણિક તથા સત્યકી (વિદ્યાધર) પ્રમુખ અધોગતિને પામ્યા છે, તેથી એ ત્રણે રત્નો સાથે જ રહ્યા છતાં શોભા પામે છે. આગમ–સિદ્ધાન્તમાં કહ્યું છે કે–' કરણી વગરનું એકલું જ્ઞાન નકામું છે. તેમજ જ્ઞાન વગરની ક્રિયા પણ નકામી છે. (અગ્નિથી બચવા ઇચ્છતાં છતાં) આંખે દેખતો પાંગળો અને દોટ મારી જનારો આંધળો એ બંને બળી મૂવા. '

' જ્ઞાન અને ક્રિયા ઉભયના મેળાપથી કાર્યસિદ્ધિ થઇ શકે છે. એક ચક્રવડે રથ ચાલી શકતો જ નથી. આંધળો અને પાંગળો વનમાં એકઠાં મળી એક બીજાની સહાયથી બચી ક્ષેમ-કુશળ નગરમાં પેસી શકયા. '

આ રત્નત્રયીની ઉત્કૃષ્ટપણે આરાધના કરનારા મહાનુભાવો તે જ ભવે, મધ્યમ રીતે આરાધના કરનારા ત્રણ ભવે અને જઘન્યપણે આરાધના કરનારા આઠ ભવે સીઝે, બુઝે, કર્મ–મુક્ત થાય, પરિનિર્વાણ પામે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે. (પરંતુ) તેની વિરાધના કરનારા રત્નત્રયીને વિરાધી ચાર ગતિરૂપ સંસાર અટવીમાં જ રખડે. તે માટે અનંત (અવ્યા-

બાધ-મોક્ષ) સુખના અભિલાષી-આકાંક્ષાવાળા મહાનુભાવોએ આ રત્નત્રયીની આરાધના કરવાનો જ (ખાસ) ઉદ્યમ કરવો. એ જ સાચો અર્થ-પરમાર્થ છે.

ઉપસંહાર.

શ્રી તીર્થંકર મહારાજના પ્રવચનમાં જે કુશળતા તે જ્ઞાન કહેવાય છે, અને તેમાં જ જે અતિ નિર્મળ રૂચિ તે શ્રદ્ધા-સમકિત કહેવાય છે, તેમજ સદોષ(પાપ)વ્યાપારથી જે વિરમવું તે ચારિત્ર કહેવાય છે. હે ભવ્યજનો! મોક્ષફળદાયક આ રત્નત્રયીને તમે સહુ ગ્રહણ કરો!

સ્વપરઉપકારને માટે સંગ્રહિત કરેલ આ સમાચાર(પ્રવચન-રહસ્ય)ને જે મહાશય જાણે-સદ્દહે (માને) અને પાળે તેનો યથાર્થ આદર કરે તે મહાનુભાવને મોક્ષપ્રાપ્તિ સુલભ જાણવી.

મેરુ અને ચંદ્રની જેમ લોકોને હિતકારી (સમૃદ્ધિ અને શીતળતા આપનારા), અને દેવતાઓને ઉલ્લાસ તથા ઉન્નતિ-દાયક પદ્મ-કમળની જેવી કાન્તિવાળા શ્રી જિનેશ્વર પ્રભુનાં ચરણ સદાય (ભવ્યજનોને) મોક્ષસુખ અર્પો! વ્યંગમાં ગ્રંથકારે **દેવચંદ્ર** (દેવાનંદ-સ્વશિષ્યની ઉન્નતિ કરનાર) એવું સ્વનામ પણ પ્રદર્શિત કર્યું. છેલ્લી ગાથામાં અંતિમ મંગલા-ચરણરૂપે ગ્રંથકારે બહુ સારું રહસ્ય બતાવ્યું છે તે વિસ્તારરૂચિ જનોએ ટીકા ઉપરથી અવધારવું. **शिवमस्तु सर्वजगतः।**

એ રીતે આરાધના વિરાધનાફળનિરૂપણ નામા સમયસારનો દશમો અધ્યાય પૂર્ણ થયો અને સમયસાર ગ્રંથ પણ પૂર્ણ થયો.

આ ગ્રંથ શ્રી દેવાનંદસૂરિએ માગધી ગદ્યબંધ રચેલો છે. તેના પર તેમણે પોતે જ સંસ્કૃત ટીકા રચી છે. (સંવત ૧૪૬૯)

[જૈ. ધ. પ્ર. પુ. ૩૨, પૃ. ૧૧, ૩૪૪, ૩૭૭]

"લેખસંગ્રહ" માટેના વિવિધ

અભિપ્રાયો.

સદ્દગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ ૪. પ્રકાશક શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ–મુંબઈ કિં. ૦–૫–૦. કપડાનું પુંઠું :૦–૬–૦.

અગાઉના ભાગોની માફક આ સંગ્રહમાં પણ મુનિશ્રીના હસ્તે જુદા જુદા સમયે આત્માનંદ પ્રકાશ માસિકમાં ભિન્ન ભિન્ન વિષયો પરત્વે લખાયેલા સો લેખોનો સમાવેશ કરવામાં આવેલ છે. એ ઉપરાંત ભીખાભાઈ શાહની પ્રસ્તાવના અને પંડિત લાલનનો ઉપોદ્ઘાત પણ છે. આત્માર્થી જીવો માટે દરેક સંગ્રહ મનનીય છે. કિંમત પણ સસ્તી છે.

[" જૈનયુગ " ૮–૧–૧૯૪૧]

લેખસંગ્રહ ભાગ ચોથો અને પાંચમો. પ્રકાશકઃ–શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ, ગોપાલ ભુવન,

પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. કિં. દરેક ભાગના પાંચ આના.

જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક તપગચ્છમાં પ્રસિદ્ધિ પામેલા સન્મિત્ર સદ્ગુણાનુરાગી મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજીના લખેલા લેખોના સંગ્રહનો ચોથો ભાગ ૩૨૭ પૃષ્ઠો ઉપર સુંદર છાપણીથી છપાઇને પ્રગટ થયો છે. ઉપોદ્દઘાત વીરનંદી શ્રી ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન ઊર્ફે જૈન સમાજપ્રસિદ્ધ પંડિત લાલને લખ્યો છે, જે ખાસ મનન કરવા યોગ્ય છે. આ સંગ્રહમાં કુલે નવાણું જુદી જુદી બાબતોનો સમાવેશ કરેલો છે. પૃષ્ઠ ૫૩ ઉપર 'આગમનો સાર શું છે?' એના ઉત્તરમાં કહે છે કે– 'આખા જૈન આગમનો સાર નિર્મળ ધ્યાનયોગ છે. પંચમહાવ્રતાદિ ક્રિયાઓનો હેતુ ધ્યાનયોગ સાધવાનો છે.' આનો અર્થ સ્પષ્ટ છે કે આત્માને વિષે આત્માનું ધ્યાન કરવું.

પાંચમા ભાગમાં પૃષ્ઠ ૮૧ ઉપર 'સુપાત્ર લક્ષણ' આપેલાં છે. એમાં સ્પષ્ટ કર્યું છે કે 'જેઓ સર્વસંગ રહિત છતાં સદાચારના સંગવાળા છે એવા યોગીજનો જ સદા સુપાત્રરૂપ છે.' આથી સ્પષ્ટ થાય છે કે જિનશાસનને વિષે શુદ્ધ સાધુઓને જ સુપાત્ર ગણેલા છે. પૃષ્ઠ ૨૩૯ ઉપર છેલ્લા પારામાં કહે છે કે 'પરિગ્રહ અનર્થનું મૂળ છે. પરિગ્રહવશે મમતાવડે જીવ ભારે દુઃખ વેઠે છે.' એકંદર આ લેખસંગ્રહો ઘણા જ ઉત્તમ છે, સર્વ જૈનભાઈઓએ ખાસ કરીને મનન કરવા યોગ્ય છે. જૈનોના દરેક ઘરમાં આ સંગ્રહો હોય તે ખાસ ઇચ્છવા યોગ્ય છે. આ સંગ્રહો વાંચીને પોતાના આત્માને ઓળખવાનો પ્રયત્ન

કરનારને જ તેનો ખરો લાભ મળી શકે છે. આવા શુભ પ્રયત્ન માટે સ્મારક સમિતિને ધન્યવાદ ઘટે છે.

["ગુજરાતી" તા. ૨૧-૯-૪૧]

શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ ૫ મો. પ્રકાશક કર્પૂરવિજયજી સ્મારક સમિતિ, મુંબઇ.

શ્રી જૈન આત્માનંદ પ્રકાશમાં આવેલા ૧૧૩ લેખોનો સંગ્રહ ઘણો જ ઉપયોગી છે. પૃષ્ઠ ૩૨૪, કિંમત કાચા પુંઠાના પાંચ આના, પાકા પુંઠાના છ આના.

["જૈન ધર્મ પ્રકાશ" પુસ્તક ૫૭, અંક ૪]

સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ છઠ્ઠો. પ્રકાશક શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ, મુંબઈ.

આ વિભાગમાં "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માં છપાયેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત જ્ઞાનસારના ૩૨ અષ્ટક સામાન્ય અર્થ વિવેચન સહિત પ્રગટ કરવામાં આવેલ છે. ઉપાધ્યાયજીનો પોતાનો કરેલ અર્થ પણ આપ્યો છે. અષ્ટકના અભિલાષી માટે આ બુક ખાસ ગ્રહણ કરવા લાયક છે. કિંમત બુકના પ્રમાણમાં ઓછી રાખી છે. કાચા પુંઠાના અગિયાર આના ને પાકા પુંઠાના બાર આના. પૃષ્ઠ ૫૮૦.

[શ્રી જૈન ધર્મ પ્રકાશ, પુ. ૫૮, અંક ૭]

લેખસંગ્રહ ભાગ સાતમો : સ્વ. સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજના લેખોના છ ભાગ બહાર પડી ગયા તેવો જ આ સાતમો ભાગ છે. લેખ સામગ્રી બોધક ને રોચક છે. પ્રકાશક **શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ-મુંબઇ. સમિતિના મંત્રી શ્રી નરોત્તમદાસ ભગવાન-દાસ**નો આ દિશામાં પ્રયાસ સારો છે. ક્રાઉન સોળ પેજી સાડાત્રણ સો પાનાના આ પુસ્તકની કિંમત બાર આના.

[શ્રી જૈન ધર્મ પ્રકાશ, પુ. ૬૧, અંક ૧૨]

લેખસંગ્રહ ભાગ સાતમો : સ્વર્ગસ્થ શ્રી કર્પૂર-વિજયજી મહારાજના લેખોમાંથી ચુંટણી કરી અત્યાર સુધી જેમ છ ભાગો બહાર પાડવામાં આવ્યા છે તેમ આ સાતમો ભાગ પણ પ્રકાશન પામ્યો છે. આ ભાગોમાં લેખોની ચુંટણી કરી. (૧) પર્યુષણા સંબંધી, (૨) પ્રશ્નોત્તર સંબંધી, (૩) સુભાષિત સંબંધી અને (૪) ધાર્મિક સંબંધી–એમ ચાર વિભાગો પાડવામાં આવ્યા છે. કુલે ૧૧૮ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજીના આધ્યાત્મિક જીવનથી જેઓ પરિચિત છે, તેઓ તેમની પ્રસાદી-રૂપ આ લેખસંગ્રહો વસાવવાનું ન ચૂકે. સમિતિના સેક્રેટરી **શ્રી નરોત્તમદાસ ભગવાનદાસ**નો પ્રયાસ પ્રશંસાપાત્ર છે. ક્રાઉન સોળ પેજી સાઈઝ પૃષ્ઠ ૩૨૨. કિંમત બાર આના.

[" જૈન " તા. ૨૫–૩–૪૫]